સાપ્તાહિક સૌરાષ્ટ્ર આવૃત્તિ

# મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 23

■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ જયેષ્ઠ સુદ - ૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/058/2018-20

રવિવાર, ૮ જૂન, ૨૦૨૫, (૧૫ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦

ઉત્સવ પૂર્તિ ૫ થી ૧૧

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# જીએસટી રિટર્ન્સના નિયમમાં મહત્ત્વના ફેરફાર કરાયા

**સરકારનાં આ પગલાંને કારણે લોકોમાં શિસ્ત વધશે અને જીએસટી રિટર્ન્સ ફાઈલ કરવામાં થતો વિલંબ અટકી જશે**

## જીએસટી રિટર્ન્સ ત્રણ વર્ષ પછી ફાઈલ કરી નહિ શકાય

નવી દિલ્હીઃ જીએસટી રિટર્ન્સ ત્રણ વર્ષ પછી ફાઈલ નહિ કરી શકાય એમ જણાવતાં જીએસટી નેટવર્ક (જીએસટીએન)એ શનિવારે કહ્યું હતું કે જુલાઈ ૨૦૨૫થી શરૂ થતા જીએસટીના સમયગાળાથી જીએસટી પૅમૅન્ટ ફૉર્મ ૩બીમાં સુધારા નહિ થઈ શકે. જુલાઈ ૨૦૨૫ના સમયગાળાનો મતલબ કરદાતા આ વરસે ઑગસ્ટ મહિનાથી માસિક રિટર્ન ફાઈલ કરશે.

જીએસટીએન દ્વારા બહાર પાડવામાં આવેલી માર્ગદર્શિકા મુજબ કરદાતા હવેથી ફાઈલિંગ કરવાની ડ્યૂ ડૅટથી ત્રણ વર્ષની મુદત પૂરી થઈ ગયા બાદ જીએસટીઆર-૧, જીએસટીઆર-૩બી, જીએસટીઆર-૪, જીએસટીઆર-૫, જીએસટીઆર-૫એ, જીએસટીઆર-૬, જીએસટીઆર-૭, જીએસટીઆર-૮ અને જીએસટીઆર-૯ ફાઈલ નહિ કરી શકે.

ફાઈનાન્સ ઍક્ટ ૨૦૨૩ મારફતે જીએસટી ઍક્ટમાં આ સુધારો કરવામાં આવ્યો હોવાને કારણે હવે જીએસટી સપ્લાય આઉટવર્ડ રિટર્ન્સ, જીએસટીની બાકી નીકળતી રકમ સંબંધિત રિટર્ન્સ, વાર્ષિક રિટર્ન્સ અને ટેક્સ કલ્કેશન ઍટ સોર્સ નિર્ધારિત સમયમર્યાદામાં ફાઈલ કરી દેવાના રહેશે.

ત્રણ વર્ષની મુદત પૂરી થયા બાદ આ રિટર્ન્સ ફાઈલ કરી નહીં શકાય. જીએસટી ૨૦૨૫ ટૅક્સ પિરિયડથી નવા નિયમ અમલી બનશે, એમ જાહેર કરવામાં આવેલી માર્ગદર્શિકામાં જણાવવામાં આવ્યું હતું.

## પૅમૅન્ટ ફૉર્મ ૩બીમાં સુધારા થઈ નહિ શકે

અત્યાર સુધી રિટર્ન્સ ફાઈલ ન કર્યા હોય તેવા કરદાતાઓને વહેલામાં વહેલી તકે રિટર્ન્સ ફાઈલ કરી દેવાની સલાહ આપવામાં આવી છે. અગાઉ જીએસટીએને કરદાતાઓને ઑક્ટોબરમાં સાવધ કરવામાં આવ્યા હતા કે વર્ષ ૨૦૨૫ના આરંભમાં નવા નિયમો અમલી બનશે. સરકારનાં આ પગલાંને કારણે લોકોમાં શિસ્ત વધશે અને જીએસટી રિટર્ન્સ ફાઈલ કરવામાં થતો વિલંબ અટકી જશે.

જોકે આને કારણે એવા કરદાતાઓ પર ગંભીર અસર થશે જેમના કેસ કોર્ટમાં અનિર્ણિત પડેલા છે કે પછી સિસ્ટમની સમસ્યાને કારણે તેમનું રિટર્ન ફાઈલ કરવાનું બાકી રહી ગયું છે.

જીએસટી સંબંધિત અસાધારણ કેસનો ઉકેલ લાવવાની યંત્રણાના અભાવને કારણે ઈનપૂટ ટૅક્સ ક્રેડિટ અને આર્થિક નુકસાનને કાયમ માટે નકારવામાં આવે એવી પણ શક્યતા છે.

જોકે કરદાતા જીએસટીઆર-૩બી ફાઈલ કરે તે અગાઉ જીએસટીઆર-૧એમાં જાહેર કરેલી આઉટવર્ડ સપ્લાયની વિગતોમાં સુધારો કરી શકશે. (એજન્સી) ■

# કેદારનાથ જતાં હેલિકૉપ્ટરનું હાઈવે પર તાકીદનું ઉતરાણ


રુદ્રપ્રયાગ : કેદારનાથ જઈ રહેલા હેલિકૉપ્ટરમાં ઊડ્યા બાદ ટેક્નિકલ ખામી સર્જાતા તેને હાઈવે પર તાકીદનું ઉતરાણ કરવું પડ્યું હતું, એવી માહિતી અધિકારીઓએ આપી હતી. જોકે અધિકારીઓએ કહ્યું હતું કે હેલિકૉપ્ટરમાં રહેલા બધા ભાવિકો અને પાઈલટ સલામત છે.

હેલિકૉપ્ટર કેદારનાથના બડસુ બેઝમાંથી કેદારનાથ તરફ જવા ઊડ્યું હતું. જોકે ઊડતી વખતે ટેક્નિકલ ખામી સર્જાતા હેલિકૉપ્ટરને તાકીદનું ઉતરાણ સિરસી નજીકના હાઈવેમાં કરવું પડ્યું હતું.

સોશિયલ મીડિયામાં મુકવામાં આવેલા વીડિયો બતાડે છે કે કેસ્ટ્રેલ એવિયેશનનું હેલિકૉપ્ટર રસ્તાની વચ્ચે અને ભારે વસતી ધરાવતા મકાનોની નજીક ખતરનાક રીતે ઊભું રહ્યું છે. વીડિયોમાં જોવા મળે છે કે હેલિકૉપ્ટરના પાછળના રોટોરને લીધે એક કારને નુકસાન થયું હતું.

હેલિકૉપ્ટરમાં પાઈલટ સહિત છ ઉતારુ હતા અને તેઓ આબાદ બચી ગયા હતા. પાઈલટને નજીવી ઈજા થઈ હતી અને તેને સારવાર માટે હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. કેદારનાથ હેલી સર્વિસના નોડલ

(જુઓ પાનું ૨) ▶▶



**હેલિકૉપ્ટર રસ્તા પરઃ** કેદારધામ જઈ રહેલા હેલિકૉપ્ટરે ઉત્તરાખંડના રૂદ્રપ્રયાગ જિલ્લાના બાદાસુ વિસ્તારમાં તાકીદનું ઉતરાણ કર્યા બાદ લોકો તેને જોવા ઊમટી પડ્યા હતા. (એજન્સી)

# ભારતમાં ગરીબી ઘટીઃ વિશ્વ બૅન્ક

નવી દિલ્હીઃ એક દાયકા જેટલા સમયગાળામાં ભારતમાં અત્યંત ગરીબીનો દર વર્ષ ૨૦૧૧-૧૨ના ૨૭.૧ ટકાથી ઘટીને ૫.૩ ટકા થઈ ગયો હોવાનું વર્લ્ડ બૅન્કે કહ્યું હતું.

વર્લ્ડ બૅન્કે ગરીબીની રેખાનો આંક અગાઉના ૨.૧૫ ડૉલરથી વધારીને પ્રતિદિન ત્રણ ડૉલરનો કર્યો હતો. વર્ષ ૨૦૧૭થી વર્ષ ૨૦૨૧ના સમયગાળાના ફુગાવાના દરને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

વર્લ્ડ બૅન્કના રિપોર્ટમાં જણાવ્યાનુસાર વર્ષ ૨૦૨૪માં ભારતમાં ૫૪,૬૯૫,૮૩૨ લોકો પ્રતિદિન ત્રણ ડૉલર કરતાં પણ ઓછી આવક ધરાવતા હતા જેને કારણે ગરીબીની રેખા નીચે જીવતા લોકોનો દર ૫.૪૪ ટકા હતો.

વર્ષ ૨૦૧૧-૧૨થી વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન અત્યંત ગરીબીનો દર ૧૬.૨ ટકાથી ઘટીને ૨.૩ ટકા થઈ ગયો હતો અને લૉઅર મીડલ ઈન્કમ (એલએમઆઈ)ના દરમાં ૩૩.૭ પૉઈન્ટનો ઘટાડો થયેલો જોવા મળ્યો હતો.

મફત અને રાહતના દરે અનાજ પૂરું પાડવામાં આવતું હોવાને કારણે ગરીબી ઘટી હોવાની સાથે સાથે ગ્રામીણ અને શહેરી વિસ્તારની ગરીબીનું અંતર ઘટ્યું છે. વર્ષ ૨૦૧૧-૧૨થી ૨૦૨૨-૨૩ના સમયગાળામાં

(જુઓ પાનું ૨) ▶▶

# છત્તીસગઢના બીજાપુરમાં પાંચ નક્સલી ઠાર

બીજાપુરઃ છત્તીસગઢના બીજાપુર જિલ્લાના ઇન્દ્રાવતી રાષ્ટ્રીય ઉદ્યાન વિસ્તારમાં ચાલી રહેલા ઓપરેશનમાં સુરક્ષા દળો સાથેના બે એન્કાઉન્ટરમાં પાંચ નક્સલી માર્યા ગયા હતા, એમ પોલીસે શનિવારે જણાવ્યું હતું.

છેલ્લા ત્રણ દિવસમાં ઓપરેશનમાં ટોચના નેતાઓ સુધાકર અને ભાસ્કર સહિત સાત નક્સલીનો ખાત્મો કરવામાં આવ્યો છે, એમ તેમણે જણાવ્યું હતું.

''જિલ્લાના ઇન્દ્રાવતી રાષ્ટ્રીય ઉદ્યાન વિસ્તારમાં ચાલી રહેલા નક્સલ વિરોધી ઓપરેશન દરમિયાન સુરક્ષા દળોને સાત માઓવાદીના મૃતદેહ મળ્યાં,'' એમ એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

શનિવારે, ગોળીબાર બાદ બે મૃતદેહ મળી આવ્યા હતા, જ્યારે શુક્રવાર અને શનિવારની રાત્રે ગોળીબાર બાદ ત્રણ મૃતદેહ મળી આવ્યા હતા, એમ તેમણે જણાવ્યું હતું.

અધિકારીએ જણાવ્યું હતું કે રાજ્ય પોલીસના સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (એસટીએફ) અને ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ (ડીઆરજી) તેમ જ સીઆરપીએફના સ્પેશિયલાઇઝ્ડ યુનિટ કોબ્રાના જવાનોને સામેલ કરીને

(જુઓ પાનું ૨) ▶▶

# ભારતીય અવકાશયાત્રી શુભાંશુ મંગળવારે અંતરિક્ષમાં જશે

નવી દિલ્હીઃ ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લા મંગળવારે અંતરિક્ષમાં જશે. ફ્લોરિડાસ્થિત 'નાસા'ના કેનેડી સ્પેસ સેન્ટર ખાતેથી ૧૦મી જૂને ઍક્સિઓમ સ્પેસનું ચોથું સમાનવ સ્પેસક્રાફ્ટ અંતરિક્ષમાં જશે.

આ સ્પેસક્રાફ્ટમાં જનારાંઓમાં શુભાંશુ અને અન્ય ત્રણ અવકાશયાત્રીનો સમાવેશ થાય છે.

લગભગ ૨૮ કલાકના પ્રવાસ બાદ ભારતીય સમય પ્રમાણે ૧૧મી જૂને રાત્રે ૧૦:૦૦ વાગે આ સ્પેસક્રાફ્ટ આંતરરાષ્ટ્રીય અવકાશમથકે પહોંચશે. આંતરરાષ્ટ્રીય અવકાશ મથકના આ કમર્શિયલ મિશનમાં શુક્લા એક્સિઓમ-૪ના મિશન પાઈલટ હશે. કમાન્ડર પૅગી વ્હિનસન તેમ જ સ્પેશિયાલિસ્ટ ટિબૉક કાપૂ (હંગેરી) અને પૉલાન્ડના સ્લાવૉઝ ઉઝનાસ્કી-વિસ્નિવસ્કી આ મિશનમાં શુક્લાની સાથે હશે.

અગાઉ વર્ષ ૧૯૮૪માં રશિયાના સોયૂઝ મિશનમાં રાકેશ શર્માએ અંતરિક્ષમાં જનાર પ્રથમ ભારતીય તરીકે ઐતિહાસિક સિદ્ધિ મેળવ્યાના ૪૧ વર્ષ બાદ એક્સિઓમ-૪ મિશનથી ભારત અંતરિક્ષમાં વાપસી કરશે.

ઈસરોના અધ્યક્ષ વી. નારાયણે સ્પેસ મિશનની તૈયારીની સમીક્ષા કરવા ગયા અઠવાડિયે એક્સિઓમ સ્પેસ સેન્ટરની મુલાકાત લીધી હતી. આ મિશન માટે અવકાશયાત્રીઓને અગાઉ જ તાલીમ આપવામાં આવી હોવા ઉપરાંત પચીસ મેથી તેમને ક્વૉરન્ટાઈનમાં રાખવામાં આવ્યા છે. અવકાશ યાત્રીઓ આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર ૧૪ દિવસ રહેશે. આ રોકાણ દરમિયાન અવકાશયાત્રીઓ વડા પ્રધાન નરેન્દ્ર મોદી, વિદ્યાર્થીઓ તેમ જ સ્પેસ ઈન્ડસ્ટ્રીઝના અગ્રણીઓ સાથે વાતચીત કરે તેવી શક્યતા છે.

આ અંતરિક્ષયાત્રા દરમિયાન કરવામાં આવનારાં પરીક્ષણો અને અનુભવોનો ઉપયોગ ગગનયાન મિશન માટે કરવામાં આવશે. વર્ષ ૨૦૨૭માં હાથ ધરવામાં આવનારાં ગગનયાન મિશન પાછળ અંદાજે રૂ. ૫૫૦ કરોડનો ખર્ચ થશે. (એજન્સી) ■

# મહારાષ્ટ્રની ચૂંટણીમાં ગેરરીતિનો આક્ષેપ ખોટો : પંચ

નવી દિલ્હી : ચૂંટણી પંચનાં સૂત્રોએ ગયા વર્ષની મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં ઘાલમેલના દાવાને નકારી કાઢ્યો છે. સૂત્રોએ કહ્યું છે કે ચૂંટણીમાં મતદાતાઓ તરફથી પ્રતિકૂળ જનાદેશ મળ્યા બાદ તેને બદનામ કરવું એ તદ્દન વાહિયાત છે.

કૉંગ્રેસના ભૂતપૂર્વ વડા અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીના મહારાષ્ટ્રની રાજ્ય વિધાનસભામાં 'મૅચ ફિક્સિંગ'નો આક્ષેપ કરતા લેખનો ચૂંટણી પંચના સૂત્રો જવાબ આપી રહ્યા હતા. સૂત્રોએ કહ્યું હતું કે કોઈ પણ દ્વારા ફેલાવામાં આવેલી ખોટી માહિતી ચૂંટણી દરમિયાન રાજકીય પક્ષો દ્વારા નિમાતા પ્રતિનિધિઓને લાંછન લગાડનારી અને ચૂંટણીની મોટી કવાયતમાં કામ કરતા ચૂંટણીના લાખો કર્મચારીઓનું મનોબળ નબળું કરનારી છે.

સૂત્રોએ નિર્દેશ કર્યો હતો કે મહારાષ્ટ્રમાં મતદાર યાદી સામે કરાયેલા અસમર્થિત આક્ષેપો કાયદાના શાસનનું અપમાન કરનારા છે. (એજન્સી) ■

# બેંગલૂરુની દુર્ઘટના સંબંધે કોર્ટના કર્ણાટકને નવ વેધક સવાલ

બેંગલૂરુ : ચોથી જુલાઈની નાસભાગમાં ૧૧ જણનાં મોત થયાં એ સંબંધમાં હાઈ કોર્ટે કર્ણાટક સરકારને વેધક સવાલો પૂછ્યા છે અને એનો જવાબ ૧૦ જૂન સુધી નોંધાવવા કર્ણાટક સરકારને આદેશ આપ્યો છે. વડી અદાલતે નવ અણિયાળા સવાલો પૂછ્યા છે. આમાં એવા સવાલોનો સમાવેશ થાય છે જેવા કે આરસીબી વિજયની ઉજવણીનો ઈવેન્ટ કોણે યોજ્યો હતો? ક્યારે અને કેવી રીતે નિર્ણયો લેવામાં આવ્યા હતા? શું આયોજકોએ જરૂરી પરવાનગી લીધી હતી?

હાઈ કોર્ટે રાજ્ય સરકારને નવ મહત્ત્વના સવાલના વિગતવાર જવાબ આપવાનું કહ્યું છે. કાર્યવાહક વડા ન્યાયમૂર્તિ વી. કામેશ્વર રાવ અને ન્યાયમૂર્તિ સી. એમ. જોશીએ ગુરુવારે જાતે આ દુઃખદ ઘટનાની નોંધ લઈને રીટ અરજી સાંભળતા આ નવ સવાલો પૂછ્યા હતા. ખંડપીઠે સરકારને ૧૦ જૂન સુધી આના જવાબો નોંધાવવાનું કહ્યું છે.

આરસીબી ટીમના આઈપીએલ સ્પર્ધા જીતવાની ઉજવણીમાં ભાગ લેવા મોટી સંખ્યામાં લોકો ચોથી જૂને સાંજે ચિન્નાસ્વામી સ્ટેડિયમની બહાર એકઠા થયા ત્યારે ભાગદોડ મચી હતી અને ૧૧ જણ મરણ પામ્યાં હતાં અને ૫૬ જણને ઈજા થઈ હતી. ખંડપીઠે ખેલકૂદ ઈવેન્ટમાં અને આ પ્રમાણની

(જુઓ પાનું ૨) ▶▶

# રશિયાનો યુક્રેન પર ૪૦૦ ડ્રોન અને ૪૦ મિસાઈલ વડે હુમલો

કિવઃ રશિયાએ યુક્રેન પર દેશભરમાં ૪૦૦ થી વધુ ડ્રોન અને ૪૦ મિસાઇલ વડે કરેલા મોટા હુમલામાં ઓછામાં ઓછા છ લોકો માર્યા ગયાં હતાં અને ડઝનબંધ લોકો ઘાયલ થયા છે, એમ સીએનએનએ યુક્રેનિયન અધિકારીના નિવેદનને ટાંકીને જણાવ્યું હતું.

આ હુમલામાં લગભગ સમગ્ર યુક્રેનને લક્ષ્ય બનાવવામાં આવ્યું હતું, જેમાં કિવ, લ્વિવ અને સુમી સહિત નવ પ્રદેશો પ્રભાવિત થયા હતા.

યુક્રેનિયન રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ તેને યુદ્ધ શરૂ થયા પછીના સૌથી મોટા હુમલાઓમાંનો એક ગણાવ્યો હતો. યુક્રેનિયન સ્ટેટ ઇમરજન્સી સર્વિસ અનુસાર, કિવમાં ત્રણ અગ્નિશામકનાં મોત થયાં હતાં, લુત્સ્કમાં બે નાગરિક માર્યા ગયા હતા અને ચેર્નિહિવમાં એક વ્યક્તિનું મોત થયું હતું.

હુમલા પછી, ઝેલેન્સકીએ કહ્યું કે રશિયાએ રાતોરાત કરેલા હુમલામાં ૪૦૦થી વધુ ડ્રોન અને ૪૦ મિસાઇલનો ઉપયોગ કર્યો હતો, જે તેને યુદ્ધના સૌથી મોટા હુમલાઓમાંનો એક બનાવે છે. તેમણે કહ્યું

(જુઓ પાનું ૨) ▶▶

# આરટીઆઈમાંથી મળેલી મુક્તિને પાછી ખેંચવા ભલામણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સાઈબર ફ્રોડના કેસની માહિતીના સંદર્ભમાં સીઆઈડી ક્રાઈમે આરટીઆઈમાંથી મળેલી મુક્તિ પાછી ખેંચવા માહિતી આયોગ દ્વારા રાજ્ય સરકારને ભલામણ કરવામાં આવી છે. માહિતી આયોગના આ મહત્ત્વપૂર્ણ નિર્ણયથી રાજ્યના સાઇબર ક્રાઇમના ભોગ બનેલ સેંકડો લોકોને રાહત મળશે તેમજ સાયબર ફ્રોડનો શિકાર બનેલા લોકો તેની ફરિયાદ પર થયેલ કાર્યવાહી જાણી શકશે.

ગૃહ વિભાગના નોટિફિકેશનના આધારે તા. ૨૫ ઓક્ટોબર ,૨૦૦૫ થી સીઆઈડી (ક્રાઇમ) ને આરટીઆઈમાંથી મુક્તિ આપવામાં આવી હતી. ગાંધીનગર જિલ્લામાં એક વ્યક્તિ સાથે ૪.૫ લાખ રૂપિયાનું સાઇબર ફ્રોડ થયું હતું. આ બનાવ અંગે તેણે સાઇબર ક્રાઇમમાં ફરિયાદ નોંધાવી હતી અને તે એફઆઈઆરની નકલ અને ફરિયાદ અંગે થયેલ તમામ પત્રવ્યવહારની નકલ આરટીઆઈ હેઠળ માંગી હતી. સીઆઈડી ક્રાઈમ દ્વારા માહિતી અધિકાર કાયદાથી મુક્તિ મળેલ છે તેથી તેમની વાતને નકારી કાઢી હતી. સાઈબર ફ્રોડના શિકાર બનનાર વ્યક્તિએ રાજ્ય માહિતી આયોગમાં ફરિયાદ નોંધાવી હતી. ઉપરોક્ત કેસની સુનાવણી બાદ રાજ્ય માહિતી કમિશ્નર નિખિલ ભટ્ટ દ્વારા સીઆઈડી ક્રાઇમને મળેલ આરટીઆઈની કલમ ૨૪ હેઠળની મુક્તિને ''સાઇબર ફ્રોડ'' પૂરતી પાછી ખેંચીને નવેસરથી જાહેરનામું બહાર પાડવા રાજ્ય સરકારને ભલામણ કરેલ છે. ■

# ગુજરાત પોલીસ લોકરક્ષક કેડરની પરીક્ષા આગામી ૧૫ જૂને યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં પોલીસ કોન્સ્ટેબલની લેખિત પરીક્ષા આગામી તા. ૧૫ જૂન, ૨૦૨૫ના યોજાશે. ત્યારે તા. ૭ જૂન શનિવારથી પરીક્ષાના કોલલેટર વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકાશે. ગુજરાત પોલીસની ભરતીમાં લોકરક્ષક કેડરની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજ્યમાં પોલીસ સબ-ઇન્સ્પેક્ટર અને પોલીસ કોન્સ્ટેબલની ૧૨૪૭૨ જગ્યા પર ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જેમાં બિન હથિયારી પોલીસ સબ ઇન્સપેક્ટરની ૪૭૨ જગ્યા માટે કુલ ૧,૦૨,૯૩૫ ઉમેદવારોએ ૧૩ એપ્રિલ, ૨૦૨૫ના લેખિત પરીક્ષા આપી હતી. ■




**પાણી ભરાયાંઃ** મુંબઈમાં શનિવારે ઘણા દિવસ પછી વરસાદે ફરી જોર પકડતા કેટલાક વિસ્તારમાં પાણી ભરાયાં હતાં. (એજન્સી)

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૮-૬-૨૦૨૫ થી તા. ૧૪-૬-૨૦૨૫

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ આ સપ્તાહમાં વૃષભ રાશિમાં પ્રવેશે છે. મંગળ સમગ્ર સપ્તાહમાં સિંહ રાશિમાં ભ્રમણ કરે છે. માર્ગી બુધ મિથુન રાશિમાં શીઘ્ર ગતિએ સમગ્ર સપ્તાહમાં ભ્રમણ કરે છે. ગુરુ મિથુન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શુક્ર મેષ રાશિમાં સમગતિએ માર્ગીભ્રમણ કરે છે. શનિ મીન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે તુલામાંથી તા. ૯મીએ વૃશ્ચિકમાં, તા. ૧૧મીએ ધનુમાં, તા. ૧૩મીએ મકરમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં આ સપ્તાહમાં દૈનિક સાપ્તાહિક વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નોકરીમાં સ્થાન પરિવર્તનો થાય. તા. ૮, ૯, ૧૪ નોકરી માટે શુભ પુરવાર થશે. કળાસાહિત્ય, નાટ્ય પ્રવૃત્તિ માટે મેષ જાતકોને સફળતા જણાશે. નવાં આવકનાં સાધનો સપ્તાહમાં મેળવશો. મહિલાઓને આ સપ્તાહમાં ભાઈ–બહેનો સાથે અનુકૂળ વ્યવહાર જણાશે. સ્વાસ્થ્ય જળવાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસની તકો પ્રાપ્ત થતી જણાશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું રોકાણ તથા જૂનાં રોકાણમાંથી નફો, નાણાં મેળવી શકશો. નોકરીના લાભો મેળવી શકશો. આવક વધશે. કારોબારમાં પ્રગતિ જળવાશે. નાણાં બચતના નિર્ણયો અનુકૂળ રહેશે. મહિલાઓને પરિવારના સભ્યોમાં મતભેદોનો ઉકેલ જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં વાંચન, અભ્યાસમાં નિયમિતતાનો અનુભવ થશે. આ સપ્તાહમાં શૈક્ષણિક પ્રવાસ પણ સફળ બની રહેશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના દૈનિક સાપ્તાહિક વેપારથી લાભ મેળવી શકશો. નોકરીમાં તા. ૮, ૯, ૧૩ શુભ જણાય છે. નોકરીના અધિકારીનો સહયોગ મેળવશો. રાજકીય પ્રવૃત્તિઓમાં સફળતા છે. કાર્યક્ષેત્રે યશસ્વીપણું અનુભવશો. આત્મવિશ્વાસ મહિલાઓને ઉપયોગી જણાશે. કાર્યદક્ષતા નોકરી ક્ષેત્રે ઉપયોગી થશે. તા. ૧૦, ૧૧, ૧૩ના કામકાજ સાનુકૂળ પુરવાર થશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા પ્રકારના કામકાજ, નવું રોકાણ શક્ય જણાય છે. નોકરી માટે તા. ૧૨, ૧૩, ૧૪ શુભ પુરવાર થશે. નાટ્યકળાની પ્રવૃત્તિઓમાં સફળતા મેળવશો. નાણાં આવકની વૃદ્ધિ થાય, પરંતુ મંગળ–કેતુના ગોચરફળ અકારણ નાણાં ખર્ચ દર્શાવે છે. ગૃહિણીઓના સંતાનના જવાબદારીના કામકાજ સફળ પુરવાર થશે. પર્યટન પ્રવાસ અનુકૂળ બની રહેશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અભ્યાસની પ્રવૃત્તિઓમાં સંઘર્ષ છતાંય સફળતા જણાશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર સફળ બની રહેશે. પરંતુ પોતાનો આત્મવિશ્વાસ, જ્ઞાન, અનુભવ ભુલાઈ ન જાય તે જોવું જરૂરી છે. મંગળ–ગુરુના ગોચરફળ ભૂલ કરાવે તેમ છે. નોકરી માટે આ સપ્તાહમાં પરિવર્તનો સ્વીકારવા પડે તેમ છે. નવા નાણાં આવકના સાધનો પ્રાપ્ત થશે. ભાગીદાર ઉપયોગી થશે. મહિલાઓને આ સપ્તાહમાં પતિનો સહયોગ કાર્યક્ષેત્રે પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્યક્રમો નિયમિત બની રહેશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર, નવું રોકાણ અનુકૂળ જળવાય છતાં મંગળ–શનિના ગોચરફળ અણધાર્યા નિર્ણયોમાં ફેરફારો દર્શાવે છે. લાભ મેળવવાનું ગણિત ખોટું પડે તેમ છે. નોકરી માટે આ સપ્તાહમાં પરિવર્તનો જણાય છે. તા. ૧૨, ૧૩, ૧૪ સફળતાસૂચક છે. મહિલાઓને પતિનો સહયોગ કાર્યક્ષેત્રે પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટે સાનુકૂળ તકો પ્રાપ્ત થતી જણાશે. મુસાફરી દ્વારા અધ્યયનના કામકાજ પૂર્ણ કરી શકશો.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા રોકાણ માટે સફળ તકો જણાય છે. નોકરી માટે તા. ૮, ૯, ૧૩ શુભ પુરવાર થશે. પ્રવાસમાં યશ મેળવશો. નોકરીમાં અધિકારીનો સહયોગ મેળવશો. જૂનાં અધૂરાં કાર્યો પૂર્ણ કરી શકશો. ભાગીદાર તથા મિત્રો કાર્યક્ષેત્રે ઉપયોગી થશે. મહિલાઓને કાર્યક્ષેત્રે યશસ્વી અનુભવ થાય. વિદ્યાર્થીઓના આ સપ્તાહના નિર્ણયો સફળ પુરવાર થશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું રોકાણ શક્ય છે. દૈનિક સાપ્તાહિક વેપારમાં નિર્ણયોમાં મક્કમતાનો અભાવ જણાય છે. નોકરીમાં તા. ૧૦, ૧૨, ૧૩ શુભ જણાય છે. નોકરીના સહકાર્યકરોમાં સંપ અનુભવશો. સ્થાવર મિલકત વાહન માટે અણધાર્યા ખર્ચ જણાય છે. વેપાર વધશે. મહિલાઓને પરિવારના પ્રસંગમાં અણધાર્યો ખર્ચ જણાશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અધ્યયનના નિર્ણયો નિયમિત પુરવાર થશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું શીખવાની ઈચ્છા પૂર્ણ થશે. નોકરીમાં તા. ૮, ૯, ૧૩ શુભ ફળદાયી પુરવાર થશે. નવા કારોબારનો પ્રારંભ થાય. સાહસિકતા અને મક્કમતાથી નવા કામકાજનો પ્રારંભ કરી શકશો. તા. ૮, ૯, ૧૨ના કામકાજના નિર્ણયો સફળ બની રહેશે. મહિલાઓને આ સપ્તાહમાં પતિનો સહયોગ નિજી પ્રવૃત્તિમાં પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં વાંચન અભ્યાસ માટે નવા સાધનો પ્રાપ્ત કરશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં લે–વેંચનું કામકાજ સફળ બની રહેશે. નોકરીમાં યશ મેળવશો. તા. ૯, ૧૦, ૧૨ અનુકૂળ જણાય છે. વેપારના સાધનો પ્રાપ્ત કરી શકશો. આત્મવિશ્વાસ દૃઢ થાય. મહત્ત્વના નિર્ણયો લેવા માટે પોતાનો અનુભવ, આત્મવિશ્વાસનો ઉપયોગ કરી શકશો. મુસાફરી યશસ્વી નીવડશે. મહિલાઓને આ સપ્તાહમાં નવા કામકાજના પ્રારંભમાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં મિત્રોનો, શિક્ષકોનો સહયોગ પ્રાપ્ત થશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું રોકાણ શક્ય છે. નવા કામકાજ પદ્ધતિનો પ્રારંભ થાય. નોકરીમાં યશ મેળવશો. નોકરીના અધિકારીનો સહયોગ મેળવશો. કાર્યક્ષેત્રે જૂનાં અધૂરાં કામકાજ પૂર્ણ થતાં જણાશે. વેપાર લાભદાયી જણાશે. નાણાં આવક વધશે. ભાગીદાર સાથેના વિવાદમાં સંભાળવું જરૂરી છે. મહિલાઓને કુટુંબ જીવનનો સુખદ અનુભવ થાય. વ્યક્તિગત મૂંઝવણો દૂર થવાથી વિદ્યાર્થીઓને સફળતાનો આત્મવિશ્વાસનો અનુભવ થશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં રોકાણનું કામકાજ અને સાપ્તાહિક વેપાર સફળ થતો જણાશે. નોકરી માટે તા. ૧૦, ૧૧, ૧૨ શુભ પુરવાર થશે. નોકરીના અધિકારીની કૃપા પ્રાપ્ત કરશો. પ્રવાસ દ્વારા વેપારની નાણાં ઉઘરાણીનાં કામકાજ સફળ થતાં જણાશે. મિત્રોમાં મહિલાઓને યશસ્વી અનુભવ થાય. જીવનસાથી કાર્યક્ષેત્રે પણ ઉપયોગી થશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના શૈક્ષણિક પ્રવાસના નિર્ણયો ઉપયોગી થશે.

## આજનું પંચાંગ

### ઉત્તરાયણ - સૌર ગ્રીષ્મઋતુ,

### રવિવાર, તા. ૮-૬-૨૦૨૫, પ્રદોષ, વટસાવિત્રી વ્રતારંભ,

ભારતીય દિનાંક ૧૮, માહે જયેષ્ઠ, શકે ૧૯૪૭
વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, જયેષ્ઠ સુદ–૧૨
જૈન વીર સંવત ૨૫૫૧, માહે જયેષ્ઠ, તિથિ સુદ–૧૨
પારસી શહેનશાહી રોજ ૨૮મો જમીઆદ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
પારસી કદમી રોજ ૨૮મો જમીઆદ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
પારસી ફસલી રોજ ૨૦મો બહેરામ, માહે ૪થો તીર, સને ૧૩૯૪
મુસ્લિમ રોજ ૧૧મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૬
મીસરી રોજ ૧૨મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૬
નક્ષત્ર સ્વાતિ બપોરે ક. ૧૨–૪૧ સુધી, પછી વિશાખા
ચંદ્ર તુલામાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૨, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૫, સ્ટા.ટા.
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૨, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૨, સ્ટા. ટા.

–: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :–

ભરતીઃ સવારે ક. ૧૦–૪૪, રાત્રે ક. ૨૦–૦૧
ઓટઃ સાંજે ક. ૧૬–૩૪, મધ્ય રાત્રિ પછી ક. ૦૪–૨૨ (તા. ૯)
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, ‘વિશ્વાવસુ’નામ સંવત્સર, જયેષ્ઠ શુક્લ – દ્વાદશી. પ્રદોષ વટસાવિત્રી વ્રતારંભ, સૂર્ય મહાનક્ષત્ર મૃગશીર્ષમાં ૦૭–૧૯, વાહન શિયાળ
શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
મુહૂર્ત વિશેષઃ લગ્ન, સર્વદેવ પ્રતિષ્ઠા, વાયુ દેવતાનું પૂજન, ભગવાન સૂર્યનારાયણનું પૂજન, પરદેશનું પસ્તાનું, પ્રદોષ વ્રત ઉપવાસ, રાત્રિ જાગરણ, શિવરુદ્રાભિષેક પૂજા, અભિષેક, ભજન, કીર્તન, નામ, જપ, સંકીર્તન, રાહુ દેવતાનું પૂજન, શ્રી ગાયત્રી જાપ, હવન, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, હજામત, નવા વસ્રો, આભૂષણ, મહેંદી લગાવવી, વાહન, માલ લેવો, દુકાન–વેપાર, રત્નધારણ, પશુ લે–વેંચ, બી વાવવું, ધાન્ય ભરવું, ખેતીવાડી, બાળકનું નામકરણ, દેવદર્શન, વૃક્ષ રોપવા, ઉપવાટિકા બનાવવી, નવી તિજોરીની સ્થાપના, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, ઈન્દ્ર દેવતાનું પૂજન.
આચમનઃ બુધ–ગુરુ યુતિ પ્રામાણિક
ખગોળ જ્યોતિષઃ બુધ–ગુરુ યુતિ (તા. ૯), સૂર્ય મૃગશીર્ષ પ્રવેશ
ગ્રહગોચરઃ સૂર્ય–વૃષભ, મંગળ–સિંહ, બુધ–મિથુન, ગુરુ–મિથુન, શુક્ર–મેષ શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચૂન–મીન, વક્રી પ્લુટો–મકર

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૮-૬-૨૦૨૫ થી તા. ૧૪-૬-૨૦૨૫

રવિવાર, જયેષ્ઠ સુદ–૧૨, વિ. સં. ૨૦૮૧, તા. ૮મી જૂન, ઈ. સ. ૨૦૨૫. નક્ષત્ર સ્વાતિ બપોરે ક. ૧૨–૪૧ સુધી, પછી વિશાખા. ચંદ્ર તુલા રાશિ પર જન્માક્ષર. પ્રદોષ ,વટસાવિત્રી વ્રતારંભ, સૂર્ય મહા નક્ષત્ર મૃગશીર્ષમાં સવારે ક. ૦૭–૧૯, વાહન શિયાળ,(સંયોગિયું નથી) શુભ દિવસ. લગ્ન, સર્વદેવ પ્રતિષ્ઠા.

સોમવાર, જયેષ્ઠ સુદ–૧૩, તા. ૯મી નક્ષત્ર વિશાખા બપોરે ક. ૧૫–૩૦ સુધી, પછી અનુરાધા. ચંદ્ર તુલામાં સવારે ક. ૦૮–૪૯ સુધી, પછી વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. વિંછુડો પ્રારંભ સવારે ક. ૦૮–૪૯. શિવાજી રાજ્યાભિષેક,શિવરાજ શક ૩૬૨ પ્રારંભ.શુભ દિવસ. લગ્ન.

મંગળવાર, જયેષ્ઠ સુદ–૧૪, તા. ૧૦મી, નક્ષત્ર અનુરાધા સાંજે ક. ૧૮–૦૧ સુધી, પછી જયેષ્ઠા. ચંદ્ર વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. ચંપક ચતુર્દશી (બંગાળ), વ્રતની પૂનમ, વટપૂર્ણિમા, વિંછુડો, ભદ્રા સવારે ક. ૧૧–૩૫ થી ક. ૨૪–૨૦. સામાન્ય દિવસ, લગ્ન.

બુધવાર, જયેષ્ઠ સુદ–૧૫, તા. ૧૧મી, નક્ષત્ર જયેષ્ઠા રાત્રે ક. ૨૦–૪૦ સુધી, પછી મૂળ. ચંદ્ર વૃશ્ચિકમાં રાત્રે ક. ૨૦–૧૦ સુધી, પછી ધનુ રાશિ પર જન્માક્ષર . જયેષ્ઠ પૂર્ણિમા,સંત કબીર જયંતી, વટસાવિત્રી વ્રતના પારણાં, દેવસ્નાન પૂર્ણિમા (બંગાળ–ઓરિસ્સા), મન્વાદિ, અન્વાધાન, પારસી ૧૧મો બહમન, વિંછુડો સમાપ્તિ રાત્રે ક. ૨૦–૧૨. શુભ દિવસ. લગ્ન.

ગુરુવાર, જયેષ્ઠ વદ–૧, તા. ૧૨મી, નક્ષત્ર મૂળ રાત્રે ક. ૨૧–૫૬ સુધી, પછી પૂર્વાષાઢા. ચંદ્ર ધનુ રાશિ પર જન્માક્ષર. ઈષ્ટિ, ગુરુ હરગોવિંદસિંહ જયંતી (કાશ્મીર), ગુરુ પશ્ચિમમાં અસ્ત થાય છે. સામાન્ય દિવસ.

શુક્રવાર, જયેષ્ઠ વદ–૨, તા. ૧૩મી, નક્ષત્ર પૂર્વાષાઢા રાત્રે ક. ૨૩–૨૦ સુધી, પછી ઉત્તરાષાઢા.

ચંદ્ર ધનુ રાશિ પર જન્માક્ષર. ભદ્રા પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૭–૩૫. શુભ દિવસ.

શનિવાર, જયેષ્ઠ વદ–૩, તા. ૧૪મી, નક્ષત્ર ઉત્તરાષાઢા મધ્યરાત્રે ક. ૨૪–૨૧ સુધી, પછી શ્રવણ. ચંદ્ર ધનુમાં મધ્યરાત્રિ પછી ક. ૨૯–૩૭ સુધી(તા.૧૫મી), મકર રાશિ પર જન્માક્ષર. સંકષ્ટ ચતુર્થી, ચંદ્રોદય ક. ૨૨–૦૨. ભદ્રા સમાપ્તિ બપોરે ક. ૧૫–૪૬. શુભ દિવસ, લગ્ન.

# મણિપુરમાં ત્રણ ઉગ્રવાદી પકડાયા

ઈમ્ફાલ : સુરક્ષા દળોએ મણિપુરના બે ગેરકાયદે સંગઠનને સંલગ્ન ત્રણ ઉગ્રવાદીની ધરપકડ કરી હતી, એવી માહિતી પોલીસે શનિવારે આપી હતી. આ બધી ધરપકડ બિષ્ણુપુર, કાકચિન્ગ અને ઈમ્ફાલ વેસ્ટ જિલ્લામાં કરાઈ છે.

પ્રતિબંધિત કાંગલેપાક કમ્યુનિસ્ટ પાર્ટી (પીપલ્સ વોર ગ્રૂપ)નો એક સક્રિય ઉગ્રવાદી ખંડણી માગવામાં પ્રવૃત્ત હોવાથી તેને બિષ્ણુપુરના સમુશાન્ગમાંથી પકડવામાં આવ્યો હતો. ઉગ્રવાદી શાળા, કૉલેજો અને કુમ્બી વિસ્તારના ચૂંટાયેલા પ્રતિનિધિ પાસેથી ખંડણી માગતો હતો.

આ સંગઠનના બીજા સભ્યને મયાઈ લૈકરી વિસ્તારના ઈલાન્ગખાનપોકપીમાં પકડવામાં આવ્યો હતો.

પ્રતિબંધિત પીપીકેના એક ઉગ્રવાદીને ઈમ્ફાલ વેસ્ટના ખુમબોન્ગ જિલ્લામાંથી પકડવામાં આવ્યો હતો.

સુરક્ષા દળોએ શોધ અભિયાન અને વિસ્તારમાં પ્રભુત્વ જમાવવાની કવાયત કરવાનું ચાલુ રાખ્યું છે. (એજન્સી)

# મોદી ૨૦મીએ ઓડિશાની મુલાકાત લેશે

ભુવનેશ્વરઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૨૦ જૂને ઓડિશાની મુલાકાત લેશે. તેઓ રાજ્યમાં ભાજપની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે આયોજિત ભવ્ય કાર્યક્રમમાં હાજરી આપશે. આ જાણકારી એક વરિષ્ઠ પ્રધાને શનિવારે આપી હતી.

મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન પ્રધાન સુરેશ પૂજારીએ જણાવ્યું કે રાજ્યમાં ભાજપ સરકારની પહેલી વર્ષગાંઠ ૧૨ જૂનના રોજ છે, પરંતુ વડા પ્રધાન ૨૦ જૂને રાજ્યની મુલાકાત લેવાના હોવાથી મુખ્ય કાર્યક્રમ તે દિવસે યોજાશે. તેમણે કહ્યું કે ઓડિશામાં મોહન ચરણ માઝી સરકારના એક વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે કાર્યક્રમોમાં ઘણા ફેરફારો કરવામાં આવ્યા છે. સરકારની રચના ૧૨ જૂન, ૨૦૨૪ના રોજ થઇ હતી. આ વર્ષે વર્ષગાંઠ ૧૨ જૂને છે, પરંતુ વડા પ્રધાનના કાર્યક્રમને ધ્યાનમાં રાખીને મુખ્ય કાર્યક્રમ ૨૦ જૂને યોજાશે.

ઓડિશામાં ભાજપના વરિષ્ઠ નેતાઓ પૈકીના એક પૂજારી જણાવ્યું કે રાજ્ય સરકારે પહેલા જ વડા પ્રધાન અને અન્ય મહાનુભાવોને ૧૨ જૂનના કાર્યક્રમમાં હાજરી આપવા વિનંતિ કરી હતી.

# નમક, તેલ ઓછું ખાવાથી તંદુરસ્ત રહેશોઃ નડ્ડા

બેંગલૂરુઃ કેન્દ્રના આરોગ્ય અને પારિવારિક કલ્યાણ ખાતાના પ્રધાન જગત પ્રકાશ નડ્ડા (જે. પી. નડ્ડા)એ શનિવારે વર્લ્ડ ફૂડ સેફ્ટી ડૅ નિમિત્તે કહ્યું હતું કે નમક, તેલ ઓછું ખાવાથી તંદુરસ્ત રહેશો. નડ્ડાએ લોકોને નમક, તેલ અને પ્રોસેસ્ડ ફૂડનો વપરાશ ઓછો કરવાની સલાહ આપી હતી અને કહ્યું હતું કે યોગ્ય આહાર લેવા અંગે લોકોમાં જાગૃતિ આણવી એ આપણી સામૂહિક જવાબદારી છે. કેન્દ્રના આરોગ્ય અને પારિવારિક કલ્યાણ ખાતા દ્વારા વર્લ્ડ ફૂડ સેફ્ટી ડૅ નિમિત્તે બેંગલૂરુમાં નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેન્ટલ હૅલ્થ ઍન્ડ ન્યૂરો સાયન્સિસ ખાતે યોજવામાં આવેલા એક કાર્યક્રમને સંબોધન કરતાં નડ્ડાએ ઉપરોક્ત નિવેદન કર્યું હતું.

દર વરસે સાતમી જૂને વર્લ્ડ ફૂડ સેફ્ટી ડૅની ઉજવણી કરવામાં આવે છે. પ્રત્યેક ઘરમાં તેલ અને નમકના વપરાશમાં ૧૦ ટકા ઘટાડો કરવાની વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કરેલી હાકલને આપણે પ્રતિસાદ આપવો જોઈએ, એમ તેમણે કહ્યું હતું.

પ્રોસેસ્ડ ફૂડનો વપરાશમાં વધુમાં વધુ ઘટાડો થાય તે પણ જરૂરી હોવાનું તેમણે કહ્યું હતું.

તંદુરસ્ત રહેવા તેમ જ આરોગ્યપ્રદ ખોરાક આરોગવા દેશવાસીઓએ પરંપરાગત ખોરાક અપનાવવાની જરૂર છે અને એમ કરીને આપણે જૂની પરંપરાઓને ફરી જીવંત કરવી જોઈએ, એમ તેમણે કહ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન નડ્ડાએ ‘ઈટ રાઈટ ઈન્ડિયા’ પુસ્તકનું લોકાર્પણ કર્યું હતું. (એજન્સી)

# નેપાળમાં ભારતીયની સોના સાથે ધરપકડ

કાઠમંડુઃ નેપાળમાં ૨૭૪ ગ્રામ ગેરકાયદેસર સોનું લાવવા બદલ એક ભારતીય નાગરિકની ધરપકડ કરવામાં આવી છે. આ માહિતી પોલીસે આપી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર પશ્ચિમ બંગાળના ૩૧ વર્ષીય મહાદેવ સામંતની શુક્રવારે કાઠમંડુ જતી એક પેસેન્જર બસમાં સુરક્ષા તપાસ દરમિયાન ચંદ્રગિરી નગર મ્યુનિસિપાલિટીના નાગધુંગાથી ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે જણાવ્યું કે ભારતીય નાગરિક કસ્ટમ ડ્યૂટી ભર્યા વિના સોનું લઇને આવ્યો હતો. પોલીસે આ મામલે વધુ તપાસ શરૂ કરી દીધી છે.

# યુપીમાં વેપાર મેળામાં આગ લાગતા ૩૦થી વધુ સ્ટોલ બળીને ખાખ

સહારનપુરઃ ઉત્તર પ્રદેશના સહારનપુર જિલ્લામાં શનિવારે સવારે એક વેપાર મેળામાં આગ ફાટી નીકળી હતી. જેમાં ૩૦થી વધુ સ્ટોલ અને સામાન બળીને ખાખ થઇ ગયો હતો. આ માહિતી પોલીસે આપી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર આગ શોર્ટ સર્કિટને કારણે લાગી હતી. જેના કારણે સિલિન્ડરમાં પણ વિસ્ફોટ થયો હતો. પોલીસ અધિક્ષક(ગ્રામીણ) સાગર જૈને જણાવ્યું કે આગ સદર બજાર વિસ્તારમાં આવેલા સાઉથ સિટી કોલોની મેદાનમાં સવારે લગભગ ૭-૩૦ વાગ્યે લાગી હતી. આગ ઝડપથી સમગ્ર મેળાના મેદાનમાં ફેલાઇ ગઇ હતી અને સ્ટોલ તેની ઝપટમાં આવી ગયા હતા.

તેમણે જણાવ્યું કે આગ ઓલવવા માટે ફાયર એન્જિનોને ઘટનાસ્થળે મોકલવામાં આવ્યાં હતાં અને બે ફાયર એન્જિનની મદદથી આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો. જૈને જણાવ્યું કે પ્લાસ્ટિકના સામાનને કારણે આગ ઝડપથી ફેલાઇ હતી. શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાની આશંકા છે, પરંતુ વિગતવાર તપાસ કરવામાં આવી રહી છે. વેપાર મેળો છેલ્લા ૧૫ દિવસથી ચાલી રહ્યો હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.

# નકલી પીએમ-કિસાન એપ્સ, લિંક્સથી સાવધ રહેવાની રાજસ્થાન પોલીસની ચેતવણી

જયપુર : રાજસ્થાન પોલીસની સાયબર ક્રાઈમ બ્રાન્ચે લોકોને નકલી મોબાઇલ એપ લિંક્સ દ્વારા પીએમ કિસાન સન્માન નિધિ (પીએમ-કિસાન) યોજના માટે નોંધણી કરાવવા સામે ચેતવણી આપી છે અને આ સંદર્ભમાં એક એડવાઇસરી જારી કરી છે.

પોલીસે જણાવ્યું હતું કે સાયબર ગુનેગારો સોશિયલ મીડિયા પર નકલી લિંક અથવા એપીકે ફાઇલ શેર કરીને લોકોને ફસાવી રહ્યા છે, જે આ યોજનાની મોબાઇલ એપ હોવાનો દાવો કરે છે. આ યોજના હેઠળ, પાત્ર ખેડૂતોને દર વર્ષે ત્રણ હપ્તામાં ૬૦૦૦ રૂપિયાની નાણાકીય સહાય મળે છે. આ મુજબ, પીએમ કિસાન નોંધણી અને પીએમ કિસાન યોજનાની નકલી એપીકે ફાઇલો વોટ્સએપ ગ્રુપ્સ અને અન્ય માધ્યમો પર શેર કરવામાં આવી રહી છે. જેમાં એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે આ એપ દ્વારા, ખેડૂતો તેમના ઘરેથી યોજના માટે નોંધણી કરાવી શકે છે અને તરત જ લાભ મેળવી શકે છે.

પોલીસ અધિક્ષક (સાયબર ક્રાઈમ) શાંતનુ કુમારે જણાવ્યું હતું કે તપાસમાં બહાર આવ્યું છે કે નકલી એપીકે ફાઇલ દ્વારા, મોબાઇલમાં બેકડોર માલવેર ઇન્સ્ટોલ થાય છે. આ મોબાઇલનું નિયંત્રણ સાયબર ગુનેગારોને કરે છે. ત્યારબાદ ગુનેગારો મોબાઇલ સ્ક્રીન રેકોર્ડિંગ, ઓટીપી, બેંકિંગ એપ્સ અને અન્ય સંવેદનશીલ માહિતી મેળવીને બેંક ખાતાઓમાંથી ગેરકાયદેસર રીતે પૈસા ઉપાડી શકે છે. શાખાએ સ્પષ્ટતા કરી છે કે પીએમ-કિસાનમાં નોંધણી ફક્ત તહસીલ–સ્તરની કૃષિ કચેરી, કેન્દ્ર સરકારના પોર્ટલ, pmkisan.gov.in અથવા સીએસસી (કોમન સર્વિસ સેન્ટર) દ્વારા જ થઈ શકે છે.

પોલીસના જણાવ્યા અનુસાર, લોકોએ ફક્ત ગૂગલ પ્લે સ્ટોર પરથી જ સત્તાવાર એપ ડાઉનલોડ કરવી જોઈએ.

તેમણે સામાન્ય જનતા, ખાસ કરીને ખેડૂતો અને ઇ-મિત્ર ઓપરેટરોને કોઈપણ નકલી લિંક અથવા એપથી સાવધ રહેવા અપીલ કરી છે.

જો આવી કોઈ પ્રવૃત્તિની જાણ થાય તો તાત્કાલિક સાયબર હેલ્પલાઇન નંબર ૧૯૩૦ અથવા નજીકના પોલીસ/સાયબર પોલીસ સ્ટેશનને જાણ કરો, એમ એડવાઇસરીમાં જણાવાયું છે.

# દિલ્હીમાં મહેસૂલ ભવનમાં આગ

નવી દિલ્હીઃ દિલ્હીમાં આઇટીઓ સ્થિત મહેસૂલ ભવનના એક રૂમમાં શુક્રવારે સવારે આગ ફાટી નીકળતા ખળભળાટ મચી ગયો હતો. આ માહિતી એક અધિકારીએ આપી હતી.

દિલ્હી ફાયર સર્વિસીસના જણાવ્યા અનુસાર આ ઘટનામાં કોઇ જાનહાનિ થયાના અહેવાલ નથી. સવારે લગભગ ૧૦ વાગ્યે બિલ્ડિંગના બીજા માળે રૂમ નંબર ૨૩૮માં આગ લાગી હોવાની જાણકારી મળી હતી. ત્યારબાદ સાત ફાયર ટેન્કર ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને આગ પર કાબૂ મેળવી લીધો હતો.

ડીએફએસએ વધુમાં જણાવ્યું કે આગ ભારતીય મહેસૂલ સેવા(આઇઆરએસ) અધિકારી બી વી ગેરાંગલના કાર્યાલયમાં લાગી હતી. ફાયર અધિકારીઓને તાત્કાલિક ફોન પર ઘટનાની માહિતી મળી હતી.

પહેલા પાનાનું ચાલુ

## છત્તીસગઢમાં પાંચ

આ ઓપરેશન ૪ જૂને શરૂ કરવામાં આવ્યું હતું, જેમાં માઓવાદી નેતા સુધાકર, તેલંગણા રાજ્ય સમિતિના સભ્ય બંદી પ્રકાશ, દંડકારણ્ય સ્પેશિયલ ઝોનલ કમિટીના સભ્ય પપ્પા રાવ અને કેટલાક અન્ય સશસ્ત્ર કાર્યકરોની હાજરી અંગેની માહિતી મળી હતી.

શુક્રવારે, સુરક્ષા દળોએ છત્તીસગઢ અને તેલંગાણામાં ૪૫ લાખ રૂપિયાનું ઇનામ ધરાવતા માઓવાદીઓની સ્પેશિયલ ઝોનલ કમિટીના સભ્ય ભાસ્કર ઉર્ફે મૈલારાપુ અડેલુ અને છત્તીસગઢમાં ૪૦ લાખ રૂપિયાનું ઇનામ ધરાવતા માઓવાદીઓની સેન્ટ્રલ કમિટીના સભ્ય નરસિંહા ચલમ ઉર્ફે સુધાકરને ઠાર માર્યા હતા, એમ તેમણે જણાવ્યું હતું.

અધિકારીએ જણાવ્યું હતું કે પાંચ વધુ માર્યા ગયેલા નક્સલીઓની ઓળખ હજુ સુધી થઈ નથી, જેમાં બે મહિલાનો સમાવેશ થાય છે.

તેમણે જણાવ્યું હતું કે આ કાર્યવાહીમાં બે એકે-૪૭ રાઇફલ સહિત મોટા પ્રમાણમાં હથિયારો અને દારૂગોળો જપ્ત કરવામાં આવ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે બાકીના માઓવાદી કાર્યકરોને શોધી કાઢવા અને પ્રદેશની સંપૂર્ણ સ્વચ્છતા સુનિશ્ચિત કરવા માટે આસપાસના જંગલ વિસ્તારમાં શોધ અને વિસ્તાર નિયંત્રણ કામગીરી ચાલી રહી છે.

અધિકારીએ જણાવ્યું હતું કે આ કાર્યવાહી દરમિયાન કેટલાક સુરક્ષા કર્મચારીઓને સર્પદંશ, મધમાખીના ડંખ, ડિહાઇડ્રેશન અને અન્ય કારણોસર ઇજાઓ થઈ છે અને તેમની સારવાર કરવામાં આવી હતી.

પ્રતિબંધિત સીપીઆઈ (માઓવાદી)ના મહાસચિવ નંબલા કેશવ રાવ ઉર્ફે બસવરાજુ (૭૦) ને ૨૧ મેના રોજ બસ્તર ક્ષેત્રમાં ઠાર કરવામાં આવ્યો હતો.

અગાઉ છત્તીસગઢના બિજાપુર જિલ્લામાં ગુરુવારે સુરક્ષા દળ સાથેના ઍન્કાઉન્ટરમાં વરિષ્ઠ માઓવાદી નેતા ગૌતમ ઉર્ફે સુધાકર ઠાર મરાયો હતો. આ માઓવાદી નેતાના માથે રૂ. ૪૦ લાખનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું.

સૂત્રોના જણાવ્યાનુસાર સુરક્ષા દળ દ્વારા બસ્તર વિસ્તારમાં માઓવાદી જનરલ સેક્રેટરી નામ્બાલા કેશવ રાવ ઉર્ફે બાસવરાજુને ઠાર મારવામાં આવ્યાના ગણતરીના દિવસો બાદ માઓવાદીઓની મુખ્ય કમિટીના સભ્ય ગૌતમ ઉર્ફે સુધાકરને ઠાર કરવામાં આવ્યો હતો.

માઓવાદીઓના વરિષ્ઠ નેતાની હાજરી અંગે મળેલી ગુપ્ત માહિતીને આધારે સુરક્ષા દળના અધિકારીઓની ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલી સંયુક્ત કાર્યવાહી દરમિયાન ઈન્દ્રાવતી નેશનલ પાર્ક વિસ્તારના જંગલમાં સુરક્ષા દળ અને માઓવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી.

સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (એસટીએફ), ડિસ્ટ્રીક્ટ રિઝર્વ ગાર્ડ (ડીઆરજી), છત્તીસગઢ પોલીસના બંને એકમ, સીઆરપીએફનાં ઍલિટ યુનિટ કોબ્રા (કમાન્ડો બટાલિયન ફૉર રિસોલ્યૂટ ઍક્શન)ના અધિકારીઓ દ્વારા સંયુક્ત રીતે આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આ વિસ્તારમાં હજુ પણ સર્ચ ઑપરેશન ચાલી રહ્યું છે અને વધુ અહેવાલની રાહ જોવાઈ રહી છે. (એજન્સી)

## ભારતમાં ગરીબી ઘટી

ભારતમાં ૧૭.૧ કરોડ લોકોને ગરીબીમાંથી બહાર કાઢવામાં આવ્યા હોવાનું વર્લ્ડ બૅન્કના અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું.

ગ્રામીણ વિસ્તારમાં અત્યંત ગરીબીમાં રહેતા લોકોની સંખ્યા ૧૮.૪ ટકાથી ઘટીને ૨.૮ ટકા અને શહેરી વિસ્તારમાં ૧૦.૭ ટકાથી ઘટીને ૧.૧ ટકા થઈ ગઈ હોવાનું અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું. (એજન્સી)

## કેદારનાથ

ઑફિસર રાહુલ ચોબેએ કહ્યું હતું કે બનાવથી હિમાલયમાં રહેલા કેદારનાથ સુધીની હેલિ શટલ સર્વિસને ઝાઝી અસર થઈ નહોતી. હેલિકૉપ્ટરને હાઈવેમાંથી દૂર કરવાના પ્રયાસો ચાલુ છે. (એજન્સી)

## રશિયાનો યુક્રેન પર

કે મોસ્કોના હુમલામાં ૮૦ લોકો ઘાયલ થયા હતા અને યુક્રેનના ‘લગભગ બધા’ ને નિશાન બનાવવામાં આવ્યા હતા, જેમાં પશ્ચિમમાં લ્વિવથી ઉત્તરપૂર્વમાં સુમી સુધીના નવ પ્રદેશનો સમાવેશ થાય છે.

## બેંગલૂરુની દુર્ઘટના

ઉજવણીમાં ૫૦,૦૦૦થી ઉપરના ટોળાને અંકુશમાં રાખવાની સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર અંગે પણ સવાલ કર્યો હતો. બીજા સવાલો રાજ્યની તૈયારી અને પ્રતિસાદ અંગેના હતા. જેમ કે સ્થળની આસપાસના ટ્રાફિકને અંકુશમાં રાખવા કઈ વ્યવસ્થા કરવામાં આવી હતી? ટોળાને મેનેજ કરવા કઈ વ્યવસ્થા કરવામાં આવી હતી? ઘટનાસ્થળે કઈ તબીબી અને તાકીદની સુવિધા ઉપલબ્ધ હતી? કેટલા લોકો આવશે એનો પહેલેથી અંદાજ હતો? ઈજાગ્રસ્તોને સ્થળે તાકીદની તબીબી સહાય દેવામાં આવી હતી કે કેમ? જો ના તો શા માટે ન અપાઈ? ઈજાગ્રસ્તોને હૉસ્પિટલમાં લઈ જવામાં કેટલો સમય લાગ્યો હતો? રાજકીય અને સત્તાવાર સાધનો કહે છે કે અદાલતના અણિયાળા સવાલને લીધે જ રાજ્ય સરકારે શહેરના પોલીસ કમિશનર બી. દયાનંદ સહિત પાંચ સિનિયર પોલીસ ઓફિસરને સસ્પેન્ડ કર્યા હતા. (એજન્સી)

# ગુજરાતમાં એક સપ્તાહમાં કોરોનાના એક્ટિવ કેસમાં ત્રણ ગણો વધારો, નવા ૧૭૦ કેસ નોંધાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૧૭૦ કેસ નોંધાયા હતા. રાજ્યમાં હાલમાં ૭૧૭ કેસ એક્ટિવ છે. જેમાં ૨૩ દર્દીઓ હૉસ્પિટલમાં સારવાર હેઠળ છે તો ૬૯૪ હોમ આઇસોલેશનમાં છે. ૬૮ દર્દીઓને ડિસ્ચાર્જ કરી દેવાયા છે. અમદાવાદ સિવિલ હૉસ્પિટલમાં અત્યારસુધીમાં નોંધાયેલા કોરોનાના સાતથી વધુ દર્દીઓના કરાયેલા જીનોમ સિક્વન્સમાં કોરોનાની ત્રીજી લહેરમાં જોવા મળેલો ઓમિક્રોનનો પેટા વેરિયન્ટ હોવાનું બહાર આવ્યું છે. કોરોનાના માઇલ્ડ સિમ્ટમ્સ ધરાવતો ઓમિક્રોનનો આ સબ વેરિયન્ટ એલએફ ૭.૯ અને એક્સએફજી રિકોમ્બિનન્ટ છે, જેમાં શરદી-ખાંસી, તાવ, ઝાડા, સ્નાયુ ખેંચાવાનાં લક્ષણો જોવા મળે છે, જોકે ગર્ભવતી મહિલાઓને આ વેરિયન્ટથી સૌથી વધુ જોખમ છે. છેલ્લા પંદરેક દિવસોથી શહેરમાં નોંધાયેલા કોરોનાના દર્દીઓમાં ૭થી વધુ મહિલા ગર્ભવતી હતી, જેમાંથી બેનાં મોત થયાં છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં ૨૯મી મેના રોજ કોરોનાના ૨૨૩ એક્ટિવ કેસ હતા. આમ એક સપ્તાહમાં એક્ટિવ કેસમાં ૩૦૦ ટકાથી પણ વધુનો વધારો થયો છે.

રાજકોટ શહેરમાં વધુ નવ નવા કોરોનાના કેસ નોંધાતા આરોગ્ય તંત્રની ચિંતામાં વધારો થયો છે. નવા કેસોમાં ત્રણ મહિલા, એક સગીર અને પાંચ પુરુષોનો સમાવેશ થાય છે. આ સાથે જ રાજકોટ શહેરમાં અત્યાર સુધીમાં નોંધાયેલા કુલ કોરોના કેસનો આંકડો ૮૬ પર પહોંચી ગયો છે. જોકે વધુ પાંચ દર્દીઓ સ્વસ્થ થતા તેમને કોરોનામુક્ત જાહેર કરવામાં આવ્યા હતા. આ સાથે જ રાજકોટમાં અત્યાર સુધીમાં કુલ ૩૮ દર્દીઓ કોરોનાને હરાવી સ્વસ્થ થયા છે, જે એક રાહતભર્યા સમાચાર છે. રાજકોટમાં હાલની સ્થિતિએ ૪૯ દર્દીઓ સારવાર હેઠળ છે. આ પૈકી ચાર દર્દી રાજકોટ સિવિલ હૉસ્પિટલમાં દાખલ છે, જ્યારે ૪૫ દર્દીઓ હોમ આઈસોલેશનમાં રહી સારવાર લઈ રહ્યા છે. સિવિલ હૉસ્પિટલમાં દાખલ ચાર દર્દીઓમાં બે વૃદ્ધા સહિત ચાર દર્દીઓની કોવિડ પ્રોટોકોલ મુજબ સઘન સારવાર ચાલી રહી છે. જેમાં તમામ દર્દી સ્ટેબલ હોવાનું સિવિલ હૉસ્પિટલ તંત્ર દ્વારા જણાવાયું છે.

રાજકોટ શહેર ઉપરાંત રાજકોટ જિલ્લામાં પણ કોરોનાના કેસો નોંધાયા છે. જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૪ પોઝિટિવ કેસ નોંધાયા છે. જિલ્લામાં ૧ દર્દી સ્વસ્થ થતા તેને રજા આપવામાં આવી હતી. રાજકોટ જિલ્લામાં ૧૩ દર્દીઓ હોમ આઈસોલેશનમાં રહીને સારવાર લઈ રહ્યા છે.

સુરતમાં આઠ દર્દીના કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા, જેમાં ચાર પુરુષ અને ચાર મહિલાનો સમાવેશ થાય છે. આ આઠ દર્દી પૈકી પાંચ દર્દીઓ હોસ્પિટલમાં દાખલ છે અને ત્રણ હોમ આઈસોલેશનમાં છે.

જ્યારે વડોદરામાં કોરોનાના ૧૧ નવા કેસ નોંધાતાં કુલ સંક્રમણના કેસોનો આંકડો ૧૭ પર પહોંચી ગયો છે. કોરોનાની ચકાસણી માટે કુલ ૯૬ સેમ્પલ લેવાયાં હતાં, જેમાંથી ૧૧ પોઝિટિવ કેસ બહાર આવતાં તંત્ર એલર્ટ બન્યું છે. ■

# કડી-વિસાવદર પેટાચૂંટણી માટે કૉંગ્રેસના ૪૦ સ્ટાર પ્રચારકોની યાદી જાહેર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વિધાનસભાની કડી અને વિસાવદર બેઠક માટે પેટાચૂંટણી યોજાવાની છે. આ બંને સીટો પર ચૂંટણીમાં ત્રિપાંખિયો જંગ નક્કી છે. ત્યારે કૉંગ્રેસ પાર્ટીએ પેટાચૂંટણી માટે સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી કરી હતી. કૉંગ્રેસે વિસાવદર બેઠક પરથી નીતિન રાણપરિયાને પોતાના ઉમેદવાર તરીકે જાહેર કર્યા બાદ હવે પેટાચૂંટણી માટે સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી હતી.

કૉંગ્રેસ પાર્ટીની આ યાદીમાં ૪૦ જેટલા કૉંગ્રેસ નેતાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ, સિદ્ધાર્થ પટેલ, મુકુલ વાસનિક, જગદીશ ઠાકોર, ગેની ઠાકોર, પરેશ ધાનાણી, અમિત ચાવડા, ભરતસિંહ સોલંકી, જિજ્ઞેશ મેવાણી, અમિબેન જ્ઞાનિક, લાલજી દેસાઇ, મધુસુદન મિસ્ત્રી, શૈલેષ પરમાર, ઇમરાન ખેડાવાલા, ઇન્દ્રનીલ રાજ્યગુરૂ, બળદેવજી ઠાકોર અને લલિત વસોયા સહિતના નેતાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આગામી ૧૯ જૂને સવારથી સાંજ સુધી મતદાન યોજાશે. આ દરમિયાન તમામ જરૂરી વ્યવસ્થા કરવામાં આવશે. જેથી મતદારો કોઈપણ મુશ્કેલી વિના મતદાન કરી શકે. મતદાન બાદ ૨૩ જૂને મતગણતરી થશે અને તે જ દિવસે પરિણામ જાહેર કરવામાં આવશે.■

# ગુજરાતમાં ખાદ્ય ચીજોમાં ભેળસેળ બેફામઃ ઘી, દૂધ અને મસાલાઓમાં સૌથી વધુ મિલાવટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દુનિયાભરમાં ફૂડ સેફ્ટી ડેની ઉજવણી કરવામાં આવી હતી. જો કે ગુજરાતમાં ખાદ્ય ચીજોમાં ભેળસેળ મોટી ચિંતાનો વિષય બન્યો છે. લેભાગુ વેપારીઓ મોટો નફો રળવા માટે લોકોના આરોગ્ય સાથે ચેડા કરી રહ્યા છે. ભેળસેળયુક્ત ખાદ્ય પદાર્થોની યાદીમાં ઘી સૌથી ટોચ પર છે, ત્યારબાદ દૂધના વિવિધ ઉત્પાદનો, ખાદ્ય તેલ, પેકેજ્ડ પીવાનું પાણી અને મસાલા આવે છે. પેકેજ્ડ પીવાના પાણીમાં, જેને ઘણીવાર સલામત માનવામાં આવે છે, તેમાં બેક્ટેરિયલ દૂષણનું પ્રમાણ ચિંતાજનક રીતે ઊંચું જોવા મળ્યું છે, જે સ્વચ્છતાના ધોરણો અંગે ગંભીર પ્રશ્નો ઊભા કરે છે.

રાજ્યનો ફૂડ એન્ડ ડ્રગ વિભાગ છેલ્લા પાંચ વર્ષમાં હલકી ગુણવત્તાવાળા અને અસુરક્ષિત ખોરાકના નમૂનાઓના પ્રમાણમાં ઘટાડો થવાનો દાવો કરી રહ્યો છે, ત્યારે ડેરી પ્રોડક્ટમાં ભેળસેળનો ખુલાસો થયો છે. ભેળસેળ વિશે વાત કરતાં, ફૂડ એન્ડ ડ્રગ કમિશનર ડૉ. એચ. જી. કોશિયાએ જણાવ્યું હતું કે, ઝડપી નફો કમાવવા માટે, કેટલાક વેપારીઓ જાહેર આરોગ્ય સાથે ચેડાં કરી રહ્યા છે. ઘીમાં ભેળસેળ માટે પામ અને સોયાબીન જેવા સસ્તા તેલનો ઉપયોગ કરવામાં આવે છે.

પનીર અને માવાના સેમ્પલનો ટેસ્ટ કરવામાં આવતા તેમાં યુરિયાનો ઉપયોગ કરાતો હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે મગફળીના તેલમાં રિફાઇન્ડ પામ ઓઈલની મિલાવટ કરવામાં આવે છે. તે જ પ્રકારે ખોરાકને સ્વાદિષ્ટ બનાવતા મસાલાને રંગવા માટે ઔદ્યોગિક-ગ્રેડના પીળા અને લાલ રંગોનો ઉપયોગ બહોળા પ્રમાણમાં કરવામાં આવે છે, જે માનવ સ્વાસ્થ્ય માટે હાનિકારક છે.

વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૪-૨૫ વચ્ચે, ટેસ્ટિંગ કરાયેલા ખાદ્ય નમૂનાઓની સંખ્યા ૨૧,૫૯૬થી વધીને વાર્ષિક ૬૦,૦૦૦થી વધુ થઈ ગઈ છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, વધેલી તકેદારીથી ભેળસેળ શોધવામાં અને અટકાવવામાં મદદ મળી છે.

ડૉ. કોશિયાએ જણાવ્યું હતું કે, ભેળસેળવાળા સેમ્પલ આરોગ્ય માટે ઘાતક છે. ૨૦૨૪-૨૫ માં, વિભાગે ૧૯૦ દરોડા પાડ્યા હતા, જેમાં ૧૦.૫ કરોડ રૂપિયાની કિંમતના ૩૫૧ ટન શંકાસ્પદ ખાદ્ય પદાર્થનો નાશ કરવામાં આવ્યો હતો. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ (એફએસએસએ), ૨૦૦૬ હેઠળ કાયદાનો ભંગ કરનારા ૮૬૪ તત્ત્વો પર કુલ ૬.૨૧ કરોડ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો. ગયા વર્ષે પરીક્ષણ કરાયેલા ૬૦,૪૪૮ નમૂનાઓમાંથી, ૯૦૧ બિન-ગુણવત્તાવાળા અને ૧૦૪ અસુરક્ષિત મળી આવ્યા હતા. ■

# દાહોદ મનરેગા કૌભાંડમાં પ્રધાન બચુ ખાબડના બંને પુત્રોને કસ્ટડીમાં ધકેલાયા

## ટીડીઓ સહિત ત્રણ જણની ફરી ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દાહોદ જિલ્લામાં મનરેગા કૌભાંડ મામલે પ્રધાન બચુ ખાબડના બંને પુત્રોના રિમાન્ડ પૂર્ણ થતાં કસ્ટડીમાં મોકલી દેવાયા હતા. લવારીયા અને ધાનપુરના મનરેગા કૌભાંડમાં ધરપકડ કરાયેલા માલ સપ્લાય કરનાર એજન્સીના પ્રોપરાઇટર તેમજ રાજ્યકક્ષાના પ્રધાન બચુભાઈ ખાબડના બંને પુત્રો બળવંત અને કિરણના રિમાન્ડ પૂર્ણ થતા તેઓને પોલીસે કોર્ટમાં રજૂ કરી ફરી રિમાન્ડની માગણી ન કરતા કોર્ટે તેમને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવાનો હુકમ કર્યો હતો.

દાહોદમાં મનરેગા કૌભાંડમાં પ્રધાન બચુ ખાબડના બંને પુત્રો અને ભાણેજ સહિત પાંચ લોકોની ધરપકડ કરાઈ હતી. જેમાંથી પ્રધાન પુત્રો બળવંત ખાબડ અને કિરણ ખાબડને સબજેલ ખાતે મોકલી દેવામાં આવ્યા હતા. બીજી તરફ ૭૧ કરોડના મનરેગા કૌભાંડમાં જામીનમુક્ત કરેલા પાંચ સરકારી કર્મચારી પૈકી ત્રણની વધુ બે ગુનામાં ધરપકડ કરવામાં આવી હતી. જ્યારે બંને ગ્રામ રોજગાર સેવક જામીન પર છૂટા થયા છે.

દાહોદની સેશન્સ કોર્ટે ૭૧ કરોડના મનરેગા કૌભાંડમાં તાલુકા વિકાસ અધિકારી (ટીડીઓ) બે ટેકનિકલ આસિસ્ટન્ટ તેમજ બે ગ્રામ રોજગાર સેવકોને જામીન આપ્યા હતા. જે પછી પોલીસે વધુ બે ગુનામાં જે તે સમયના તાલુકા વિકાસ અધિકારી (ટીડીઓ) અને ધરપકડ પહેલા ડેપ્યુટી ટીડીઓ તરીકે ફરજ બજાવતા રસિક રાઠવા ઉપરાંત જયવીર અશ્વિન નાગોરી એકાઉન્ટ આસિસ્ટન્ટ દે.બારીયા અને મહિપાલસિંહ ચૌહાણ એકાઉન્ટ આસિસ્ટન્ટ ધાનપુરની શનિવારે ધરપકડ કરી હતી. ■

# ગુજરાત પાઠ્યપુસ્તક મંડળે અત્યાર સુધીમાં ૫.૧૫ કરોડ પુસ્તકનું વિતરણ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત પાઠ્યપુસ્તક મંડળ દ્વારા ધો.૧થી ૧૨નાં પુસ્તકોનું વિતરણ શરૂ કરવામાં આવ્યું છે. નવા શૈક્ષણિક વર્ષ માટેના ૪.૫ કરોડ વિનામૂલ્યે યોજના હેઠળના જ્યારે વેચાણ માટેના ૬૫ લાખ જેટલાં પુસ્તકોનું પણ વિતરણ કરી દેવાયું છે. આમ, અત્યાર સુધી ૫.૧૫ કરોડ જેટલાં પુસ્તકોનું વિતરણ કરી દેવામાં આવ્યું છે. જ્યારે બાકીની કામગીરી પણ ટૂંકમાં જ પૂર્ણ થવાની તૈયારીમાં છે. વેચાણના પુસ્તકોનું બે તબક્કાનું વિતરણ પૂર્ણ થયું છે અને હાલમાં ત્રીજા તબક્કાના વિતરણની કામગીરી ચાલી રહી છે. જેમાં શાળાઓ ખૂલે ત્યાં સુધીમાં વિતરકોને તમામ માધ્યમનાં પુસ્તકો ઉપલબ્ધ કરાવવામાં આવશે.

રાજ્યમાં નવા શૈક્ષણિક સત્રની શરૂઆત પહેલાં પુસ્તકો મળી રહે તે માટેના પ્રયાસો હવે અંતિમ તબક્કામાં છે. ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા ધો.૯ થી ૧૨ના ગુજરાતી તેમજ અન્ય માધ્યમના અંદાજે ૨ કરોડથી પણ વધારે વિનામૂલ્યના તમામ પાઠ્યપુસ્તકો સમગ્ર ગુજરાત રાજયમાં તાલુકા કક્ષાએ શાળા ખૂલે તે પહેલાં વેકેશન પૂર્વે શાળાઓને માગણી મુજબ વિતરણ કરી દેવામાં આવેલા છે. ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા ધો.૧ થી ૮ના ગુજરાતી તેમજ અન્ય માધ્યમના અંદાજિત ૨.૫ કરોડથી પણ વધારે વિનામૂલ્યના તમામ પાઠ્યપુસ્તકો સમગ્ર ગુજરાત રાજયમાં તાલુકા કક્ષાએ વિતરણ કાર્ય પૂર્ણ થવામાં છે. ઉનાળુ વેકેશન પૂર્ણ થતાં પહેલાં ૧૦૦ ટકા પૂર્ણ કરવામાં આવશે. આમ, વિનામૂલ્યે અપાતાં પુસ્તકો પૈકી મોટાભાગનાં પુસ્તકો વિદ્યાર્થીઓ સુધી પહોંચી ગયાં છે અને બાકીનું વિતરણ કાર્ય પણ હવે પૂર્ણતાના આરે છે. આમ, ધો.૧થી ૧૨માં અંદાજે ૪.૫ કરોડ વિનામૂલ્યે પુસ્તકોનું વિતરણ કરવામાં આવ્યું છે. વેચાણ માટેનાં પાઠ્યપુસ્તકો મંડળમાં રજિસ્ટર્ડ થયેલા તમામ જિલ્લાના ૩૯ વિક્રેતાઓને પહોંચાડવાની કામગીરી ૨૫ મે, ૨૦૨૫થી માગણી મુજબ વિતરણ કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. જેમાં આજ દિન સુધીમાં રાજ્યના તમામ વિતરકોને ૬૫ લાખથી વધુ કિંમતવાળા પાઠ્યપુસ્તકો ગાંધીનગર ગોડાઉન ખાતેથી ઉપલબ્ધ કરાવવામાં આવ્યાં છે.

ધો.૧થી ૧૨ ગુજરાતી માધ્યમના તમામ પાઠયપુસ્તકો ૭ દિવસમાં જ પ્રથમ અને દ્વિતીય તબક્કાનું આયોજન કરી જિલ્લાના ૩૯ વિતરકોને ઉપલબ્ધ કરાવેલું છે. આ પાઠ્યપુસ્તકો વિતરકો દ્વારા જિલ્લાના સ્ટેશનરી વિક્રેતાઓ સુધી પહોંચાડવામાં આવે છે. હાલમાં ચાલતા ત્રીજા તબક્કામાં ધો. ૧થી ૧૨ના ગુજરાતી માધ્યમ ઉપરાંત અન્ય માધ્યમના કિંમતવાળા પાઠયપુસ્તકો વિતરકોને આપવાની કામગીરી ચાલી રહી છે. શાળાઓ ખૂલે ત્યાં સુધીમાં રાજ્યના તમામ વિતરકોને માધ્યમના પાઠયપુસ્તકો માગણી મુજબના ઉપલબ્ધ કરવામાં આવશે. ત્યારબાદ જરૂર જણાય તેમ વિતરકોને પાઠયપુસ્તકો ત્વરીત ઉપલબ્ધ કરાવવામાં આવશે. આથી વિક્રેતા બજારમાં પાઠયપુસ્તકો ઉપલબ્ધ રહેશે. પાઠયપુસ્તક મંડળ દ્વારા બોર્ડ પરીક્ષા (માર્ચ-૨૦૨૫) પૂર્ણ થયેથી વિતરકોની માગણી મુજબ ધો.૧૦ અને ૧૨ના ગુજરાતી તેમજ અન્ય માધ્યમના કિંમતવાળા તમામ પાઠ્યપુસ્તકો બજારમાં પૂરતી સંખ્યામાં ઉપલબ્ધ કરાવેલા છે. ■

# અમદાવાદમાં ભાડા કરાર વિના મકાન ભાડે આપનારા માલિકો પર તવાઈ

## છેલ્લા ૧૫ દિવસમાં ૫૦૦ સામે કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં દર વર્ષે નિકળતી ભગવાન જગન્નાથની રથયાત્રાને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે કોઇ અનિચ્છનીય બનાવ બને નહીં તે માટે પોલીસ દ્વારા સંપુર્ણ તૈયારીઓ શરૂ કરી દેવાઇ છે. શહેર પોલીસે ભાડા કરાર વગર ભાડુઆતને મકાન રહેવા માટે આપ્યું હોય તેવા મકાન માલિકો સામે કાર્યવાહી શરૂ કરી છે. પોલીસે છેલ્લા ૧૫ દિવસમાં ૫૦૦થી વધુ મકાન માલિકો વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો છે. મકાનમાં કોઇ શકમંદ નામ બદલીને રહેતો નથી તે મામલે પોલીસ ઠેરઠેર સર્ચ કરી રહી છે.

અમદાવાદ પોલીસ કમીશ્નર જી.એસ. મલિકે ભાડા કરાર રહેતા ભાડુઆતોને શોધી કાઢવા તેમ જ મકાન માલિકો વિરુદ્ધ કાર્યવાહી કરવાના આદેશ આપ્યા હતા. પોલીસ કમિશ્નરના આદેશ બાદ શહેર પોલીસે ઠેરઠેર કેસો નોંધવાનું શરૂ કર્યુ હતું. મળતી માહિતી મુજબ ૨૦ દિવસમાં શહેર પોલીસે ૫૦૦થી વધુ મકાન માલિકો વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.મકાન માલીકોએ ભાડાકરાર કર્યા વગર ભાડુઆતને મકાન ભાડે રહેવા માટે આપ્યા હતા.પોલીસ માત્ર મકાન માલિકો પર નહીં પરંતુ દુકાન માલિકો ઉપર પણ તવાઇ બોલાવી રહી છે. ■

# ગ્રામ પંચાયતની ચૂંટણીના ઉમેદવારોને રાહત, સોગંદનામાને બદલે એકરારનામું રજૂ કરી શકશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત રાજ્ય ચૂંટણી પંચે ગ્રામ પંચાયતોની આગામી ચૂંટણીઓમાં ઉમેદવારી ફોર્મને લઈને એક મહત્ત્વપૂર્ણ આદેશ જારી કર્યો હતો. હવે સરપંચ કે ગ્રામ પંચાયતના સભ્યપદના ઉમેદવારો પાસેથી સોગંદનામા (એફિડેવિટ)ને બદલે માત્ર એકરારનામું (ડિક્લેરેશન) જ મેળવવામાં આવશે.

આ નિર્ણય ગુજરાત કૉંગ્રેસે કરેલી રજૂઆત બાદ લેવામાં આવ્યો હતો, જેમાં સ્થાનિક ચૂંટણી અધિકારીઓ દ્વારા કાયદાકીય જોગવાઈ ન હોવા છતાં વિવિધ દસ્તાવેજો અને દાખલાઓની માગણી કરવામાં આવતી હોવાની ફરિયાદ કરાઈ હતી.

ગુજરાત કૉંગ્રેસે રાજ્ય ચૂંટણી પંચની રૂબરૂ મુલાકાત લીધી હતી અને સમગ્ર ગુજરાતમાંથી આવેલી ફરિયાદો અંગે આવેદનપત્ર સુપરત કર્યું હતું.

આ ફરિયાદોમાં સ્થાનિક ચૂંટણી અધિકારીઓ દ્વારા ઉમેદવારો પાસેથી કાયદાકીય જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને જુદા જુદા દાખલા, એફિડેવિટ અને સર્ટિફિકેટ માગવામાં આવતા હોવાનો ઉલ્લેખ હતો. કૉંગ્રેસે આ પ્રક્રિયાને ગેરકાયદેસર અને બંધારણ વિરુદ્ધ ગણાવી હતી.

આ રજૂઆતને ગંભીરતાથી લઈ, રાજ્ય ચૂંટણી પંચે તાત્કાલિક અસરથી જિલ્લા કલેક્ટરો અને ચૂંટણી અધિકારીઓને સ્પષ્ટ આદેશ આપ્યો હતો કે, ઉમેદવારી ફોર્મ સાથે સોગંદનામાને બદલે ફક્ત ઉમેદવારનું એકરારનામું જ સ્વીકારવામાં આવે.

આ મુદ્દે ચૂંટણી પંચે આ મામલે કડક વલણ અપનાવ્યું છે. પંચે પ્રાંત અધિકારીઓ, મામલતદારો કે તેમને સત્તા સોંપવામાં આવી હોય તેવા કોઈપણ ચૂંટણી અધિકારીને સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, જો કોઈ અધિકારી ઉમેદવાર પાસેથી સોગંદનામું માગશે, તો તત્કાળ અસરથી આવા અધિકારીઓ સામે શિસ્તભંગની કાર્યવાહી કરવામાં આવશે. આ આદેશ ચૂંટણી પ્રક્રિયાને વધુ પારદર્શક અને સરળ બનાવવાની દિશામાં એક મહત્ત્વનું પગલું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગ્રામ પંચાયતોની ચૂંટણી નિષ્પક્ષ, મુક્ત અને ન્યાયપૂર્ણ વાતાવરણમાં યોજાય તે સુનિશ્ચિત કરવા માટે રાજ્ય ચૂંટણી આયોગે ૨૫ જેટલા ગુજરાત વહીવટી સેવા (ગેસ) કેડરના સિનિયર ઓફિસરોને દરેક જિલ્લાના ચૂંટણી નિરીક્ષક અધિકારી તરીકે નિમણૂક કર્યા છે. ■

## મહિલા શ્રમિકોને નાઈટ શિફ્ટની છૂટ

# શ્રમ અને રોજગાર વિભાગનો કલેક્ટરને એનઓસી આપવા આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં કોર્પોરેટ અને ઔદ્યોગિક એકમોમાં હવે સાંજના ૭ વાગ્યા પછી અને સવારના ૬ વાગ્યા પહેલા અર્થાત્ રાત્રિ દરમિયાન પણ મહિલા શ્રમિકોને નોકરી કરવાની સ્વતંત્રતા મળી શકશે. રાજ્યના શ્રમ અને રોજગાર વિભાગે એક પરિપત્ર પ્રસિદ્ધ કરીને કારખાના ધારા- ૧૯૪૮ની કલમ ૬૬ (૧)(બી) હેઠળ સ્ત્રી શ્રમયોગીઓને રાત્રિ પાળીમાં કામે રાખવા અંગે સંબંધિત ઔદ્યોગિક, કોર્પોરેટ એકમોને ના વાંધા પ્રમાણપત્ર-એનઓસી આપવા કલેક્ટરોને આદેશ કર્યો હતો. મહત્ત્વનું છે કે, આ આદેશથી ગુજરાતમાં પણ દિલ્હી-મુંબઈ અને દક્ષિણ ભારતના રાજ્યોની જેમ ઔદ્યોગિક અને કોર્પોરેટ એકમોમાં બીજી અને ત્રીજી પાળીમાં મહિલાઓને કામ કરવાની છૂટ મળશે. અત્રે ઉલ્લેખનીય છે કે, જે એકમો રાત્રી દરમિયાન મહિલા શ્રમિકોની પાસેથી કામ લેશે તેમણે સુરક્ષા અને સુવિધા હેઠળ ઘરેથી કંપની સુધી વાહન સેવા અર્થાત્ સલામતી સાથે ટ્રાન્સપોર્ટેશન આપવું પડશે. શ્રમ અને રોજગાર વિભાગના પરિપત્રમાં સ્પષ્ટપણે કહેવાયું છે કે, મહિલા શ્રમયોગીઓને બીજી અને ત્રીજી પાળીમાં કંપનીમાં કામ કરવા અંગે સરકાર રાજપત્ર (ગેઝેટ) પ્રસિદ્ધ કરીને જે તે વિસ્તાર કે ક્ષેત્ર આધારિત જાહેરનામું બહાર પાડીને મંજૂરી આપી શકે છે. આથી, અમદાવાદ સહિતના અનેકવિધ શહેરોમાં ઔદ્યોગિક ક્ષેત્રોમાં આગામી સમયમાં ગેઝેટ પ્રસિદ્ધ થશે. ■

# હિંદુ બહુમતીવાળા ફુલપુરા ગામમાં મુસ્લિમ મહિલા બિનહરીફ સરપંચ જાહેર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાટણ જિલ્લાના સાંતલપુરના ફુલપુરા ગામ જૂથ પંચાયતમાંથી અલગ પડતા પ્રથમવાર યોજાયેલી ચૂંટણીમાં ગ્રામજનોએ કોમી એકતાનું અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું છે.

૧૦૦૦ની વસ્તી ધરાવતાં ગામ હિન્દુની બહુમતી વાળું હોવા છતાં અહીં માત્ર બે મત ધરાવતા ગામના મુસ્લિમ સમાજની ૪૨ વર્ષની મહિલા શરીફાબેન જાહિદખાનને સરપંચ તરીકે બિનહરીફ જાહેર ચૂંટ્યા હતા અને સરપંચ બનાવ્યા છે. આ અંગે ગામના અગ્રણી દિનેશભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, આ મુસ્લિમ દંપતી વર્ષોથી સેવા કાર્યમાં જોડાયેલું છે.

કોઈને દવાખાને લઈ જવાનું હોય કે અન્ય જરૂરી કામ હોય ત્યારે અડધી રાત્રે પણ દોડીને મદદ કરતા હતા. તહેવાર હોય કે અન્ય પ્રસંગ તેઓ સૌ પહેલા ભાઈચારાની ભાવના સાથે સહયોગ આપે છે, જેને લીધે ગ્રામજનોએ ત્રણ વર્ષ પહેલાં જ નક્કી કર્યું હતું કે આ દંપતીમાંથી જ કોઈને સરપંચ બનાવવું છે. ■

# રાજસ્થાનના પાલીમાં જૈન સાધ્વીનું અકસ્માતમાં મોત

## અમદાવાદમાં જૈન સમાજે રેલી યોજી વિરોધ દર્શાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજસ્થાનના પાલીમાં વિહાર કરતા જૈન સાધ્વીને અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતાં તેમનું મોત નીપજ્યું હતું. હિટ એન્ડ રનની ઘટનામાં જૈન સાધ્વી મોતના પડઘા અમદાવાદમાં પડ્યા હતા. જૈન સમાજ દ્વારા અમદાવાદમાં આક્રોશ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. જૈન સમાજ દ્વારા વિહાર કરતાં સાધુ-સાધ્વીની સુરક્ષાની માંગ સાથે આક્રોશ વ્યક્ત કરતાં આક્ષેપ કર્યો હતો કે જૈન સાધુ-સાધ્વીની હત્યાને અકસ્માતમાં ખપાવી દેવામાં આવે છે. અમદાવાદના વાસણા વિસ્તારમાં શ્વેતાંબર જૈન મૂર્તિ પૂજક સંઘ દ્વારા વાસણાથી એક વિશાળ વિરોધ રેલી કાઢવામાં આવી હતી. બાદમાં પ્રીતમનગર અખાડા ખાતે સભા યોજવામાં આવી હતી. રેલીમાં જૈન સમાજના લોકો પોસ્ટરો સાથે જોવા મળ્યા હતા. જેમાં તેમણે આ ઘટનાને સુનિયોજિત કાવતરું ગણાવી હતી. આ ઘટનાની વિગતવાર તપાસ માટે કેન્દ્ર સરકાર દ્વારા એસઆઇટીની રચના કરવાની અને દોષિતોને કડક સજા આપવામાં આવે તેવી માંગ પણ જૈન સમુદાય દ્વારા કરવામાં આવી હતી. સમાજના અગ્રણીઓએ જણાવ્યું હતું કે, આવા બનાવો સંવેદનશીલ ધર્મગુરુઓની સુરક્ષા પર પ્રશ્ન ઊભો કરે છે અને સરકાર તથા પોલીસ તંત્રે તાત્કાલિક પગલાં લેવા જરૂરી છે. રેલીમાં મોટી સંખ્યામાં શ્રાવકો, સાધુ-સાધ્વીજીઓ અને યુવાનોએ ભાગ લીધો હતો.■

# મેટ્રો સ્ટેશનના કેબલ ચોરતી ‘ખેકડા ગેંગ’નો પર્દાફાશ, ૧૦૦ જેટલા ગુનામાં સંડોવણીનો ખુલાસો થયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશનાં વિવિધ શહેરોમાં આવેલા મેટ્રો સ્ટેશનના કેબલ ચોરી કરતી આંતરરાજ્ય ગેંગનો પર્દાફાશ થયો છે. ગાંધીનગર પોલીસે ખેકડા ગેંગના ચાર શખ્સોને પહેલીવાર મુદ્દામાલ સાથે પકડી લીધા હતા. આ સાથે જ કુલ ૩૫ ગુનાનો ભેદ ઉકેલવામાં પોલીસને સફળતા હાથ લાગી છે. કુલ ૧૦૦ જેટલા ગુનાઓમાં સંડોવાયેલી આ ગેંગના હજુ પણ નવા ગુનાઓનો પર્દાફાશ થઈ શકે છે. આ ગુનેગારોની ચોરી કરવાની મોડસ ઓપરેન્ડી સાંભળીને પોલીસ પણ ચોંકી ઊઠી હતી. ગાંધીનગર તેમજ અમદાવાદ શહેરના મેટ્રો લાઇનની કેબલ ચોરી ઉપરાંત મહારાષ્ટ્ર, દિલ્હી, પુણે જેવા મેટ્રો સ્ટેશનના કેબલ ચોરી કરતી ગેંગને ગાંધીનગર પોલીસે પકડી લીધી હતી. આ ગુનેગારોની ચોરી કરવાની મોડસ ઓપરેન્ડી અંગે ગાંધીનગરના પોલીસ અધિક્ષક રવિ તેજા વાસમશેટ્ટીએ જણાવ્યું હતું કે, ચોરી કરવાની આ ગુનેગારોની મોડસ ઓપરેન્ડી એવી છે કે જે શહેરોમાં મેટ્રો સ્ટેશન છે ત્યાં આ ગેંગ બેથી ત્રણ મહિના પહેલા પહોંચી જતી હતી. ગુનેગારોની આ ટોળકીમાં કુલ ૧૩ સભ્યો રહેતા હતા. મેટ્રોના કેબલની ચોરી કરતા પહેલા આ ગેંગના સભ્યો મેટ્રોમાં બેસી રેકી કરતા હતા. કેબલ ચોરી કરવા જતા સમયે ચારથી પાંચ લોકો મેટ્રોના ટ્રેક પર જતા. જ્યારે સાતથી આઠ લોકો ચોરી કરાયેલા કેબલને સમેટવા માટે નીચે રહેતા હતા. જ્યારે એક ઈસમ કારમાં સવાર રહેતો હતો. પકડાયેલા ચાર આરોપીઓમાં મુસરફ મુલેજાટ, રાશિદ ધોબી, રાશીદ અન્સારી, ઈર્શાદ મલિક છે. જ્યારે હજુ શહેઝાદ મલિક, આમિર મલિક, આરીફ મલિક, ઈકબાલ મલિક, ઇમરાન મલિક, આરીફ રફીક, સોનુ કસાર, અર્શદ મલિક, બિલાલ કુરેશી, રાજા કુરેશી, માસુમ મલિક હજુ પોલીસ પકડથી દૂર છે.

આખી ગેંગ દિલ્હીથી ઓપરેટ થાય છે જેમાં રાજા અને માસુમ ગેંગને ઓપરેટ કરે છે. આરોપીઓએ ચોરીનો મુદ્દામાલ છુપાવવા કલોલ ખાતે એક મકાન ભાડે રાખ્યું હતું. પોલીસે આ મકાન પર દરોડો કરીને આરોપીઓ તેમજ ચોરીનો મુદ્દામાલ કબજે કર્યો હતો. કેબલ ચોરી કરીને આરોપીઓ ચોરીનો મુદ્દામાલ ટ્રેનમાં લઈ જતા હતા. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, મેટ્રો સ્ટેશનના એક વાયરની ૧૮ લાખની કિંમત છે, જે બ્લેક માર્કેટમાં ૬ લાખમાં વેચાય જાય છે, ચોરીનો માલ દિલ્હી જતો હતો. મળતી વિગત મુજબ મેટ્રો ટ્રેન ટ્રેક પરથી વાયરની ચોરી કરતી ગેંગના ૧૦૦થી વધુ ગુના છે. જેમાં ગુજરાતમાં કોબા, વેજલપુર અને શાહપુરમાં કુલ ત્રણ ગુના દાખલ થયેલા છે. આ ગેંગના પકડાયેલા ચાર આરોપીઓ પાસેથી કુલ મળી ૩૫ ગુનાની વિગત પોલીસ પાસે મળી છે. ■

# નવ માસના બાળકની શ્વાસનળીમાંથી રમકડાનો એલઈડી બલ્બ કાઢી સફળ સર્જરી કરાઈ

અમદાવાદઃ અમદાવાદની સિવિલમાં ૯ માસના બાળકની સફળ સર્જરી કરવામાં આવી હતી. એક ૯ માસના બાળકની શ્વાસનળીમાંથી રમકડાંના મોબાઈલનો એલઈડી બલ્બ કાઢી સફળ સર્જરી કરવામાં આવી હતી. મૂળ જૂનાગઢના રહેવાસીને રાજકોટની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ભલામણ કરવામાં આવી હતી પરંતુ ખાનગી હોસ્પિટલના ખર્ચ બાળકના પરિવારને પરવડે તેમ ન હોવાથી અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યું હતું. જૂનાગઢના રહેવાસી જુનેદ યુસુફના નવ માસના દીકરાને છેલ્લા પંદર દિવસથી ઉધરસ આવતી હતી. જૂનાગઢના તબીબને દેખાડી દવા કરવામાં આવી હતી. બાળરોગના નિષ્ણાતે જણાવ્યા મુજબ બાળકની છાતીનો એક્સરે કરાવવામાં આવ્યો હતો. તે દરમિયાન શ્વાસનળીમાં કંઈક ફસાયા હોવાનું જાણવા મળ્યું હતું. જુનેદભાઈ મિસ્ત્રી કામનો વ્યવસાય કરે છે. જૂનાગઢના તબીબે બાળકને રાજકોટની ખાનગી હોસ્પિટલમાં સારવાર કરાવવા માટે ભલામણ કરી હતી. પરંતુ ખાનગી હોસ્પિટલનો ખર્ચ તેમને પરવળે તેમ ન હોવાથી તેમણે પોતાના બાળકની સારવાર અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં કરાવવાનું નક્કી કર્યું હતું. આ બાળકને ગત ૩ જૂન, ૨૦૨૫ના બાળકને સિવિલ હોસ્પિટલના પીડિયાટ્રિક સર્જરી વિભાગમાં તાત્કાલિક દાખલ કરવામાં આવ્યું હતું. સિવિલ હોસ્પિટલ, અમદાવાદના પીડિયાટ્રિક સર્જરી વિભાગના વડા ડોક્ટર રાકેશ જોશી તેમજ એનેસ્થેસિયા વિભાગના પ્રોફેસર ડોક્ટર નિલેશ અને તેમની ટીમ દ્વારા બાળકની બ્રોન્કોસ્કોપી કરી જમણી તરફની મુખ્ય શ્વાસનળીમાંથી એક એલઇડી બલ્બની સફળતાપૂર્વક સર્જરી કરાઈ હતી. ■

# બાન્દ્રાથી દહિસર સુધી પાણીની કટોકટી દૂર થશે

## નવી પાઈપલાઈન નખાશે, જૂની પાઈપલાઈનનું સમારકામ કરાશે

મુંબઇ : પશ્ચિમી ઉપનગરોમાં પાણીની કટોકટી દૂર કરવા માટે પાલિકા બાન્દ્રા, ખાર, કાંદિવલી, બોરીવલી અને દહિસર વિસ્તારોમાં નવી પાણીની પાઇપલાઇનો નાખશે અને જૂની પાઇપલાઇનોનું સમારકામ કરશે. આનાથી પાણીના લીકેજની સમસ્યા દૂર થશે અને આ વિસ્તારોમાં પાણી પુરવઠો સુધરશે.

પાલિકાના એક અધિકારીએ જણાવ્યું હતું કે ૧૫મા નાણા પંચના ક્લાઇમેટ ફંડનો ઉપયોગ કરીને બાંદ્રા પશ્ચિમ, ખાર, દહિસર અને કાંદિવલી અને બોરીવલી વિસ્તારોમાં પાણી પુરવઠો સુધારવા માટે કામ શરૂ કરવામાં આવ્યું છે. બાન્દ્રા પશ્ચિમમાં, એસવી રોડથી ખાર પાલી રોડ અને આંબેડકર રોડ સુધી નવી પાઇપલાઇનો નાખવામાં આવી રહી છે. દહિસર ઇસ્ટમાં, ગોકુલ આનંદ હોટેલથી એસએન દુબે રોડ સુધી ૭૭૦ મીટર લાંબી ૪૫૦ મીમી વ્યાસની પાઇપલાઇન બદલવામાં આવી રહી છે.

મુંબઈને તાનસા, મોડક સાગર, મધ્ય વૈતરણા, અપર વૈતરણા અને ભાતસા, પવઈ અને તુલસી તળાવમાંથી દરરોજ લગભગ ૪૦૦૦ એમએલડી પાણી પૂરું પાડવામાં આવે છે. આ તળાવો મુંબઈથી લગભગ ૧૦૦ કિમી કે તેથી વધુ અંતરે આવેલા છે. મુંબઈમાં ફક્ત વિહાર અને તુલસી તળાવ જ છે. પાઇપલાઇનમાં લીકેજ અને ચોરીને કારણે, લગભગ ૩૦-૩૫ ટકા પાણી મુંબઈવાસીઓ સુધી પહોંચતું નથી. આ સમસ્યાના ઉકેલ માટે, પાલિકા મુંબઈમાં જૂની પાઇપલાઇનોનું સમારકામ કરી રહી છે અને નવી પાઇપલાઇનો નાખી રહી છે. ઉપરાંત, તે ઘાટકોપર, ચેમ્બુર, વડાલાથી પરેલ સુધી વોટર ટનલ બનાવી રહી છે. ■

### લાઈફલાઈન ૧૫ થી ૨૦ વર્ષ થશે

કાંદિવલી પૂર્વમાં ૯૦૦ મીમી વ્યાસની પાઇપલાઇન નાખવામાં આવી રહી છે. આનાથી પાણી પુરવઠામાં સુધારો થશે. આ ઉપરાંત, એચ પશ્ચિમ વોર્ડ હેઠળ ખાર પશ્ચિમ, આર દક્ષિણ વોર્ડ હેઠળ કાંદિવલી પશ્ચિમ અને બોરીવલી પશ્ચિમ સહિત દહિસર વિસ્તારમાં મુખ્ય પાણીની પાઇપલાઇનનું સમારકામ કરવામાં આવી રહ્યું છે. આનાથી આ પાઇપલાઇનની લાઈફલાઈન ૧૫ થી ૨૦ વર્ષ સુધી વધશે. ભાંડુપ કોમ્પ્લેક્સમાં ૨૦૦૦ એમએલડી પ્રતિ દિવસની ક્ષમતા ધરાવતો એક નવો પાણી શુદ્ધિકરણ પ્લાન્ટ બનાવવામાં આવશે, જે હાલના ૧૯૧૦ એમએલડી ક્ષમતાવાળા ટ્રીટમેન્ટ પ્લાન્ટનું સ્થાન લેશે. પાંજરાપુરમાં ૯૧૦ એમએલડી ક્ષમતા ધરાવતું બીજું કેન્દ્ર બનાવવામાં આવી રહ્યું છે. તુલસી જળ શુદ્ધિકરણ કેન્દ્રનું પણ પુનર્નિર્માણ અને પુનઃરચના કરવામાં આવી રહી છે.

# સગીરા સાથે દુષ્કર્મના કેસનો આરોપી કલ્યાણ કોર્ટ બહારથી ફરાર

થાણેઃ સગીરા પર બળાત્કારના કેસમાં પકડાયેલો આરોપી કલ્યાણ કોર્ટ બહારથી પોલીસની કસ્ટડીમાંથી ફરાર થઈ ગયો હતો. કોન્સ્ટેબલ હાથકડી પહેરાવવા ગયો ત્યારે આરોપી તેને ધક્કો મારી નાસી ગયો હતો. વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ ઘટના શુક્રવારની બપોરે બની હતી. આરોપી ચૈતન્ય શિંદે (૨૧)ને કોર્ટમાં હાજર કર્યા પછી ફરી પોલીસ વૅન તરફ લઈ જવાયો હતો.

શિંદેને હાથકડી પહેરાવવામાં આવી રહી હતી ત્યારે બળજબરીથી હાથ છોડાવીને તે ભાગી ગયો હતો. પોલીસે થોડા અંતર સુધી તેનો પીછો પણ કર્યો હતો, પરંતુ કલ્યાણ રેલવે સ્ટેશન નજીકની પ્રવાસીઓની ભીડનો લાભ ઉઠાવી તે છૂ થયો હતો. પોલીસે જણાવ્યું હતું કે અપહરણ, બળાત્કાર અને પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઑફેન્સીસ (પોક્સો) ઍક્ટ હેઠળ શિંદેની ધરપકડ કરવામાં આવી હતી. કલ્યાણ કોર્ટે તેને ૨૦ જૂન સુધીની અદાલતી કસ્ટડી ફટકારી હતી. કાનૂની પ્રક્રિયા પૂર્ણ કરવા તેને પોલીસ સ્ટેશન લઈ જવાના હતા.

પોલીસ કસ્ટડીમાંથી ભાગેલા શિંદે વિરુદ્ધ પોલીસે ગુનો નોંધી તેની શોધ હાથ ધરી હતી. શિંદેને શોધી કાઢવા પોલીસ અધિકારીઓની અલગ અલગ ટીમ બનાવવામાં આવી હતી. એક ટીમ રાયગડના રોહા ખાતે તેના નિવાસસ્થાને પણ ગઈ હતી. તે કઈ દિશામાં ગયો હશે તેનો તાગ મેળવવા પોલીસ સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસી રહી છે. (પીટીઆઈ)■

# પનવેલમાં ક્રિપ્ટોકરન્સીમાં રોકાણને નામે એક કરોડની છેતરપિંડી કરનારો પકડાયો

થાણેઃ ક્રિપ્ટોકરન્સીમાં રોકાણ કરવા પર ઊંચા વળતરની લાલચે નવી મુંબઈના રહેવાસી પાસેથી ૧.૦૩ કરોડ રૂપિયા પડાવવાના કેસમાં પોલીસે યુવાનની ધરપકડ કરી હતી.

પકડાયેલા આરોપીની ઓળખ ઝુબેર ખાન (૩૪) તરીકે થઈ હતી. પનવેલ સાયબર સેલનાં ઈન્સ્પેક્ટર દીપાલી પાટીલે જણાવ્યું હતું કે મુંબઈના જરીમરી વિસ્તારમાં રહેતા આરોપીએ નવી મુંબઈના પનવેલ ખાતે રહેતા ફરિયાદીને ફેસબુકની પોસ્ટના માધ્યમથી લલચાવ્યો હતો. ક્રિપ્ટોકરન્સીમાં રોકાણ કરેલી રકમ પર આકર્ષક વળતરની લાલચ પોસ્ટમાં અપાઈ હતી.

ફરિયાદીએ નાણાં રોકવાની ઇચ્છા વ્યક્ત કરતાં આરોપીએ વ્હૉટ્સઍપના માધ્યમથી સંપર્ક સાધ્યો હતો. ખોટી ઓળખ ઊભી કરીને આરોપીએ બોગસ તસવીરો મોકલાવી ફરિયાદીનો વિશ્વાસ સંપાદન કર્યો હતો.

આરોપીની વાતોમાં ફસાઈને ફરિયાદીએ સમયાંતરે ૧.૦૩ કરોડ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. જોકે બાદમાં ફરિયાદીને કોઈ વળતર મળ્યું નહોતું. પોતે છેતરાયો હોવાની જાણ થતાં ફરિયાદીએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો. ફરિયાદને આધારે પોલીસે ગુનો નોંધ્યો હતો. પ્રાથમિક તપાસ બાદ બુધવારે આરોપીને થાણે નજીકના મુંબ્રા ખાતેથી તાબામાં લેવાયો હતો. તપાસ માટે આરોપીનો મોબાઈલ ફોન પણ જપ્ત કરવામાં આવ્યો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

# આઈઆરસીટીસી ટિકિટ બુકિંગ કૌભાંડનો પર્દાફાશ

મુંબઈઃ જાન્યુઆરી અને મે, ૨૦૨૫ આઈઆરસીટીસી એ ૨.૯ લાખ શંકાસ્પદ ટિકિટ બુકિંગ (પીએનઆર) શોધી કાઢ્યા જે બુકિંગ વિન્ડો ખુલ્યાના માત્ર પાંચ મિનિટમાં ટિકિટ બૂક કરતા હતા. આ નિયમિત મુસાફરો નહોતા પરંતુ ટિકિટ બ્લોક કરવા માટે ઓટોમેટેડ ટૂલ્સ અને નકલી યુઝર એકાઉન્ટનો ઉપયોગ કરીને છેતરપિંડી કરનારા હતા.

અહેવાલ મુજબ ભારતીય રેલવેએ આ સમયગાળા દરમિયાન કડક કાર્યવાહી કરી હતી અને ૨.૫ કરોડથી વધુ નકલી યુઝર આઈડી નિષ્ક્રિય કરવામાં આવ્યા હતા અને અન્ય ૨૦ લાખ આઈડી ફરીથી ચકાસણી માટે માર્ક કરવામાં આવ્યા હતા. આમાંના મોટાભાગના એકાઉન્ટ્સ કામચલાઉ ઇમેઇલ આઇડીનો ઉપયોગ કરીને બનાવવામાં આવ્યા હતા. કામચલાઉ ઇમેઇલ આઈડીનો ઉપયોગ ફક્ત થોડી વાર માટે જ થતો હતો, જેના કારણે ગુનેગારોને શોધવાનું મુશ્કેલ બન્યું હતું. ■

બારમાં પાનાનું ચાલુ

## એનસીપી

પદાધિકારીઓ સભામાં બોલશે,' એમ રાજ્યના ભૂતપૂર્વ પ્રધાને માહિતી આપી હતી.

શરદ પવાર સવારે સમારોહમાં વિપક્ષના કાર્યકરો અને પદાધિકારીઓને સંબોધિત કરશે અને શાસક એનસીપીના વડા અજિત પવાર સાંજે પુણેમાં તેમના જૂથના સ્થાપના દિવસના કાર્યક્રમમાં ભાગ લેશે.

રાજ્ય એનસીપીના પ્રમુખ સુનીલ તટકરેએ પણ એવી સ્પષ્ટતા કરી હતી કે બંને જૂથો વચ્ચે વિલીનીકરણ કે જોડાણ અંગે કોઈ પ્રસ્તાવ કે ચર્ચા થઈ નથી.

જાહેર અને ખાનગી કાર્યક્રમોમાં શરદ પવાર અને તેમના ભત્રીજા અજિત પવાર વચ્ચે વારંવાર થતી મુલાકાતોએ જુલાઈ ૨૦૨૩માં પક્ષમાં વિભાજન પછી જૂથો ફરી એક થવાની અટકળોને વેગ આપ્યો છે.

એનસીપી અને એનસીપી (એસપી) બંનેએ તેમના સ્થાપના દિવસની ઉજવણી માટે પવાર પરિવારના ગૃહ પ્રદેશ પુણેને પસંદ કર્યું છે. શરદ પવાર શિવાજીનગરમાં બાલ ગંધર્વ રંગ મંદિર ખાતે પોતાના સમર્થકોને સંબોધિત કરશે, જ્યારે અજિત પવાર બાલેવાડીમાં શ્રી છત્રપતિ શિવાજી સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે પોતાના પક્ષના કાર્યક્રમમાં ભાષણ આપશે.

રાજકીય નિરીક્ષકોના મતે પક્ષના કાર્યકરો ટોચના નેતૃત્વ પાસેથી પોતાના જૂથો માટે સ્પષ્ટતા અને ભવિષ્યના રોડમેપની અપેક્ષા રાખી રહ્યા છે.

કોંગ્રેસ નેતા શરદ પવાર, પી. એ. સંગમા અને તારિક અનવરે પાર્ટી અધ્યક્ષ સોનિયા ગાંધીના વિદેશી મૂળનો મુદ્દો ઉઠાવ્યા બાદ ૧૦ જૂન, ૧૯૯૯ના રોજ એનસીપીની સ્થાપના કરી હતી.

સંગમા હવે રહ્યા નથી, પરંતુ અનવર કોંગ્રેસમાં પાછા ફર્યા છે. એનસીપીએ બાદમાં કોંગ્રેસ સાથે હાથ મિલાવ્યા અને મહારાષ્ટ્રમાં ગઠબંધન સરકાર બનાવી, જ્યાં તેઓ સતત ત્રણ મુદત (૧૯૯૯-૨૦૧૪) સુધી સત્તામાં રહ્યા હતા.

૨૦૧૯માં એનસીપી અને કોંગ્રેસે સંયુક્ત શિવસેના સાથે હાથ મિલાવ્યો અને મહા વિકાસ આઘાડી (એમવીએ) સરકાર બનાવી, જે જૂન ૨૦૨૨માં તૂટી પડી હતી.

૨૦૨૩માં તે સમયે વિરોધ પક્ષમાં રહેલા અજિત પવાર, એનસીપીના બહુમતી વિધાનસભ્યો સાથે શાસક ભાજપ-શિવસેનાની યુતિમાં જોડાઈ ગયા અને નાયબ મુખ્ય પ્રધાન બન્યા હતા.

૨૦૨૪ની વિધાનસભા ચૂંટણી પછી ભાજપની આગેવાની હેઠળની મહાયુતિએ પ્રચંડ બહુમતી સાથે સત્તા જાળવી રાખી અને અજિત પવાર મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના પ્રધાનમંડળમાં તેમના બીજા નાયબ તરીકે જોડાયા હતા.

આ વર્ષના અંતમાં વિલંબિત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજાવાની સંભાવના હોવાથી, વિધાનસભા ચૂંટણીમાં જંગી વિજય મેળવનાર શાસક મહાયુતિ ગઠબંધન અને ગયા વર્ષે નવેમ્બરમાં ભારે હારનો સામનો કરનાર વિપક્ષી એમવીએ માટે ઘણું જોખમ છે.

૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં એનસીપી (એસપી)એ મહારાષ્ટ્રમાં સારું પ્રદર્શન કર્યું, તેણે લડેલી ૧૦ લોકસભા બેઠકોમાંથી આઠ જીતી. બીજી તરફ, શાસક ગઠબંધન ભાગીદાર એનસીપીએ ફક્ત એક બેઠક જીતી હતી.

છ મહિના પછી યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ભાગ્યમાં પલટો આવ્યો, જેમાં એનસીપીએ ૨૮૮ સભ્યોની વિધાનસભામાં ૪૧ બેઠકો જીતી અને એનસીપી (એસપી)ને ફક્ત ૧૦ બેઠકો મળી હતી. ■

## મીઠી નદી

નિવાસસ્થાનો મળીને ૧૫ સ્થળે ઈડીએ શુક્રવારે રેઇડ કરી હતી, જેમાં અભિનેતા ડિનો મોરિયાના નિવાસસ્થાનનો પણ સમાવેશ થતો હતો. ડિનો મોરિયા શિવસેનાના નેતા આદિત્ય ઠાકરેનો મિત્ર હોવાનું કહેવાય છે. આર્થિક ગુના શાખાની સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમે પણ ગયા મહિને મોરિયાની બે વખત પૂછપરછ કરી હતી. ■

## જૈન સાધુ

આરોપી બનાવાયા છે એમા વિરાગસાગર, કલ્યાણસાગર, રાજતિલકસાગર, હાર્દિકરત્નસાગર અને મંગલરત્નસાગરનો સમાવેશ છે. વિરાગસાગર પર ફરિયાદી કલ્પેશ સિંઘવીને બદનામ કરવાનો આરોપ છે જ્યારે બીજા ચાર સાધુ ભૂતકાળમાં દૂરાચાર આચરવાનો આરોપ છે.

સાગરચન્દ્રસાગરના બે સાધ્વીઓ સાથેના આ અશ્લિલ ફોટા થોડા મહિના પહેલા વાઈરલ થયા હતા અને એ વિશે રિપોર્ટ પ્રકાશિત કરનાર મુંબઈ સમાચારે પ્રથમ અખબાર હતું. આ ફોટામાં સાગરચન્દ્રસાગર આ બે સાધ્વી સાથે વોટ્સઍપ કોલ પર અશ્લિલ હરકતોના સ્ક્રિન શોટ્સ છે. ફોટામાં સાગરચન્દ્રસાગર એક શ્રાવિકા સાથે પણ અશ્લિલ હરકતો કરતા દેખાય છે. આ બધા સ્ક્રિનશોટ્સ સાગરચન્દ્રસાગરના મોબાઈલમાંથી તનુશ્રી (આ સાચું નામ નથી) નામની મહિલાએ આ ફોટા ચોર્યા હતા અને પછી એ લીક થઈ ગયા હતા.

સાગરચન્દ્રસાગર અત્યારે ગુજરાતમાં છાણી ગામમાં હોવાનું કહેવાય છે તેમનો ફોન પર સંપર્ક થઈ શક્યો નહોતો અને તેમણે મેસેજનો જવાબ પણ આપ્યો નહોતો.

આ કેસના તપાસ અધિકારી જોધપુરના આસિસ્ટંટ પોલીસ કમિશનર (પ્રતાપનગર) રવીન્દ્ર બોથરાએ કહ્યું હતું કે આ કેસમાં જરૂરી તમામ પુરાવા પહેલા ભેગા કરાશે અને તેને ફોરેન્સિક જાંચ માટે મોકલાશે. આરોપીઓના નિવેદન પણ યોગ્ય સમયે લેવાશે. કેસમાં કાયદાકીય રીતે જે જરૂરી હશે એ તમામ પગલા લેવાશે.

કલ્પેશ સિંઘવીએ ફરિયાદમાં કહ્યું છે કે મને મોતની ધમકી આપવા ઉપરાંત મોઢુ બંધ રાખવા માટે પાંચ કરોડની ઓફર પણ આપવામાં આવેલી. આ ઓફર સુરતના મૈથિલ નામાના રહેવાસીએ આપેલી. મૈથિલ ભૂતકાળમાં સાગરચન્દ્રસાગરનો શિષ્ય હતો અને થોડા વખત બાદ સંસારમાં પાછો આવી ગયો હતો.

દરમિયાન શુક્રવારે અમદાવાદની કોર્ટે સાગરચન્દ્રસાગર સામે થયેલા ખાનગી કેસની સુનાવણી હવે પહેલી ઓગસ્ટના રાખી છે. આ કેસમાં પણ અરજદાર જગતભાઈ પરિખે સાગરચન્દ્રસાગર સામે પોલીસ તપાસ શરૂ કરવાની માગણી કરી છે. ■

## મુંબઈમાં યલો અલર્ટ

ધીમે તેનું જોર ઓછું થયું હતું.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ સવારના આઠ વાગ્યાયથી પાંચ વાગ્યા સુધીમાં હાજીઅલી પમ્પિંગ સ્ટેશન પાસે ૬૯ મિ.મી., નાયર હૉસ્પિટલ પાસે ૫૯ મિ.મી., ગ્રાન્ટ રોડમાં ૫૪ મિ.મી., ભાયખલામાં ૫૩ મિ.મી., માનખુર્દમાં ૫૭ મિ.મી., તુર્ભેમાં ૫૧ મિ.મી., ભાંડુપ કૉમ્પ્લેક્સમાં ૪૫ મિ.મી., બોરીવલીમાં ૪૦ મિ.મી., દિંડોશીમાં ૨૯ મિ.મી., વરસાદ નોંધાયો હતો.

ત્રણેક વાગ્યા સુધીમાં મોટાભાગના વિસ્તારમાં વરસાદ થોભી ગયા બાદ હવામાન વિભાગે મુંબઈ સહિત થાણે અને રાયગઢ તથા પાલઘર માટે રવિવાર સવારના ૮.૩૦ વાગ્યા સુધી માટે યલો અલર્ટ જાહેર કરીને અલગ અલગ સ્થળોએ વાવાઝોડા સાથે ભારે વરસાદ અને તોફાની પવનો ફૂંકાવાની શક્યતા વ્યક્ત કરી છે, તે મુજબ આ સમય દરમ્યાન મધ્યમથી ભારે વરસાદની શક્યતા છે. તો ૮થી ૧૧ જૂન સુધી હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

તો મહારાષ્ટ્રના દરિયાકાંઠાના રાયગઢ અને રત્નાગિરી જિલ્લાઓને આગામી ૪૮ કલાક માટે યલો અલર્ટ હેઠળ રાખવામાં આવ્યા છે.

હવામાન ખાતાના અધિકારીના જણાવ્યા મુજબ શનિવારે અચાનક આવી પડેલા વરસાદ માટે સૂકા અને ભેજવાળા પવનો જવાબદાર હતા.

તો કર્ણાટક અને વિદર્ભ ઉપર એક ટ્રફ નિર્માણ થયો છે, તેને કારણે ભેજવાળા પવનો અને સૂકા પવનો બંને એકબીજા સાથે અથડાય છે, જે સામાન્ય રીતે વરસાદ માટે અનુકૂળ સ્થિતિ ઉત્પન કરે છે.

કોલાબા અને સાંતાક્રુઝમાં શનિવારે સવારના આઠ વાગ્યા સુધીના ૨૪ કલાકમાં અનુક્રમે ૧૧.૮ મિ.મી. અને ૩૯.૯ મિ.મી. વરસાદ નોંધાયો હતો.

તો શનિવાર સવારના ૮.૩૦ વાગ્યાથી બપોરના અઢી વાગ્યા સુધીના સમયગાળામાં કોલાબામાં ૩૩.૫૪ મિ.મી. અને સાંતાક્રુઝમાં પાંચ મિ.મી. વરસાદ નોંધાયો હતો. તો પહેલી જૂનથી અત્યાર સુધી કોલાબા અને સાંતાક્રુઝમાં અનુક્રમે ૪૧.૪ મિ.મી. અને ૮૭ મિ.મી. જેટલો વરસાદ નોંધાયો છે. આ દરમ્યાન મુંબઈને પાણી પુરવઠો કરનારા સાતેય જળાશયોમાં શનિવારે પાણીનો જથ્થો ૧.૬૦ મિલિયન લિટર જેટલો હતો. સાતેય જળાશયોની ક્ષમતા ૧૪.૪૭ લાખ મિલ્યન લિટરની છે. ■

## દુર્ગાડી કિલ્લાની

જૂથના કાર્યકરો શિવાજી ચોકમાં એકઠા થયા હતા અને 'દુર્ગાડી કિલ્લાની મુક્તિ'ની માગણી સાથે સૂત્રોચ્ચાર કર્યા હતા. પોલીસે સતર્કતાના પગલા રૂપે લાલ ચોકી અને દુર્ગાડી કિલ્લા ફરતે ચાંપતો બંદોબસ્ત ગોઠવી દીધો હતો અને બેરિકેડ્ટ પણ ગોઠવી દીધી હતી.

એકઠા થયેલા શિવસૈનિકોએ બેરિકેડ્સ કુદાવીને કિલ્લા તરફ જવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસ કોર્ડન તોડવાનો વારંવાર પ્રયાસ કરાયો હતો. શિવસૈનિકોએ બેરિકેડ્સ હટાવવાનો પણ પ્રયત્ન કર્યો હતો, પરંતુ પોલીસે તેમને રોક્યા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું.

કિલ્લા તરફ જતાં રોકવામાં આવ્યા પછી દેખાવકારોએ લાલ ચોકી ખાતે આરતી કરી હતી. વાત વણસતી જોઈ કોઈ અનિચ્છનીય બનાવ ટાળવા પોલીસે અનેક કાર્યકરોને તાબામાં લીધા હતા. કિલ્લો બંધ કરવામાં આવ્યો હતો અને વાહનો અન્યત્ર વાળવામાં આવ્યાં હતાં. (પીટીઆઈ)■

## ભવિષ્ય તરફ

જોડાણની શક્યતા અંગેના પ્રશ્નના જવાબમાં કહ્યું કે મહારાષ્ટ્રના લોકો જે ઈચ્છે છે તે થશે.

જોકે, તેમણે તેમના પક્ષ અને ૨૦૦૬માં રાજ ઠાકરે દ્વારા શરૂ કરાયેલ સંયુક્ત શિવસેનાના અલગ થયેલા જૂથ મનસે વચ્ચે કોઈ જોડાણની વાટાઘાટો થઈ રહી છે કે કેમ તે અંગેના સવાલોને ટાળી દીધા હતા. ■

## જૈન મરણ

**વાગડ વી. ઓ. જૈન**

ગામ સામખીયારીના સ્વ. અરઘાબેન ગડા (ઉં. વ. ૯૦) ગોરેગામ મધ્યે ગુરુવાર તા.૫-૬-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. મોંઘીબેન હિરજી ગુણશીની પુત્રવધૂ. સ્વ. ડુંગરશીના ધર્મપત્ની. વિરમ, મણીલાલ, અમૃતલાલ, દામજી, મણી, દિવાળી, હંસા, સંસારપક્ષે પૂજ્ય સ્વાતીબાઇ મહાસતીના માતુશ્રી. લક્ષ્મી, દમયંતી, સ્વ. દમયંતી, મીરા, કેસર, વેલજી, બોરીચા, પદમશી સાવલા, જયંતીલાલ ગાલાના સાસુજી. આધોઇના સ્વ. જેઠીબેન વણવીર શાહની દીકરી. પ્રાર્થનાસભા તા. ૯-૬-૨૫ સોમવારના ૧૦થી ૧૧.૩૦. ઠે. પ્યુપીલ્સ સ્કૂલ, એસ. વી. રોડ, પોલીસ સ્ટેશનની બાજુમાં, ખાર (વેસ્ટ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ઢુંઢસર નિવાસી હાલ મલાડ સ્વ. શામજીભાઇ લવજીભાઇના સુપુત્ર પરમાણંદદાસ ભાઇ (ઉં. વ. ૯૭) તા. ૭-૬-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. તે સ્વ. હરીભાઇ, સ્વ. રમણીકભાઇ, સ્વ.શાંતિભાઇ, સ્વ. ગજરાબેન બાબુભાઇ, સ્વ. વિમળાબેન મોહનલાલ, સ્વ. કાંતાબેન પ્રભુદાસના ભાઇ. અરવિંદ, શશીકાંત, હિતેશ, સ્વ. રંજનબેન કનૈયાલાલ, ઇચ્છાબેન સૂર્યકાન્તકુમાર, નગીનદાસ રવાસાના પિતાશ્રી. મિતાબેન, વર્ષાબેન, મનીષાબેનના સસરા. મેથળાવાળા સ્વ. હરીલાલ ગાંડાલાલના જમાઇ. સ્વ. ઠાકરશીભાઇ, સ્વ. હરખચંદભાઇ, સ્વ. રમેશભાઇ, સ્વ. તારાબેન નાગરદાસ તથા સ્વ. હીરાબેન મહાસુખરાયના બનેવી. ઠે. એ-૫૦૨, રેખા નિકેતન, લિબર્ટી ગાર્ડન, રોડ નંબર-૩, મલાડ (વેસ્ટ). સાદડી તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**દશા શ્રીમાળી જૈન**

જેતપુર નિવાસી હાલ ઘાટકોપર સ્વ. ઇન્દુબેન તથા સ્વ. મનહરલાલ હરખચંદ વાઘાણીના સુપુત્ર મહેન્દ્રભાઇ (ઉં.વ. ૭૧) તા. ૬-૬-૨૫ શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. તે પૂનમબેન (મીનાબેન)ના પતિ. વૈશાલી તથા પુનિતના પિતાશ્રી. પ્રદીપ (દિલીપ) તથા મીતા જગદીપ દોશીના ભાઇ. ચેતનકુમાર, સ્નેહાના સસરા. સ્વ. જશવંતીબેન તથા ચુનીલાલ હરીચંદ શેઠના જમાઇ. સુધા, પંકજ દોશીના બનેવી. પ્રાર્થનાસભા તા. ૯-૬-૨૫ સોમવારના ૯થી ૧૧. ઠે. આનંદ મંગલ હોલ, હિંગવાલા ઉપાશ્રય, ઘાટકોપર (ઇસ્ટ). આંખ અને ત્વચા દાન કરેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

સમાઘોઘાના વસનજી રતનશી ગાલા (ઉં. વ. ૭૪) તા. ૫-૬-૨૫ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન રતનશીના પુત્ર. નિર્મળાના પતિ. દિસી, પૂજાના પિતાશ્રી. મુરજી, નાગજી, તલકશી, પ્રેમજી, દમયંતીબેન, ઝવેરબેનના ભાઇ. લુણી સુંદરબાઈ મેઘજીના જમાઈ. પ્રા. શ્રી વર્ધમાન સ્થાનક જૈનસંઘ. કરસન લઘુ હોલ દાદર (વે). ૨ થી ૩.૩૦.

મેરાઉનાં પ્રેમચંદ હિરજી લાલજી દેઢિયા (ઉં. વ. ૭૯) તા. ૦૬-૦૬-૨૫ના અવસાન પામેલ છે. દેવકાંબેન હિરજીનાં સુપુત્ર. સુલોચનાના પતિ. રાજેશ, પુનીલ, ડોલીનાં પિતા. નેમચંદ, લક્ષ્મીબેન, ઝવેરબેન, રતનબેનનાં ભાઈ. માંડવીનાં જરાવબેન બાબુલાલ દેવશીના જમાઈ. પ્રા. શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સંઘ શ્રી કરસન લઘુ નીસર હોલ, દાદર (વે.) પ્રાર્થના ૪ થી ૫.૩૦.

સણોસરાના મંજુલા ગાંગજી નાગડા (ઉં. વ. ૭૫)તા. ૫-૬-૨૫ના દેશમાં અવસાન પામેલ છે. કંકુબાઈ રાયશી જેઠાના પુત્રવધુ. ગાંગજીના પત્ની. વિજય, કુસુમ, હિનાના માતુશ્રી. સુંદરબાઈ ખીમજીના સુપુત્રી. ચુનીલાલ, પ્રેમજી, હરેશ, પુષ્પા, વિણાના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ગાંગજી નાગડા, સણોસરા. ૩૭૦૦૩૦.

બિદડાના કિરણ ધનજી ફુરીયા (ઉં. વ. ૬૩) તા. ૫-૬-૨૫ના અવસાન પામ્યા છે. ચંચળબેન ધનજી મોણશી (માસ્તર)ના પુત્ર. દક્ષાબેનના પતિ. મિતુલ, ભક્તિના પિતા. સ્વ. રમેશ, સ્વ. હેમલતા, જીતેન્દ્રના ભાઇ. બિદડા માતુશ્રી રતનબેન લક્ષ્મીચંદ શામજી વોરાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિવાસસ્થાન : દક્ષા ફુરીયા, ૧૩૦૧, ૯૨ બેલ વ્યુ, સોડાવાલા લેન, બોરીવલી (પશ્ચિમ).

ગોધરાના દેવચંદ લાલજી ભેદા (ઉં. વ. ૮૩) ૬-૬-૨૦૨૫ના અવસાન પામ્યા છે. લઘીબાઈ લાલજી કેશવજી ભેદાના સુપુત્ર. વાસંતીબેનના પતિ. રાજીવ, રાજેશના પિતાશ્રી. સુંદરજીભાઈ, નાનજીભાઈ, તલકશીભાઈ, જીતુભાઈ, મણીબેન લાલજી, કિરણબેન કેશવજીના ભાઈ. હાલાપરના નર્મદાબેન હીરજી લધાભાઈ મારૂના જમાઈ. પ્રાર્થનાઃ 'આજે' સાંજે ૪.૩૦ થી ૬. ઠે. મોગરા બેંકવેટ, ઓફ જુહુ વર્સોવા લીંક રોડ, એચ.ડી.એફ.સી. બેંકની પાછળ, ચાર બંગલા, અંધેરી (વે.).

નરેડીના નવીનભાઈ ભવાનજી નાગડા (ઉં. વ. ૭૧) તા. ૫-૬-૨૫ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન ભવાનજીના પુત્ર. ડુમરાના હિરબાઈ લીલાધર કારાણીના જમાઈ. જ્યોતિબેન (ખમ્મા)ના પતિ. આશિષ, ડેનીશ (જીનુ)ના પિતા. વિશનજી, દેવચંદ, દામજી, પ્રવિણ, નિર્મળા, ચંદ્રિકાના ભાઈ. પ્રા. યોગી સભાગૃહ, ગ્રાઉન્ડ ફ્લોર, સ્વામી નારાયણ મંદિરની બાજુમાં, દાદર (ઈ), ૪ થી ૫.૩૦.

પ્રાગપુરના કંચનબેન રમેશ ગાલા (ઉં. વ. ૭૦) તા. ૬-૬-૨૫ના અવસાન પામેલ છે. હાંસબાઈ પ્રેમજી અમરશી ગાલાના પુત્રવધુ. રમેશભાઈના ધર્મપત્ની. નમ્રતા, દર્શનાના માતુશ્રી. નાના ભાડીયાના કુંવરબાઈ દેવરાજ પુંજાના સુપુત્રી. તરૂણ, નરેન્દ્ર, અમૃત રતીલાલ, અરૂણા કાંતિલાલ, હેમલતા વસંત, ચંદ્રિકા તલકશીના બેન. પ્રા.શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સં. સં. કરસન લઘુ નીસર હોલ, દાદર (વે). ટા.૧૦.૩૦ થી ૧૨.

## હિન્દુ મરણ

**હાલાઇ લોહાણા**

મુંબઇ મલાડ સ્થિત સ્વ. મહેન્દ્ર જમનાદાસ અઢીયાના પત્ની. ગં. સ્વ. વિજયાબેન અઢીયા (ઉં. વ. ૮૪) તે સ્વ. મોતીબેન દયાલજી સોમૈયાના પુત્રી. હેમા, રૂપાલી પાલેજા અને ભાવેશના માતા. દિપ્તી અઢીયાના સાસુ. નિકેતના દાદી. તા. ૪-૬-૨૫ બુધવારના શ્રીજીચરણ પામ્યા છે. ઠે. ડી-૧૦૩, કૃષ્ણ રેસીડેન્સી, સુંદર નગર, મલાડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ નલીયા (ભડલી) હાલ મુલુંડ કેશવજીભાઇ (શંભુભાઇ) (ઠક્કર) કોઠારી (ઉં. વ. ૮૫) ગુરુવાર તા. ૫-૬-૨૫ના શ્રીરામશરણ પામેલ છે. સ્વ. રૂક્ષ્મણીબેન માવજી વીરજીના પુત્ર. સ્વ. કુસુમબહેન, (વીમળાબેન)ના પતિ. યોગેશના પિતાશ્રી. નંદકુમાર, સ્વ.વસંતકુમાર અને પ્રભુદાસના ભાઇ. ડાઇબેન વિઠ્ઠલદાસ વેલજી ઠક્કર, (કતીરા) મંગવાણા હાલ ઘાટકોપરના જમાઇ.બન્ને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૮-૬-૨૫ના ૫થી ૬.૩૦. ઠે. ગોપુરમ (ભગીરથી) હોલ, ડો. આર. પી. રોડ, જ્ઞાન સરીતા સ્કૂલની બાજુમાં, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

અમરેલી નિવાસી સ્વ. રતિલાલ જીવરાજ નિર્મળ અને ચંદ્રાબેન રતિલાલ નિર્મળના પુત્રવધૂ સ્વ. રવિન્દ્રના પત્ની કિરણ (ઉં. વ. ૫૪) સ્મિત, રિધિશા, આદિત્યના માતા. સ્વ. બેચરદાસ કેશવજી ભૂછડા અને સ્વ. મંજુબેન બેચરદાસ ભૂછડાના પુત્રી. પ્રતિમા દિપકકુમાર ગાંધીના ભાભી. તા. ૬-૬-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

**પાટણ દશા પોરવાડ વૈષ્ણવ**

પાટણ નિવાસી હાલ મુંબઇ ઊમા તુલસીદાસ મહેતા (ઉં. વ. ૭૪) તે સ્વ. શાંતાબેન તુલસીદાસ મહેતાના પુત્રી. સ્વ. ભૂપેન્દ્ર, મહેશ, નિખિલ તથા સ્વ. દમુ, સ્વ. મિનાક્ષી તથા દેવિકાની બહેન. રેખા, જયોતિ તથા રેશમાના નણંદ તા. ૬-૬-૨૫ના શુક્રવારે શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

અંજનાબેન ગણાત્રા (ઉં. વ. ૭૮) તે સ્વ. તારામતી મોહનલાલ ગણાત્રા શેરગઢવાળાના પુત્રવધૂ. સ્વ. વિનોદચંદ્ર મોહનલાલ ગણાત્રાના ધર્મપત્ની. હિમાંશુભાઇ, શીશીરભાઇ તથા ભાવનાબેનના માતુશ્રી. હીનાબેન, નીતાબેન તથા હિતેનકુમાર ચંદારાણાના સાસુ. તે નરેશભાઇ, જયંતભાઇ, છાયાબેન મધુકર, કિર્તીદાબેન રસિકકુમાર અને ઉપેશભાઇના મોટા ભાભી. સ્વ. કેશવજી ગોકળદાસ ઠકરારની દીકરી તા. ૭-૬-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૮-૬-૨૫ના ૫થી ૬.૩૦. ઠે. કાંદિવલી હાલાઇ લોહાણા બાલાશ્રમ, મથુરાદાસ, એક્સટેન્શન રોડ, કાંદિવલી (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

ગામ પત્રી હાલ વડાલા સ્વ. રમેશ લીલાધર ચોથાણી તથા સ્વ. રૈયાબેનનાં પુત્ર. સ્વ. રંજનબેન તથા સ્વ. ભૂપેન્દ્રભાઇ વાડીલાલ શાહના જમાઇ દિનેશ (ઉં. વ. ૫૩) સોનાલીના પતિ. કરણ, ચીરાગનાં પિતાશ્રી. પરેશના મોટાભાઇ. તે મનીષાનાં જેઠ તા. ૬-૬-૨૫ શુક્રવારના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૮-૬-૨૫ રવિવારના ૫.૩૦થી ૭. ઠે. શુકુરભવન, ન્યુ નેશનલ માર્કેટ, રફી અહમદ કીડવાઇ રોડ, આઝાદ નગર, વડાલા, મુંબઇ-૪૦૦૦૩૧. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વૈષ્ણવ બ્રાહ્મણ**

કપિલ ભરત વૈષ્ણવ (ઉં. વ. ૪૦) તે સ્વ. કલ્પના ભરત પુરુષોતમના પુત્ર. ભાવિકાના પતિ. ધાનીના પિતા. ધ્રૂવના ભાઇ. જુહીના દિયર. ઇબીના કાકા. રશ્મી હરેન્દ્ર (ભરત) આસરના જમાઇ તા. ૫-૬-૨૫ ગુરુવારના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**વૈષ્ણવ સાત ગામ કંસારા**

હાલ મુંબઇ ચંદ્રકાન્ત ગમનલાલ કંસારા (ઉં. વ. ૭૭) તા. ૬-૬-૨૫ના અવસાન પામેલ છે. બેસણુ રવિવાર તા. ૮-૬-૨૫ના ૩થી ૫. ઠે. ઇમ્પિરિયલ હોલ, વોર્ડન કોર્ટ, અગસ્ત ક્રાંતિ માર્ગ, ગોવાલીયા ટેન્ક, મુંબઇ-૪૦૦૦૨૬.

**વડનાગરા નાગર**

મૂળ પાટણ હાલ બોરીવલી ભાર્ગવભાઇ બક્ષી (ઉં. વ. ૭૧) તે સ્વ. અરુંધતીબેન અશ્વનિકુમાર બક્ષીના પુત્ર. નીતાબેન ભાર્ગવભાઇ બક્ષીના પતિ. અવશારભાઇ, રીટાબેન અનિલભાઇ વહિયા, સ્વ. હરેનભાઇ બક્ષીના મોટાભાઇ. નીરવ બક્ષી, હેતલ રાજાણી મોસમ લોઢિયાના પિતાશ્રી. હિતેશ રાજાણી અને આશિષ લોઢિયાના સસરા. સ્વ. ત્રિપાઠી મહાશ્વેતાબેન મહાવીરભાઇના જમાઇ. તા. ૬-૬-૨૫ના દેવલોક પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૯ જૂન ૨૫ સોમવારના ૫.૩૦થી ૭. ઠે. આધાર હોલ, દોલત નગર રોડ નંબર -૧૦, બોરીવલી (ઇસ્ટ).

**વિસા સોરઠીયા વણિક**

રહીજ નિવાસી હાલ મુંબઇ ભીખાભાઇ (ભરત) વલ્લભદાસ શાહ (ઉં. વ. ૯૨) તા. ૫-૬-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે ઉર્મિલાબેનના પતિ. જીતા, અજય અને સ્વ. હિરેનના પિતાશ્રી. હેમંતભાઇ, શિબાની, આષ્થીયાના સસરા. રોહનના દાદા. વિનીત, નિકીતાના નાના. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

ચંદ્રપ્રભા (ચંદ્રિકાબેન) ઝવેરીલાલભાઈ ઠકકર(કોઠારી) (ઉં. વ. ૭૭) મૂળ ભુજ (કચ્છ)ના હાલે વડોદરા / મુંબઈ તે સ્વ. વિજયાબેન કેશવજી વાલજી કોઠારી (બચુભાઈ કોઠારી)ના પુત્રવધૂ . સ્વ. ઝવેરલાલના ધર્મપત્ની. કુ. ઉત્પલા, કુ. જિજ્ઞાના માતાશ્રી. સ્વ. હીરાગૌરીબેન (બબી બેન) ભુજ, સૌ. કુસુમબેન તથા સૌ. સુલોચનાબેનના ભાભી. સ્વ. જયાબેન રણછોડદાસ કરશનજી તન્નાની પુત્રી, તા. ૫/૬/૨૫, ગુરુવારના મુંબઈ મુકામે શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થના રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશાલાડ વણિક**

સ્વર્ગીય સૌરભભાઈ શ્રોફ. વૃંદા શ્રોફના પતિ. હેત્વી અને પૂરવ શ્રોફના પિતા. ભરતભાઈ અને મીનાબેન શ્રોફના પુત્ર. ભાવેશભાઈ શ્રોફ અને વૈશાલીબેન શાહના ભાઈ. રેણુકાબેન અને દિનેશભાઈ પરીખના જમાઈ. તા.૦૫/૦૬/૨૫ના ગુરુવારે શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા.૦૮/૦૬/૨૫ને રવિવારના ૫ થી ૭, સન્યાસ આશ્રમ, પ્રથમ માળ, બજાજ રોડ, વિલે પાર્લે પશ્ચિમ.

**વિસા લાડ વણિક**

જંબુસર નિવાસી હાલ કાંદિવલી, વાસંતી વી શાહ (ઉં.વ.૮૬) તા.૬/૬/૨૫ના અવસાન પામ્યા છે. તેઓ સ્વ. ઉત્તમલાલ ભાગલિયાના પુત્રી. સ્વ. શ્રી વૈકુંઠલાલ શાહના પત્ની. દેવાંગી અને દીપનના માતા. પ્રફુલ અને જિજ્ઞાના સાસુ, કાજોલ અને ડિમ્પલના નાની. પ્રાર્થનાસભા નથી.

**દસ ગામ પંચાલ**

ગામ ખડકી - ડુંગરી હાલે અંધેરી, ગં.સ્વ. લક્ષ્મીબેન પંચાલ (ઉં. વ. ૮૧) તા. ૦૫-૦૬-૨૫ ને ગુરુવારે શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ.ઠાકોરલાલ રામજીભાઈના પત્ની. દેવેન્દ્રભાઈ, મુકેશભાઈ અને નીતાબેનના માતુશ્રી. મીતાબેન, નૂતનબેન અને કૌશિકભાઈના સાસુજી. સ્વ. ભાણીબેન દયારામ પીતાંબર વાપીવાળાની સુપુત્રી, નિશાંત, વત્સલ, ઝરણાં, વૃતિ અને વત્સલ, પાયલ, અશ્વિની અને અભિષેકના દાદીમા. પ્રાર્થનાસભા તા.૦૯-૦૬-૨૫ને સોમવારે ૪-૩૦ થી ૬-૩૦. મહેશ્વરી પ્રગતિ મંડળ, પેહલા માળે, મહેશ્વરી ભવન, ન્યૂ લિંક રોડ વિસ્તારિત, ઓશિવરા પોલીસ સ્ટેશનની નજીક, અંધેરી વેસ્ટ, લૌકિક તેમજ અન્ય વ્યવહાર બંધ છે.

**ઘોઘારી મોઢ વણિક**

ચોરવાડ નિવાસી હાલ કાંદિવલી, સ્વ. વસંતરાય વલ્લભદાસ મહેતા તથા સ્વ. પુષ્પાબેનના પુત્ર. કિરણભાઈ (ઉં. વ. ૭૦) તે નિતાબેનના પતિ. કૃણાલ, માનસીના પિતા, બીજલ તથા હેમાંશુના સસરા. જયશ્રી તથા સ્વ. મુકેશના ભાઈ. વસંતભાઈ ગાંધીના જમાઈ તા. ૪/૬/૨૫ના શ્રીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**લોહાણા**

જોડિયા નિવાસી, હાલ મીરારોડ, સ્વ. ચિમનલાલ મોતીલાલ પોપટના જેષ્ઠપુત્ર, પુરુષોત્તમદાસ શિવજી કોટકના જમાઈ પંકજ ચિમનલાલ પોપટ (ઉં. વ. ૬૧) મયુરીબેનના પતિ. સ્વ. ઉમેશ તથા અતુલના મોટાભાઈ. એકતા યુગલ ઠક્કર, ઈશિતા વિજય શર્મા અને જુગલના પિતાશ્રી તા.૫-૬-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખવામાં આવેલ છે.

**દશાશ્રીમાળી વૈષ્ણવ વણીક**

ચાવંડ નિવાસી હાલ વસઈ, સ્વ. મધુકાંત ચીમનલાલ કાપડી (ઉં. વ. ૮૨) તે સ્વ. સુધાબહેનના પતિ. કૌશિક, જૈના દાણી તથા જલ્પા કોઠારીના પિતા. ઊર્વી, શરદકુમાર દાણી તથા વીજયકુમાર કોઠારીના સસરા. કેસ્વી તથા નેણશી, ફોરમના દાદા-નાના. સ્વ. ચંદુભાઈ, સ્વ. બીપીનભાઈ, સ્વ.કિશોરભાઈ, સ્વ. મુકેશભાઈ, કોકીલાબહેન જીતેન્દ્રકુમાર તથા પ્રતીભાબહેન મનસુખલાલના ભાઈ. સ્વ. શિવલાલ ઠાકરશી દોશીના જમાઈ બુધવાર તા.૪.૬.૨૫ના સ્વર્ગ વાસી બન્યા છે. પ્રાર્થનાસભા રવિવાર, તા.૮.૬.૨૫ના શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ- માણેકપૂર, વસઈ પશ્ચિમ સાંજના ૪ થી ૬.

## પારસી મરણ


પરવીન નોશીર એનજીનયર તે મરહુમ ઓસતા નોશીરના ધનિયાની. તે મરહુમો આલામાય ફરામરોઝ મહેતાના દીકરી. તે મેહરનોશ ને અનાહીત ના માતાજી. તે રોશની ને મારીચીના સાસુ. તે સામ તથા મરહુમો હોમાય, ખોરશેદ, એરચ ને રોશનના બહેન. તે આરીયન ને ઝેનેદના બપઇજી. (ઉં. વ. ૮૦) રે. ઠે. વેસ્ટ વીયુ, ૪થે માળે, ઉરનવાલા સ્ટ્રીટ, ગ્રાન્ટ રોડ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૮-૬-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે, મેહલા પટેલ અગિયારી.


અરદેશીર માનેકશા પટેલ તે મરહુમ અરનાવાઝના ધની. તે મરહુમો ખોરશેદબાનુ માનેકશાહ પટેલના દીકરા. તે માનેકશા ને નશમાન ના પપા. તે ખુશમેહી ને અનાહીતાના સસરા. તે મરહુમ વીલુના ભાઇ. તે નાહીદના ભાણજી. (ઉં. વ. ૯૦) રે. ઠે. ૮૬, ચૈતેઉ વીન્સર, ફલેટ નં-૬, ત્રીજે માળે, વીર નરીમાન રોડ, મરીન લાઇન્સ, મુંબઇ-૪૦૦૦૨૦. ઉઠમણાંની ક્રિયા : તા. ૮-૬-૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગે, ઉપરની ભાભા નં.-૧માં ડુંગરવાડી.

| | | |
|---|---|---|
| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |


કાશ્મીરમાં વિશ્વના સૌથી ઊંચા ચિનાબ બ્રિજનું દેશાર્પણ

# પાકિસ્તાની આતંક વિરુદ્ધ વિસ્મયજનક વિકાસથી જડબાતોડ જવાબ





**ચિનાબ નદી પરનો વિક્રમ સર્જક બ્રિજ અને રેલવે નેટવર્ક સાથે જોડાઈ રહેલી કાશ્મીરની ખીણ એ કોઈ માત્ર ઈજનીરી કૌશલ્ય નથી. એના દ્વારા આતંકવાદને નેસ્તનાબૂદ કરવાની સાથે કાશ્મીરની કાયાપલટ વત્તા લોકોનાં માનસ પણ પલટાઈ રહ્યાં છે.**





કવર સ્ટોરી

વિજય વ્યાસ

feedback@bombaysamachar.com

આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ચિનાબ બ્રિજનું ઉદઘાટન કર્યું એ સાથે જ એક ઈતિહાસ રચાઈ ગયો. પાકિસ્તાનની સરહદથી થોડા કિલોમીટર અંદર બનેલો આ પુલ વિશ્વનો સૌથી ઊંચો રેલવે આર્ક બ્રિજ એટલે કે કમાનાકાર પુલ છે. નદીના તળિયાથી ૩૫૯ મીટર (૧,૧૭૮ ફૂટ) ઊંચાઈ ધરાવતો આ બ્રિજ જમ્મુ-બારામુલ્લા લાઇન પર કૌરી અને બક્કલને જોડે છે. કોંકણ રેલ્વે કોર્પોરેશન દ્વારા બનાવાયેલો એફિલ ટાવરથી પણ ઊંચો ચિનાબ બ્રિજ આધુનિક ટેકનોલોજીના કલાત્મક નમૂના જેવો છે.

વડા પ્રધાને ચિનાબ નદી પરના આ બ્રિજનું ઉદ્ઘાટન કરીને તિરંગો ફરકાવ્યો એ સાથે કાશ્મીર ખીણ પ્રદેશ દેશના નેટવર્ક સાથે તો જોડાઈ ગયો અને સાથોસાથ પાકિસ્તાનને પણ એક મેસેજ પહોંચતો કરવામાં આવ્યો. પાકિસ્તાને પહલગામમાં હુમલો કર્યો તેના બે મહિના પછી આ બ્રિજનું દેશાર્પણ કરીને ભારતે પાડોશી આતંકી દેશ પાકિસ્તાનને સાનમાં સમજાવી દીધું છે કે 'તમે ગમે તેટલા ઉધામા કરો - કાશ્મીરમાં અરાજકતા ફેલાવવા પ્રયત્ન કરો તો પણ કાશ્મીરમાં વિકાસ યાત્રા રોકાવાની નથી... '

ભારતે 'ઑપરેશન સિંદૂર' દ્વારા પહલગામ આતંકવાદી હુમલાનો પાકિસ્તાનને જડબેસલાક જવાબ આપ્યો અને હવે ચિનાબ બ્રિજને ખુલ્લો મૂકીને સ્પષ્ટ કહી દેવામાં આવ્યું કે આતંકવાદીઓ કાશ્મીરમાં વિકાસની ગતિને રોકી શકશે નહીં.

આ રેલ બ્રિજ જમ્મુ - કાશ્મીરના રિયાસી જિલ્લામાં ચિનાબ નદી પર બનેલો છે. ૧,૩૧૫ મીટર (૪,૩૧૪ ફૂટ) લાંબા સ્ટીલ અને કોંક્રીટના બનેલા પુલમાં ૫૩૦ મીટર (૧,૭૪૦ ફૂટ) લાંબો અને ૭૮૫ મીટર (૨,૫૭૫ ફૂટ) ઉંચો ડેક આર્ચ બ્રિજ છે. ૧૪૮૬ કરોડ રૂપિયાના ખર્ચે પૂર્ણ થયેલો આ પ્રોજેક્ટ યોગાનુયોગ અગાઉની અટલ બિહારી વાજપેયી સરકારના શાસન વખતે ૨૦૦૨માં મંજૂર કરવામાં આવ્યો હતો, પણ બાંધકામ છેક ૨૦૧૭માં શરૂ થયું હતું. ઓગસ્ટ ૨૦૨૨માં એ પ્રોજેક્ટ પૂરો થઈ ગયેલો, પણ કોરોનાના કારણે કામ ઠપ્પ થઈ ગયું હતું. રેલવે ટ્રેક પર ટ્રાયલ રન જૂન ૨૦૨૪માં થઈ હતી ને હવે ૬ જૂન ૨૦૨૫થી 'વંદે ભારત એક્સપ્રેસ' આ બ્રિજ પર દોડવાની શરૂ થઈ ગઈ છે.

ચિનાબ બ્રિજ ઘણી બધી રીતે અનોખો છે. ખાસ રીતે ડિઝાઇન કરાયેલો આ બ્રિજ ઓલ વેધર એટલે કે તમામ પ્રકારના હવામાનનો સામનો કરી શકે એવો છે. 'ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશને' (DRDO) આ સ્ટીલને ડિઝાઇન કરવામાં મદદ કરી છે કે, જેથી તે પ્રાકૃતિક આફતો અને હુમલાઓથી સુરક્ષિત રહે. બ્રિજના નિર્માણમાં વિસ્ફોટ વિરોધી ડિઝાઇન ટેકનિકનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જેથી એના પર કોઈ વિસ્ફોટ કરે તો પણ પુલ સુરક્ષિત રહે!

એ જ રીતે, કાશ્મીરમાં સતત ૨૬૬ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપથી ફૂંકાતા કાતિલ બર્ફીલા પવન કે વાવાઝોડાની બ્રિજને કોઈ અસર ના થાય એ રીતે ઘડવામાં આવ્યો છે. બ્રિજમાં વપરેલા સ્ટીલને ક્યારેય કાટ નહીં લાગે. વિમાનોમાં વાપરવામાં આવતા સ્ટીલને કારણે ભૂકંપના આંચકાની પણ તેના પર અસર થશે નહીં. ફેઝડ એર અલ્ટ્રાસોનિક ટેસ્ટિંગમાંથી પસાર થયેલા બ્રિજનું ઓછામાં ઓછું આયુષ્ય ૧૨૦ વર્ષ છે. ૨૯,૮૮૦ મેટ્રિક ટન સ્ટીલનો ઉપયોગ કરીને બનાવવામાં આવેલો બ્રિજ કુતુબ મિનાર કરતાં લગભગ ૫ ગણો અને એફિલ ટાવર કરતાં ૩૫ મીટર ઊંચો છે.!

આ બ્રિજ પર સેન્સર ગોઠવેલા હોવાથી હવામાન વિશે સતત માહિતી મળતી રહેશે. લોકો પાયલોટ અને કંટ્રોલ રૂમને સેન્સર્સ દ્વારા કંપન અને વાતાવરણમાં થતા અન્ય ફેરફારો વિશે માહિતી મળતી રહેશે તેથી અચાનક આવી પડનારી કુદરતી આફત કે આતંકવાદી હુમલા સહિતની માનવસર્જિત દુર્ઘટનાને ટાળી શકાય. દર છ મહિને બ્રિજમાં કોઈ પ્રકારનો ફેરફાર થઈ રહ્યો છે કે નહીં તેનો ડેટા પણ સેન્સર્સ આપશે.

ચિનાબ બ્રિજના નિર્માણનો યશ મોદી સરકારને તો મળવો જ જોઈએ કેમ કે મોદી સરકાર આવી પછી કાશ્મીરમાં વિકાસના પ્રોજેક્ટ્સ ફટાફટ આગળ વધ્યા છે. વાજપેયી સરકારે ઘણી પહેલ કરેલી પણ કોંગ્રેસ શાસનમાં બધું ઠપ્પ થઈ ગયેલું. મોદી સરકારે ૨૦૧૫માં રિકન્સ્ટ્રક્શન પેકેજની જાહેરાત કરીને વિકાસનો નવો યુગ શરૂ કર્યો તેથી મોદી સરકારને એનો યશ જાય જ છે, પણ આ પ્રોજેક્ટ સાથે સંકળાયેલાં બીજાં લોકોની હિંમત અને દેશપ્રેમને પણ સલામ કરવી જોઈએ, કારણ કે જમ્મુ - કાશ્મીરમાં આતંકવાદ વચ્ચે કામ કરવું સરળ નથી. તેમાં પણ ચિનાબ રેલ્વે બ્રિજ તો પાકિસ્તાનની સરહદની નજીક જ છે તેથી આ પ્રોજેક્ટ પર કામ કરવા માટે બહુ હિંમત જોઈએ. આતંકવાદીઓની સતત ધમકીઓ પણ મળતી હતી એવું આ પ્રોજેક્ટ સાથે સંકળાયેલા નિસાર અહમદ મીર નામના એન્જિનિયરે મીડિયા ઈન્ટરવ્યૂમાં કહ્યું છે. રેલવે ટ્રેક માટે જમીન સંપાદન કરતા મીર સહિતના ઘણા લોકો છેલ્લાં ૩૦ વર્ષથી રેલવેના જુદા જુદા પ્રોજેક્ટ સાથે જોડાયેલા છે. આ દરમિયાન એમને એક યા બીજાં કારણોસર ઠેકઠેકાણે વિરોધનો સામનો કરવો પડ્યો અને એમના પર હિંસક હુમલા પણ થયા.

કાશ્મીર રેલવે પ્રોજેક્ટ પર કામ કરતા નિસાર અહેમદને તો સ્થાનિક લોકો ઉપરાંત આતંકવાદીઓ તરફથી પણ ધમકીઓ મળી હતી. મીરે પોતાના પરિવારને બીજી જગ્યાએ ખસેડ્યો હતો.

આતંકવાદીઓએ ધમકી આપી હતી કે, આ પ્રોજેક્ટમાંથી ખસી નહીં જાવ તો તમારી હત્યા કરીશું! આમ છતાં મીર અને બીજા સંખ્યાબંધ કર્મચારીઓ એવા હતા કે જેમણે ડર્યા વિના અને ડગ્યા વિના કામ કરીને પ્રોજેક્ટ પૂરા કર્યા છે. આ દેશ એ બધાનો હંમેશાં ઋણી રહેશે. ■

## ધરતી પરના આ સ્વર્ગની કઈ રીતે થઈ રહી છે કાયાપલટ...

ચિનાબ બ્રિજ નરેન્દ્ર મોદી સરકારનો જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદનો ખાતમો કરીને વિકાસને વેગ આપવાની બ્લુપ્રિન્ટનો ભાગ છે. મોદીએ ૨૦૧૫માં જમ્મુ અને કાશ્મીરનું ઈન્ફ્રાસ્ટ્રક્ટર સુધારવા માટે ૬૩ મોટા પ્રોજેક્ટની જાહેરાત કરી હતી. ૭ નવેમ્બર, ૨૦૧૫ના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૬૩ પ્રોજેક્ટ્સ માટે ૮૦,૦૬૮ કરોડ રૂપિયાના કન્સ્ટ્રક્શન પેકેજની જાહેરાત કરી હતી. એ વખતે જમ્મુ અને કાશ્મીર એક હતું. ૨૦૧૯માં કલમ ૩૭૦ નાબૂદ કર્યા પછી જમ્મુ અને કાશ્મીરને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિભાજીત કર્યું ત્યારે ૨૧,૪૪૧ કરોડ રૂપિયાના ૯ પ્રોજેક્ટ્સ લદ્દાખમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા, જ્યારે એક પ્રોજેક્ટ પડતો મૂકવામાં આવ્યો હતો. ૫૮,૪૭૭ કરોડ રૂપિયાના બજેટવાળા બાકીના ૫૩ પ્રોજેક્ટ્સ જમ્મુ અને કાશ્મીર કેન્દ્રશાસિત પ્રદેશ પાસે રહ્યા હતા. છેલ્લાં ૧૦ વર્ષમાં આ પૈકી ૫૫ પ્રોજેક્ટ પૂરા થયા છે અને બાકીના ૭ પ્રોજેક્ટ ચાલુ નાણાંકીય વર્ષના અંતમાં પૂરા થઈ જશે એ જોતાં હવે પછી ૫૩માંથી માત્ર ૧૧ પ્રોજેક્ટ જ બાકી રહેશે. આ પ્રોજેક્ટ્સનું કામ પણ આયોજનબદ્ધ રીતે કામ ચાલી રહ્યું છે.

મોદીના પેકેજ હેઠળ જમ્મુમાં રૂપિયા ૨૦૦૦ કરોડના ખર્ચે 'ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ (એઈમ્સ)' અને રૂપિયા ૧૦૦૦ કરોડના ખર્ચે 'ઇન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ (આઈઆઈએમ' ) બનાવવામાં આવ્યા છે. ચેન્નાની નસરી ટનલ પણ પૂરી થઈ ગઈ છે. ચાલુ નાણાંકીય વર્ષમાં જે પ્રોજેક્ટ પૂરા થશે તેમાં એક ૧૩ કિલોમીટર લાંબી વ્યૂહાત્મક ઝોજીલા ટનલ છે કે જેના કારણે લદ્દાખ સુધી આખા વર્ષ દરમિયાન પહોંચી શકાશે. આ પ્રોજેક્ટનું ૬૫ ટકા કામ પૂર્ણ થઈ ગયું છે અને સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીમાં ટનલ તૈયાર થવાની અપેક્ષા છે.

જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદ મોટો પડકાર છે. આતંકવાદને ખતમ કરીને શાંતિ સ્થાપવા માટેના કેન્દ્ર સરકારના વિકાસના પ્રોજેક્ટ્સ ચાલુ છે. આ પ્રોજેક્ટ્સ માત્ર કાશ્મીરની કાયાપલટ નથી કરી રહ્યા પણ લોકોનાં માનસ પણ પલટી રહ્યા છે..

કેનવાસ

અભિમન્યુ મોદી

feedback@bombaysamachar.com

ઉર્દૂને બદલે કન્નડ ભાષામાં લખીને પ્રતિષ્ઠિત 'બુકર પ્રાઈઝ' જીતનારાં હિંમતવાન લેખિકા

# નામ છે એમનું બાનુ મુશ્તાક...


આ વર્ષનું ખ્યાતનામ 'બુકર પ્રાઈઝ' એક ભારતીયના નામે છે. પોતાનાં પુસ્તક : 'હાર્ટ લેમ્પ' માટે બાનુ મુશ્તાક નામનાં લેખિકા આ પારિતોષિક જીત્યાં છે.

આ એવૉર્ડ ફક્ત લેખિકા માટે નથી, પણ એ લોકો માટે પણ છે, જેમને અવગણવામાં આવે છે, જેમની પીડાઓ સાંભળવામાં આવતી નથી. ઘણી કહાનીઓ વિસરાઈ જતી હોય છે. ઉપેક્ષિત વાત અને દબાઈ ગયેલા કિસ્સાઓને આ એવૉર્ડ મળ્યો છે. આ પુસ્તકમાં હિંમત, ઓળખ અને શક્તિશાળી બળવાખોર મિજાજની વાતો થઇ છે.

બાનુ મુશ્તાક દક્ષિણ ભારતના એક લઘુમતી મુસ્લિમ સમુદાયમાંથી આવે છે. આ સમાજની છોકરીઓને સપનાં જોવાની પણ છૂટ નથી તો લખવું અને લેખક બનવું તો બહુ દૂરની વાત કહેવાય. જીવનસાથી પસંદ કરવો, શિક્ષણ મેળવવું અથવા વ્યાવસાયિક કારકિર્દી બનાવવી એ તો બહુ મોટી વાત કહેવાય, પણ મુશ્તાક આ બધાથી વિરુદ્ધ દિશામાં ગયાં. એમણે અભ્યાસ કર્યો, વકીલ બન્યાં, પોતાની શરતે લગ્ન કર્યા. આ બધાથી પણ વધારે એમણે લેખનને વ્યવસાય તરીકે અપનાવ્યું. એમની આસપાસની દુનિયાએ તો લેખન માટે એમને બહુ હતોત્સાહ કરી નાખી હતી. પ્રશ્ન ફક્ત એ નહોતો કે એ શું લખશે, પણ કઈ ભાષામાં લખશે? પરિવારને અપેક્ષા હતી કે એ દક્ષિણ ભારતના મુસ્લિમ ઘરોમાં બોલાતી દક્ષિણી ઉર્દૂ બોલે, પરંતુ બાનુજીએ કન્નડ પસંદ કર્યું. એમની દેશની ભાષા, શાળામાં શીખવવામાં આવતી ભાષા, આસપાસના લોકોની ભાષા. આ નિર્ણય ક્રાંતિકારી હતો. મુદ્દો ફક્ત લીપી બદલવાનો ન હતો - પણ એક મજબૂત નિર્ણય લેવાનો હતો. ખાસ કરીને મુસ્લિમ મહિલા માટે કન્નડમાં લખવું એ તો બળવો કહી શકાય.

બાનુ મુશ્તાકનું પુસ્તક 'હાર્ટ લેમ્પ' ફક્ત ફિકશનલ નથી - કાલ્પનિક નથી. આ પુસ્તક સમાજને ઉજાગર કરતો અરીસો છે. તેમાં મુસ્લિમ અને દલિત મહિલાઓ અને બાળકોની વાર્તાઓ છે, જે એમના સંઘર્ષ, એમના આનંદ, એમના મૌનને દર્શાવે છે. તે બતાવે છે કે રૂઢિચુસ્ત એવી પિતૃસત્તાક વ્યવસ્થામાં જીવન કેવું લાગે છે જેને એ ફક્ત નિરીક્ષણથી જ નહીં, પણ વ્યક્તિગત અનુભવથી પણ જાણે છે. એક વકીલ અને કાર્યકર્તા તરીકે, એમણે દાયકાઓથી આવા વિભિન્ન સમુદાય સાથે નજીકથી કામ કર્યું છે. જ્યારે દીપા ભાષ્થીએ 'હાર્ટ લેમ્પ' પુસ્તકનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો ત્યારે દુનિયાને આ અલગ દુનિયા વિશે જાણ થઇ. આમ હમણાં સુધી પ્રાદેશિક વાચકો સુધી મર્યાદિત રહેલી વાર્તાઓનો પડઘો વૈશ્વિક સ્તરે પડ્યો.






લેખિકાનું વિજેતા પુસ્તક

બાનુ મુશ્તાકની સિદ્ધિ દક્ષિણ એશિયાના સાહિત્ય જગત માટે એક લેન્ડમાર્ક-સીમાચિહ્ન સમાન છે. સલમાન રશ્દી, અરુંધતી રોય, કિરણ દેસાઈ અને અરવિંદ અડિગા જેવા મૂળ ભારતીય એવા દિગ્ગજો 'બુકર પ્રાઇઝ' જીત્યા છે. ગીતાંજલિ શ્રીના પુસ્તક 'ટોમ્બ ઓફ સેન્ડ', જે મૂળ હિન્દીમાં હતું, તેને પણ થોડા સમય પહેલાં ઍવૉર્ડ મળ્યો છે, પણ આ બધાની વચ્ચે બાનુ મુશ્તાકનો વિજય અલગ તરી આવે છે.

બાનુ મુશ્તાકની સિદ્ધિ એ વાતની સાબિતી છે કે સાહિત્ય ફક્ત શુદ્ધ અંગ્રેજી કે પશ્ચિમી ધોરણો સુધી મર્યાદિત નથી. એક એવા પ્રદેશમાં જ્યાં સ્ત્રીઓને -ખાસ કરીને મુસ્લિમ સ્ત્રીઓને - ઘણીવાર નાની ઉંમરે ચૂપ કરી દેવામાં આવે છે અથવા રૂઢિચુસ્ત ભૂમિકામાં ફરજ પાડવા માટે બળજબરીથી ધકેલી દેવામાં આવે છે એવે વખતે બાનુની યાત્રા બતાવે છે કે જ્યારે આ મૌન તૂટે છે અને બળવો થાય છે ત્યારે શું શું થઈ શકે છે બધાં બંધનો તૂટી શકે છે. આ લેખિકાના શબ્દો ફક્ત કાવ્યાત્મક નથી, રાજકીય પણ છે અને સામાજિક પણ છે. તેમાં અન્યાયની વાત છે, માનસિક સ્વાસ્થ્યની વાત છે, હાંસિયામાં ધકેલાઈ જતા લોકો વિશેની વાત છે. આમેય પ્રેમ- પીડા અને ગૌરવની વાત સૌને સ્પર્શે.

તાજેતરના એક ઇન્ટરવ્યૂમાં એમણે સમજાવ્યું કે સમય કેવી રીતે બદલાયો છે અને કેવી રીતે અમુક જડ પરંપરાઓ બદલાઈ નથી. હા, હવે વધુ છોકરીઓ શિક્ષિત થઈ રહી છે, પરંતુ એમના સમુદાયના છોકરાઓ શાળા છોડી રહ્યા છે, ઓછા પગારવાળી નોકરીઓ અપનાવી રહ્યા છે, જેના કારણે જેન્ડર ઇક્વાલીટીના સંજોગો સર્જાઈ રહ્યા છે. આ તણાવ આ પુસ્તકની વાર્તાઓમાં પણ પ્રતિબિંબિત થાય છે, જે આધુનિક દક્ષિણ ભારતીય મુસ્લિમ જીવનના એમના ચિત્રણને ઊંડાણ આપે છે.

બાનુ મુશ્તાકનો માર્ગ સરળ નહોતો. એ પોસ્ટપાર્ટમ ડિપ્રેશન જેવી માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓથી પીડાતાં હતાં . એમને ધમકીઓ મળી રહી હતી. એમના પર હુમલો પણ થયો હતો, પણ એ લખતાં રહ્યાં, બોલતાં રહ્યાં અને બેખૌફ લડતાં રહ્યાં. ફક્ત પોતાના માટે જ નહીં, પણ એવી અસંખ્ય સ્ત્રીઓ માટે જેમને ક્યારેય કોઈ તક મળી ન હતી.

બાનુ મુશ્તાકની સફળતા આપણને એક સરળ સત્યની યાદ અપાવે છે કે વાર્તામાં એક અલગ જ તાકાત હોય છે. જ્યારે મહિલાઓ, ખાસ કરીને હાંસિયામાં ધકેલાઈ ગયેલી મહિલાઓને, એમની પોતાની ભાષામાં પોતાની વાર્તાઓ કહેવાની તક મળે છે ત્યારે સમાજ સાંભળે છે, બદલાય છે અને સુધરવાનું શરૂ કરે છે.

હા, બાનુ મુશ્તાકની જીત 'બુકર પ્રાઈઝ' પૂરતી સીમિત નથી. આ એક મોટો વળાંક છે - સાહિત્ય માટે, સ્ત્રીઓ માટે અને આપણા બધા માટે. ■

સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




'સીમા અભિ કે મર્ડર કે તીન દિન બાદ બુરખે મેં આઇ થી?' શિંદેએ પૂછ્યું.

સાયકોલોજિસ્ટ પાસેથી વધુ જાણવાની એસીપી મોરે અને શિંદેની ઇન્તેજારી વધી ગઇ.

'હાં, મૈં ખુદ હેરાન થી. જૈસે મૈં કેબિન મેં ગઇ...વો પહેલે સે બૈઠી થી. મુઝે દેખ કર ઉસને મુંહ પર સે બુરખા ઉઠાયા.' (ફ્લેશબેક)

'સીમા, તુમ બુરખા પહેનકર ક્યું આઇ હો..?'

'ચોરીછૂપી આઇ હું...કોઇ દેખ ના લે ઇસ લિયે. શફીના કા બુરખા પહેનકર.' સીમા આજુબાજુ જોઇને બોલી.

'શફીના...કૌન શફીના.?'

'અભિ કે પીએ અકબર કી વાઇફ. મુઝે ડર લગતા હૈ ઇસ લિયે અકબરભાઈને ઉસે મેરે સાથ ઘર મેં રખા હૈ.'

'કિસ બાત કા ડર લગતા હૈ.?' નીલમ શાહે સીમાની આંખોમાં ડર જોયો.

'મુઝે કોઇ માર ડાલેગા..'

'તુમ પાની પીઓ.' એણે સીમાને પાણીનો ગ્લાસ આપ્યો.

'અબ બતાઓ....કૌન માર ડાલેગા તુમ્હે?'

'જિસને અભિ કો માર ડાલા, વો મુઝે ભી માર દેગા.' સીમા ફફડી રહી હતી.

'સીમા, તુમ્હે કોઇ નહીં મારેગા...તુમ ડરી હુઇ હો..'

'નહીં મેડમ, વો પ્રિયા.....શીલા......આકાંક્ષા....બહુત સારી લડકિયાં હૈ. કોઇ તો મુઝે માર ડાલેગી.' સીમાનું આવું પાગલપણું જોઇને સાયકોલોજિસ્ટ બોડી લેન્ગવેજ જોવા લાગી.

'તુમ એક કામ કરો. યહાં કાઉચ પર થોડે ટાઇમ સો જાઓ. આંખ બંધ કર દો....કૂછ સોચો મત.' નીલમ શાહે કહ્યું. (ફ્લેશબેક પૂરો) એસીપી મોરે નીલમ શાહનો ચહેરો જોતા રહ્યા.....

'મેડમ, ક્યા ઇન્સિક્યોરિટી ઔર ડિપ્રેશન કે બીમાર લોગ કો એસા પાગલપન કા દૌરા પડતા હૈ?' મોરેએ પૂછ્યું.

'નોર્મલી એસા હોતા તો નહીં. મૈને આપકો ઇસ લિયે હી બતાયા. ક્યું કી વો પાગલ જેસા બિહેવ કર રહી થી.'

'આપને પાગલપન કી ટ્રીટમેન્ટ શુરૂ કર દી હોગી.' શિંદેએ કહ્યું.

'નહીં, ઉસ દિન મૈંને સિર્ફ ઉસકા ડર નીકાલને કી કોશિશ કી. શાયદ વો ડરી હુઇ થી....આગે એસા બિહેવ કરેગી તો શાયદ ટ્રીટમેન્ટ કરની પડે.' નીલમ શાહે કહ્યું.

'હાં, પતિ કે મર્ડર કે બાદ કોઇ ભી પત્ની ડર જાયેગી.' મોરે અને શિંદેએ એકબીજા સામે સૂચક રીતે જોયું.

'નીલમજી, થેન્ક યુ વેરી મચ.....નેક્સ્ટ ટાઇમ જબ સીમાદેવી યહાં આયે તો મુઝે ફોન કર દેના.' એસીપી મોરેએ એમનું કાર્ડ કાઢીને નીલમ શાહને આપતા કહ્યું.

'સર, ઉસ દિન કે બાદ વો આઇ નહીં....અપોઇન્ટમેન્ટ મિસ કર ગઇ હૈ. મેરી આસિસ્ટન્ટને ફોન કિયા ભી થા લેકિન..'

'લેકિન ક્યા..?' મોરેએ પૂછ્યું.

'ઉસને કહા મૈં અબ ઠીક હું મુઝે કોઇ ટ્રીટમેન્ટ કી ઝરૂરત નહીં હૈ.'

'ક્યા આપકો લગતા હૈ કી વો ઠીક હો ગઇ હૈ...?'

'કઇ પેશન્ટ બીચ મેં હી ટ્રીટમેન્ટ બંધ કર દેતે હૈ. સર, કાઉન્સેલિંગ ઔર ટ્રીટમેન્ટ મેં ટાઇમ લગતા હૈ...મુઝે ડર લગતા હૈ કહીં સીમા સુસાઇડ..' નીલમ શાહે વાક્ય અધૂરું છોડ્યું.

***************

સાયકોલોજિસ્ટ નીલમ શાહે સુસાઇડની વાત કરીને એસીપી મોરે અને શિંદેને ચિંતિત કરી દીધા, પણ એ બંનેને સીમાની આત્મહત્યા કરતા વધુ ચિંતા અભિના ખૂનીને પકડવાની હતી.

નીલમ શાહે સાયકોલોજિસ્ટ તરીકેની પ્રોફેશનલ મર્યાદાઓને ઓળંગી જઇને, કોઇપણ જાતનું સસ્પેન્સ રાખ્યા વગર એસીપી મોરે અને શિંદેને સીમાનું સંપૂર્ણ ચિત્ર આપી દીધું હતું, પરંતુ શું એસીપી મોરેને સાયકોલોજિસ્ટ સાથેની વાતચીતમાંથી પોતાને જોઇતી બધી માહિતી મળી ગઇ હતી ખરી? પોતાના પ્રશ્નોના સંતોષકારક જવાબ મળ્યા ખરા.? શું એમને ખૂની સુધી લઇ જતી કોઇ કડી કે પુરાવો હાથ લાગ્યો ખરો?' મોરેએ એક તબક્કે નીલમ શાહને ખુલ્લંખુલ્લા પૂછી પણ લીધું કે શું આવી વ્યક્તિ ખૂન કરે ખરી.? જેનો સ્પષ્ટ જવાબ પણ એમણે સાંભળી લીધો હતો.

જોકે પોલીસની લાક્ષણિકતા મુજબ નીલમ શાહને મળ્યા પછી એસીપી મોરેના મનમાં શંકા, કુશંકા ને આશંકાના મોજાં ઉછળતાં રહ્યાં હતાં, પણ માત્ર શંકાને આધારે કોઇની ધરપકડ ન થઇ શકે.....કોઇના પણ કાંડામાં હાથકડી પહેરાવતા પહેલાં નક્કર પુરાવા જોઇએ. એસીપી મોરે અને શિંદે પાસે નામપૂરતો પણ એકેય શકમંદ નહતો. બીજી તરફ અપ્પા સાહેબે આપેલી ડેડલાઇન પૂરી થવાને આરે હતી. પત્રકારો-રિપોર્ટરો રોજેરોજ માથું ખાઇ રહ્યા હતા. એસીપી મોરે પાસે હતી ચૌબેજીની લખેલી કરોળિયાની લાળ જેવી ફિક્શનલ સ્ક્રિપ્ટ અને તેઓ કરોળિયાની લાળ પકડીને ઉપર ચડવાનું અઘરું કામ કરી રહ્યા હતા, પરંતુ એ કરોળિયાની લાળને પણ જાડી રસ્સી બનાવી શકે એટલા કાબેલ પોલીસ ઓફિસર હતા. અગાઉ ક્રાઇમ બ્રાન્ચમાં રહીને એમણે ચોવીસ કલાકમાં અચ્છા અચ્છા ચકચારી ને હાઇ પ્રોફાઇલ મર્ડર કેસ ઉકેલી આપ્યા હતા. હા, આ પ્રયોગ જુદો હતો આમછતાં આ કલંકરહિત અને કાબેલિયત ધરાવતા એસીપી મોરેને ગળા સુધીની ખાતરી હતી કે એમણે આંખો પર પટ્ટી મારીને પકડેલી કેડી જ એમને ખૂની સુધી લઇ જશે.

> 'એસીપી મોરે પાસે ચૌબેજીની લખેલી કરોળિયાની લાળ જેવી ફિક્શનલ સ્ક્રિપ્ટ હતી અને તેઓ એ લાળ પકડીને ઉપર ચડવાનું કામ કરી રહ્યા હતા.'

*****************

એસીપી મોરે અને શિંદે જુહુ પોલીસ સ્ટેશનમાં બેઠા હતા.

'શિંદે, ચાય મંગાવ યાર.....યે મેન્ટલ હેલ્થ સચ મેં દિમાગ કા દહીં હૈ.'

શિંદેએ હવાલદારને કહીને કડક ચાયનો ઓર્ડર આપ્યો.

'નીલમ શાહ કી બાત સે લગતા હૈ કી સીમાદેવી કો લડકિયોં સે ડર લગતા હૈ. શિંદે, તુમકો ક્યા લગતા હૈ ખૂની ઇન લડકિયોં મેં સે કોઇ એક હો સકતી હૈ?' મોરેએ પૂછ્યું.

'તો ક્યા અબ હમેં ઇન સબ લડકિયોં કો ઢૂંઢ કર ઉનસે ભેજાપચી કરની પડેગી.?' શિંદેને નવી કવાયતનો ડર લાગ્યો.

'નહીં, હમેં ઇન સબ ઝમેલે મેં નહીં પડના' કહીને મોરેએ એક ફોન લગાવ્યો.

'હેલો યે અકબર પીઆર કા ઘર હૈ..?'

'હાં....આપ કૌન?'

'મૈં જુહુ પોલીસ સ્ટેશન સે એસીપી મોરે...આપ કૌન બોલ રહી હૈ.?'

'મૈં અકબર કી બીવી શફીના.'

'આપસે અભિ મર્ડર કેસ કે બારે મેં કુછ પૂછતાછ કરની હૈ. આપ કલ સુબહ ગ્યારહ બજે જુહુ પોલીસ સ્ટેશન આ જાઓ. ઔર હાં અકબર કો ભી સાથ મેં લાના.' મોરેએ શફીનાનો પ્રતિભાવ સાંભળ્યા વિના જ ફોન કટ કરી નાખ્યો. મોરેના આ નવા તેજ વળાંકે શિંદેને ઝટકો આપ્યો.

'મેન્ટલ હેલ્થ...દિમાગ કા દહીં...' મોરેએ મજાક કરી...

'નહીં સર, મેન્ટલ હેલ્થ ભેજાપચી. મતલબ ભેજાફોડી.' શિંદેએ સામે મજાક કરી.

****************

બીજે દિવસે અકબર પીઆર શફીનાને લઇને જુહુ પોલીસ સ્ટેશન ગયો. એસીપી મોરે અને શિંદે બેમાંથી એકેય પોલીસ સ્ટેશનમાં હાજર નહતા. બેવાર અકબરે કોન્સ્ટેબલને એમના વિશે પૂછ્યું, પણ તેઓ ક્યારે આવે એનું નક્કી નહીં એવો જવાબ મળ્યો. બહાર બાકડા પર બેસીને રાહ જોઇ રહેલાં અકબરને એક જ વાત મુંઝવી રહી હતી કે મોરેએ શફીનાને શા માટે બોલાવી હશે.? આગલી રાતે પણ બંનેએ એ વિશે અટકળો બાંધી જોઇ, પણ કોઇ નક્કર નતીજો આવ્યો નહતો.

'અકબર, તને શું લાગે છે.?' શફીનાએ પૂછ્યું.

'શેનું?' અકબરે પૂછ્યું.

'મને જ શા માટે બોલાવી હશે.'

'હવે તું એવું બધું વિચારવાનું છોડી દે....જો હોગા વો દેખા જાયેગા.' અકબર અભિનો ડાયલોગ બોલ્યો.

'તને પણ અભિનો રંગ ચડ્યો છે કે શું.?'

'ના રે બાબા...અભિના રંગનો અંજામ જોયો ને તેં.?' અકબરે મોરે અને શિંદેને આવતા જોયા. બંને ઊભા થઇ ગયા. કેબિનમાં પ્રવેશતાં પહેલાં જ મોરેએ બંનેને અંદર આવી જવા કહ્યું.

'શફીના, સીમાદેવી કી ઇન્સિકયોરિટી....ડિપ્રેશન કી કૂછ ટ્રીટમેન્ટ ચલ રહી હૈ. પતા હૈ તુમકો?' એસીપી મોરેએ પૂછવાનું શરૂ કર્યું.

'હાં સાબ.'

'કબ પતા ચલા..?'

'વો જબ ટ્રીટમેન્ટ કે લિયે ગઇ તબ'

'સીમાને ક્યા બતાયા તુમકો..?'

'ઉસને કહા...મૈં સાયકોલોજિસ્ટ કે પાસ જા રહી હું....તુમ્હારા બુરખા દો.'

'તુમ્હારા બુરખા ક્યું માગા.?'

'ઉસને બતાયા કી બાહર રિપોર્ટર....ફોટોગ્રાફર સબ હોંગે....ઉસ સે બચને કા યહી એક રાસ્તા હૈ...બહાદુર ભી સોચેગા કી શફીના બાહર જા રહી હૈ.'

'ક્યા સીમાને કભી તુમકો બતાયા કી ઉસકો ડર લગ રહા હૈ કી કોઇ ઉસકા મર્ડર કર દેગા.'

'નહીં.....એસી તો કોઇ બાત કભી નહીં કી ઉસને' શફીના અકબરની સામે જોતાં બોલી.

'કિસી લડકી કા નામ લે કર કહા કી મુઝે પ્રિયા, શીલા, આકાંક્ષા સે ડર લગતા હૈ.'

'નહીં કિસી કા નામ નહીં લિયા..' શફીનાનો જવાબ સાંભળીને એસીપી મોરે અને શિંદેએ એકબીજા સામે જોયું.

'શફીના, તુમ જિતને ભી દિન વહાં રહી....સીમા કી બાતચીત મેં કભી તુમકો પાગલપન દિખાઇ દિયા.?' શફીનાએ હવે થોડો વિચાર કર્યો. એ દરમિયાન અકબર, શિંદે અને મોરેએ એકબીજાની સામે વારાફરતી જોયું.

'નહીં સાબ....વો એકદમ નોર્મલ થી.'

'બુરખેવાલે દિન કે બાદ વો ટ્રીટમેન્ટ કે લિયે કબ ગઇ થી.?'

'નહીં ગઇ.....એક બાર મેરે સામને હી ક્લિનિક સે ફોન આયા તો બોલ દિયા મૈં ઠીક હું.' શફીનાએ કહ્યું.

'લેકિન મુઝે કૂછ ઠીક નહીં લગતા.' એસીપી મોરેએ આટલું બોલીને શફીના અને અકબરને જવાનું કહ્યું.

****************

એસીપી મોરે અને શિંદે સામે સીમા હવે એક કોયડો બની રહ્યો હતો કેમકે સીમાએ નીલમ શાહને કહેલી ડરવાળી વાત અને શફીના સ્ટેટમેન્ટમાં વિરોધાભાસ હતો.

'સર, હો સકતા હૈ કી સીમા સાયકોલોજિસ્ટ કે પાસ ગઇ તબ વો ડરી હુઇ હો.....તો ઉસને નીલમ મેડમ કો બતા દિયા હોગા'

'શિંદે ડર ઔર પાગલપન એક દિન કા નહીં હોતા. શફીના જિતને દિન ઘર મેં રહી કભી તો ઉસકો સીમા કા ડર ઔર પાગલપન દિખેગા કી નહીં..?'

'મતલબ કી શફીના યા નીલમ મેડમ ઝુઠ બોલ રહી હૈ.' શિંદેએ પૂછ્યું.

'નહીં શાયદ સીમાદેવી કૂછ છુપા રહી હૈ.' મોરેએ કહ્યું. ફોનની રિંગ વાગી. મોરેએ ફોન ઊંચક્યો.

'હેલો મોરે, વાગલે બોલ રહા હું.'

'હાં બોલ.' સામે છેડે વાગલે કંઇક બોલી રહ્યો હતો ને એસીપી મોરે માત્ર ઓકે....ઓકે....ઓકે કહી રહ્યા હતા. અંતમાં એમણે 'ઠીક હૈ' કહીને ફોન કટ કર્યો. (ક્રમશઃ)■

આકાશ મારી પાંખમાં

ડૉ. કલ્પના દવે
feedback@bombaysamachar.com

# ઓપરેશન સિંદૂરમાં નારીશક્તિ



***ભારત હમકો જાનસે પ્યારા હૈ,***
***સબસે પ્યારા ગુલિસ્તાં હમારા હૈ***

**ઓપરેશન સિંદૂર**(૨૦૨૫)આપણા દેશની એકતા, શૌર્ય અને શહાદતનું પ્રતીક છે. આપણી દીકરીઓના સિંદૂરને ઉજાડનાર આતંકવાદીઓને નેસ્તનાબૂદ કરી એમના થાણાઓને ઉડાડી દઈને સરહદ પરથી હકાલપટ્ટી કરનાર આપણા સુરક્ષાકર્મીઓને પ્રણામ. ઓપરેશન સિંદૂરની કુનેહભરી નીતિ અને તેનું હિંમતભર્યું સંચાલન માટે વી સેલ્યુટ અવર જાંબાજ ફોર્સ-(બી.એસ.એફ).

આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદીજી કહે છે કે ઓપરેશન સિંદૂરને સફળ બનાવવામાં બી.એસ.એફ. ટીમનો (બોર્ડર સિક્યોરીટી ફોર્સ ) મહત્ત્વનો રોલ છે, તેમજ ઓપરેશન સિંદૂર આપણી નારીશક્તિના સામર્થ્યનું પ્રતીક પણ છે. ભારતની સરહદે બી.એસ.એફ.ની દીકરીઓએ પણ સીમા પર મોરચો સંભાળ્યો છે. વિશ્વ પત્રકાર પરિષદમાં કર્નલ સોફિયા કુરેશી, વિંગ કમાંડર વ્યોમિકા સિંઘ અને પરરાષ્ટ્ર સચિવ વિક્રમસિંઘે પાકિસ્તાનના આતંકીઓનું મહાવિકરાળ રૂપ વિશ્વ સમક્ષ રજૂ કર્યું. આ જ સમયે સીમા પરથી થતા ફાયરીંગ સામે આપણી સેનાએ પણ નિર્ભયતાથી ટક્કર આપી હતી. આજે એવી જ જાંબાજ મહિલા કમાંડર નેહા ભંડારીને મળીશું.

(તાજેતરમાં સીમા સુરક્ષાદળના લશ્કરી પ્રમુખે પડકારરૂપ પરિસ્થિતિમાં હિંમતપૂર્વક શ્રેષ્ઠ પરિણામ લાવવા બદલ સરકાર તરફથી સહાયક કમાંડર નેહા ભંડારીનું સન્માન કર્યુ હતું, જેમાં ગૃહમંત્રી અમિત શાહ પણ ઉપસ્થિત રહ્યા હતા.)

સહાયક કમાંડર યુવાઅધિકારી નેહા ભંડારી જમ્મુ નજીક સાંબા,અખનુર સેકટરમાં ફરજ બજાવી રહ્યાં હતાં. સન્માન સ્વીકારતાં નેહાએ કહ્યુંઃ- દેશ માટે સર્વસ્વ અર્પણ કરી દેવાના સંસ્કાર તો મને મારા લોહીમાં જ મળ્યા છે. ત્રણ પેઢીથી અમે દેશસેવાના કાર્ય કરી રહ્યા છીએ. મારા દાદાજીએ પણ સૈન્યમાં સેવા આપી છે. મારા માતા-પિતા પણ સેન્ટ્રલ સિક્યોરિટી પોલીસમાં તૈનાત છે. જેઓ ઘૂસણખોરીને અટકાવવાનું, દુશ્મનોને હાંકી કાઢવાનું તથા સીમાસુરક્ષાનું કામ કરે છે. દેશસેવા કરતાં અમે ગૌરવ અનુભવીએ છીએ. આપણા વડા પ્રધાન મોદીજીની જોશભરી વાણી અને આશિષથી અમે કામ કરી શકીએ છીએ.

આવી બહાદુર નેહાએ અખનુર સેક્ટરમાં છ મહિલાઓના જૂથનું નેતૃત્વ કર્યુ. સન્માન બાદ પત્રકાર સાથેની મુલાકાતમાં સહાયક કમાંડો સાથે આપણે નેહા ભંડારીને મળીએ.

પ્રશ્ન-૧) સહાયક કમાંડો તરીકે તમારી શી ફરજ હતી?

મારા ઉપલા અધિકારીએ મને મુખ્ય ત્રણ ફરજ સમજાવી હતી.

તમારા યુનિટને (કંપનીને) સુરક્ષિત રાખવી.

સુરક્ષા માટેના આદેશનું ત્વરિત પાલન કરવું.

દુશ્મનોની ચોકી પર સતત પહેરો ભરવો તથા પાકિસ્તાનની હિલચાલ પર કડક પહેરો રાખવો, અને જરૂર પડે ત્યારે હિંમતથી સામનો કરવો.

પ્રશ્ન-૧) તમારે પાકસેનાનો સામનો ક્યારે કરવો પડ્યો?

નેહા ભંડારીઃ- ઓપરેશન લોંચ થયું પછી. ૭મી તારીખે-અમે સજ્જ હતા. ત્યારે અચાનક જમ્મુ, સુંદરબની અને અમારા સેક્ટર પાસે ફાયરિંગ શરૂ થયું. અમે દરેક રીતે સજ્જ થઈને તૈયાર બેઠા હતા. અમે તરત દુશ્મનોના પડકારનો મુંહતોડ જવાબ આપવા લાગ્યા.

પ્રશ્ન-૨) તમે કયાં શસ્ત્રોથી સામનો કર્યો હતો?

અમે એમના જેવાં જ શસ્ત્રો વડે પ્રહાર કરતા હતા. કયારેક મોર્ટાર, તો કયારેક હાયબ્રીગેડ. કમાંડ અને કંટ્રોલની સ્ટ્રેટેજીથી અમે દુશ્મનોની ચેકપોઈંટ સુધી પહોંચી ગયા. અને ચોકી પર જે હતા તે બધાને ત્યાંથી ખદેડ્યા.

પ્રશ્ન-૩) તમને આ ઓપરેશન કરતાં કોઈ ખતરો કે ભય ના લાગ્યો?

ના, અમને આ કામની સરસ ટ્રેનિંગ મળી છે. આવી પરિસ્થિતિમાં હિંમત તો રાખવી જ પડે.

પ્રશ્ન- પહલગામની કરુણ ઘટનાનો કોઈ ગુસ્સો તમારા મનમાં હતો?

હા, એનો ગુસ્સો તો દરેક ભારતીયના મનમાં હોય જ. પણ, અમે તો અમારા આદેશનું પાલન કર્યું.

પ્રશ્ન- આ સામે જ પાકિસ્તાનની ચોકી દેખાય છે. તમારા ઘરેથી કોઈનો ફોન આવે તો એ લોકો શું કહે છે?

બધાને ફોન આવે તેમ મારા ઘરેથી પણ ફોન આવે છે. મારાં માતા-પિતા હંમેશાં સપોર્ટિવ રહ્યા છે. ફોન પર તેઓ કહેતા કે તમારી જિમ્મેદારી તમે શ્રેષ્ઠ રીતે નિભાવજો.

નેહા ભંડારીની જેમ ફોરવર્ડ પોસ્ટ પર મહિલા પ્રહરીઓએ રાત-દિવસ ૨૪ કલાકની ચોકી કરી, આ એક અભૂતપૂર્વ ઘટના છે મહિલા કોન્સ્ટેબલ અંબિકાજી કહે છે- હમ તો દેશ કે લિયે ખડે હૈ યહાં, દેશ કે લિયે હમ બલિદાન દેને કો તૈયાર હૈ. ફાયરિંગ હોગા તો ગોલીયોં કા જવાબ ગોલિયોં સે દેંગે.

હમે દેશ કો સુરક્ષિત રખના હૈ. પહલગામમેં જબ લગાતાર ફાયરિંગ હો રહી થી તબ હમને ભી ફાયર કા જવાબ ફાયરિંગ સે દિયા ઔર ઉનકો ચોકી છોડને કો મજબૂર કર દીયા.

કાશ્મીરની સરહદે આતંકવાદીઓ તથા શત્રુઓ સામે શહીદી વહોરી લેનાર આવા એક શહીદ કેપ્ટન વિનાયક ગોરેની અમરવાણીનું સ્મરણ કરી, એમની શહાદતને શતશત વંદન કરીએ. બોર્ડર પર જઈ રહેલા કેપ્ટન વિનાયક ગોરેએ તેમની માતાને કહ્યું હતું, આઈ, તું યાદ રાખજે કે તું એક કેપ્ટનની માતા છે. આઈ, મને વચન આપ કે માતૃભૂમિનું રક્ષણ કરતાં મને કંઈ થઈ જાય તો, તું એકે ય આંસુ નહીં પાડે. જીવતો આવીશ તો મેડલ લઈને આવીશ, અન્યથા ત્રિરંગામાં લપેટાઈને રાષ્ટ્રીય સન્માન સાથે આવીશ.

***જીવો તો એવું જીવો, જીવન ઉત્સવ લાગ્યા કરે-***
***મારી માતૃભૂમિને ખાતર, ભલે ને આ રક્ત વહ્યા કરે.***

(મેજર ડો. હરીશ તિવારી)

ઓપરેશન સિંદૂર-૨૦૨૫માં નારીશક્તિની વીરતા માટે તથા દેશપ્રેમની ઉદાત્ત ભાવના રજૂ કરતી આજની આ સત્યકથાને હું શત્રુઓ સામે શહીદી વહોરનાર તથા ઝઝૂમનાર વીર સૈનિકોને અર્પણ કરું છું.

***ઓ, માતૃભૂમિના વીરસૈનિક, કરીએ તુજને શતશત પ્રણામ.***
***માતૃભૂમિનું ગૌરવ તું, પ્રજાનો સરતાજ તું.***
***દેશરક્ષક-પ્રજારક્ષક, માભોમનો વીરસપૂત તું.***
***શહાદતનો સાચો સિપાહી તું, તુજને શતશત પ્રણામ.*** ■

વિશેષ પ્લસ

રશ્મિ શુક્લ
feedback@bombaysamachar.com

# અપમાન કરનારા મિત્ર સાથે કઈ રીતે વર્તવું જોઈએ?

**તમારો અનાદર કરનારા મિત્રો સાથે વ્યવહાર કરવા માટેની ટિપ્સ**

ક્યારેક ને ક્યારેક તમે એવા લોકોનો સામનો કર્યો જ હશે જે મજાકના નામે તમારું અપમાન કરે છે. આવા લોકો જાણી જોઈને કે અજાણતાં બધાની સામે તમારા શરીર, કારકિર્દી અને અંગત જીવનની મજાક ઉડાવે છે, જેની તમારા આત્મવિશ્વાસ પર ખરાબ અસર પડે છે. તેથી, આવા લોકો સાથે કેવી રીતે વર્તવું તે શીખવું ખૂબ જ મહત્વપૂર્ણ છે.

આપણે બધાએ આપણા જીવનમાં એવા લોકો સાથે વ્યવહાર કર્યો છે, જેઓ મજાકના નામે આપણું અપમાન કરવાનું અને તેને મિત્રતા કહેવાનું પસંદ કરે છે. આવા લોકો ફક્ત મનોરંજન માટે બધી હદો પાર કરે છે. ક્યારેક તેઓ તમારા શરીર વિશે, ક્યારેક તમારા કારકિર્દી વિશે, પરિવાર વિશે અથવા ક્યારેક તમારા અંગત જીવન વિશે તમારી મજાક ઉડાવે છે. તેઓ એવી વાતો કહે છે જે અંદરથી ખૂબ દુઃખ પહોંચાડે છે. પણ તમે આનો જવાબ આપી શકતા નથી અને જો તમે કંઈક કહો છો, તો તેઓ કહે છે કે તે મજાક છે. પણ આ મિત્રતા નથી. મિત્રો તમારી નબળાઈઓની મજાક નથી ઉડાવતા, તેઓ તમારી પડખે ઉભા રહે છે અને તમને વધુ સારું કરવામાં મદદ કરે છે. આવી સ્થિતિમાં જો તમારે આવા મિત્રોને જોરદાર જવાબ આપવો પડે તો આ તમારા માટે છે. અહીં અમે તમને કેટલીક પદ્ધતિઓ જણાવીશું જેના દ્વારા તમે આવા લોકો સાથે સરળતાથી વ્યવહાર કરી શકશો.



**સીમાઓ નક્કી કરો**

કોઈપણ સંબંધમાં સીમાઓ નક્કી કરવી ખૂબ જ મહત્વપૂર્ણ છે. ખાસ કરીને આવા મિત્રો સાથે, સીમાઓમાં રહેવું વધુ સારું છે. આવી સ્થિતિમાં, જો તમારી સામેની વ્યક્તિ એવી મજાક કરે જે તમને પસંદ ન હોય, તો તેને સ્પષ્ટ કહો, 'મારી સાથે આવી મજાક ના કરો, મને તે ગમતું નથી' . એકવાર તમે તમારી સીમાઓ નક્કી કરી લો, પછી બીજી વ્યક્તિ ફરીથી આવી મજાક કરતા પહેલા ૧૦૦ વાર વિચારશે. આ રીતે તમારી મિત્રતા અકબંધ રહેશે અને તમને કોઈ સમસ્યાનો સામનો કરવો પડશે નહીં.

**મજાક અને અપમાન વચ્ચેનો તફાવત જણાવો**

ઘણા લોકોને મજાકના નામે બીજાનું અપમાન કરવાની આદત હોય છે. તેઓ સમજી શકતા નથી કે જાણી જોઈને કે અજાણતાં તેઓ પોતાના જ મિત્રને દુઃખી કરી રહ્યા છે. આવી સ્થિતિમાં જ્યારે પરિસ્થિતિ શાંત થાય, ત્યારે તેને શાંતિથી કહો કે તેણે જે કહ્યું તેનાથી તમને ખરાબ લાગ્યું, તે જાણીજોઈને કે અજાણતાં તમારી નબળાઈઓ અને અંગત બાબતોની મજાક ઉડાવી રહ્યો છે. આ સાથે તેમને ઉદાહરણો આપીને સમજાવો કે જો તેમની સાથે આવું કંઈક થશે, તો તેમને કેવું લાગશે?

**ચૂપ ના રહો**

જો તમારી સામેની વ્યક્તિ મજાકના નામે વારંવાર તમારું અપમાન કરે છે, તો ચૂપ ન રહો. ખાસ કરીને જો તે બીજાઓની સામે અથવા કોઈ જૂથમાં એવું કંઈક કરે જે તમને ખૂબ ખરાબ લાગે, તો તેને જવાબ આપો. જ્યારે તમે મૌન રહો છો, ત્યારે તેનો અર્થ એ છે કે બધું બરાબર છે. પણ જો તમને ખરાબ લાગે તો તમારે કહેવું જોઈએ, 'આ મજાક નથી, આ અપમાનજનક છે', 'મને આવું વર્તન ગમતું નથી, તેથી મારી સાથે ફરી આવું ન કરો'. આવી સ્થિતિમાં કોઈ પણ વ્યક્તિ ફરીથી આવી મજાક કરતા પહેલા વિચારશે.

**ડિસ્ટન્સ રાખવું**

જો કોઈ વ્યક્તિ વારંવાર સમજાવવા છતાં પણ તમારી મજાક ઉડાવે છે, તો તેનાથી અંતર રાખવું વધુ સારું છે. આવા લોકો તમારા મિત્રો ન હોઈ શકે. મિત્રો લાગણીઓ સમજે છે અને ખરાબ લાગે ત્યારે પોતાને કેવી રીતે બદલવું તે જાણે છે. તમારા મિત્રો ક્યારેય તમને દુઃખી કરવા નહીં માગે. તો જો કોઈ તમને સમજાવ્યા પછી પણ વારંવાર દુઃખ પહોંચાડતું રહે, તો તે તમારો મિત્ર ન હોઈ શકે. તેનાથી અંતર રાખવું વધુ સારું છે.

**તમારા પર વિશ્વાસ રાખો**

ઘણી વખત આવા મજાકને કારણે વ્યક્તિનો આત્મવિશ્વાસ ડગી જાય છે. તે પોતાના પરનો વિશ્વાસ ગુમાવી દે છે. તે પોતાને શાપ આપવા લાગે છે. આવી સ્થિતિમાં, શું તે ફક્ત બીજાઓ સામે જ નહીં, પણ પોતાની સામે પણ પોતાનો પક્ષ રાખી શકતો નથી? તો ગમે તે થાય, પોતાના પર વિશ્વાસ રાખો, શરમાશો નહીં. તમારી ખામીઓ સ્વીકારો અને તેમને બદલો. ■

સર્જકના સથવારે
રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# વાટમાં હું વૃક્ષને મળતો રહ્યો ના મળ્યો છાયાંને મળવાનો સમય

મહાભારતમાં વિદુર ધૃતરાષ્ટ્રને એક શાશ્વત નિયમની વાત કરે છે કે સમયને કોઈ સ્વજન નથી અને કોઈ તિરસ્કૃત કે દ્વેષ કરવા જેવું પણ નથી. 'ન કાલસ્ય પ્રિયઃ કશ્ચિન્ન્ ન દ્વેષ્યઃ કુરુસત્તમ.' મહાભારતકારે કાળ વિશેના આ સનાતન સત્યને આપણી સમક્ષ મૂક્યું છે, કારણ કે કાળ કાળનું કામ કરે છે, પરંતુ માણસનો સમય ફર્યા કરે છે. સમય બળવાન હોય છે અને માણસ અસહાય હોય છે. કાળનું અતિક્રમણ કરવું મુશ્કેલ છે. સમય જગ્યા કરે છે અને આપણે ક્ષણોમાંથી સર્યા કરીએ છીએ. એકાદ વહેતી પળ પણ પરપોટાની માફક હોય છે. સમય કોઈનાથી બંધાતો નથી અને તેથી જ 'ઉશનસ' આ પ્રશ્ન પૂછીને આપણને વિચારતા કરી મૂકે છે:

તમે કહો છો પણ ક્યાં છે તે સમય મુઠ્ઠીમાં આવે છે?

વહેતી એકાદ પળ છે, ને તેય વળી પરપોટો છે.

પ્રથમ પંક્તિમાં સવાલ પૂછીને બીજી પંક્તિમાં કવિએ પળને પરપોટા સાથે સરખાવીને કહ્યું છે કે પરપોટો પકડી શકાતો નથી અને પકડીએ તો તૂટી જાય છે. આવી જ રીતે ક્ષણને પણ પકડી શકાતી નથી. આથી સમયને મુઠ્ઠીમાં બાંધવાની વાત થઈ જ કેવી રીતે શકે. જળમાં ઉપસતા પરપોટાની સાથે કોઈના વહેવાના છળની સરકતી પળમાં જોઈએ કે પળે પળે પાંદડામાં જોઈને વૃક્ષની પાછળ ઢળતા દિવસને જોઈએ ત્યારે છલનાના આભાસની અનુભૂતિ થતી હોવાનો અંદાજ હનીફ સાહિલના આ શેરોમાં જોવા મળે છે:

*સાવ સરકતી પળમાં જોયું.*
*તારું વહેવું છળમાં જોયું,*
*વૃક્ષે વૃક્ષે દિવસો ઢળતા*
*પર્ણે પર્ણે પળમાં જોયું.*

કબીરજીએ કાળને બાજપક્ષીની ઉપમા આપીને જીવનદર્શનના સત્યને સાચા પરિપ્રેક્ષ્યમાં મૂકતાં કહ્યું છે કે:

*પાવ પલકી શુદ્ધ નહીં કરે કાલકો સાજ*
*કાલ અચાનક મારિ હૈ, જ્યોં તીતરકો બાજ*

એક પળના ચોથા ભાગની પણ આપણને શુદ્ધિ નથી એટલે કે આ પળ પછી શું થનાર છે તેનો ખ્યાલ નથી અને એમ છતાં લાંબા સમય માટેની અગાઉથી તૈયારી કરીએ છીએ. આપણને જાણ નથી કે કાળ-મૃત્યુ તીતર પર બાજ પક્ષી ઝપટ મારે તેમ જીવ પર તરાપ મારી જશે. સમયનું આયોજન કરાય નહીં તેમ છતાં કર્યા વગર ચાલે નહીં. સમયને આવવાની રાહ જોયા વગર, આવેલા સમયને સજાવવો જરૂરી છે. મુકબિલ કુરેશીનો શેર છે:

*સમયની વાટ જોઈને કદી બેઠો નથી રહેતો,*
*સમય જેવો મળ્યો એવા સમયથી કામ લીધું છે*





સમયને સંકજામાં રાખીને નહીં પરંતુ તેની ગતિ સાથે તાલ મિલાવીને સફર તય કરવાની વાત છે. પછી ફૂલ પણ હોય અને કંટક પણ હોય, ઝેર પણ હોય અને મારણ પણ હોય. જીવન અને મરણની બંને સ્થિતિમાં ગમતાનો ગુલાલ કરીએ તો જ સમયના બાજપક્ષીથી પીંખાવું નહીં પડે. અમૃત ઘાયલની લોકપ્રિય ગઝલનો આ તત્ત્વદર્શી શેર છે:

*જીવન અને મરણની હર ક્ષણ મને ગમે છે,*
*એ ઝેર હોય અથવા મારણ મને ગમે છે.*

સમય પ્રવાહી છે એટલે વીતેલા સમયના ઓરતા હોય છે, ક્યારેક સમય ઓછો મળવાનો, ક્યારેક અછડતો મળવાનો તો ક્યારેક હાથતાળી આપીને છેતરી જવાનો. 'ઘાયલ'ની સમયની ગઝલનો અભિગમ માણવા જેવો છે.

*અમને મળ્યો નહીં જ રજૂઆતનો સમય*
*નહીં તો મજાનો હોત મુલાકાતનો સમય*
*પંપાળ્યો પોલા હાથ વડે ચાંપ્યો છાતીએ*
*છટકી ગયો છતાંય ભલીભાતનો સમય*
*મેંદીતણું તો માત્ર બહાનું છે દોસ્તો!*
*મુઠ્ઠે મહીં છે બંધ કરાફાતનો સમય*

ઘાયલ કહે છે કે સમય ખુદ સમય થકી વસમો હોય છે, પરંતુ એ બધામાં આઘાતનો સમય વધારે વસમો હોય છે:

*વસમો તો હોય છે જ વખત પણ વખત થકી,*
*વસમો વિશેષ હોય છે. આઘાતનો સમય*

આનંદનો અને આઘાતનો સમય રેતીની જેમ સરતો રહે છે. 'બેફામ' રેતીની સરખામણી સમય સાથે ખૂબ જ ઉત્તમ રીતે કરે છે:

*સમય જેમ એને પણ તમે પકડી નથી શકતા*
*કહો છો બંધ મુઠ્ઠી તોય સરતી હોય છે રેતી*
*દિવસ ને રાત છે 'બેફામ' સૌ પળના પરિવર્તન*
*સમયના ફેરફારે માત્ર ફરતી હોય છે રેતી.*

સમયની આ ઘટમાળમાં સુખ અને દુઃખ પૈડાંના આરાની જેમ ફરતા રહે છે, પરંતુ દુઃખને પાછું ઠેલવાની ઈચ્છા બધાની હોય છે માટે 'બેફામ' બધાની ઈચ્છાઓનો પડઘો આ રીતે પાડે છે:

*હે રબ, મને તું એવો હંમેશાંનો હાલ દે*
*સુખ હો તો આજ દે અને દુઃખ હો તો કાલ દે.*

સમય સાચો જ હોય છે, પરંતુ તે પામનાર સાચો હોય છે કે નહીં એની જાણ થતી નથી. સમયને પકડી શકાતો નથી એટલે કૈલાસ પંડિતે એને ધુમાડા સાથે સરખાવતાં કહ્યું છે કે:

*ધુમાડાને મુઠ્ઠીમાં પકડી શકું તો*
*હું વ્હેતી ક્ષણોને જો સૂંઘી શકું તો*
*હવે તો ન ઉઘડે સમયનાં એ દ્વારો*
*દીવાલો સ્મરણની હું ખોદી શકું તો*

સ્મરણની દીવાલો ખોદવાનું કામ એકાંતમાં કરવું પડે છે અને એ વખતે પણ આપણો ઉપહાસ સમય કર્યા જ કરે છે. શેખાદમ આબુવાલાનો આ ધારદાર શેર જુઓ:

*એકાકી આજની આ અવસ્થાને જોઈને*
*ગૈ રાતના મિલનના પ્રસંગો હસી પડયા*

માણસ પોતાની ચાલ બદલી શકે છે, પરંતુ સમય તો એની સાલ બદલાવી નાખે છે. શેખાદમનો શેર છે:

*આજ આવીને કાલ બદલે છે*
*આ સમય એમ સાલ બદલે છે*

સાલ બદલાઈ જાય છે પણ એનાં સ્મરણો યથાવત્ રહે છે, મુકુલ ચોકસી આ જર્જરિત ભૂતકાળની વાત કરતાં કહે છે:

*ફાડી નથી શકાતું પાનું વીત્યા વરસનું*
*મનને છે કેવું ઘેલું આ જર્જરિત જણસનું*

ભગવતીકુમાર શર્માએ સમય ઉપર સુંદર મુક્તકો કહ્યાં છે. જુઓ આ અર્થલક્ષી અને સરળ મુક્તકઃ

*સાવ સુક્કો આ ઉદાસીનો સમય*
*ઝાંઝવામાં જઈ ડૂબ્યો ભીનો સમય*
*ત્યાં હવે તો શ્વાસ લેવાતા નથી*
*ફોરતો'તો થૈ ને જ્યાં હીનો સમય*

બીજું મુક્તક છે:

*સમય કેરી મુઠ્ઠીમાં હું બંધ છું*
*છું - સૂરજ, ઘુવડ શો છતાં અંધ છું*
*કોઈ કૃષ્ણ રેતીનો ઢગલો કરે*
*હું જીવું છું કિન્તુ જરાસંધ છું*

આપણે જોયું કે સમયને મુઠ્ઠીમાં બંધ કરી શકાતો નથી પણ ભગવતીકુમાર કહે છે કે સમયને પસાર થઈ જવા દેવો પડે છે, એને બંધ કરી શકાતો નથીઃ

*મેં સમયને ભીંત પર શોધ્યો નહીં*
*હું સમયના માર્ગમાં થોભ્યો નહીં*
*થઈ જવા દીધો સદા એને પસાર;*
*મેં પવનને શ્વાસમાં રોક્યો નહીં*

આવું બીજું મુક્તક છે જેમાં છેલ્લા સમયની વાત આવે છે. વૃક્ષ તો જોઈએ છીએ પણ વૃક્ષના છાંયડાને મળવાનો સમય ક્યારેય મળ્યો નહીં. આખરે તો છાયા - ઓછાય થઈને સૂર્યની સાથે ચાલી નીકળવાનું હોય છે:

*લ્યો, હવે આવ્યો છે ઢળવાનો સમય*
*સૂર્ય સંગ ચાલી નીકળવાનો સમય*
*વાટમાં હું વૃક્ષને મળતો રહ્યો*
*ના મળ્યો છાંયાને મળવાનો સમય.* ■

સુખનો પાસવર્ડ
આશુ પટેલ
feedback@bombaysamachar.com

# જાત પર વિશ્વાસ છે તો આખી દુનિયાની સલાહ સામે મક્કમ રહો !

થોડા સમય અગાઉ એક ઉત્સાહી અને તેજસ્વી યુવાન વાચકનો કોલ આવ્યો હતો. તે યુપીએસસીની સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી રહ્યો છે. એ પહેલી વાર પરીક્ષામાં નિષ્ફળ સાબિત થયો એટલે કેટલાક મિત્રો- પરિચિતોએ સલાહ આપી કે 'આ પરીક્ષા પાસ કરવાનું તારું ગજું નથી. તું કંઈ આઈએએસ કે આઇપીએસ બની શકવાનો નથી!'

આવી સલાહને કારણે એને પોતાની ક્ષમતા પર શંકા જાગી. એ થોડો હતાશ થઈ ગયો હતો. મેં એને કહ્યુંઃ


'મોટા ભાગના લોકોનું કામ જ હોય છે સલાહ આપતા રહેવાનું, પણ આપણી આજુબાજુના લોકોનું કેટલું માનવું અને કેટલું ન માનવું એ આપણે નક્કી કરવું જોઈએ. મોટા ભાગના માણસો લોકો કહે, સમાજ કહે એ પ્રમાણે જીવવાની ભૂલ કરતા હોય છે, પણ તમે જ્યારે મનથી સ્પષ્ટ હો ત્યારે એવા લોકોની પરવા કરવી નહીં.'

કોઈ પણ અડિયલ વ્યક્તિ તમારી ક્ષમતા પર શંકા કરે કે સલાહ આપે કે 'તારે આમ જ કરવું જોઈએ' અથવા તો 'તું માને છે એ ખોટું છે' ત્યારે એક વાત યાદ રાખજો કે તમારું અલગ વ્યક્તિત્વ છે અને કોઈ તમારા વિચારોનો માલિક ન બનવો જોઈએ. ધારો કે તમે રમણભાઈ કે મહેશ કે અનુપમ છો, પણ તમને કોઈ કહે કે તમે મોટરસાઈકલ છો (કે પેન્સિલ છો કે ગલૂડિયું છો કે છછુંદર છો,બાવળનું ઝાડ છો) તો તમે માની લેશો? નહીં. તમે જે છો એ જ છો. એ જ રીતે ધારો કે તમારું નામ કાવ્યા હોય અને કોઈ તમને કહે કે 'કેમ છો, ચંચળગૌરી?' તો તમે તરત જ ગુસ્સે થઈને કહેશો કે 'મારું નામ તો કાવ્યા છે!'

જ્યારે આજુબાજુના લોકો વણમાગી સલાહ આપવા આવે કે હતાશ કરનારા શબ્દો કહે ત્યારે મહાન વૈજ્ઞાનિક અને ચિંતક ગેલીલી ગેલિલિયોના જીવનની વાત યાદ કરી લેવી.

પ્રાચીન સમયમાં માનવજાત એવું માનતી હતી કે સૂર્ય પૃથ્વીની પરિક્રમા કરે છે. એ માન્યતા ગેલિલિયોના ગળે ઊતરતી નહોતી એટલે એમણે શોધી કાઢ્યું કે સૂર્ય પૃથ્વીની પરિક્રમા નથી કરતો, પણ પૃથ્વી સૂર્યની પરિક્રમા કરે છે.

ગેલિલિયોએ જ્યારે શોધ કરી કે સૂર્ય પૃથ્વી ફરતે નહીં, પૃથ્વી સૂર્યની આસપાસ ફરી રહી છે ત્યારે હાહાકાર મચી ગયો. ધર્મગુરુઓ ઉશ્કેરાઈ ગયા અને એમણે સમ્રાટને કહ્યું કે આ પાપી માણસે ધર્મનું અપમાન કર્યું છે. આપણો ધર્મગ્રંથ એવું કહે છે કે સૂર્ય પૃથ્વીની પરિક્રમા કરે છે, પણ આ માણસ આપણા ધર્મગ્રંથનું અપમાન કરી રહ્યો છે તે આપણા ધર્મની વિરુદ્ધ વાત કરે છે એટલે તેને સખત સજા ફટકારો.



ગેલીલી ગેલિલિયો

એ વખતના ધર્મગુરુઓ પણ અત્યારના મોટા ભાગના ધર્મગુરુઓ જેવા જ ખટપટી, બેવકૂફ, છીછરા અને દુષ્ટ પ્રકૃતિના હતા. એમણે સમ્રાટને કહ્યું કે 'ગેલિલિયોને ધર્મના અપમાન માટે દેહાંતદંડની સજા ફટકારો. ઈશ્વરને અને ધર્મને પડકારનારા પાપીને જીવતો જ ન રાખવો જોઈએ.'

એ સમયમાં ઘણા વિદ્વાનો એવા હતા કે જેમને ગેલિલિયોની શોધ પર વિશ્વાસ નહોતો, પણ ગેલિલિયો જેવો વિદ્વાન માણસ કમોતે મરી જાય એવી સ્થિતિથી એમને દુઃખ થઈ રહ્યું હતું. એ બધાએ સમ્રાટને સમજાવ્યો કે ગેલિલિયોને દેહાંતદંડની સજા ફટકારવાને બદલે તેને માફી માગવાની ફરજ પાડો અને એના મોઢે એવું બોલાવો કે વાસ્તવિકતા એ જ છે કે સૂર્ય પૃથ્વીની ફરતે પ્રદક્ષિણા કરે છે. બીજી બાજુ એમણે ગેલિલિયોને પણ સમજાવવાની કોશિશ કરી કે 'તમે માફી માગીને કહી દો ને કે ધર્મગ્રંથ જે કહે છે એ જ સત્ય છે.'

ગેલિલિયોને સભામાં હાજર કરાયા અને સમ્રાટે એને કહ્યું કે 'માફી માગી લે અને ધર્મગ્રંથ કહે છે એ જ સત્ય છે એવું સ્વીકારી લે તો તને છોડી દઈશ.'

ગેલિલિયોએ ભરસભામાં કહ્યુંઃ 'હું માફી માગું છું અને મારું સંશોધન પાછું ખેંચેલું જાહેર કરું છું. ધર્મગ્રંથમાં કહેવાય છે એ જ વાત સાચી છે. સૂર્ય જ પૃથ્વીની આસપાસ ફરી રહ્યો છે.'

ગેલિલિયોએ માફી માગીને એવું કહી દીધું કે 'સૂર્ય જ પૃથ્વીની પરિક્રમા કરી રહ્યો છે' એથી ધર્મગુરુઓ અને તેમના મળતિયાઓ ખુશ થઈ ગયા અને તેઓ ધર્મનો વિજય થયો એની ખુશાલી મનાવવા માંડ્યા.

એ બધા શાંત થયા એટલે ગેલિલિયોએ કહ્યુંઃ 'મેં માફી માગી એથી તમે ખુશ થઈ રહ્યા છો, પણ વાસ્તવિકતા તો એ જ છે કે પૃથ્વી જ સૂર્યની પરિક્રમા કરી રહી છે. હું તમારી બધાની માફી માગી લઉં છું એથી પૃથ્વી કંઈ સૂર્યની પરિક્રમા કરવાનું બંધ નહીં કરી દે!'

મહાન ચિંતક જિઓર્દાનોના જીવનમાં પણ આવો સમય આવ્યો હતો. એમણે ધર્મગુરુઓ વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો ત્યારે ધર્મગુરુઓએ સમ્રાટને એમની વિરુદ્ધ ઉશ્કેર્યો અને એમને દેહાંતદંડની સજા જાહેર કરાવી. એ પછી જિઓર્દાનોના કેટલાક હિતેચ્છુઓએ એમને બચાવવાની કોશિશ કરી. એમણે કહ્યું કે સમ્રાટ અને ધર્મગુરુઓની માફી માગી લો તો અમે તમારી સજા માફ કરવા સમ્રાટને વિનવીએ, જિઓર્દાનોએ કહ્યુંઃ 'મેં જે કહ્યું છે એ સાચું જ છે અને મોતના ડરથી હું મારા શબ્દો પાછા નહીં. ખેચું. હું કદાચ એવું કરું તો પણ વાસ્તવિકતા બદલાઈ નથી જવાની!'

કોઈના પણ કહેવાથી વાસ્તવિકતા બદલાઈ નથી જતી હોતી. ઘણા બેવકૂફો જિનિયસ વ્યક્તિઓની મજાક ઉડાવતા હોય છે અને તેને પાગલ ગણાવતા હોય છે, પણ એનાથી પેલા માણસને કોઈ ફરક પડતો નથી હોતો.

પોતાની જાત પર વિશ્વાસ હોય અને પોતાની ક્ષમતા છે એવી ખાતરી હોય તો આખી દુનિયા સલાહ આપવા આવે તો પણ પોતાની યોગ્ય પ્રવૃત્તિ કે માન્યતા ન છોડીને એને વળગી રહેવું જોઈએ. ■

મિજાજ મસ્તી
સંજય છેલ
feedback@bombaysamachar.com

# વાત વાતમાં વાતો... અમે રે ટૉકેટિવ ઈંડિયન!

**ટાઇટલ્સઃ**

*ટાઇમથી મોટો કોઇ ટાઇમ-બોંબ નથી. (છેલવાણી)*
*ચાર મિત્રો રેસ્ટોરંટમાં ખામોશ બેઠા હતા. એવામાં*
*એકે માથું ધૂણાવીને કહ્યું, 'ઓહ..ઓહ..ઓહ...'*
*પછી બીજાએ કહ્યું, 'અહં...અહં...અહં....'*
*ત્રીજા મિત્રએ કહ્યું, 'ત્ચ..ત્ચ..ત્ચ...અરેરેરે...'*

ચોથા મિત્રએ ભડકીને કહ્યું, 'તમે લોકો આમ પોલિટિક્સની ફાલતુ વાતો કરશો ને તો હું જતો રહીશ!'

આ જોકનો કોઈ મતલબ નથી, પણ ફાલતુ વાતો વિશે ઊંડો મેસેજ છે. તમે માર્ક કરજો, રોજેરોજ આપણાં કાનમાં, મગજમાં ચારેબાજુથી ફાલતુ વાતોનાં ઢગલાં ઠલવાયે જ રાખે છે. એનાં એ જ વાસી વિચારો, દોઢિયાની દલીલો...., 'અમેરિકામાં આપણાં જેવાં જ છડલી-વડા મળે હોં?', 'અરે, લતા મંગેશકર મરચાં ક્યારેય ના ખાતા હોં?', 'કરીના ને સૈફનું લાંબું નહીં ટકે' જેવી અઢળક બકવાસ ચાલે જ રાખે છે.

તમે કોઇ પણ પાર્ટી કે મેળાવડામાં જાવ તો એ જ વાસી વાતો સંભળાશે-'આ દેશમાં તો ખરેખર હિટલર જેવાની જ જરૂર છે', 'કોહલી અનુષ્કાને ખોટો પરણ્યોને?', 'આ વખતે કે.બી.સી.માં મજા નથી', 'બિચારા અમિતાભને નક્કી ઓલી જયા હેરાન કરતી હશે', 'તમે સવારે ઘાસ પર ઊંધા પગે ચાલો, મેં વોટ્સ-એપ પર જોયેલું!'

આવી ધડમાથાં વિનાની વાતો, જે ઇન્ટરનેટ-સોશિયલ મીડિયા પર ઓલરેડી છે એની ઉત્સાહભેર ઉલ્ટીઓ કરીને લોકો હરખાયે રાખે છે. પાર્ટીમાં પસાર થતી સ્ત્રીને નીરખતાં ૬૫ વર્ષનો ભદ્દો પુરુષ કહેશે, 'આજકાલ ફેશનમાં મર્યાદા જ નથી રહી', 'બધાં અંગ્રેજી છાપાવાળાં બધાં દેશદ્રોહી છે! જોકે શેરબજાર માટે વાંચવા યે પડે, હોં' પછી ઉછીના આંકડા કે માહિતી બોલીને આર્થિક અભ્યાસ ઓકશે. વિદેશી દારૂની ચૂસકી લેતાં લેતાં, પંદર વરસનાં ગરીબ વેઇટરની પ્લેટમાંથી સમોસું ઉપાડીને 'ભારતની ભાવિ પેઢી' વિશે ચિંતા કરશે, તો વળી કોઇ 'ભૂતકાળમાં આપણે કેવા મહાન હતા ને?'- એનું લિસ્ટ ગણાવશે. 'યુ નો?'...'યુ સી!'.'રીઅલી?'નાં ખોટાં ઉપયોગો કરીને ગૂગલ-ગંગામાંથી અને મોટિવેશનલ સ્પીકરોની વાસી માહિતીઓ ઉલેચે રાખશે.

એકવાર દિલ્લીની એક મીડિયા પાર્ટીમાં નેશનલ લેવલનાં અખબારનાં એડિટરને મળવાનું થયું. મને એમ કે જાણકાર તંત્રી પાસેથી દેશ કે સમાજ વિશે બે વાત જાણવા મળશે, પણ એમણે તો મને જ ગંભીરતાથી પૂછ્યું કે 'ટી.વી.નાં ફલાણાં ડાંસ-રિઆલિટી શોમાં ઢીંકણો કેમ ના જીત્યો?' 'બિગ-બોસના સેટની આસપાસ આર્મી હોય કે જેથી કોઇ ભાગી ના જાય?' 'ફિલ્મોની હીરોઇન, પૈસાવાળા સાથે દુબઇ ટ્રિપનાં કેટલાં લે?' વગેરે વગેરે..



જે છાપાનાં સમાચારોની અસર આખા દેશમાં સૌથી વધારે પડી શકે એનાં તંત્રીની વાતોનું આ લેવલ? મારી સાથે જ નહીં, બધાં સાથે પાર્ટીમાં બે કલાક સુધી એ એડિટર આવી ગોસિપમાં મશગૂલ હતા. પ્રજાના દિલો-દિમાગ પર કેવા લોકો અજાણતા રાજ કરે છે.

**ઇન્ટરવલઃ**

*જિંદગી આવાજ હૈ,*
*બાતેં કરો, બાતેં કરો.(અહમદ મુશ્તાક)*

એક બુઢ્ઢા પાસે ઊંચી નસ્લનો ઘોડો હતો. રાજા પણ એ ઘોડાની મોં માંગી કિમત આપવા તૈયાર હતો, પણ બુઢ્ઢો વેંચવા તૈયાર નહોતો. એક દિવસ, ઘોડો તબેલામાંથી ભાગી ગયો. ગામના લોકો એને કહેવા માંડ્યા-'અમે તો કહ્યું'તું જ કે ઘોડો વેંચીને પૈસા કમાઈ લે. હવે તો ઘોડો પણ ગયો ને પૈસા પણ!'

બીજાએ કહ્યું 'હવે અફસોસ કરીને શું ફાયદો?', વગેરે વગેરે...

બુઢ્ઢાએ કંટાળીને કહ્યું,'બસ, હવે ! મારી ને ઘોડાની ચિંતા રહેવા દો. અટકળો લગાડવાની છોડો ને જાવ.'

અઠવાડિયા પછી એ જ ઘોડો પોતાની સાથે બીજા ૫-૬ જંગલી ઘોડા લઈને પાછો આવ્યો. ફરી ગામ ભેગું થઈ ગયું ને વાતો કરવા માંડ્યું :

'ડોસા, તેં ભવિષ્ય ભાખેલું કે શું?', બીજાએ પૂછ્યુંઃ'તને ખબર હતી કે ઘોડો શું કરવાનો છે?', ત્રીજો બોલ્યો,'હવે તો તારે પૈસાની રેલમછેલ થઈ જશે!', વગેરે વગેરે...

બીજા જ દિવસે બુઢ્ઢાનો જુવાન દીકરો એક જંગલી ઘોડા પર સવારી કરવા જતા નીચે પછડાયો ને બેઉ પગના હાડકાં તૂટી ગયા. તો ફરી ગામ લોકો ભેગા થઈને વાતો કરવા માંડ્યા-'તારો ઘોડો પાછો આવ્યો ના હોત, તો દીકરાની આવી હાલત ના થઈ હોત.'....તો કોઇએ કહ્યું '૬ મહિનાનો ખાટલો પાક્કો!', વગેરે વગેરે...

બુઢ્ઢાએ હાથ જોડી કહ્યું,'મારા દીકરાના પગ ભલે ભાંગ્યા પણ મારું માથું ના ભાંગો..નકામી વાતો બંધ કરો'

ત્યાર બાદ રાજ્યમાં યુદ્ધ થતા રાજાએ ફરજિયાત જુવાનોને લશ્કરમાં જોડાવા હુકમ કર્યો. બુઢ્ઢાના છોકરાના પગ તૂટેલા હતા એટલે એ ફોજમાં જઈ શક્યો નહીં. ગામના લોકો ફરી વાતે વળગ્યાઃ 'લે! તારો દીકરો તો બચી ગયો, નસીબદાર છે. અમારા છોકરાઓ તો જીવતાં પાછા આવશે કે નહીં?' વગેરે વગેરે...

હવે બુઢ્ઢાએ ભડકીને કહ્યું, 'શું ફાલતુ વાતો કરો છો? મારો છોકરો સાજો-નરવો હોત તો હોંશે હોંશે દેશ માટે ફૌજમાં મોકલત. બકવાસ બંધ કરો નહીં તો રાજાને કહી તમને બધાને જ ફોજમાં મોકલી દઇશ.'

આ લોકકથાથી આગળ સમાજ હજી વધ્યો નથી. શહેરમાં, ગામમાં, મીડિયામાં, ટ્રેનમાં, પ્લેનમાં સૌ કારણ વિનાની વાતો કરે જ રાખે છે. 'ઠંડીમાં ભૂખ બહુ લાગે, હોં', 'સ્ત્રીને કોઇ સમજી જ નથી શક્યું', 'મિસીસને ના સમજાય એટલે હોલિવૂડ ફિલ્મ ના જોઉં! હોં!', 'પરણ્યાં એટલે આઝાદી ખતમ, બાપુ!', 'મારા દાદા આ ઉંમરે પણ હજૂ ચાલે છે.', 'તારા દાદા અગાઉ પોસ્ટમેન હતા? હા-હા-હા..' આવી પચેલા જ્ઞાન વિનાની પ્રજાને ટી.વી. સિરિયલ કે સમાચારમાં જો કશુંક જાણીતું જોવા મળે તો તરત જ 'હવે આગળ શું થશે?' એનું ત્રિકાળ જ્ઞાન હોય એમ કહેશે 'મેં નહોતું કહ્યું? થયુંને? લખી રાખો, આ સરકાર ૫૦ વરસ ચાલશે!'

તમને થશે કે આવી સાદી સીધી રોજિંદી વાતોમાં ખોટું શું છે?

ના. કશું ખોટું નથી.. આમ જ ચાલવા દો

'હા, તો હું શું કહેતો હતો કે ૨૦૦ વરસમાં દુનિયા ખતમ'

**એન્ડ -ટાઇટલ્સઃ**

*આદમઃ એક વાત કહું?*
*ઈવઃ સાંભળી છે!* ■

મોર્નિંગ મ્યૂસિંગ

રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

## ઝરીના વહાબઃ
# કેવી રીતે પોતાના લગ્નના બધા છેડા અકબંધ રાખ્યા છે?

ચિત્તચોર, સાવન કો આને દો અને ઘરોંદા જેવી ફિલ્મોથી લોકપ્રિય થયેલી અભિનેત્રી ઝરીના વહાબને એક વાતનું શ્રેય આપવું પડે કે એ એના તામસી મિજાજના કાછડી છૂટા પતિ આદિત્ય પંચોલી સાથેનાં ખરાબે ચડેલાં લગ્નની વાત કરતાં શરમાતી નથી.

ભારતીય સ્ત્રીઓ સામાન્ય રીતે પોતાનાં લગ્ન કે પતિ અંગેની અપ્રિય વાતોનો જાહેરમાં એકરાર કરતી નથી. તેનાં બે કારણ છેઃ એક તો ઘરની ઈજ્જતનો સઘળો ભાર સ્ત્રીના માથે હોય છે એટલે એ સહન કરે છે પણ હરફ ઉચ્ચારતી નથી. બીજું કારણ એ છે કે સ્ત્રીઓની વ્યક્તિગત ઓળખ અને માન-સન્માન-લગ્ન પતિ સાથે જોડાયેલું હોય છે એટલે તેમાં કોઈ ખરાબી હોય તો સ્ત્રી એને પોતાની અંગત નિષ્ફળતા માને છે.


ઝરીના વહાબ

ફિલ્મો જેવા ગ્લેમરસ અને લોકપ્રિય વ્યવસાય સાથે જોડાયેલી સ્ત્રીઓ માટે તો આ વધુ મુશ્કેલ છે, કારણ કે સામાન્ય સ્ત્રી વિશે તો કદાચ ગલી-મહોલ્લા કે એના સમાજના લોકો કાનાફૂસી કરશે, પણ બોલિવૂડની પત્નીઓ અને પતિઓ તો આખા દેશની નજરમાં હોય છે અને એમનું 'પાપ' છાપરે (અને છાપે) ચઢીને પોકારે છે.

બોલિવૂડમાં તો આમ પણ એવો શિરસ્તો છે કે હસતા મોઢે ઘરના કંકાસ છુપાવી રાખવાના. બોલિવૂડમાં વ્યભિચાર તો ઘર-ઘરનો વિષય છે, પણ તેનો ઇનકાર કરતા રહેવાનું પણ એટલું જ જબરદસ્ત ચલણ છે. અહીં, ઘરનો અને (ઘર બહારનો) કચરો કાર્પેટ નીચે સંતાડી રાખવો અપવાદ નહીં, નિયમ છે.

આવી દંભી અને બે મોઢાવાળી દુનિયામાં ઝરીના વહાબ જેવી સ્ત્રીઓ જ્યારે બેબાક રીતે એના પતિનાં કરતૂતોનો એકરાર કરે એટલું જ નહીં, તેને ચલાવી લેવાનાં પોતાનાં કારણો આપે ત્યારે તેના સાહસ અને આત્મવિશ્વાસને સલામ કરવી પડે.

ઝરીનાની નિર્ણાયકતા તો ત્યારે જ નજર આવી ગઈ હતી જ્યારે એણે એનાથી પાંચ વર્ષ નાના આદિત્ય પંચોલીને એક ફિલ્મ સેટ્સ પર મળ્યાના ૧૫ દિવસમાં જ જીવનસાથી તરીકે સ્વીકારવાનો ફેંસલો લઇ લીધો હતો. એ જ ઝરીનાએ હવે લગ્નનાં ૩૮ વર્ષ પછી એના પતિના અનેક વ્યભિચારનો એકરાર કર્યો છે. એટલું જ નહીં, એ એનાથી વિચલિત પણ નથી.

તાજેતરમાં, એક ઇન્ટરવ્યૂમાં ઝરીનાએ કહ્યું હતું, 'અમે મળ્યાના ૧૫-૨૦ દિવસમાં લગ્ન કરી લીધાં હતાં. એ બહુ દેખાવડો હતો. એક ફિલ્મ સીનમાં એણે રડવાનું હતું. રડવાનું શરૂ કર્યું પછી અટક્યો જ નહીં. મેં કારમાં એનો હાથ પકડીને કહ્યું હતું- 'રડીશ નહીં.' તે વખતે એણે મારો હાથ મજબૂતાઈથી પકડી લીધો હતો. ૧૫ દિવસમાં તો અમારાં લગ્ન થઇ ગયાં. ત્યારે લોકોએ કહ્યું હતું કે આ એટલો દેખાવડો છે કે એક અઠવાડિયામાં તને છોડી દેશે....પણ જુઓ, આજે ૩૮ વર્ષ થઇ ગયાં.'


પુત્ર સુરજ અને પુત્રી સાના સાથે ઝરીના-આદિત્ય પંચોલી

લગ્ન પછી આદિત્યના બીજી અભિનેત્રીઓ સાથેના સંબંધો છાપે ચડ્યા હતા, પણ ઝરીનાને ફર્ક પડ્યો નહોતો અને ઉપરથી એ એના માટે તૈયાર પણ હતી. એણે કહ્યું હતું, 'લોકોને એવું લાગે છે કે હું બહુ સ્ટ્રેસમાં છું. એમને લાગતું હશે કે હું રોદણાં રડતી હોઈશ, પણ પરિણીત પુરુષને આરોપી બનાવવો અને એની સાથે સંબંધમાં હોય એ છોકરીને કશું ન કહેવું તે બરાબર નથી, પણ આવું થતું રહે છે. હું તેને ગંભીરતાથી લેતી નથી. મને ખબર છે કે એ ( આદિત્ય) મને પ્રેમ કરે છે અને કોઈની સાથે સંબંધમાં ગંભીર નહીં થાય.'

'એ ઘર બહાર શું કરે છે તેની મને કોઈ પડી નથી,' એવું કહેતાં ઝરીના ઉમેરે છે કે, 'એ ઘરમાં આવ્યા પછી બહુ સરસ પિતા અને પતિ તરીકે વર્તે છે. મારા માટે એટલું જ મહત્ત્વનું છે. એ જો એના અફેરને ઘરમાં લાવતો હોત તો મને ખરાબ લાગ્યું હોત. ઘણા પુરુષ અફેરની સાથે પરિવારને પણ ચલાવે છે. હું જો આવી બાબતોને મન પર લઈને ઝઘડા કરું તો મારે જ સહન કરવાનું આવે. મારે દુઃખી નથી થવું, હું મારી જાતને પ્રેમ કરું છું.'

ઝરીના જેવું વિચારવું અને વર્તવું સામાન્ય સ્ત્રીઓ માટે અઘરું છે. કદાચ એક સ્ત્રી તરીકે ઝરીના માટે પણ એના પતિનાં કારનામાં ચલાવી લેવાનું સરળ તો નહીં જ હોય અને એણે આટલાં બધાં વર્ષો સાથે રહ્યા પછી 'નિસ્પૃહ' રહેવાનું શીખી લીધું હશે.

ઘણી સ્ત્રી સામાજિક સ્ટેટ્સ, લાઈફ સ્ટાઈલ અને બાળકોની સલામતી માટે આદિત્ય પંચોલી જેવા પતિઓને સહન કરી લેતી હોય છે. લગ્નનો એક સમયગાળો થઇ જાય પછી તેને તોડવાનો વિકલ્પ ઉચિત નથી લાગતો. એવું શક્ય છે કે ઝરીના અને આદિત્ય વચ્ચે એવી સમજૂતી થઇ હોય કે એ એના સંબંધોથી લગ્ન કે પરિવારને પ્રભાવિત થવા નહીં દે અને એ બધું આદિત્ય ઘરની બહાર જ રાખશે.

૧૩ વર્ષ પહેલાં પણ એક ઇન્ટરવ્યૂમાં ઝરીનાએ પતિના ઉગ્ર સ્વભાવ અંગે કહ્યું હતું, 'હું એનો દોષ નથી કાઢતી. મને લાગે છે કે તે ઉંમરનું કારણ છે. તમે યુવાન અને લોકપ્રિય હોવ તો બગડી જવાની સંભાવના વધુ હોય છે. આદિત્ય આખાબોલો છે, જે આ ફિલ્મી જગતમાં ડખા ઊભા કરે છે. મારી દીકરી પણ એવી જ છે!'

કેવી રીતે સાથે રહેવું એ તો અંતતઃ પતિ-પત્ની વચ્ચેનો મામલો છે. એમાં બીજા લોકો કે સમાજ કશું કરી ન શકે, પણ એ ઝરીનાની તાકાત જ કહેવાય કે એણે તડતડિયા અને લફરાંબાજ આદિત્ય પંચોલીને વર્ષો પહેલાં જ ઓળખી લીધો હતો અને 'સાચવી' પણ લીધો હતો. એટલું જ નહીં, ઝરીનાએ બિચારી સ્ત્રી બનીને રહેવાનું પણ પસંદ નથી કર્યું એટલા માટે જ એ બેબાક રીતે પોતાની વાત કરી શકે છે. આદિત્ય સાથે કેવી રીતે પનારો પાડવો તેનો આગવો ઝરીનાએ રસ્તો શોધી કાઢ્યો છે.

તે વખતે પણ ઝરીનાએ કહ્યું હતું કે આપણે સૌ જીવનમાં મુશ્કેલીઓમાંથી પસાર થઈએ છીએ, પણ આપણે તેનો સામનો કેવી રીતે કરીએ છીએ તે મહત્ત્વનું છે. 'મારું જીવન કાયમી ખુલ્લી કિતાબ જેવું છે. બધાને ખબર છે કે શું ચાલી રહ્યું છે. બીજા લોકો ઘરની બહાર સુખી હોવાનો ઢોંગ કરે છે પણ ઘરમાં જુદું જ હોય છે. મારું એવું નથી. આદિત્ય હંમેશાં મારી સાથે પ્રમાણિક રહ્યો છે. એ મારી પાસે પહેલાં એકરાર કરે છે. મેં એને ક્યારેય સવાલ નથી કર્યો.'

ઝરીનાએ એની ક્યારેય ઊલટતપાસ લીધી નથી એટલે પતિ પર વધુ દબાવ રહે છે. 'એવું જ કરવું જોઈએ,' ઝરીનાએ કહ્યું હતું, 'પુરુષની જ્યારે ભૂલ હોય ત્યારે એને દોષનો અહેસાસ થવો જોઈએ. હું ભૂતકાળમાં ચોંટી રહેતી નથી. એની કોઈ ડિમાન્ડ નથી હોતી. જે બનાવું તે હસતા મોઢે ખાઈ લે છે. મને કંટાળો આવે કે થાકી જાઉં મને ખુશ કરવા માટે બધું કરી છૂટે છે.'

ઝરીના એક મજબૂત સ્ત્રીનું ઉદાહરણ છે, માનસિક રીતે અને ભાવનાત્મક રીતે. એણે પોતાના લગ્નને એક ચાન્સ આપ્યો છે એટલે જ તે ૩૮ વર્ષ ટકી રહ્યાં છે. એવું નહોતું એને અસર થઇ નહોતી, પરંતુ એણે ધીરજ જાળવી રાખી હતી.'કોઈ રસ્તો બચ્યો ન હોત તો હું જરૂર આદિત્યને છોડી ગઈ હોત...' તેમ એ કહે છે.

એક બાબતમાં ઝરીના સ્પષ્ટ છે કે એ મજબૂરીની મારી આદિત્યની સાથે નથી, પોતાની પસંદગીથી છે. એ કહે છે, 'હું એને પ્રેમ કરું છું એટલે એની સાથે છું, નિર્ભરતાના કારણે નહીં. હું બહુ આઝાદ મિજાજી છું. મારે એકલા રહેવું હોય તો મારી પાસે પૂરતા પૈસા અને મારા નામે સંપત્તિ છે, પરંતુ હકીકત એ છે કે એને છોડી દેવાનો મને વિચાર ક્યારેય નથી આવ્યો..'

બ્રેવો, ઝરીના! ■

ઈકો-સ્પેશિયલ

જયેશ ચિતલિયા
feedback@bombaysamachar.com

# સામાન્ય પ્રજાને જીડીપીના રેટમાં નહીં, મોંઘવારીના દરમાં વધુ રસ...

દેશનો જીડીપી દર અને વિશ્વમાં અર્થતંત્રનો ક્રમ આ બન્ને વિષય મહત્ત્વના ખરાં, પરંતુ એના કરતાં મોંઘવારી, બેરોજગારી, શિક્ષણ અને સ્વાસ્થ્ય ક્ષેત્ર, ઈત્યાદિના બોજ પ્રજા માટે વધુ મહત્ત્વના છે...

તાજેતરમાં દેશના GDP (ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડકટસ-કુલ રાષ્ટ્રિય ઉત્પાદન) ગ્રોથ રેટની ચર્ચા કંઈક જુદી રીતે થઈ રહી છે. સરકાર વિરુધ્ધનો અભિગમ અને ઈરાદો ધરાવતા મીડિયા જીડીપીના આંકડાને પોતાના નકારાત્મક દૃષ્ટિકોણથી મૂલવી રહયા છે, જયારે બીજા મીડિયા હકીકતને યથાવત્ રજૂ કરી રહયા છે કે અર્થતંત્રના વિકાસને બિરદાવી રહયા છે.

આ 'ગ્લાસ અડધો ખાલી છે યા ગ્લાસ અડધો ભરેલો છે' એવી બે જુદી દૃષ્ટિ છે. જોકે આપણે અહીં વાસ્તવિકતાને સમજવાની કોશિશ કરીએ.

આમ તો સામાન્ય માનવીને જીડીપીના આંકડા સમજાતા નથી અને તેની બહુ ફિકર કરવાને બદલે આ કોમન મેન મોંઘવારી-ફુગાવાના આંકડા પર વધુ ધ્યાન આપે છે અને સ્વાભાવિકપણે તેની ચિંતા પણ વધુ કરે છે.

### સામાન્ય પ્રજાની ચિંતા શેમાં?

સરકાર કે સરકારી સંસ્થાઓ તરફથી સમયે સમયે રજૂ થતા આર્થિક આંકડાઓ અને તેના આધારે થતાં દાવાઓમાંથી સામાન્ય માનવીને સૌથી વધુ રસ રિટેલ /છૂટક મોંઘવારીના આંકડામાં પડતો હોય છે કેમ કે આ આંકડો સીધું એની ભોજનની થાળી પર અને એના રોજબરોજના જીવન ધોરણ પર અસર કરે છે.

તાજેતરમાં જીડીપીના આંકડાઓનો આધાર લઇ ઢોલનગારા વગાડીને 'જપાનને પાછળ રાખી ભારત વિશ્વના ચોથા ક્રમની આર્થિક સત્તા બની ગયું.' એવા પ્રચાર-પ્રસારની વાતો થવા લાગી હતી. વાસ્તવમાં આના કરતાં ભારતની પ્રજા પર મોંઘવારીનો બોજ કેટલો ઘટયો યા હજી ઘટશે તેના પર વિશેષ ધ્યાન અપાવું જોઈએ. બીજા શબ્દોમાં, જીડીપીનો ઊંચો કે નીચો દર ઓર ભી ગમ હૈ ઈસ જમાને મેં!

અલબત્ત, દેશે શું વિકાસ કર્યો એ જાણવું અને જણાવવું જરૂરી, પણ એ કરતા શું હાંસલ કરવાનું બાકી છે તેના પર પણ જોર આપવું જરૂરી છે. માની લઈએ કે મોંઘવારી ઘટી, પરંતુ કોના માટે? તેનો લાભ ખરાં ગરીબ વર્ગને કેટલો મળ્યો? મોંઘવારી ઘટે તો તેનો લાભ બધાંને જ એટલે કે અમીર-સમૃદ્ધ વર્ગને પણ મળતો હોય છે, પણ 'એક સાંધે ને તેર તૂટે' એવા લોઅર મિડલ કલાસનું શું? લોકોની અગાઉ કરતાં આવક વધી એવા દાવા પણ થાય છે, પણ સામે ખર્ચ વધ્યા તેનું શું? એવી કેટલીય બાબત છે, જે મોંઘવારીના દરમાં આવતી નથી. અરે, આવક તો પછીની વાત થઈ, પહેલાં બેરોજગારીની ગંભીર સમસ્યા ઊભી છે તેનું શું? જાહેર સુવિધાઓ, સ્વાસ્થ્ય, શિક્ષણ જેવા ક્ષેત્રની શું દશા છે? આજે સામાન્ય માનવી માટે શિક્ષણ અને સ્વાસ્થ્ય ખર્ચ સૌથી વધુ મોંઘા બન્યા છે.




વિશ્વમાં ભારતીય અર્થતંત્રનો ક્રમ આ વખતે જીડીપીના આંકડાને આધારે આપણે વિશ્વના ચોથા ક્રમની આર્થિક સત્તા જપાનને પાછળ રાખીને યુએસ, ચીન અને જર્મની પછીના ક્રમે આવી ગયાં હોવાના ઢોલ પણ પીટાવા લાગ્યાં. આપણા અર્થતંત્રનું કદ ચાર ટ્રિલિયન (ચાર લાખ કરોડ) ડૉલર થઇ ગયું હોવાની વાતો ચાલુ થઈ અને પછી તરત જ સ્પષ્ટતા બહાર આવી કે ભારત તો હજી પાંચમા ક્રમે જ છે. ઉચ્ચ સરકારી અધિકારીએ કહયું કે આપણે ચોથા ક્રમે પહોંચવાની તૈયારીમાં છીએ અને 2025નું વર્ષ પૂરૂ થાય તે પહેલા એમ થઇ જવાની આશા છે ખરી..!

### ટૅરિફની તકલીફો હજી અધ્ધર

હાલ તો યુએસ પ્રેસીડન્ટ ટ્રમ્પની 'ટૅરિફ ઓન... ટૅરિફ ઓફ'ની વાતોએ વિશ્વભરના દેશો અસમંજસમાં છે. ટ્રમ્પની ટૅરિફ પોલિસીનો મુદ્દો અમેરિકન કોર્ટમાં પહોંચ્યો છે ત્યારે ભારત સાથેનાં વેપાર કરારની હજી વાટાઘાટો ચાલે છે. અમેરિકાની ચીન અને બ્રિટન સાથે થયેલી સમજૂતીની પૂરી વિગતો હજી બહાર નથી આવતી, પણ એક વાત નક્કી છે કે વૈશ્વિક અર્થતંત્ર (એમાં ભારત પણ આવી ગયું) ધીમું પડી રહ્યું છે. ભારતીય અર્થતંત્ર બીજાઓની તુલનાએ ફાસ્ટેસ્ટ ગ્રોઈંગ અર્થતંત્ર ગણાય છે અને છે પણ ખરું, તેમ છતાં ભારતે હજી ઘણી સમસ્યાઓ સામે લડવાનું ચાલુ છે અને બાકી પણ છે. આ સમસ્યાઓ નાની કે હળવી નથી, બલકે સમગ્ર પ્રજાને અસર કરતી ગંભીર સમસ્યાઓ છે.

### આર્થિક વિકાસના બે મુખ્ય ક્ષેત્ર

ભારતના આર્થિક વિકાસમાં બે મહત્ત્વના ક્ષેત્રો ખેતીવાડી અને સર્વિસ સેકટર છે. આ બન્ને વચ્ચેનું અસંતુલન ચિંતાનો વિષય છે. 2025ના જીડીપીમાં સર્વીસ સેક્ટરનું યોગદાન ૫૭ ટકા હતું, પણ એ દેશની કુલ વસતિના 30 ટકા લોકોને જ રોજગાર આપે છે.

કૃષિનું આવું યોગદાન માત્ર ૧૬ ટકાનું પણ એ વસતિના ૪૬ ટકાને કામ આપે છે. જીડીપી વધવામાં સર્વિસીસ સેક્ટરનો 7.3% નો ગ્રોથ અને કૃષિનો 5.4%નો વિકાસ દર જોતાં આ અસંતુલન વધે તો દેશમાં સામાજિક સમસ્યાઓ ઊભી થઇ શકે અને ઇક્વિટી રોકાણો પર પણ વિપરિત અસર જોવા મળી શકે.

આમ ભારતે હજી વિકાસની બાબતે લાંબી મજલ કાપવાની છે અને તેમાં આપણો પ્રજા તરીકેનો સકારાત્મક સહયોગ પણ જરૂરી છે. માત્ર ખામીઓ શોધવાથી અને ટીકા કરવાથી કામ નહીં ચાલે. ભારત સરકાર આર્થિક વિકાસ માટે સતત સક્રિય અને પ્રો-રિફોર્મ રહી છે, તેણે છેલ્લાં એક દાયકામાં ભારતની વૈશ્વિક ક્ષેત્રે નવી ઈમેજ અને બ્રાન્ડ ઊભી કરી છે.

ખાસ કરીને ઈમરજિંગ રાષ્ટ્રોમાં ભારત અગ્રેસર છે અને વિકસિત દેશોને હરીફાઈ આપવામાં પણ આગળ વધી રહયું છે. બાકી અત્યારે તો યુએસ જેવી મહાસત્તા સહિત વિવિધ વિકસિત દેશો પણ મોંઘવારી, બેરોજગારી અને આર્થિક પડકારોનો સામનો કરી રહયા છે. આ બધાં સંજોગો વચ્ચે આપણો દેશ વધુ સક્ષમ બનવાની દિશામાં આગળ વધી રહયો છે. આ હકીકત પણ પ્રજાએ ભૂલવી ન જોઈએ. ■

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# વિશ્વની એક માત્ર તરતી ટપાલ કચેરી છે કાશ્મીરમાં!

ઈન્ટરનેટના આગમન સાથે સંદેશ-વ્યવહાર પદ્ધતિમાં આમુલ પરિવર્તન આવી ગયું છે. વોટસઅપ કોલ, વીડિયો કોલ, ઝુમ કોલ વગેરેએ પોસ્ટકાર્ડ, આંતરદેશીય પત્ર, પરબીડિયા, ટેલિગ્રામ અને ટપાલ કચેરીને સંદતર વિસરાવી દીધા છે. આપણામાંથી મોટાભાગનાએ નાના ખખડધજ રૂમથી લઈને મોટી ઑફિસ ધરાવતી પોસ્ટ ઓફિસ જોઈ હશે, પણ કેટલાં જણાએ તરતી ટપાલ પેટી જોઈ છે? ના, ના, આ સદીઓ જૂની વ્યવસ્થાનો ઉલ્લેખ છે. આજે ય દુનિયામાં એક માત્ર તરતું ટપાલ ઘર છે અને એ પણ આપણા ભારતમાં હા, એકદમ સાચું વાંચ્યું તમે.

દુનિયાની એક માત્ર તરતી ટપાલ કચેરી એટલે કે ઓન્લી ફલોટિંગ પોસ્ટ ઑફિસ કાશ્મીરમાં, આપણા કાશ્મીરમાં છે. પૃથ્વી પરના સ્વર્ગ ગણાતા કાશ્મીરને ભલે નાપાક-નાલાયક પાકિસ્તાની આતંકવાદીઓ નર્ક બનાવવા માટે માથા પછાડી રહ્યા છે પણ એ કામ શક્ય જ નથી. પોતાના અદ્ભુત કુદરતી સૌંદર્ય માટે વિશ્વભરમાં જાણીતા કાશ્મીરમાં ઊંચા-ઊંચા પર્વતો, બરફ, લીલીછમ ખીણો, બરફ આચ્છાદિત સ્થળો, તળાવો, પ્રાચીન મંદિરો અને મનમોહન બગીચા છે. આ બધા કરતાં ય એક વિશિષ્ટતા સમા દાલ લેકમાં છે આપણી આ તરતી ટપાલ કચેરી.







ઘણાંને સવાલ થાય છે કે આજના ઈન્ટરનેટ યુગમાં હવે ટપાલ કચેરીની શી જરૂરત? સમસ્યા સવાલમાં નથી સવાલ કરનારની સમજમાં છે. કાશ્મીર જેવા હવામાનને લીધે ઘણીવાર મુશ્કેલ બની જતા સ્થળ માટે આ ટપાલ કચેરી અત્યંત ઉપયોગી છે. આ કચેરીનો સ્થાનિકો ટપાલ મોકલવા, મેળવવા, નાની બચત કરવા સહિતનો ઉપયોગ કરે છે. એટલું જ નહીં, નજીકના સી.આર.પી.એફ. (સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ)ની છાવણીના જવાનો સતત જોખમભરી જિંદગી વચ્ચે આ ટપાલ કચેરી થકી સ્વજનો સાથે સંપર્કમાં રહી શકે છે.

આ ઉપરાંત તરતી ટપાલ પેટી દેશ-વિદેશના પર્યટકોના આકર્ષણનું પણ કેન્દ્ર બની ચૂકી છે. એમાંય સોશ્યલ મીડિયા પર પોસ્ટ મૂકવાના શોખીનો અને રિલ્સ બનાવવાના બંધાણીઓ માટે આ તરતું ગોળનું ગાડુ છે.

એવું મનાય છે કે હાઉસબોટમાં પોસ્ટ ઑફિસ લગભગ ૨૦૦ વર્ષથી ચાલે છે. એની શરૂઆત અંગ્રેજોના જમાનામાં થઈ હતી. અગાઉ એ નહેરુ પાર્ક પોસ્ટ ઑફિસ, તરીકે ઓળખાતી હતી, પરંતુ ૨૦૧૧માં તત્કાલીન ચિફ પોસ્ટ માસ્ટર જોહન સેમ્યુઅલે એના નવસર્જનની પહેલ કરી. એ નામને બદલીને એનું નામ ફલોટિંગ પોસ્ટ ઑફિસ કરી નખાયુઃ ૨૦૧૧ના ઑગસ્ટમાં આ પોસ્ટ ઑફિસના ટપાલ ટિકિટ સંગ્રહાલયનું ઉદ્ઘાટન તત્કાલિન મુખ્ય પ્રધાન ડૉ. ફારુખ અબ્દુલ્લા અને કેન્દ્રીય દૂરસંચાર પ્રધાન રાજેશ પાઈલટે કર્યું હતું. આજે આ ટપાલ કચેરી ૨૪ કલાક કાર્યરત હોય છે. અહીં આવતી સ્થાનિકોની ટપાલ પહોંચાડવા માટે ટપાલીઓ શિકારાનો ઉપયોગ કરે છે.

આ ફલોટિંગ પોસ્ટ ઑફિસમાં બે રૂમ છે. એકમાં એની રોજિંદી રૂટિન કામગીરી ચાલતી રહે છે. બીજા રૂમમાં જમ્મુ-કાશ્મીર રાજ્યના ટપાલ ખાતાના ઈતિહાસને વર્ણવતું મ્યુઝિયમ છે. આમાં રાજ્યના ઈતિહાસ અને સંસ્કૃતિને પ્રતિબિંબિત કરતી કાશ્મીરી ચટાઈ, શાલ અને અન્ય ચીજો મુકાયેલી છે. આ ઉપરાંત ખાસ પોસ્ટકાર્ડ અને સ્પેશ્યલ ટપાલ ટિકિટ પણ રખાઈ છે.

ઘણાં પર્યટકો આ ટપાલ કચેરીમાંથી પોતાના ઘરે પત્ર મોકલે છે કે જેથી વિશ્વની એકમાત્ર ફલોટિંગ આ પોસ્ટ ઑફિસના સિક્કા સાથેની ટપાલ યાદગીરી બનીને પોતાના સંગ્રહને શોભાવે. અમુક તો એવું પ્લાનિંગ કરે કે પોતે દાલ લેક પહોંચે ત્યારે પોતાને હાથોહાથ ટપાલ મળી જાય.

કાશ્મીરમાં વિશિષ્ટતા અનેક છે, સૌંદર્ય અદ્ભુત છે, પણ આતંકવાદીઓ, ઘૂસણખોરી, ખંધા રાજકારણીઓ અને ગેરમોર્ગ દોરવાયેલા ઘણાં સ્થાનિકોને એનું મહત્ત્વ સમજાતું નથી. કાશ્મીર ભારતની આન, બાન અને શાન છે. ત્યાંનાં તોફાની તત્ત્વોને નેસ્તનાબૂદ કરવા માટે આપણા જવાનો શહાદત વહોરે છે, લોહી વહાવે દે પણ નાદાન પાડોશી સાબિત કરી ચૂક્યો છે કે હમ બાતો સે માનનેવાલે યા સમજનેવાલે નહીં હૈ. પાકિસ્તાનીઓ જેને લાયક છે એ કરી બતાવવાનો, ને કાયમ માટે સમસ્યા ઉકેલી નાખવાનો સમય આવી પહોંચ્યો છે.

આપણે ત્યાર પછી જ ફલોટિંગ પોસ્ટ ઓફિસ જોવા જોવું છે ને?■

સ્પોટ લાઈટ

મહેશ્વરી
feedback@
bombaysamachar.com

# દીકરી જ માની પીડા ભૂલી જાય ત્યારે...

મંગળવારે જેઠ સુદ પૂનમ છે. આ દિવસે પરણેલી સ્ત્રીઓ પતિના લાંબા આયુષ્ય માટે તેમ જ ઘર - પરિવારની સુખ - સમૃદ્ધિ માટે વટ સાવિત્રીનું વ્રત કરે છે. મેં પોતે ક્યારેય આ વ્રત નથી રાખ્યું, પણ ઘણી મહિલાઓને ભક્તિભાવથી વટ સાવિત્રીનું વ્રત કરતા જોઈ છે. એમની શ્રદ્ધા અને સમપર્ણને સલામ. કોલમ લખતી વખતે કોઈનો ફોન આવ્યો ત્યારે વાતચીતમાં આ વ્રતનો ઉલ્લેખ થયો અને ભાંગવાડી થિયેટરના દિવસોમાં એક વયસ્ક કલાકારે એક નાટકમાં વટ સાવિત્રીના વ્રતનો કરેલો ઉલ્લેખ મને યાદ આવી ગયો.

મુંબઈમાં રંગભૂમિ સાથે પારસીઓ જોડાયા હતા એ જ સમયકાળમાં સૌરાષ્ટ્રમાં શ્રી આર્ય સુબોધ નાટક મંડળીની સ્થાપના થઈ હતી. મોરબીના વાઘજી આશારામ ઓઝા અને મૂળજી આશારામ ઓઝા નામના બે ભાઈઓએ સાથે મળી આ નાટક કંપની શરૂ કરી હતી. વાઘજીભાઈ પોતે નાટક લખતા. તેમણે લખેલા પાંચ અંકી નાટક 'ભર્તૃહરિ'ને અફાટ લોકપ્રિયતા મળી હતી. 'આર્ય સુબોધ નાટક મંડળી' એ કવિ ચિત્રકાર ફુલચંદ માસ્તરના 'મહાસતી અનસૂયા' લખાવ્યું અને રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટના 'બુદ્ધદેવ' નાટકની ભજવણી કરી હતી. મંડળીના 'ચંદ્રહાસ' નાટકનો એક ગરબો ખૂબ પ્રસિદ્ધિ પામ્યો હતોઃ ***વટસાવિત્રી વ્રત આજ પૂરણ કરીએ રે; થશે પૂજન વડનું આજ સહિયર સંગે રે!***

કસીનોમાં ચમકેલા નસીબને કારણે મને 'અફલાતૂન' નાટક મળ્યું એની વાત મેં ગયા હપ્તામાં કરી હતી. શુકન - અપશુકન અંગેની માન્યતા ફિલ્મોની જેમ નાટ્ય દુનિયામાં પણ વર્ષોથી જોવા મળી છે. જોકે, હું મુંબઈ પહોંચું એ પહેલા મને આંચકો આપનારી, હલબલાવી નાખનારી એક ઘટના બની. વાત એમ હતી કે હું આફ્રિકા જવા નીકળી ત્યારે મારા ઘરમાં મારી મોટી દીકરી ચેરી એના બાળક અને પતિ સાથે રહેવા આવી ગઈ હતી. ચેરીને ઘર ગોતવાની કડાકૂટમાંથી રાહત મળે અને મારા દીકરા શાંગ્રિલનું ધ્યાન પણ એ રાખે એ હેતુસર આ ગોઠવણ મેં કરી હતી.

આફ્રિકામાં નાટકના બધા શો પતાવી અમે હરી ફરી



રહ્યા હતા અને થોડું ઘણું શોપિંગ કરવાનો આનંદ લઈ રહ્યા હતા. એક દિવસ હું બહારથી પાછી ફરી ત્યારે હું જે જગ્યાએ રહેતી હતી એ પટેલ પરિવારના શ્રીમતીએ મને કહ્યું કે 'મુંબઈથી તમારી દીકરીનો ફોન આવવાનો છે. મને સહેજ ધ્રાસકો પડ્યો. ચેરી કોઈ મુશ્કેલીમાં મુકાઈ હશે? એનું બાળક સાજું માંદું થયું હશે? મારા દીકરા શાંગ્રિલે કંઈ કર્યું હશે?' વિચારો કેડો નહોતા મુકતા. એવામાં ફોનની ઘંટડી વાગી અને સહેજ ધ્રુજતા અવાજે હું બોલી કે 'બોલ ચેરી, શું થયું?' આ સવાલનો ચેરીએ આપેલો જવાબ સાંભળી મારો નિસ્તેજ થયેલો ચહેરો જોઈ મિસિસ પટેલ પણ સહેજ ગભરાઈ ગયા. મેં ફોન મૂક્યો એટલે 'કેમ બહેન, કોઈ પ્રોબ્લેમ?' મેં તરત એમનો હાથ હાથમાં લઈ કહ્યું 'ના, બહેન ચિંતાની કોઈ વાત નથી.'

જોકે, વાત ચિંતાની હતી, આંચકો આપનારી હતી, પણ મિસિસ પટેલ સાથે શેર કરવા જેવી નહોતી. ચેરીએ ફોનમાં કહ્યું કે 'હું જ્યારથી અહીં રહેવા આવી છું ત્યારથી માસ્તર અને એમના પરિવારને પણ મારી પાસે બોલાવી લીધા છે.' માસ્તર, ચંદ્રકાન્ત માસ્તર, મારા પતિ જેમની સાથે જોગેશ્વરીમાં મેં સંસાર માંડ્યો હતો અને એક દિવસ મેં જ ઊભું કરેલું ઘર એમને કારણે છોડી ખાલી હાથે મારે નીકળી જવું પડ્યું એ જ માસ્તરને મારી દીકરીએ ઘરમાં રહેવા બોલાવ્યા હતા. જરાય ખોટું નહીં બોલું, પણ મને એ જરાય નહોતું ગમ્યું. પણ, હું કંઈ કરી શકું એમ નહોતી. તે આવું કેમ કર્યું એમ પણ મેં ચેરીને પૂછ્યું નહીં. જોકે, મને એક વાતનું દુઃખ થયું કે ભૂતકાળમાં માસ્તરે મને જે પીડા આપી હતી, જે હદે મારી હેરાનગતિ કરી હતી એ બધું જાણતી હોવા છતાં ચેરીએ કેમ માસ્તરને ભાવભીનું આમંત્રણ આપી સાથે રહેવા બોલાવ્યા? આ સવાલનો જવાબ મારી પાસે નહોતો.

મુંબઈ આવવા માટે વિમાને ટેક ઓફ કરતાંની સાથે મારું મન તરત પહોંચી ગયું મુંબઈ. ઘરે જઈ માસ્તરના પરિવારનો સામનો કરવાનો, એમની સાથે રહેવાનું... આ બધી બાબત મને અસ્વસ્થ કરનારી હતી. જોકે, હું ઘરે પહોંચી ત્યારે માસ્તર અને એમનો પરિવાર જતો રહ્યો હતો. હું આવું એ પહેલા ચેરીએ જ એમને રવાના કરી દીધા હશે એવું મારું માનવું હતું. જોકે, જે થયું એ સારું જ થયું. હાશકારો અનુભવ્યો.

ત્રણ મહિનાના આફ્રિકાના પ્રવાસ પછી તરત રૂટિનમાં ગોઠવાઈ ગઈ. નિરાંત લેવાનો તો સમય જ નહોતો મારી પાસે, કારણ કે 'અફલાતૂન' નાટકના રિહર્સલમાં જોડાઈ જવાનું હતું. પરેશ રાવલ, મનોજ જોશી અને બીજા બધા કલાકાર પણ નિયમિત આવતા હતા. જોકે, મને નવાઈ એ વાતની લાગી કે નાટકની સ્ક્રિપ્ટ તૈયાર નહોતી. આવા મહારથીઓ કામ કરી રહ્યા હોય ત્યારે સ્ક્રિપ્ટ તૈયાર ન હોય એ વાત મગજમાં બેસે એવી નહોતી, પણ એ વાસ્તવિકતા હતી. રિહર્સલ હોય ત્યારે અમુક સીન લખાઈને આવે અને એટલા રિહર્સલ થાય. હું અને હેમંત ઝા નાટકના મુખ્ય કલાકાર. નાટકનો ભાર અમારા બંનેના ખભા પર હતો. પણ ધીરે ધીરે નાટક આગળ વધી રહ્યું હતું અને એમ કરતા કરતા નાટક ઓપન થવાનો દિવસ આવી પહોંચ્યો.

નાટકનો પહેલો શો ભવન્સ, ચોપાટીમાં રાખ્યો હતો. ઓપનિંગ હતું એટલે હું થિયેટર પર થોડી વહેલી પહોંચી ગઈ. મારી ઈચ્છા ભાઉ સાહેબ - ગિરેશ દેસાઈને મળવાની હતી. કેટલાક વર્ષ પહેલા જૂની રંગભૂમિનું નાટક કરવાની તેમને અદમ્ય ઈચ્છા થઈ હતી ત્યારનો એમની સાથે પરિચય. બહુ જ મળતાવડા સ્વભાવના. એમની સાથે વાત કરવામાં મજા પડે અને કશુંક શીખવા મળે એ છોગામાં. હું તો ગઈ એમની પાસે અને અમે જૂની સ્મૃતિઓ વાગોળી રહ્યા હતા ત્યાં નીરજ વોરા આવ્યો. નીરજ નાટકનું ડિરેક્શન કરતો હતો અને એમાં એક્ટિંગ પણ કરતો હતો. આવીને મને કહેવા લાગ્યો કે 'મહેશ્વરી બહેન, તમારા સીનમાં એક ડાન્સ રાખીએ...' હું સહેજ ચોંકી ગઈ, કારણ કે રિહર્સલ વખતે આવી કોઈ વાત નહોતી થઈ. જોકે, નીરજ વોરા સ્ફુરણાનો માણસ હતો. એને સતત નવું નવું સુઝયા કરે અને યોગ્ય લાગે તો એ નાટકમાં ઉમેર્યા કરે. મેં હા પાડી અને એની પાસેથી ૧૦ મિનિટમાં જ સીન સમજી લીધો. ■

## મોટા ત્ર્યંબક ને નાના ત્ર્યંબક

૧૯મી સદીના અંત ભાગમાં અને વીસમી સદીના પ્રારંભમાં સૌરાષ્ટ્રમાં અનેક નાટક મંડળીઓ અસ્તિત્વમાં આવી. લોકોમાં નાટકો માટે રુચિ કેળવાઈ રહી હતી. આ મંડળીઓમાં 'વાંકાનેર વિદ્યાવર્ધક નાટક મંડળી', 'દ્વારકા નૌતમ નાટક મંડળી', 'હળવદ સત્ય સુબોધ નાટક મંડળી' વગેરે પ્રમુખ હતી. ઓગણીસમી સદીના છેલ્લાં ૨૫ વર્ષમાં સાત નાટક મંડળીઓ અસ્તિત્વમાં આવી હતી. 'આર્ય નૈતિક નાટક સમાજ', 'નાટક ઉત્તેજક મંડળી', 'શ્રી લક્ષ્મીકાન્ત નાટક સમાજ', 'શ્રી રોયલ નાટક સમાજ', 'શ્રી વાંકાનેર આર્ય હિતવર્ધક નાટક સમાજ', 'શ્રી દેશી નાટક સમાજ' અને 'શ્રી મુંબઈ ગુજરાતી નાટક મંડળી'. 'શ્રી વાંકાનેર આર્ય હિતવર્ધક નાટક સમાજ'ની સ્થાપના મોટા ત્ર્યંબક (ત્ર્યંબકલાલ દેવશંકર રાવલ) અને નાના ત્ર્યંબક (ત્ર્યંબકલાલ રામચંદ્ર ત્રવાડી)એ કરી હતી. આ કંપનીને લેખક તરીકે કવિ નથુરામ મળ્યા હતા. દિવાળી નિમિત્તે ભજવાયેલું કવિ નથુરામ સુંદરજી શુક્લનું નાટક 'નરસિંહ મહેતા' આ કંપનીનું અવ્વલ દરજ્જાનું નાટક બની રહ્યું. 'નરસિંહ મહેતા' નાટકને ભરપૂર લોકપ્રિયતા મળી હતી. નાના ત્ર્યંબક તરીકે નામના મેળવનારા અભિનેતાએ નરસિંહનું પાત્ર ભજવી રસિકોની દાદ મેળવી હતી. ગાયકી પર એમની સારી હથોટી હતી. ત્યારબાદ ઐતિહાસિક નાટક 'શૂરવીર શિવાજી' રજૂ કરવામાં આવ્યું હતું. આ નાટકને પણ એટલી જ પ્રસિદ્ધિ મળી હતી. આ બધી નાટક કંપનીઓમાં સૌથી લાંબું આયુષ્ય 'શ્રી દેશી નાટક સમાજ' કંપનીએ ભોગવ્યું હતું. ■

---

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે

સમીર જોશી
feedback@
bombaysamachar.com

# એક વિજેતા બ્રાન્ડનો હર્ષનાદ : 'ઈ સલા કપ નામદુ' !

**IPL**ની ૧૮મી સિઝન મંગળવારે પૂરી થઇ. બેંગલોરની ટીમ ફાઈનલી કપ જીતવામાં સફળ રહી. વિરાટ કોહલીના નામ સાથે IPL ટ્રોફી પણ જોડાઈ ગઈ. એની આંખોમાં જે રીતે આનંદનાં આંસુ ઊભરાઈ આવ્યાં, એ જે રીતે પત્ની અનુષ્કાને ભેટ્યો, ડીવિલર્સ અને ગેલ જેવા ખેલાડીને નિવૃત્તિ પછી પણ વિજયના જશ્નમાં યાદ કરી સાથે રાખ્યા.... આવી ઘણી વાતો બેંગલોરને એક સફળ અને સશક્ત બ્રાન્ડ બનાવે છે. IPL વર્ષે દર વર્ષે મોટુ સ્વરૂપ લઇ રહી છે અને તેની સાથે જોડાયેલી ટીમ્સ પણ પોતાનું વેલ્યુએશન વધારી રહી છે. આશ્ચર્યની વાત છે કે ના કોઈ પ્રોડક્ટ કે સર્વિસ છતાં આટલું મોટુ વેલ્યુએશન... આ છે એક કોન્સેપ્ટનો ખ્યાલ વિભાવનાની કમાલ.... આજે IPL વૈશ્વિક સ્તરની બ્રાન્ડ બની છે. સફળ બ્રાન્ડ હંમેશાં કશુંક નવું કરતી રહે છે, જેથી તે તેના કન્ઝ્યુમર સાથે સતત જોડાયેલા રહે. ટેક્નોલોજીનો ઉપયોગ, 'ચંપક' નામક રોબોટિક ડોગ, વિવિધ ભાષાઓમાં કોમેન્ટ્રી, ડોટ બોલને પર્યાવરણ સાથે સાંકળવું, ટીમના માલિકોને બંધ બારણે ના રાખીને એમને લોકો સમક્ષ લાવવા, એમના અભિપ્રાય, લાગણી, ખુશી, નારાજગી જાહેરમાં દર્શાવા દેવી, ઈત્યાદિ બીજી વાતો, જે વર્ષના બે મહિના સુધી લોકોના દિલોદિમાગ પર છવાયેલી રહે છે. આ ઇવેન્ટ વેપારીઓને




અને બ્રાન્ડને ઘણી બધી વાતો શીખવી જાય છે કે કઈ રીતે તમારી બ્રાન્ડને તમારા કન્ઝ્યુમરના દિલોદિમાગમાં જીવંત રાખવી.

આજે બ્રાન્ડ ' રોયલ ચેલેન્જર્સ- બેંગ્લોર'ની વાત પણ કરીયે, કારણ કે આ એક બ્રાન્ડ છે જે આપણને બીજી અનેક વાત શીખવી જાય છે. 'ધીરજના ફળ મીઠા' કહેવતને એ ટીમે સાર્થક કરી. આનો મતલબ તે નથી કે તમે પ્રયત્ન ના કરો. આ ટીમે કમાણી પણ કરી છે સાથે સાથે પોતે સેવેલી આશા પણ નથી છોડી. એ ટીમ સતત પોતાની ભૂલોમાંથી શીખતી રહી અને પોતાના અભિગમને સુધારતી રહી. બ્રાન્ડ માટે કંસિસ્ટંસી સુસંગતતા જરૂરી છે. નવી વાત ઉમેરતા રહો.

તમારી બ્રાન્ડ પાસે એક હીરો પ્રોડક્ટ હોવું જોઈએ, જેના માટે લોકો તમારી તરફ આકર્ષાય. એની સાથે બીજા પ્રોડક્ટ પણ એવા રાખો, જે આ હીરો પ્રોડક્ટ સાથે રહી લોકોની આંખમાં આવે અને લોકો તેને પણ ખરીદે. ક્રોસ અને અપ સેલનો કોન્સેપ્ટ અપનાવો. વિરાટ કોહલીની સાથે સાથે તમે જો જોશો તો હરેક મેચમાં નવા નવા પ્લેયરો ઝળક્યા. જયારે બધા પ્રોડક્ટ પર લોકોની નજર જશે ત્યારે રેવન્યુ વધવાની શરૂઆત થશે અને વેલ્યુએશન માટે પણ આ કામ લાગશે.

બદલવાની ક્ષમતા- ચેન્જ લાવવો જરૂરી છે. જયારે અમુક ચીજ ના ચાલતી હોય તો અલગ તરીકાઓ શોધવા જરૂરી છે. અમુક નિર્ણયો તેવા લેવા જે લોકોને આશ્ચર્યમાં મૂકી દે. રિસ્કી હોઈ શકે પણ કદાચ પરિણામ તમારી તરફેણમાં પણ આવી શકે. રજત પાટીદારને કેપ્ટન બનાવી ટીમના સંચાલકોએ આ સાબિત કર્યું.

આજના કોન્ટેન્ટના જમાનામાં સતત તમારા ઑડિએન્સની સાથે રહેવું જરૂરી છે. આ બધી ટીમ આખા વર્ષ દરમ્યાન પોતાના ફેન્સની સાથે સંબંધ જાળવી રાખે છે - નહિં કે સિઝન થી સિઝન. આ અગત્યનો મુદ્દો છે, જે બ્રાન્ડે શીખવા જેવો છે, તમારી બ્રાન્ડનું ફેન ફોલોઇંગ વધારો. બધી ટીમ આ વાત જાણે છે, પણ બેંગ્લોરે અમુક રીતે પોતાને આ વાતોમાં આગળ રાખી છે. માર્કેટિંગનું એક પાસું એટલે તમે કોની સાથે જોડાયેલા છો,જેને એસોસિએશન કહે છે. બેંગ્લોર પાસે પહેલેથી મોટાં નામ જોડાયેલા છે જેમ કે વિરાટ, ગેલ, ડિવિલિયર્સ. વાત ફક્ત એમને લેવાની નથી પણ વર્ષો સુધી પોતાની સાથે રાખવાની છે. આ ઉપરાંત આખા વર્ષ દરમિયાન એ લોકો પોતાને, વિવિધ વાતોથી લોકો સાથે જોડાયેલા રાખે છે. તે પછી ટુર્નામેન્ટ પહેલાની અનબોક્સ પાર્ટી હોય, સ્ટેડિયમમાં લોકોને આનંદિત કરતી ગેમ હોય કે પછી પોતે શરૂ કરેલા કેફે હોય અથવા જે લેજેન્ડ પ્લેયર નિવૃત્ત થાય ત્યારે એમની સાથે થતી પ્રવૃત્તિઓ હોય. આવી બધી વાત ટીમને એના ખેલાડીઓને પ્રેક્ષકો સાથે જોડી રાખે છે અને તેના થકી આજે 'રોયલ ચેલેન્જર્સ' રમતગમત જગતની સોશિયલ મીડિયા પર સૌથી વધુ ફોલો થતી છઠ્ઠી બ્રાન્ડ છે.

સૌથી મહત્ત્વનું તમારી બ્રાન્ડ જ્યાંની છે ત્યાંના કલ્ચર સાથે, ભાષા સાથે, લોકો સાથે એમના બનીને રહો. ૧૮ વર્ષથી બધી ટીમોએ આ શીખવ્યું છે. ચેન્નાઇ સુપર કિંગનું 'થાલા' હોય કે પછી બેંગલોરનું 'ઈ સલા કપ નામદુ.' આજે ડિજિટલના જમાનામાં ત્યાંની ભાષામાં, ત્યાંની રહેણીકરણી પ્રમાણે બ્રાન્ડ એના જેવી બને એ જરૂરી છે.

આમ બ્રાન્ડ 'રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર' એક સફળ બ્રાન્ડ ત્યારે બની જયારે બેંગ્લોરે પોતાને માત્ર એક સ્પોર્ટ્સ ટીમ કે ક્લબ ન ગણતા એક લાઇફસ્ટાઇલ બ્રાન્ડ તરીકે પોઝિશન કરી. આ એનો માસ્ટર સ્ટ્રોક હતો. આજે તે એક લાઇફસ્ટાઇલ બ્રાન્ડ તરીકે ઓળખાય છે અને નહિં કે ફક્ત સ્પોર્ટ્સ બ્રાન્ડ.

કહેવાનું તાત્પર્ય તે છે કે સમજી- વિચારી વ્યૂહરચના બનાવવામાં આવે છે ત્યારે તમે હાર જીતથી પરે, માર્કેટ લીડરથી પરે, નફાની પરે એક વેલ્યુએબલ બ્રાન્ડ બનો છો. ખરા અર્થમાં જેને માર્કેટિંગની ભાષામાં કહેવાય છે તેમ લવડ બ્રાન્ડ- લોકોની ચાહિતી બ્રાન્ડ તરીકે સ્થાપિત થાવ છો.

આ ફાઈનલ શરૂ થઈ એ પહેલાં બેંગ્લોર ટીમના ચાહકો કહેતા હતા : 'કપ આવવા દો..આવવા દો' અને વિજેતા બન્યા પછી હવે આખું કર્ણાટક ગર્વથી કહે છે :

'ઈ સલા કપ નામદુ...! આ વર્ષે કપ હવે અમારો થયો!' ■

---

વિશેષ પ્લસ

ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback@
bombaysamachar.com

# વરસાદ એટલે...



મનિષા કનોજિયા

વરસાદ આવે એટલે કવિ જગદીપ વિરાણીની આ પંક્તિ યાદ ન આવે એવું બને જ નહીં. જગદીપ વિરાણી એટલે પ્રકૃતિના કવિ. પ્રકૃતિમાં વરસાદ, પહાડ, આકાશ, તારા, ફૂલો. તેઓ એની આજુબાજુ જ કવિતા રચતા હતા. જેમકે...

***'ડુંગર માથે ઝળુંબિયો પેલો મેહુલિયો વણઝારો રે,***
***ધીરે ધીરે આવ્યો રે આકાશે કામણગારો રે'***

## વરસાદ કોને ન ગમે?

વરસાદ સાથે આપણી કોઈ ને કોઈ યાદ જોડાયેલી હોય છે. એ પછી ભૂતકાળની હોય કે પછી વર્તમાનની...ઘણા લોકો વરસાદની રાહ જોતા હોય કે વરસાદ આવે તો ક્યાંક ફરવા જઈએ. સ્થાન પણ નક્કી જ હોય છે. માત્ર એક ફોન કોલ અને ગાડી સાથે તૈયાર. કોઈકને વરસાદમાં ભીંજાવા જવું છે તો કોઈકને ચા અને ભજીયા ખાવા જવું છે. કોઈક એક ચોક્કસ વ્યક્તિ સાથે, અથવા તેની યાદો સાથે, કે પોતાની સાથે , કે મિત્રોના ટોળા સાથે. બસ જવું છે. વરસાદમાં ભીંજાવા.

જેમ સિક્કાની બે બાજુ હોય તેમ દરેક પરિસ્થિતિની બે બાજુ હોય. વરસાદની બીજી સાઈડ જોઈએ તો મુંબઈ તરબતોળ, ટ્રાફિક જામ, ટ્રેનો બંધ, સ્કૂલ કોલેજ બંધ, રોગચાળો, કાર પાણીમાં ફસાઈ જાય એવી મુશ્કેલીઓ. મુંબઈ સમાચારે અમુક ગુજરાતી નાટક અને ફિલ્મ જગતના કલાકારો સાથે વાત કરી કે તેમને વરસાદનો અનુભવ કેવો થાય છે. જે પડદા પર ગ્લેમરસ રોલ કરે છે તે એક સામાન્ય વ્યક્તિ જ છે. તેમને પણ આપણી જેમ જ રોજ બરોજની લાઈફમાં જે નાના મોટા પ્રોબ્લેમ્સ આવે છે તે તેમને પણ ફેસ કરવા જ પડે છે. ચાલો જાણીએ તેમના અનુભવો વિશે.

'મેરી આશીકીની' વૈશાલી ચાચી, 'કે કુસુમની' અરુન્ધતી ચાચી એટલે કે, મનિષા કનોજિયાને વરસાદ ખૂબ જ ગમે છે.

***વરસાદ એટલે, ગરમા ગરમ મસાલેદાર ખાવાનું***
***વરસાદ એટલે, જૂનાં હિન્દી ગીતો***
***વરસાદ એટલે, ઓવરઓલ બ્રાઇટ લુક***

મનિષા વરસાદને વાગોળતા કહે છે કે, મને ૨૦૧૯ પહેલાનો વરસાદ ખૂબ જ ગમે છે કે જયારે કોઈ મેટ્રો માટે કન્સ્ટ્રક્શન નહોતું ચાલતું, કે જયારે ઘરમાંથી નીકળતી વખતે વિચારવું નહોતું પડતું કે કેવી રીતે ટ્રાવેલ કરશું. બસ નીકળી પડવાનું વરસાદમાં ભીંજાવા. પહેલો વરસાદ આવે એટલે અમે વરલી સી ફેસ પર છત્રી અને રેઇનકોટ લઈને જતાં પણ છત્રી અને રેઇનકોટ પહેરવાના નહિં. વડા પાંઉ અને ભુટ્ટો ખાતા ખાતા માત્ર વરસાદ માણવાનો.

વરસાદમાં શું ખાવું ગમે તે જણાવતા મનિષા કહે છે કે, મને ખાવાનાનો ખૂબ જ શોખ છે અને સાથે સાથે નવી રેસિપીઝ ઇન્વેન્ટ કરવાનો પણ એટલોજ શોખ છે. મારા વ્યવસાયને કારણે મારે ડાએટ ફોલો કરવું જ પડે છે. તેથી હું ઘરમાં જ કંઈક બનાવું કે જે જન્ક ફૂડનું હેલ્થી વર્ઝન હોય. જેમકે, હું બેક્ડ વડા પાંઉ બનાવું છું. વરસાદમાં જો કાંદા ભજિયા ખાવાનું મન થાય તો, અપ્પે પેનમાં બનાવું કે જેમાં તેલ માત્ર નામનું જ હોય. સૌથી મજાની વાત તો એ છે કે, મનિષાને વરસાદમાં ચા કે કોફી પીવી નથી ગમતી, પરંતુ મસાલા હોટ ચોકલેટ પીવાનું પ્રિફર કરે છે. મનિષા ભાર મુકતા કહે છે કે, જો વરસાદમાં મારા ઘરે કોઈ મિત્ર આવે તો ખાસ તેમને હું આ મસાલા હોટ ચોક્લેટ પીવડાવું છું કે જેમાં સ્વીટનર તરીકે હું 'નોલેનગુર' એટલે કે ખજૂરનો ગોળ નાખું છું જે હું ખાસ કલકત્તાથી મંગાવું છું અને તેની સાથે કોકો પાવડર, જાયફળ, તજ, લવિંગ, ખમણેલું આદુ વગેરે. વરસાદને કારણે જો શરદી ઉધરસ થયા હશે ને તો મસાલા હોટ ચોકલેટ પીવાથી સારું લાગશે.

વરસાદમાં ક્યાં ફરવા જવું ગમે તે જણાવતા મનિષા કહે છે કે, 'કામની વ્યસ્તતાને કારણે હું માત્ર વરસાદ માણવા નથી જઈ શકતી. અમારી જે નાટકની ટુર થાય તેમાં જ હું વરસાદને માણી લેતી હતી, પરંતુ આજે જો કોઈ મને પૂછે કે વરસાદ માણવા ક્યાં જવું છે તો મારો જવાબ હશે કે ઘરની બાલ્કનીમાં બેસીને જૂનાં હિન્દી ગીતો સાંભળતા સાંભળતા મારે વરસાદને માણવો છે. હવે એટલી સેફ જગ્યા રહી નથી કે જ્યાં મન મૂકીને વરસાદ એન્જોય કરી શકાય. આટલું અસહ્ય પ્રદૂષણ, કન્સ્ટ્રક્શન, ટ્રાફિક એમાં કોણ ઘરમાંથી બહાર નીકળે.

મનિષા તેમની વાત પૂરી કરતા કહે છે કે, વરસાદનું સ્વરૂપ તો ઘણું બદલાઈ ગયું છે, પરંતુ જે એક વસ્તુ નથી બદલાણી તે મારું મોન્સૂન શોપિંગ. મને દર વર્ષે વરસાદમાં કલરફુલ ચપ્પલ અને છત્રી લેવી ખૂબ જ ગમે છે. અને જો મારી હાઉઝ હેલ્પર મને કહે કે મેડમ આ તો બહુ સરસ છે તો હું ઓનલાઇન તેમની માટે મંગાવી તેમને ગિફ્ટ કરું. મારા આખા સ્ટાફ પાસે વરસાદની એક્સેસરીઝમાં લેટેસ્ટ કલેક્શન હોય. ■



ચિરાગ વોરા

પાર્લા વેસ્ટમાં રહેતા ફ્રીડમ એટ મિડનાઇટમાં ગાંધીનું પાત્ર ભજવનાર ફિલ્મ અને નાટકના કલાકાર ચિરાગ વોરાને વરસાદ ખૂબ જ ગમે છે.

***વરસાદ એટલે, ભીંજાવું***
***વરસાદ એટલે, માટીની સુગંધ***
***વરસાદ એટલે, ચા અને ભજિયા***

તેઓ જણાવે છે કે, વરસાદમાં ભીંજાવું તો પડે જ. હું મારી વાઈફ અને મારો દીકરો અમે બધા જ વરસાદમાં એક કે બે વખત તો ભીંજાઇ એ જ. અમે પાર્લા રહીએ છીએ એટલે વરસાદમાં ભીંજાતા ભીંજાતા મીઠીબાઇ કોલેજના વડા પાંઉ અને ચા પીવાની મજા જ કૈંક અલગ છે. નિયમિત રીતે મિત્રો સાથે મરિન લાઇન્સની ડ્રાઇવ પર જવું અને ઘરમાં કે બહાર કાંદાના ભજિયા તો ખાવાના જ.

વરસાદને વાગોળતા ચિરાગ જણાવે છે કે, 'મારો દીકરો ૪ વર્ષનો છે. હું વરસાદમાં મારું બાળપણ પાછું જીવું છું જેમકે, કાગળની હોડી બનાવવી કે વરસાદમાં ભીના થતાં થતાં ગિલ્લી ડંડો કે ફૂટબોલ રમવું કે પછી ભીની માટીમાં માત્ર સળિયા ન ખુંપાવાના હોય. પરંતુ હવેનો વરસાદ જેનું કઈ ઠેકાણું જ નથી હોતું કે આપણે ઘરની બહાર કેટલા સેફ છીએ એટલે અમે ઘરમાં રહીને ઇન્ડોર ગેમ્સનો આનંદ માણીએ છીએ.'

વરસાદ સાથેના બે પ્રસંગો વાગોળતા ચિરાગ જણાવે છે કે, 'જ્યારે હું મલાડમાં રહેતો હતો ત્યારે અમારા ઘરની બાજુમાં બેડમિન્ટનનો કોર્ટ હતો. એ કોર્ટમાં પાણી ભરાતું અને અમે બધા એ પાણીમાં રમતા. વધારે પાણી ભરાય તો તેમાં લીલ પણ થઇ જાય. અને તે લીલમાં હું ચત્તોપાટ પડ્યો અને મને ભમ્મર પર વાગ્યું કે જેની નિશાની હજી પણ છે.'

અને બીજો અનુભવ ૨૬ જુલાઈ ૨૦૦૫નો કે એમાં તો એમ જ થઇ ગયું કે અમે ઘરે પહોંચશું કે નહિ. વિસ્તારમાં વાત કરતા ચિરાગ જણાવે છે કે, 'અમે દેવના દીધેલ નાટક કરવા કલકત્તાથી મુંબઈ આવી રહ્યા હતા. ટ્રેનમાં સમાચાર આવી ગયા હતા કે મુંબઇમાં ખૂબ જ વરસાદ છે અને કલ્યાણમાં તો બ્રિજની ઉપર પાણી આવી ગયા છે. અમારી ટ્રેનને કસારા ઘાટ પર ૨૪ કલાક ઊભી કરવામાં આવી. લો પાવર સપ્લાયના કારણે ૩ ટાયર એસીના દરવાજા ખોલવા પડ્યા, મોબાઈલની બેટરી ડાઉન, ફોરચ્યુનેટલી અમારી ટ્રેન પ્લેટફોર્મ પર જ હતી એટલે ખાવાનું અમને મળી રહ્યું. બધાં જ ફોન બંધ થઇ ગયા હતા, માત્ર મારો જ ફોન ચાલુ હતો. મુંબઈમાં પણ બધાંના ફોન બંધ થઇ ગયા હતા. મેં મારા મિત્રને ફોને કર્યો અને તેણે મારા ઘરે જઈને મારા ફેમિલીને જણાવ્યું કે હું સલામત છું. ત્યાર બાદ એવા સમાચાર આવ્યા કે આ ટ્રેન ભારે વરસાદને કારણે મુંબઈ નહીં જાય, પરંતુ પાછી કલકત્તા જશે. તે પછી ઈગતપુરી સ્ટેશન પર ૧૨ કલાક ટ્રેનમાં કાઢ્યા. ત્યાર બાદ અમારી આખી ટીમ નાસિક ઊતરી ગઈ અને નાસિકથી ૫ ટેક્સી કરી અમે વિરાર પહોંચ્યા. વિરારથી અમારા મિત્રના મમ્મીએ બસની વ્યવસ્થા કરી હતી તેમાં બેસી અમે સહુ ઘરે પહોંચ્યા. કલકત્તાથી મુંબઈ આવતા જે ૩૬ કલાક થયા તેના બદલે અમે ૮૦ કલાકે ઘરે પહોંચ્યા.

આવી તો કેટલી સારી નરસી યાદો છે વરસાદની, પરંતુ જયારે પણ વરસાદ આવે ને એટલે એમ થાય કે, ચાલ ફરી ભીંજાઈ જઈએ, ચાલ ફરી શૈશવને માણી લઈએ. ચાલ ફરી જીવી લઈએ તે ક્ષણને... ■

આજે આટલું જ
શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# યુસુફભાઇ! તમે હોત તો...



આમ નામ યુસુફ બુકવાલા. પણ યથાર્થ નામ યુસુફ ગઝલવાલા... અને ખાસ તો મુક્તકવાલા. જનાબ યુસુફ બુકવાલાનો એવો ભવ્ય દબદબો ગુજરાતી ગઝલમાં. મુક્તક વિષે તો કહી જ શકાય કે એમના મુક્તક બેજોડ રહ્યાં છે.

સદાના સૌમ્ય, જીવનનો વિનમ્ર વિનિયોગ અને અન્યાયને પણ પરમાત્માનો અલગ રીતનો ન્યાય સમજીને જીવનાર યુસુફસાહેબે ક્યારેય કોઇ પણ જગ્યાએ પોતાની જાત લાદી નહીં... અને કદાચ એ જ કારણથી ગુજરાતી ગઝલનું એ જરાક ઓછું પૂજાયેલું મંદિર રહ્યા. છેલ્લાં ત્રીસ વર્ષથી જે પેઢીઓની પધરામણી ગુજરાતી ગઝલમાં થઇ એમને તો કદાચ ખ્યાલ પણ નહીં હોય કે એક વખત એક યુસુફ બુકવાલા હતા ગુજરાતી ગઝલમાં જેમણે મા ગુર્જરીને અદ્ભુત મુક્તકના શૃંગાર ધર્યા છે. ૧૯૯૪માં આ સંગ્રહની બહુ જ પ્રાથમિક કક્ષાની છપાઇ સાથેની પહેલી આવૃત્તિ (એ પણ પાછી હરીન્દ્ર દવે અને કૈલાસ પંડિતની સર્જનાત્મક સુંદર નોંધ સાથે) પ્રગટ થઇ એના ૮-૧૦ દિવસમાં યુસુફભાઇએ વિદાય લીધી. તે ઠેઠ ૩૧ વરસ પછી ૨૦૨૫માં અત્યંત રૂપકડા રૂપાળા આકાર સાથે બીજી આવૃત્તિનું પ્રકાશન થઇ રહ્યું છે, યુસુફ જન્મશતાબ્દીને બીજી કઇ રીતે ઉજવી શકાય?

ખાસ તો આ પ્રકાશન ગઝલના અસલ સુખનફહેમ, રસિયા અને નવલોહિયા ગઝલ ખેડુઓને યુસુફ બુકવાલાનો ચિતાર આપવા માટે છે.

ગુજરાતી ગઝલના અલ્પપ્રસિદ્ધ અને અતિસિદ્ધ શાયર જનાબ યુસુફ બુકવાલાને સૌ અસલ ગઝલપ્રેમીઓ તરફથી પાયલાગણ અને આરિફ યુસુફ બુકવાલાને આ અતિરમ્ય પરિશ્રમની મુબારકબાદી.

મેં મુશાયરા પ્રવેશ કર્યો ફેબ્રુઆરી ૧૯૭૬માં... વીસમે વર્ષે... મારા સહશાયરો ‘બેફામ’, ‘મરીઝ’, ‘શૂન્ય’, ‘સૈફ’, ‘બકુલ’ લગભગ ૫૫-૬૦ની આસપાસના અને ‘કૈલાસ’, ‘મેહુલ’, ‘દિગંત’ ૩૫ની આસપાસના... અત્યારે મારા પછીની બીજી બે પેઢી ૫૦ની અને ૪૦ની આસપાસની થઇ અને એના પછીની બે પેઢી ૩૦ અને ૨૫ની આસપાસની થઇ. અત્યારની આ હયાત પાંચ પેઢીનો એક મુશાયરો થઇ રહ્યો છે તા. ૧૪ જૂન ૨૦૨૫ની સાંજે યુસુફભાઇ બુકવાલાના સંગ્રહના અનાવરણ નિમિત્તે. ‘મુંબઇ સમાચાર’માં ગઈકાલે જાહેરાત જોઇને જરૂર આવજો રસિયાઓ! સરસ મુશાયરાની હું તમને ખાતરી આપું છું.

યુસુફ બુકવાલાના કેટલાંક પાણીદાર મુક્તકો વગર તો કેમ વિરમી શકાય?!

*મેં નદી પાસેથી માંગી હતી નિર્મળતા મળી;*
*ફૂલ પાસેથી મેં ચાહી હતી કોમળતા મળી.*
*માત્ર હમદર્દીનો યાચક થયો માનવ પાસે*
*શું એ કહેવાની જરૂરત છે કે નિષ્ફળતા મળી!*

***

*સંકુચિત દૃષ્ટિથી કોઇ મને જોયા ન કરે*
*મેં કદી કોઇ કળી સ્પર્શીને કરમાવી નથી*
*લાગણી કંઇક વખત મારી દુઃખી ગઇ છે છતાં*
*મારી આંખોથી મેં શબનમ કદી વરસાવી નથી*

***

*મારા ખોવાએલાં સ્વપ્નાઓ સજીવન કરવા*
*મારી રીતે મારી દુનિયા મેં વસાવી લીધી*
*મારા પડછાયાને મેં મિત્રનું ઉપનામ દીધું*
*મારી એકલતા મેં એ રીતે નિભાવી લીધી*

***

*કદી ઘેરા કદી આછા થતાં આ પડછાયા*
*કદી ટૂંકા કદી લાંબા થતા આ પડછાયા*
*મારું વિતેલું જીવન તો નથી કહેતા ‘યુસુફ’*
*કદી આગળ કદી પાછળ જતાં આ પડછાયા*

***

*જિંદગી વેડફી નાખી મેં તમારા માટે*
*દિલનો છેવટ સુધી બન્નેમાં વિનિમય ન થયો*
*હાય, દુર્ભાગ્ય કે, જીવનની સમીસાંજ સમય*
*તમે મળવા મને આવ્યા ને પરિચય ન થયો*

***

*જેઓ માને છે કે, હારી અમે બાજી જીત્યાં*
*આવા ભ્રમણા ભર્યા કોઇએ વિજય જોયા છે?*
*માત્ર એક કલ્પના છે જીવને બહેલાવાને*
*સાચું કહેજો કદી મૃગજળમાં પ્રલય જોયા છે !*

***

*માંગી માંગીને પ્રભુ પાસે મેં માંગ્યું એવું*
*મારું મૃત્યુ મારે જોવું છે ઘડીભર માટે*
*મને શંકા છે કે અશ્રુ નહીં સારે કોઇ*
*મારા શબ પર મારે રોવું છે ઘડીભર માટે*

***

*ફૂલ ખીલ્યા અને ખરીયે ગયા*
*શ્વાસ થોડા ઘણા ભરીયે ગયા*
*એવા જીવનનો અર્થ કંઇજ નથી*
*આવ્યા જીવ્યા અને મરીયે ગયા.*

***

*તારા સોગન મેં કળીમાંથી સુમન જોયું છે,*
*મેં ઉદય થઇને થતું અસ્ત જીવન જોયું છે,*
*તારું સૌંદર્ય ન દઇ શકશે કદી મુજને ફરેબ*
*તારા બચપણનું મેં નિર્દોષ વદન જોયું છે !*

આજે આટલું જ... ■

ટેક વ્યૂહ
વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

## મોબાઈલ સોફ્ટવેરની અપડેટ...
# કંઈ કરીએ જ નહીં તો શું ફેર પડે?!

દરેક વ્યક્તિએ નવો મોબાઈલ લેતી વખતે એ વાત તો સાંભળી જ હશે કે ચાર્જિંગ થયા બાદ મોબાઇલ સોફ્ટવેર અપડેટ કરી નાખવો જોઈએ. કોઈપણ ડિવાઇસમાં એની ઓપરેટિંગ સિસ્ટમ જુદી જુદી એપ્લિકેશનને રન કરવા માટેની જગ્યા આપે છે- એક માધ્યમ બનાવે છે. મોટાભાગના કેસમાં એવું માનવામાં આવે છે કે સોફ્ટવેર અપડેટ કરવાથી આખો ફોન અપડેટ થઈ જાય છે. ઘણા લોકો આને ફોનઅપડેટનું નામ પણ આપતા હોય છે. હકીકતમાં મોબાઇલની ઓપરેટિંગ સિસ્ટમમાં આવતી ઓટોમેટિક અપડેટને સોફ્ટવેર અપડેટ કહેવામાં આવે છે. જે મોબાઈલ ડીવાઈસને સ્મુથ અને જે તે એપ્લિકેશનને હેંગ થતા અટકાવે છે. ઘણીવાર સોફ્ટવેર અપડેટના ઘણા મેસેજ પણ આવે છે. પછી એક ચોક્કસ સમય બાદ આ સોફ્ટવેર કે એપ્લિકેશનની અપડેટ આવતી બંધ થઈ જાય છે.




આઇફોન હોય કે એન્ડ્રોઇડ, એના સોફ્ટવેર અપડેટ પરથી જાણી શકાય છે કે એ ઓપરેટિંગ સિસ્ટમનું વર્ઝન કયું છે. ખાસ કરીને એન્ડ્રોઇડ સોફ્ટવેરમાં જ્યારે અપડેટ આવે છે ત્યારે જે તે ઓપરેટિંગ સિસ્ટમના નામની સાથે ચોક્કસ નંબર અંકિત કરેલા હોય છે, જે ડિવાઇસના યુનિટ નંબરના અમુક આંકડા સાથે ઓપરેટિંગ સિસ્ટમના નંબરને દર્શાવે છે. આવી અપડેટ આવતા જ્યારે પણ તેને રન કરવામાં આવે છે ત્યારે મોબાઈલ ઓટોમેટિક સ્વીચ ઓફ થઈને પ્રોસેસમાં જતો રહે છે. સંપૂર્ણપણે સ્વીચ ઓફ થયા પછી પાંચથી સાત સેકન્ડમાં ફોન ફરી ચાલુ થાય છે. જેમાં દેખીતી રીતે તો ખ્યાલ નથી આવતો કે, આખરે શું અપડેટ થયું? હકીકતમાં ઓપરેટિંગ સિસ્ટમની કેટલીક ફાઈલ અપડેટ થાય છે, જેમાં જે તે એપ્લિકેશન માટેની સપોર્ટ ફાઇલ પણ આવી જાય છે.

બીજી તરફ ફોનની સ્પીડમાં પણ વધારો થાય છે. જેટલી વખત સોફ્ટવેર અપડેટ નોટિફિકેશન આવે એવા સમયે તાત્કાલિક ધોરણે અપડેટ કરવું જરૂરી હોતું નથી. જ્યારે ફોનનો ખાસ કોઈ લાંબા સમય પૂરતો ઉપયોગ ન હોય એવા સમયે આ અપડેટ કરી શકાય છે, જેમાં ઓપરેટિંગ સિસ્ટમની કેટલીક જરૂરી ફાઈલ ઇન્ટરનેટની મદદથી મોબાઇલમાં ઇન્સ્ટોલ થાય છે. મોબાઈલના જરૂરી સેટિંગ્સને કોઈ જ પ્રકારની હાનિ પહોંચાડ્યા વગર આ સોફ્ટવેર એપ્લિકેશન અપડેટ થાય છે. હા, જ્યારે કોઈ ચોક્કસ એપ્લિકેશનને અપડેટ કરવામાં આવે ત્યારે મોબાઈલના ડેટાને પ્રત્યક્ષ કે પરોક્ષ અસર તો થાય છે.

મોટાભાગના કેસમાં મોબાઇલ જ્યારે નવો લેવામાં આવે ત્યારે આવી સોફ્ટવેર અપડેટ સૌથી વધારે આવતી હોય છે. આવી સોફ્ટવેર અપડેટ ફોન લીધા પછીના બે થી ત્રણ વર્ષ સુધી ચોક્કસ સમયગાળાના અંતે આવે છે. ઘણી વખત બે વર્ષમાં મોબાઇલ અપડેટ આવ્યા બાદ તેને ઇન્સ્ટોલ કરવામાં ન આવે તો એ ડીવાઇસ પૂરતી સોફ્ટવેર અપડેટ બાકી રહે છે, જેને પછીથી અપડેટ કરી શકાય છે.

સતત બે થી ત્રણ વર્ષ મોબાઈલ વાપર્યા બાદ સોફ્ટવેર અપડેટ આવવાનું બંધ થઈ જાય તો એનો અર્થ કે, મોબાઈલ જૂનો થઈ ગયો અથવા કામ કરવાનું બંધ કરી દેશે. સોફ્ટવેર અપડેટ મોબાઈલ ફોન નવો હોય ત્યાં સુધી છે આવે છે. જેમ જેમ મોબાઈલ જૂનો થતો જાય તેમ સોફ્ટવેર અપડેટ આવતા બંધ થઈ જાય છે. એ પછી એપ્લિકેશન માટેની અપડેટ પણ આવતી બંધ થઈ જાય છે. આ પાછળનું કારણ એ છે કે, જો સતત કોઈ અપડેટ એપ્લિકેશન કે સોફ્ટવેરની આવતી રહે તો નવા ડીવાઈસના વેચાણમાં સીધો જ ફેર પડે છે. ઘણીવાર સોફ્ટવેર ઇન્સ્ટોલ થતી વખતે વધુ પડતી જગ્યા રોકે તો બીજી એપ્લિકેશન પણ ધીમી પડી શકે છે.

આ જ કારણ છે કે, નવા ફોનમાં સોફ્ટવેર કે એપ્લિકેશનને ફટાફટ અપડેટ કરવામાં આવે છે. હવે નાનો પણ મહત્ત્વનો સવાલ એ છે કે, જો આમાંનું કંઈ જ અપડેટ ના કરીએ તો શું થાય? એક જ લાઇનનો જવાબ છે. કંઈ જ ન થાય. હવે જે એપ્લિકેશનનો ઉપયોગ નથી એને અપડેટ કરવાની જરૂર નથી. સોફ્ટવેર અપડેટ ન કરો તો પણ ફોન મસ્ત અને સ્મુથ જ ચાલે છે. નવા ઇન્સ્ટોલ થયેલા અપડેટમાં રોકાતી જગ્યાને બીજી એપમાં પણ ઉપયોગ કરી શકાય છે. બસ, ધ્યાન એ વાતનું રાખવાનું છે કે, વારંવાર સોફ્ટવેર અપડેટ અને એપ્લિકેશનની કડાકૂટ ના કરવી હોય તો મોબાઈલ સ્વીચ ઓફ ન થાય એનું ખાસ ધ્યાન રાખવાનું.

બીજી ખાસ વાત એ છે કે, આવા સોફ્ટવેર અપડેટમાં શું નવું છે એની વિગત એના નોટિફિકેશનમાં જ હોય છે. એપ્લિકેશનમાં પણ આ વાત લાગુ પડે છે. ■

### આઉટ ઓફ બોક્સ

*જાણીને નવાઈ લાગશે કે, ગૂગલ પ્લે સ્ટોરમાં ગેમ્સ એપ નહીં, પણ યુટીલીટી એપની સંખ્યા વધારે છે. જ્યારે સૌથી ઓછી એપ મ્યુઝિક ઇન્સ્ટ્રુમેન્ટની છે.*


ટ્રાવેલ પ્લસ
કૌશિક ઘેલાણી
feedback@bombaysamachar.com

# ભારતનાં નૈસર્ગિક વિશ્વમાં સર્જાતા અવિશ્વસનીય ને અનૂઠાં દૃશ્ય...

*હિમાચલ પ્રદેશનો કિન્નોર પ્રદેશ કુદરતનો ખૂબ લાડકો છે, અહીં કુદરતની ન્યારી લીલા રોજબરોજ દેખાય છે. રીકંગ પીઓ પાસે સાંગલા વેલીમાં હિમાલયનાં ઉન્નત શિખરો પરથી પૂર્ણિમાનો ચંદ્ર એ રીતે ખીલ્યો જાણે સ્વયં શિવ મસ્તકે પૂર્ણ ચંદ્રને ધારણ કરીને અવધૂત અવસ્થામાં ધ્યાનમગ્ન બેઠા હોય.*

*આવો નજારો સામાન્ય રીતે આપણે સ્ક્રીનનાં વોલપેપર પર સહજ રીતે મૂકતા હોઈએ કેમ કે આવા દૃશ્યો સીધા જ મનને સ્પર્શી જતા હોય છે, તો વાસ્તવિક રીતે આંખ સામે ભજવાતા આ દૃશ્યોની આભા મારા મન સુધી કેટલે ઊંડાણ સુધી સ્પર્શી હશે? મારી પાસે તો એ અનુભવને વર્ણવવા માટે શબ્દો નથી અથવા તો કહી શકું કે મારું કોઈ સામર્થ્ય જ નથી કુદરતને શબ્દોમાં ઢાળવાનું.*

*કુદરત બધે જ સરખો વહાલ વરસાવે છે, જો એ જે રીતે આપે છે એ જ રીતે એને સ્વીકારવાની આદત રાખો તો જ્યાં જ્યાં માનવીય હસ્તક્ષેપ ઓછો છે ત્યાં કુદરત એના અદ્દલ રૂપમાં જ દેખા દે છે.*





### બાતાલની આકાશગંગા

વૃશ્ચિકની પૂંછડીએથી અગણિત સિતારાઓના ગુચ્છ રૂપે નીકળતી તેજસ્વી ધનુને નરી આંખે જે નિહાળે એ ભલે અહંકારી હોય, આસ્તિક હોય કે મહાપાપી જીવ હોય પણ કુદરતની દિવ્ય ચેતના એના અંધકાયમય જીવનને પ્રકાશિત કર્યા વિના નથી રહેતી. અહંકારનાં ચૂરેચૂરા થઈને પોતાની જાતને શૂન્ય થતો જોઈ શકે છે... હિમાચલ પ્રદેશનાં બાતાલમાં મધરાતે આ દિવ્ય અનૂભૂતિ અનુભવી ત્યારે મારી જાત સાથે પણ સરખી રીતે વાત કરી શકું એવી સ્થિતિ નહોતી રહી. આશરે ૧૩૦૦૦ ફુટ ઊંચાઈ પર ચંદ્રા નદીનાં વહેતા પ્રવાહનાં નાદ સાથે હું સમયનાં વહેણમાં બસ વહેતો જ ચાલ્યો અને ક્યારે સવાર પડી એ ખ્યાલ જ ન રહ્યો. અતિશય ઠંડીએ નેટવર્ક રહિત ફોન અને કેમેરાની બેટરી માત્ર દસ જ ફોટોમાં ઉતારી મૂકી પણ હું કઈ પણ ઓઢ્યાં વિના ખાલી ટેન્ટમાં ત્યાં કઈ રીતે સવાર સુધી રહી શક્યો એનો જવાબ મારી પાસે પણ નથી.

હું મારા અનુભવોને માનું તો મહાભારતમાં ભરી સભામાં અને કુરુક્ષેત્રમાં શ્રી કૃષ્ણએ બતાવેલું વિરાટ રૂપ કદાચ આ જ હશે... આથી વિશેષ શબ્દો મારી પાસે નથી કે ના તો લખી શકવાનું મારું સામર્થ્ય છે.

### તોષની અદ્ભુત સવાર

હિમાલયમાં હોઈએ અને આવું કોઈ નાનું ગામડું મળી જાય જ્યાં પથ્થરનું ઘર હોય અને નિયત સમયે સવાર ઉઘડે કે આપણે કઈ કામ હોય કે ન હોય પહાડમાં મહાલવા નીકળી જ પડીએ એટલે જ હિમાલયના નાના એવા ગામડાઓમાં મને વધારે માફક આવી જાય. હિમાચલના સાવ અંતરિયાળ વિસ્તારમાં ખીરગંગા તરફ આંટો મારતા આ જગ્યાએ પહોંચ્યો.

અહીંના બાળકોની કેળવણી નિસર્ગ જાતે જ કરે છે અને એટલે જ તેઓ સોનાનું નસીબ લઈને જ જન્મ્યા છે. કુદરત એ જ આપણું ભવિષ્ય છે, જેઓ કુદરતની સોડમાં રહે છે તેઓ જ ધનવાન છે દોસ્ત...

Not all stories can be found on google...

Some stories can be seen, lived, and made in mountains.

દિવાળી, ક્રિસ્મસ કે પછી કોઈ પણ વાર તહેવારને આપણે બહાનું બનાવી દેતા હોઈએ છીએ કે આપણે ઘરથી દૂર ક્યાંક જઈએ પણ સારા સૂર્યોદય કે સૂર્યાસ્તનાં કોઈ વાર તહેવાર નથી હોતા, તેઓ તો નિયત સમયે ઉગે અને આથમે જ છે. કુદરત ક્યારેય એમનો સમય ચૂક્યો નથી. હું સમય જોયા વિના કુદરતને ઘૂંટડા ભરીને પીઉં છું અને અઢળક વાર્તાઓને જીવું છું અને સતત જીવતો રહીશ. હિમાચલના બરશેની ગામની એક ઘાટીમાં શિયાળાનાં સવારની રોનક જાણે લટાર મારવા નીકળી હોય એમ મને હાઈ હેલ્લો કરવા નીકળી પડીને મને પૂછે છે જાણે, ક્યાં હતો હમણાં સુધી?

મારે પહાડોની ટોચ પર ચઢીને ચિલ્લાઈને કુદરતને કહેવું છે, ‘લવ યુ યાર’ ■



ફોકસ
રશ્મિ શુકલ
feedback@bombaysamachar.com

# શું પ્લાસ્ટિક પર્યાવરણ માટે અનુકૂળ છે?

ધ ઈકોનોમિસ્ટે વર્ષ ૨૦૨૫માં કરેલા અદ્ભુત વિશ્લેષણમાં જણાઈ આવ્યું છે કે પર્યાવરણની રક્ષા માટે પ્લાસ્ટિક ઉપયોગી થાય છે, એનાથી પ્રદૂષકોનું ઉત્સર્જન ઘટે છે અને વૈશ્વિક વેપાર પણ મોટી સંખ્યામાં લોકોને લાભદાયક બની શકે છે. કચરાનું વ્યવસ્થાપન યોગ્ય રીતે કરવાની તાતી જરૂર છે; આવા સમયે રિસાઇકલિંગની અત્યાધુનિક પદ્ધતિઓ અને નીતિવિષયક સુધારાઓને કારણે સ્થિતિ બદલાઈ રહી છે. એક સમયે વિલન ગણાતું પ્લાસ્ટિક જો યોગ્ય રીતે વાપરવામાં આવે અને એનો યોગ્ય નિકાલ થાય તો એનાથી ભવિષ્યમાં પર્યાવરણના નુકસાનને ઘટાડી શકાય છે અને સમગ્ર વિશ્વમાં વધુ ને વધુ લોકો સુધી સંસાધનો પહોંચી શકે છે.

વર્તમાન સમયમાં પર્યાવરણને થઈ રહેલા નુકસાન બાબતે બધા ચિંતિત છે. આ સંજોગોમાં પ્લાસ્ટિક પર બધાનો ગુસ્સો ઠલવાય છે. જો કે, ધ ઈકોનોમિસ્ટે વર્તમાન વર્ષે કરેલા વિશ્લેષણમાં જણાઈ આવ્યું છે કે વાસ્તવમાં બીજા વિકલ્પોની તુલનાએ પ્લાસ્ટિક પર્યાવરણ માટે વધુ સાનુકૂળ છે. કાચની વસ્તુઓના પરિવહનમાં જેટલું ઈંધણ બળીને ઉત્સર્જન થાય છે એની તુલનાએ પ્લાસ્ટિકની હેરફેરમાં ૭૦ ટકા ઓછું ઉત્સર્જન થાય છે. વળી, જ્યાં રેફ્રિજરેશનની સુવિધાઓ અપૂરતી છે ત્યાં ખાદ્યપદાર્થોને સાચવી રાખવા વપરાતાં સંસાધનોને અનુલક્ષીને પણ પ્લાસ્ટિક પર્યાવરણ માટે વધુ સારો વિકલ્પ છે. આ પ્રકાશને વિશ્લેષણના અહેવાલમાં નોંધ કરી છે કે જો પ્લાસ્ટિક ન હોય તો કાર્બનના ઉત્સર્જનને કારણે વૈશ્વિક વેપાર પોતાના જ બોજ તળે દબાઈ જાય એવી સ્થિતિ છે.

**પર્યાવરણ સંબંધિત આકલન પર ઘણા ઓછા લોકોનું ધ્યાન છે**

ટીકાકારો ફક્ત પ્લાસ્ટિકના કચરાની જ વાતો કરતા રહે છે. એનાથી પર્યાવરણને એકંદરે કેટલો લાભ થાય છે એ બાબતે તેઓ દુર્લક્ષ કરતા હોય છે. ધ ઈકોનોમિસ્ટે કરેલી ગણતરી પરથી જાણવા મળ્યું છે કે જો પ્લાસ્ટિકના પેકેજિંગની જગ્યાએ કાગળ કે ધાતુનો ઉપયોગ કરવામાં આવે તો એ બધી વસ્તુઓના રિસાઇકલિંગ પછી પણ ગ્રીનહાઉસ ગેસીસનું ઉત્સર્જન ૨૦૦થી ૩૦૦ ટકા વધી જાય છે. વળી, આરોગ્યસેવાના ક્ષેત્રે સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ કરવાથી ઇન્ફેક્શન સામે રક્ષણ મળે છે અને બાંધકામ ઉદ્યોગમાં પીવીસી પાઇપનો ઉપયોગ કરવાથી ઘરના નિર્માણનો ખર્ચ ૩૦ ટકા ઘટી જાય છે.

**રિસાઇકલિંગનો દુષ્કર માર્ગ અને અત્યાધુનિક તંત્રજ્ઞાનથી થઈ રહેલા ઉપાયો**

૯૦ ટકા પ્લાસ્ટિક એક વખત વાપર્યા બાદ ફેંકી દેવામાં આવે છે અને એમાંથી ફક્ત ૯ ટકા હિસ્સાનું રિસાઇકલિંગ થાય છે. જો કે, ‘ધ ઈકોનોમિસ્ટ’ના અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે હવે એક નવા પ્રકારની ક્રાંતિ સર્જાઈ રહી છે. જેનું રિસાઇકલિંગ કરી શકાતું નથી એવા કચરામાંથી પાયરોલીસિસ જેવી રિસાઇકલિંગની અત્યાધુનિક પદ્ધતિ અને એન્ઝાઇમ આધારિત સિસ્ટમ દ્વારા વર્જિન ક્વોલિટી ફીડસ્ટોક્સનું નિર્માણ કરવામાં આવે છે. વર્જિન ક્વોલિટી ફીડસ્ટોક્સ એટલે એવી વસ્તુઓ, જેને કચરામાંથી એના મૂળ કુદરતી સ્વરૂપમાં પાછી મેળવવામાં આવે છે અને જેમાંથી બીજી વસ્તુઓનું ઉત્પાદન થઈ શકે છે. એટલું જ નહીં, હવે તો કચરો બાળવાની રીત પણ પર્યાવરણને અનુકૂળ બનાવવામાં આવી રહી છે. ફોર્ટનમે વિકસાવેલી નવી પદ્ધતિમાં બાળવામાં આવેલા પ્લાસ્ટિકમાંથી હાઇડ્રોકાર્બન પાછાં મેળવવામાં આવે છે અને કચરાનો ઉપયોગ નવી વસ્તુઓ બનાવવામાં થાય છે. ■

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# ભેંસના શિંગડાં ભેંસને ભારે નહીં, ભેંસના શિંગડાં તો ભેંસને ઉગારે!

ગુજરાતી ભાષાની કેટલીક કહેવતો કાળક્રમે કોઈ કારણસર બદલાઈ ગઈ છે અથવા એનો ખરો અર્થ પ્રગટ નથી કરતી એવા ઉદાહરણ છે ખરા. તમે અત્યંત પ્રચલિત કહેવત **વર મરો કન્યા મરો, ગોરનું તરભાણું ભરો** કહેવતથી જરૂર પરિચિત હશો. કોઈ પણ ભોગે અંગત સ્વાર્થ સાધવો એવો એનો ભાવાર્થ છે. એને સમકક્ષ અંગ્રેજી કહેવત છે **Plough or not plough, you must pay your rent.** ખેતર ખેડો કે ન ખેડો, એનું ભાડું ભરો. ટૂંકમાં તમારા ખિસ્સામાં કાણું પડે કે તમારી તિજોરી છલકાય એની સાથે કોઈ નિસ્બત નથી. મને મારા પૈસા મળી જવા જોઈએ. જોકે, મૂળ કહેવત એમ હશે કે **વર વરો કન્યા વરો, ગોરનું તરભાણું ભરો.** મતલબ કે સ્ત્રી પુરુષના વિવાહ સંપન્ન થાય એટલે ગોરને દક્ષિણા આપી દેવાની.



**ભેંસના શિંગડાં ભેંસને ભારે** કહેવત પણ તમે જાણતા હશો. આપણો દેશ ખેતીપ્રધાન છે અને પશુપાલનને આપણે ત્યાં પ્રાધાન્ય છે. ગાય, ભેંસ, ઘેટાં - બકરાં આપણું અમૂલ્ય પશુધન છે. દૂધાળા પ્રાણીમાં ભેંસ ખાસ્સી વજનદાર હોય છે અને એના શિંગડાં મોટાં અને ભારેખમ હોય છે એ વાત પણ સાચી. બે ભેંસ આપસમાં લડે ત્યારે ભેરવાઈ જવાને કારણે આ શિંગડાં ક્યારેક ભેંસ માટે મુશ્કેલીનું કારણ બની શકે છે. જોકે, આ શિંગડાંનો ભાર ભેંસે જાતે જ ઊંચકવાનો હોય છે. જોકે, આ કહેવતમાં શિંગડાંની ઉપયોગીતા સિદ્ધ નથી થતી. આફત સામે રક્ષણ મેળવવા પ્રકૃતિએ ભેંસ સહિત દરેક પ્રાણીના શરીરમાં વિશિષ્ટ સગવડ કરી આપી છે. હાથી પાસે સૂંઢ અને દંતશૂળ હોય છે જે ભારેખમ હોવા ઉપરાંત આફત સામે બચાવમાં મદદ કરે છે. ભેંસના શિંગડાં વાંકાચૂંકા, મજબૂત અને ધારદાર હોય છે. સિંહ - વાઘ જેવા જંગલી પ્રાણીના આક્રમણમાં ભેંસના આ શિંગડાં હથિયાર બની રક્ષણ કરે છે. યુટ્યૂબ પર એવા ઘણા વીડિયો ઉપલબ્ધ છે જેમાં ભેંસ પોતાના શિંગડાંથી સિંહ - વાઘ સામે પોતાનું રક્ષણ તો કરે જ છે, એ વિકરાળ પ્રાણીને ક્યારેક ગંભીર ઈજા પણ પહોંચાડે છે. એટલે **ભેંસના શિંગડાં ભેંસને ભારે નહીં** એ કહેવતને બદલે હવે નવી કહેવત હોવી જોઈએ કે **ભેંસના શિંગડાં તો ભેંસને ઉગારે.**

ENગ્લિશ વિંGLISH

## OFFICE IDIOMS

કેટલાક અંગ્રેજી શબ્દો ગુજરાતીમાં એ હદે રૂઢ થઈ ગયા છે અને એનો એટલો બહોળો વપરાશ થાય છે કે એને ગુજરાતીમાં શું કહેવાય એ કાં તો તરત યાદ આવે નહીં અથવા સાવ ભુલાઈ ગયું હોય. OFFICE is one such word. ઓફિસ એક એવો શબ્દ છે. ઓફિસને ગુજરાતીમાં શું કહેવાય એવો સવાલ કરવામાં આવે તો અનેક લોકોનો જવાબ 'ઓફિસ જ કહેવાય' એવો હશે. જોકે, એને માટે કાર્યાલય શબ્દ છે જે આજે વિસરાઈ ગયો છે. મજાની વાત તો એ છે કે મરાઠી અને હિન્દીમાં પણ કાર્યાલય શબ્દ જ છે. જોકે, આ જ ઓફિસ શબ્દ એના વપરાશ અનુસાર અલગ અર્થ ધારણ કરે છે. અંગ્રેજીમાં In office means Holding a formal position of employment or appointment. હોદ્દા પર હોવું કે નિમાયેલા હોવું. India's Prime Minister Lal Bahadur Shastri died while he was in office. આ વાક્યનો એવો અર્થ નથી સમજવાનો કે ભારતના વડા પ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીનું અવસાન એમના કાર્યાલયમાં - એમની ઓફિસમાં થયું હતું. તેઓ તાશકંદ (હાલ ઉઝબેકિસ્તાનની રાજધાની અને અગાઉ સોવિયેત સંઘનું શહેર)માં હતા ત્યારે તેમનું નિધન થયું હતું. આનો અર્થ એમ થાય કે શાસ્ત્રીજી વડાપ્રધાન પદ પર હતા ત્યારે જ તેમનું અવસાન થયું હતું. હાલ યુએસ પ્રેસિડેન્ટ ડોનલ્ડ ટ્રમ્પ છે. એની પહેલા જો બિડેન હતા અને કમલા હેરિસ વાઈસ પ્રેસિડેન્ટ હતાં. ભારતીય વંશનાં કમલા હેરિસે એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે I may be the First Woman in this office, I will not be the last. અહીં ઈન ઓફિસનો અર્થ કાર્યાલયમાં છે એમ નથી સમજવાનું, પણ હોદ્દા પર કે સત્તા પર છું એવો અર્થ કરવાનો છે. એમના કહેવાનો અર્થ 'આ હોદ્દા પર આવનારી હું પહેલી મહિલા જરૂર છું, પણ છેલ્લી નથી' એવો થાય. ટૂંકમાં એમના પછી પણ બીજી મહિલા આ હોદ્દા સુધી પહોંચશે એવું કહેવાનો તેમનો આશય હતો. In the OFFICE and at the OFFICE have broadly same meaning but there is a slight difference. In the office meaning a specific place or location. કોઈ ચોક્કસ જગ્યા પર હાજર હોવું જેમ કે કેબિનમાં તો ઈન ધ ઓફિસ વપરાય છે. Whereas at the OFFICE suggests a general area or in the vicinity of the office. ઓફિસની નજીક અથવા પોતાના સ્થાન સિવાય ઓફિસમાં બીજી કોઈ જગ્યાએ હાજરી હોવી એને માટે એટ ધ ઓફિસ કહેવાય છે.



રાષ્ટ્ર ભાષા

## कहावत में कोमेडी

કહેવતો ઓછા શબ્દોમાં ઝાઝું સમજાવી શકવાની તાકાત ધરાવે છે. જોકે, કેટલાક ટીખળી લોકો કહેવતનો ભાવાર્થ સમજ્યા હોવા છતાં એને મારી મચડી એમાંથી સ્થૂળ ભાવનું હાસ્ય નિર્માણ કરવાની કોશિશ કરે છે. તમે **गलती पर पर्दा डालना** કહેવત જરૂર સાંભળી હશે. ભૂલ પર ઢાંકપિછોડો કરવો જેથી કોઈની નજરે ન ચડે. કોઈએ એમાં ટીખળ કરી છે કે **गलतियों पर डालनेवाला पर्दा मिलता कहाँ है, कपडा कितना लगता है और उसके दाम क्या होते हैं इसका किसीको है पता?** ભાવાર્થને પૂળો મૂકી રમૂજ પેદા કરી છે. **धोखा खाना** એટલે કોઈની ધૂર્તતા કે ચાલાકીનો શિકાર બનવું. હવે આ જ કહેવતની કેવી મસ્તી કરવામાં આવી છે એ જુઓ: **मुझे बताओ कि धोखा खाने के बाद पानी पी सकते है या नहीं? और वो हजम तो हो जाता है ना?** કહેવતનો શબ્દાર્થ પકડવાથી વાત ક્યાંથી ક્યાં પહોંચી જાય છે. **चिकनी चुपडी बातें करना** એટલે મીઠી મીઠી વાતો કરી કોઈને ભોળવી એની સાથે ઠગાઈ કરવી. આ કહેવતને કેવી રમૂજી બનાવી છે: **अगरी किसीसे चिकनी चुपडी बातें करनी हो तो कौनसा घी सही रहेगा? गाय का या भैंस का?** હસી હસીને બેવડ વળી ગયા ને. બધી ભાષાની કમાલ છે. **दिल पर पत्थर रखना** એટલે દુ:ખનો સ્વીકાર કે દુ:ખ સહન કરવું. આ રૂઢિપ્રયોગને મજાકિયો સ્વભાવ કેવી રીતે જુએ છે? **दिल पर रखने वाला पत्थर कहाँ मिलता है और वो कितने का होता है?** દિલમાં જબરો ખળભળાટ મચી ગયો ને. **इज्ज़त की रोटी कमाना** એટલે કોઈને પણ આજીજી કર્યા વિના આપબળે ઈમાનદારીથી બે પૈસા કમાઈ લેવા જેથી ભરણપોષણ થઈ શકે. હવે આ જ વાત **सब लोग इज्ज़त की रोटी कमाना चाहते हैं, कोई सब्जी कमाना क्यों नहीं चाहता?** તરીકે કેવી લાગે છે? હસે એનું ઘર વસે. હવે એમ ન પૂછતાં કે એ ઘરમાં બેડરૂમ કેટલા અને લિવિંગ રૂમની સાઈઝ શું અને બાલકની છે કે નહીં.

સગ્ગી બહિણ

## मागलं काय, मिळालं काय


માગીએ થોડું અને મળે ઝાઝુંનો ભાવ ધરાવતી મરાઠી કહેવત **आंधळा मागतो एक डोळा आणि देव देतो दोन डोळे** પાછળ મજેદાર વાર્તા છે. જાંબુના ઝાડ નીચે બેઠેલા એક વાનરને જાંબુ ખાવા હતા, પણ ઈજા થઈ હોવાથી ઝાડ પર ચડીને પોતાની ઈચ્છા પૂરી નહોતો કરી શકતો. અન્ય વાનરોને આજીજી કરી, પણ કોઈએ દાદ આપી નહીં. ફરવા નીકળેલા મહાકાય હાથીને જોઈ વાનરને એક ઉપાય સૂઝયો. તેણે ગજરાજને કહ્યું કે 'મારા હાથમાં વાગ્યું છે, પણ ઝાડ પર બેઠેલા મારા ભાઈઓ મદદ નથી કરતા. તમે જો ઝાડને થોડું હલબલાવશો તો એ બધા ગભરાઈ જશે અને તેમની સાન ઠેકાણે આવી જશે.' હાથીભાઈએ ઝાડને જોરજોરથી હલાવવાની શરૂઆત કરી. વૃક્ષ પર બેઠેલા વાનરો કૂદીને બીજા ઝાડ પર જતા રહ્યા અને ઉપરથી જાંબુ ટપોટપ નીચે પડવા લાગ્યા. આઠ - દસ નહીં, પણ જાણે કે વરસાદ થયો. રાજીના રેડ થઈ ગયેલા જમીન પર બેઠેલા ઈજાગ્રસ્ત વાનરે ગજરાજને કહ્યું, 'બસ બસ, મારા મિત્રોની સાન ઠેકાણે આવી ગઈ છે. આપનો આભારી છું.' હાથી તો મલકાઈને ચાલ્યો ગયો. જમીન પરના જાંબુ વીણતાં વીણતાં વાનર બોલ્યો કે 'મને એમ કે થોડા જાંબુ ચાખવા મળશે, પણ હાથીભાઈએ તો બે દિવસના જમણની સગવડ કરી આપી. આને જ કહેવાય **आंधळा मागतो एक डोळा आणि देव देतो दोन डोळे.** ■

ઊડતી વાત

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# રાધારાણીએ શેનું દાન કરવું જોઈએ?

'ગિરધરલાલ, માણસના એક નહીં, પરંતુ છ- છ દુશ્મન એટલે કે ષડરિપુ છે. આત્મા જન્મમરણના ફેરામાં કપાયેલ પતંગની જેમ ફસાયેલો રહે છે. સંસાર માયા છે. બ્રહ્મ સત્ય છે. જગત નાશવંત છે. આસક્તિને ફાટેલા જીન્સની (ક્યાં સુધી સાપ કાંચળી ઉતારે એમ બોલે રાખવાનું? આવું સાંભળીને કાન પાકી ગયા છે.) જેમ ઉતારી દેવાની.' રાધારાણીએ દિવ્ય આધ્યાત્મિક વાણી ઉચ્ચારી.



એ મારે કાને પડતા મે આંખો ચોળી. મારા હાથે ચૂંટલી ખણી. મને વિશ્વાસ બેસતો ન હતો કે માયામાં રમણભમણ રમણી રાધારાણી મહર્ષિની જેમ મહર્ષિણી ક્યારથી થઇ ગઇ? ત્રણસો સાંઠ ડિગ્રી પરિવર્તન... અદ્‌ભુત. ખરેખર મારો દેશ બદલે કે ન બદલે, કિન્તું, રાધારાણી નિશંકપણે બદલ રહી હૈ.

'યેહ મેં ક્યા સુન રહા હૂં?' મેં હડબડાટમાં બડબડાટ ગરબડિયો પ્રતિભાવ આપ્યો. રાધારાણી ક્યાં બગભગત બાબાનું પ્રવચન સાંભળી આવી હશે? ક્યા મહારાજના સત્સંગમાં ડૂબકી મારીને આવી હશે?'

'આસ્થા ચેનલ' માં મગજ ભ્રમિત થાય તેવાં પ્રવચનોની ભરમાર ચાલે છે. કદાચ પરભવના સંસ્કાર કુંડલીની માફક જાગ્રત થયા હોય.... કોઇ ઠગબાબાના સંમોહનની મોહિત અસર હેઠળ હોય એવું પણ લાગ્યું. આપણા મગજમાં નર્યા કાંકરા ખખડે એટલે આવી અઘરી આધ્યાત્મિક વાત પલ્લે પડે જ નહીં,

'વત્સ, પરમાત્માની માયાજાળ છે. માયાના પડળ છેદીને આત્માનો ઉદ્ધાર કરો.' રાધારાણીએ 'હબી' કે 'બેબી' સંબોધનમાંથી 'વત્સ'નું સંબોધન કર્યું. નક્કી પિંગળા રાણી સંસારનાં બંધનો ફગાવી દીક્ષા લઇને મારે આંગણે આવીને કહેશે કે 'ભેખ રે ચડાવો ગિરધરલાલ. ભિક્ષામ્ દેહી તાત ગિરધરલાલ'.

'મૈયા, રાધારાણી આ પરિવર્તનનું ચક્કર પામર ગિરધરલાલને સમજાયું નહીં કે પાચન ન થયું. કૃપા કરીને મને સમજાવો'.

'હે ગિરધરલાલ, આ સ્થૂળ દેહનો પરિત્યાગ કરીએ એ પહેલાં પરભવનું ભાથું ભરી લો' રાધારાણી પર મોહે રંગ દે ગેરુઆ ચડી ગયો કે શું? આવી વિભૂતિ સાથે વિદ્વાન વિદૂષકનો સંસાર કેમ ચાલ્યો તેનું આશ્ચર્ય થયું.

'માતે, આ ભવની ખબર નથી અને આપ પરભવનું ભાથું બાંધવાની ક્યાં પતર ખાંડો છો? પરભવના ભાથા માટે સ્વિગી કે ઝોમેટો પર એક કિલો ઘન પુણ્ય કે પ્રવાહી પુણ્યનો ઓર્ડર આપી દઉં?' મેં પૂછ્યું.

'આવી, સ્વચ્છંદી અને ઉચ્છૃંખલ વાણી આપ જેવા અવગુણાનુરાગીને માટે શોભાસ્પદ નથી.' રાધારાણીએ મને કઠોર કોરડા માર્યા.

'મૈયા, ક્ષમાપાર્થી છું. આપની ભૂલ થઇ ગઇ.' પેલા વાણિયાની જેમ મેં પણ પતિ તરીકે મારી મૂંછ અને પૂંછ નીચી કરી.

'વત્સ, ક્ષમા કરું છું. ભવિષ્યમાં આવો જઘન્ય અપરાધ ન કરવા ચેતવું છું.' રાધારાણી અશ્વમેધ યજ્ઞ વિજેતાની અદામાં ઉવાચ.

'આ બધું શું પ્રહસન છે, રાધુ?' મેં લાગલું પૂછી લીધું.

'ગિધુ, આ સમાજ પાસેથી આપણે ઘણું લીધું. હવે સમાજનું ઋણ ચૂકવવું છે.' રાધારાણીએ સામાજિક ઋણ અદાયગીનો સંકલ્પ પારિત કર્યો.

'રાધુ, શાસ્ત્રો-પુરાણોમાં અન્નદાનનો બહુ જ મહિમા દર્શાવેલ છે. અન્નદાન શ્રેષ્ઠ દાન છે. તું અન્નદાનથી દાન આપવાનું ચાલુ કર.'

'કંકોડા અન્નદાન કરું? તારી ચાર અને મારી બે મળીને કુલ છ રોટલી એકતા કપૂરની સિરિયલોની જેમ દસ દસ મિનિટના હપ્તે હપ્તે કરતા થાકીને અધમૂઇ થઇ જાઉં છું. આપણે દાઉદખાની ઘઉં અને સિંગતેલ વાપરી છીએ. મોંઘા ભાવના અનાજના લોટમાંથી રોટલી બનાવું અને તેનું દાન કરું? દાન કરવા માટે તો સરકારી ઘઉંનો લોટ અને પામોલિનનું મોણ વપરાય....બળતું ઘર જ કૃષ્ણાર્પણ કરાય.' રાધારાણીએ દાન માટેની સરેરાશ મેન્ટાલિટી રજૂ કરી.

રાધુ તું મારું લોહી બહુ પી ચૂકી છું તો હવે તું રક્તદાન કર.' મેં સૂચન કર્યું.

'અરે, મારા શરીરમાં લોહી જ નથી. હું કેટલી ફિક્કી પડી ગઇ છું. મારે દસ બાર લિટર લોહીની જરૂર છે. મૂંઓ મને ડાયાબિટીસ છે. હું ભૂલેચૂકે રક્તદાન કરું તો રક્તદાન લેનારને તો મફતમાં મધુપ્રમેહ મળી જાય. 'આમ કહીને રાધારાણીએ રક્તદાનનો આઇડિયા કેન્સલ કર્યો.

'રાધુ ઉનાળામાં રોડ પર જનાર મુસાફરો તરસ્યા થતા હોય છે. પચીસ ત્રીસ વરસ પહેલા સેવાભાવી શેઠિયા કે સજ્જનો નિરાધાર મહિલાને બે- પાંચ રૂપિયા મળી રહે તે માટે પરબ ચલાવતા.. તું મિનરલ વોટરના બાટલા રોડ પર મૂકી જલદાન કર.' મને એમ કે મારો આઇડિયા રાધારાણીનો મૂડ બદલી દેશે.એ ઉછળીને મારો આઇડીયા વધાવી લેશે.

'અરે, ગિધુ મને જ પાણી પીવા મળતું નથી અને લોકોને ક્યાં પાણી પિવડાવતી ફરું?' રાધારાણીએ જલદાન પર ટાઢું પાણી રેડી દીધું.

'ઝૂંપડામાં રહેતા છોકરા પૈસાના અભાવે ભણી શકતા નથી. જેમ રફ હીરા પર પહેલ પાડો તો એ કીંમતી બની જાય. આ છોકરા ભણાવીએ તો એના પરથી અંગૂઠાછાપનું લેબલ મટી જાય.' મેં વિપક્ષ જેમ કાયદાના વિધેયક પર સૂચન કરે તેવું સૂચન કર્યુ.

'મારી પાસે એવો દલ્લો નથી કે તમારી પાસે ધીકતા ધંધાનો ગલ્લો નથી. તમારા ઝાકળ જેવા પગારમાં માંડ માંડ ઘર ચલાવું છું. તમે કુબેરપતિ થશો ત્યારે હું વિચારીશ.'

'રાધુ, અકસ્માત કે ઓર્ગન ફેલ થવાથી કેટલાય રોગીઓ પિડાતા હોય છે. કોઇને લિવર, કીડની કે હાર્ટ મળી જાય તો તેની જિંદગીની ગાડી સડસડાટ વીસ પચીસ વરસ પાંચમા ગિયરમાં ચાલતી રહે. ઘણા પરિવારો તેમના સ્વજન બ્રેનડેડ થાય તો એ અંગ દાન કરે છે. તું પણ કમળ જેવી આંખ, હૃદય, લિવર વગેરે દાન કરવા માટે સંકલ્પપત્ર ભરી શકે. એમાં કોઇ નુકસાન કે મૂડીરોકાણ નથી.' મેં કહ્યું

'ગિરધરલાલ, ખબરદાર એવું વિચાર્યું છે તો.... જીવતેજીવ શરીરમાં ચીરફાડ કરાવી નથી. મર્યા પછી મારા શરીરમાં કાપકૂપ કે ચીરફાડ કરાવવાનું તો વિચારતા જ નહીં.' રાધારાણીએ મને એલ્ટિમેટમ આપી દીધું.

એ પછી મેં જાતજાતના સૂચન કર્યા. જરૂરતમંદને પેકેટ પર રાધારાણીનો ફોટો ચિપકાવી રેશનદાન, ગરીબ કન્યાના લગ્નનો ખર્ચ ઉપાડી કન્યાદાન, પડોશણને વાટકી ભરીને ચિની કમ હે કે બેસનદાન, રોકડદાન, કકળાટદાન કરવા કહ્યું. રાધારાણી એક એક પ્રસ્તાવ ખારીજ કરતી રહી.

મેં છેલ્લે કંટાળીને કહ્યું : 'રાધુ, હું એક સૂચન કરું?'

'બોલો, તમારા સૂચન તમારા લેખ જેવા વાહિયાત જ હશે.' રાધારાણીએ જનોઇવઢ ઘા કર્યો. હું ઘીંસ ખાઇ ગયો.

'રાધુ, જેની લંબાઇ ગાંધીનગરને વીંટાળતા વધી પડે, જેના વડે તું મારા દિલને છન્ની છન્ની કરી દે છે, દશેરાના દિવસે જેની અસ્ત્ર-શસ્ત્ર તરીકે પૂજા કરે છે એવી જીભનું દાન કરે તો મારા સહિત ઘણાને શાંતિ થાય.'

અલબત, આ વાક્ય બોલતી વખતે મેં કોરોનાની જેમ છ ફૂટનું અંતર રાખ્યું એટલે સંભવિત સર્જિકલ સ્ટ્રાઇકથી બચી શકાય.

શું ખાક બચી શકાય? રાધારાણીએ મારા સૂચનનો અમલ કરીને મારી જીભ કાપીને પરાણે જીભદાન આઇ મિન જેને બોલવાનો મોકો મળતો ન હતો એવી મારી જીભડીનું દાન કરી દીધું.! ■

વલો કચ્છ

ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@bombaysamachar.com

# સંસ્કૃતિની જનની ગાયત્રી જયંતી

ગાયત્રી મંત્ર માત્ર એક મંત્ર નહીં, પરંતુ સમગ્ર બ્રહ્માંડની સર્જનશક્તિનું સૂત્ર છે. પૌરાણિક માન્યતાઓ પ્રમાણે, બ્રહ્માજીએ વિશ્વના સર્જન માટે જેને આધારરૂપ શક્તિ તરીકે સ્વીકારી તે શક્તિ ગાયત્રી છે. આ વર્ષે ૫ જૂન, ૨૦૨૫ના દિવસે ગાયત્રી જયંતી અને ગંગા દશેરાનું પાવન પર્વ ઉજવાયો, જે માત્ર એક તિથિ નહીં, પરંતુ આંતરિક જાગૃતિ અને રાષ્ટ્રીય એકતા માટેનો એક અવસર છે. ગાયત્રી ઉપાસના એ જીવનના સર્વાંગી વિકાસ માટેનું મહત્ત્વપૂર્ણ સાધન છે. માત્ર મંત્રજાપ નહિ, પણ તે જીવનપદ્ધતિ છે જે મન, બુદ્ધિ અને આત્માને ઉજાગર કરે છે. આ પ્રસંગે અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર, શાંતિકુંજ, હરિદ્વાર તરફથી સમગ્ર વિશ્વના ગાયત્રી શક્તિપીઠો અને પરિવારજનો દ્વારા આ પવિત્ર દિવસ શ્રદ્ધા અને ઉત્સાહથી ઉજવાય છે. જેમાં યુગ નિર્માણનાં અગિયાર તત્ત્વો પર આધારિત 'અઢાર સત્સંકલ્પો'નું પાઠ અને ગુરુવંદના દ્વારા યથાર્થ જીવન જીવવાનો સંકલ્પ લેવાય છે. આ દીર્ઘકાલિન પરંપરા અને અધ્યાત્મના માર્ગમાં એક અનન્ય યોગદાન આપનાર ગુરુદેવ પંડિત શ્રીરામ શર્મા આચાર્યના સ્મરણદિન તરીકે પણ આ તિથિ મહત્ત્વ ધરાવે છે. ગુરુદેવે ગાયત્રી સાધનાના તત્ત્વને જીવનમાં ઉતારવાની સરળ પદ્ધતિઓ આપી, જે આધ્યાત્મિકતાને માત્ર આશ્રમોની અંદર નહિં, પરંતુ સામાન્ય જનજીવનમાં પ્રવાહીપણે વહી રહી.



આ સંદર્ભમાં થોડા સમય પહેલા કચ્છના શિવજીભાઈ મોઢનું લિખિત કાર્યક્ષેત્રે યોગદાન ખૂબ મહત્ત્વપૂર્ણ છે. તેમણે 'ઋષિ ચિંતનજે સાનિધ્યમે' અન્ય બે કચ્છી અનુવાદો સાથે ત્રણ પુસ્તકોનું ભાથું કચ્છી સાહિત્ય અને લોકોને અર્પણ કર્યું છે. તેમના લેખનકાર્ય દ્વારા ગુરુદેવના વિચારો, દર્શન અને સાધના પદ્ધતિઓનું કચ્છી જનમાનસ સુધી પારદર્શી પ્રસારણ થાય તેનું કોરોનાકાળ વખતે ઓડિયો બુક સ્વરૂપે અને હવે પુસ્તક સ્વરૂપે દર્શન કરાવ્યા છે. આજના સમયમાં જ્યારે વાચન માટેનો સમય ઓછો પડી રહ્યો છે, ત્યારે આ પ્રવચનમાળા જનમાનસમાં ઉપાસના અને આત્મવિશ્વાસના ભાવ જગાવવાનું કામ કરે છે. આ પવિત્ર પર્વે આપણે પણ ગાયત્રી તત્ત્વોને જીવનમાં ઉતારીને સત્ય, કરુણા અને સમતા પર આધારિત સમાજ ગઠનના સંકલ્પ સાથે આગળ વધીએ. પહેલો મણકો-'માનસિક શક્તિજો નાશ ન થીયણ ડીણું' વિપત્તિ અચે તડે મનુષ્ય પિંઢજી જીતરીયું શક્તિએંજો ઉદ્દિગ્ન અને અશાંત રૈ ને નાશ કરે ડેતો. તેંજો હિકડો અંઈ ૫ જ ઇ શાંત ચિત્ત રૂ ને કષ્ટે કે પર્યા કરેલા ખપે ત તેરઇ જ મુક્ત થઇ શકેતો. આપતિયું અચે તડે ધ્રૂજણું ન ખપે. માડૂકે ધીરજ સે ઉપાય કરે ભધલ પિંઢજી મિડે ક્ષમતાએં કે વ્યગ્ર ને વ્યાકુળ ભનીને નષ્ટ કરે ડેતો. કિંકર્તવ્યમૂઢ ભનીને કુરો કરીંઓ ? કિડા વિના ? કિન રીતે ભચણું... મિડે તર્ક કરે વૈ રેતો, આવેલીયું વિપતિયું ૫ સો ગણી થઇને ઇનકે ધબાયેતું. જીવન મેં જુકો ૫ કીં સુખ-દુ:ખ અચેં તેકે ધીરજપૂર્વક તટસ્થભાવે શેન કરણાં ખપે. સુખ ને દુ:ખ બોઇકે પિંઢ મથા વિનેલા ડિણાં ખપે ક ઈ જાણે મુસાફર આય. જીન સે પાંજો કોય લેવા-દેવા નાંય. મનુષ્યજી માનસિક શાંતિ ને બૌધિક સંતુલન બ એડીયું અમોઘ શક્તિયું એં જીન જે બર સે ખરાભ મેં ખરાભ પરિસ્થિતિએંજો ૫ સામનું કરે શકાજેતો. વિપતિયું અચેતીયું ને હલઇયું વિનેતીયું. પરિસ્થિતિ ભધલાજી વિનેતીયું. જીવન કે સુખી ને સંતુષ્ટ ભનાય રખેલા મનુષ્ય ઇ પ્રત્યેક મિણી અવસ્થા મેં માનસિક શાંતિ જો ભંગ ન થેલા ડિણું ખપે.



બીજો મણકો 'વિચારશક્તિજો જીયણ તેં પ્રભાવ' જુકો માડૂ પિંઢલા ઉચ્ચા તીં ઉદાત વિચાર ધરાયેતો, પિંઢજે વ્યક્તિત્વ જો મૂલ્ય ઓછો નતો આંકે તેંજો માનસિક વિકાસ સહજપણે જ થૈ વિનેતો. તેંજો આત્મવિકાસ, આત્મનિર્ભરતા ને આત્મગૌરવ જાગી ઉથેતો. હિન ગુણ જે કારણ ઘણેં મિડે માડૂવેં કે જુકો નિંઢપણનું મંઢે ને યુવાની તૈ ઢબુ રેતા ને આગળ વેંધે પ્રભાવશાળી ભની વિનેતા. જિન ડીં બૈંકો ઢબુ, ધ્રૂજલધલ ને બાહ્ય વિગરજી વ્યક્તિ કે ઉથીને ઊભી થીંધી ને અગીયા વધધી નેરયોતા સમજી ગિનો કે તીન ડીં નું તેંજી વિચારધારા ભધલાઇ વૈ આય, ને હાણેં તેંજી પ્રગતિ કો રોકે નૈ શકે. વિચારે મેં વ્યક્તિ નિર્માણજી વડી શક્તિ આય. વિચાર પરિવર્તન જે જોરે અસાધ્ય રોગીએં કે સ્વસ્થ તીં મરણપથારી મેં પેલા વ્યક્તિ કે નયું જીવન ડૈ શકાજે ને જ પાંજા વિચાર, પાલા તીં ગ્યેલા કરે, હલકા, તુચ્છ ને અવજ્ઞાપૂર્ણ હોય ન તેરૈઇ જ ભધલાઇ વિજો ને તેંજે થાન તેં ઉચ્ચ ઉદાત તીં યથાર્થ વિચારેં જો સર્જન કરે ડેયો. હિ વિચારજી ખેતી પાંજે ચિંધા, નિરાશા અથવા પરાધિનતામ અંધકારભર્યા જીવન કે લીલોછમ ભનાય ડીંધો. પાંજે વ્યક્તિત્વ કે પ્રખર ને ઉજ્જવળ ભનાયલા ભજન, પૂજન વારે જીં થોડોક વૈ ને એકાગ્ર મનનું હિન પ્રકારનું આત્મચિંતન કરયો ને નેરયો ક થોડે જ ડીંએ મેં પાંજો કાંતિકારી પરિવર્તન ડિસાયલા મંઢધો.

અને અંતે, 'ઋષિ ચિંતનજે સાનિધ્યમે'ના નમૂનારૂપ અંશો પ્રગટ કરી ગુરુદેવ શ્રીરામ શર્મા આચાર્યના અધ્યાત્મિક ઉદ્દેશોનો આસ્વાદ આપ સૌને કરાવી રહી છું, જે વાંચકના અંતર્મનમાં પ્રકાશનાં દીપ પ્રગટાવશે. ■

## દુરાચારના આક્ષેપોથી ઘેરાયેલા

# જૈન સાધુ સાગરચન્દ્રસાગર અને બે સાધ્વી સામે આખરે પોલીસ ફરિયાદ

**એફઆઈઆરમાં બીજા પાંચ સાધુઓનો પણ ઉલ્લેખ. આ સાથે આઠ સાધુ-સાધ્વી સામે સાગમટે ફરિયાદની પહેલી ઘટના**

*બિમલ મહેશ્વરી*

મુંબઈ : દુરાચારના ગંભીર આક્ષેપોથી ઘેરાયેલા જૈન સાધુ સાગરચન્દ્રસાગર સામે રાજસ્થાનના જોધપુર શહેરમાં પોલીસ ફરિયાદ થઈ છે. એફઆઈઆરમાં સાગરચન્દ્રસાગર સાથે વોટ્સએપ કોલ પર અશ્લિલ હરકતો કરનાર બે સાધ્વીઓને પણ આરોપી બનાવવામાં આવી છે. આ બન્ને સાધ્વીઓના નામ પોલીસે જાહેર કર્યા નથી.

સાગરચન્દ્રસાગર અને તેમના જ સંઘાડાની આ બે સાધ્વીઓ સામે પોલીસ ફરિયાદ કરનાર જોધપુરની સંસ્થા જિનશાસન રક્ષાર્થ સમિતિના અધ્યક્ષ કલ્પેશ સિંઘવીએ 'મુંબઈ સમાચાર'ને કહ્યું હતું કે આ ત્રણ આરોપી સિવાય મેં ફરિયાદમાં બીજા પાંચ જૈન સાધુઓને પણ આરોપી બનાવ્યા છે. આઠ જૈન સાધુ-સાધ્વી સાથે સાગમટે ફરિયાદ થઈ હોય એવી કદાચ આ પહેલી ઘટના છે.

જોધપુર પોલીસે આ તમામ સાધુઓ સામે ધાર્મિક લાગણી દુભાવવા સહિતના ગુના દાખલ કર્યા છે. એ સિવાય ફરિયાદી કલ્પેશ સિંઘવીને મોતની ધમકી આપનાર અન્ય પાંચ વ્યક્તિઓને પણ આરોપી બનાવાઈ છે. ટૂંકમાં આ એફઆઈઆરમાં સાગરચંદ્રસાગર સહિત કુલ છ જૈન સાધુ, બે જૈન સાધ્વી અને પાંચ વ્યક્તિઓને આરોપી બનાવાઈ છે. જે પાંચ જૈન સાધુઓને (જુઓ પાનું ૪) ▸▸

### આ પ્રકરણમાં બીજા પાંચ આરોપી સાધુ કોણ છે...

▸ **વિરાગસાગર :**
ફરિયાદીનો આરોપ છે કે વિરાગસાગર મહારાજે ખોટા ચોપાનિયા બહાર પાડી મારી બદનામી કરી છે.

▸ **કલ્યાણસાગર અને રાજતિલક સાગર :**
આ બન્ને સાધુ સામે દુરાચારનો આરોપ છે. બન્ને સાધુઓએ થોડા વર્ષ પહેલા સાબરકાંઠા જિલ્લામાં ઈડરના પાવાપુરી જૈન તીર્થમાં દુરાચાર આચરવાનો આરોપ છે. તેમની ત્યારે ધરપકડ પણ થયેલી. આ દુરાચાર પ્રકરણનો વિડિયો અને એક ઓડિયો ક્લિપ વાઈરલ થયેલી.

▸ **હાર્દિકરત્નસાગર :**
રાજસ્થાનના જાલોર શહેરમાં ૨૦૨૩માં નંદિશ્વરદીપ તીર્થમાં ચાતુર્માસ દરમિયાન દુરાચાર આચરવાનો આરોપ છે. તેમની સામે સ્થાનિક પોલીસે એફઆઈઆર પણ નોંધેલી. સાધુ અને અજ્ઞાત મહિલા બંધ રૂમમાં એકલા હોય એનો વિડિયો વાઈરલ થયેલો.

▸ **મંગલરત્નસાગર :**
આશરે એકાદ વર્ષ પહેલા જોધપુરના એક જૈન તીરથમાં બાળકો સાથે દુરાચાર આચરવા બદલ લોકોએ આ સાધુની ધલધપાટ પણ કરેલી અને એનો વિડિયો પણ વાઈરલ થયેલો. ■

### વેસૂમાં સાગરચન્દ્રસાગરનું ચોમાસુ રદ કરવાની માગણી

સાગરચંદ્રસાગરનું ચાતુર્માસ આ વખતે સુરતના ઉપનગર વેસૂમાં છે. તેમનું આ ચાતુર્માસ રદ થાય એ માટે સુરતના જૈન અગ્રણીઓએ સહિ ઝુંબેશ શરૂ કરી છે.

લોકોની સહિ સાથેનો આ પત્ર સાગર સમુદાયના ગચ્છાધિપતિ નરદેવસાગર મહારાજને સુપરત કરાશે.

પત્રમા ગચ્છાધિપતિને એવી વિનંતી કરાઈ છે કે સાગરચન્દ્રસાગર સામે દુરાચારના જે આક્ષેપો થયા છે એને કારણે જૈન શાસનની હિલના થઈ છે અને તેથી તેમનું ચાતુર્માસ વેસૂ કે અન્ય જૈન તીર્થમાં ન યોજાય એવી વિનંતી છે. ■

# આજે ત્રણેય લાઈનમાં બ્લોક

મુંબઈ: ટ્રેક અને સિગ્નલ મેઈન્ટેનન્સના કામકાજ માટે મુંબઈની ત્રણેય લાઈન પર રવિવારે મેગા બ્લોક હાથ ધરવામાં આવશે.

મધ્ય રેલવે પર સવારે ૮ વાગ્યાથી બપોરે એક વાગ્યા સુધી થાણે અને વિદ્યાવિહાર સ્ટેશન વચ્ચે પાંચમી અને છઠ્ઠી લાઈન પર બ્લોક હાથ ધરવામાં આવશે. બ્લોકના સમય દરમિયાન અપ ડાઉન મેલ એક્સપ્રેસ ટ્રેનો અપ ડાઉન ફાસ્ટ લાઈન પર દોડાવવામાં આવશે, જેને કારણે લોકલ ટ્રેનો ૧૫થી ૨૦ મિનિટ મોડી પડશે. આ ઉપરાંત બ્લોકને કારણે ૧૫ જેટલી એક્સપ્રેસ ટ્રેનો પર અસર જોવા મળશે, એવી માહિતી પણ મધ્ય રેલવેના અધિકારીઓ દ્વારા આપવામાં આવી છે.

હાર્બર લાઈન પર સવારે ૧૧ વાગ્યાથી ૪ વાગ્યા સુધી પનવેલ અને વાશી સ્ટેશન વચ્ચે અપ ડાઉન લાઈન પર બ્લોક હાથ ધરવામાં આવશે. આ સમય દરમિયાન સીએસએમટી-પનવેલ, બેલાપુર અને થાણે-પનવેલ વચ્ચે ટ્રેનવ્યવહાર સંપૂર્ણપણે બંધ રહેશે. બ્લોકના સમય દરમિયાન સીએસએમટીથી વાશી, થાણેથી વાશી, નેરુલ, બેલાપુર અને નેરુલ-ઉરણ વચ્ચે સ્પેશિયલ ટ્રેન દોડાવવામાં આવશે.

પશ્ચિમ રેલવે પર સવારે ૧૦.૩૦ વાગ્યાથી બપોરે ૩.૩૦ કલાક સુધી ચર્ચગેટથી મુંબઈ સેન્ટ્રલ વચ્ચે અપ ડાઉન સ્લો લાઈન પર બ્લોક હાથ ધરાશે. બ્લોકના સમય દરમિયાન અપ ડાઉન સ્લો લોકલ ચર્ચગેટ વચ્ચે અપ ડાઉન ફાસ્ટ લાઈન પર દોડાવવામાં આવશે, જેને કારણે લોકલ ટ્રેન પોતાના નિર્ધારિત સમય કરતા ૧૫થી ૨૦ મિનિટ મોડી દોડશે. ■

# 'મહારાષ્ટ્રમાં મેચ ફિક્સિંગ'

### સંજય રાઉતે વારાણસીની ચૂંટણી વિશે કહ્યું કે

સંજય રાઉતે જણાવ્યું કે દરેક ચૂંટણીમાં દરેક મતવિસ્તારમાં ગરબડ થાય છે તેમ હું કહેતો નથી, પરંતુ રાષ્ટ્રીય સ્તરની સંસ્થા ચૂંટણી પંચ સાથે જોડાયેલા મુદ્દા પર બોલવું જરૂરી છે. મહારાષ્ટ્રની ચૂંટણીમાં ગેરવ્યવહારના એટલા પ્રકાર છે અને પુરાવા પણ છે. તેમણે આ માટે ભાજપ અને ચૂંટણી પંચ સામે આંગળી ચિંધી હતી.

ત્યારબાદ રાઉતે લોકસભા ૨૦૨૪ની ચૂંટણીની યાદ અપાવી હતી. રાઉતે કહ્યું હતું કે ચૂંટણીનું પરિણામ આવ્યું ત્યારે વારાણસીમાં મોદી પાછળ ચાલતા હતા. શરૂઆતના બે કલાકમાં આમ થતાં મત ગણતરી રોકવામાં આવી અને મતદાર કેન્દ્રમાંથી ઈલેક્ટ્રિસિટી ગઈ. દરમિયાન ઈવીએમના ડેટા ઉડી ગયા અને નવા ઈવીએમ ત્યાં લાવવામાં આવ્યા. બે કલાક માટે સતત ચહલપહલ રહી. મતગણતરી હાઈજેક કરવામાં આવી.

આ રીતે મહારાષ્ટ્રનો વિજય પણ ભાજપે ચોરી કરેલો વિજય છે. ઈવીએમ પોતાના કબજે કર્યા. છેલ્લા બે કલાકમાં ૬૦થી ૬૫ લાખ મતદારો ઉમેરવામાં આવ્યા. રાહુલ ગાંધીએ આ વિષય વિદેશની ધરતી પણ ઉઠાવ્યો અને તેને લીધે મોદી અને તેમની સરકારની બદનામી થઈ તેમ રાઉતે કહ્યું હતું.

### રાહુલ ગાંધી જમીન પર આવેઃ ફડણવીસ

રાહુલ ગાંધીના નિવેદન બાદ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે રાહુલ ગાંધીએ ઊંઘમાંથી જાગવાની જરૂર છે અને જમીન પર આવવાની જરૂર છે તો જ તેમની પાર્ટી કંઈક સારું કરી શકશે. ચૂંટણી પહેલા જ મેચ ફિક્સિંગની વાત કરી રાહુલ ગાંધીએ બિહારમાં પોતાની હાર સ્વીકારી લીધી હોવાનું પણ ફડણવીસે ટોણો માર્યો હતો. ■

# બાવનકુળેએ રાહુલ ગાંધીને 'ઈતિહાસ' યાદ કરાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભાજપના મહારાષ્ટ્ર એકમના પ્રમુખ ચંદ્રશેખર બાવનકુળેએ શનિવારે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર નિશાન સાધ્યું હતું. રાહુલ ગાંધીએ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના પરિણામોમાં ગેરરીતિઓ તરફ ઈશારો કરીને 'મેચ ફિક્સિંગ'ની ટિપ્પણી કરી હતી. લોકસભામાં વિરોધ પક્ષના નેતાના આ નિવેદન પર સવાલ ઉઠાવતા બાવનકુળેએ કેટલાક આંકડા રજૂ કર્યા હતા અને એવો આરોપ લગાવ્યો કે રાહુલ ગાંધી જુઠ્ઠાણાં ફેલાવી રહ્યા છે.

તેમણે એક્સ પર કરેલી એક પોસ્ટમાં કહ્યું હતું કે, 'રાહુલ ગાંધી કહે છે કે મહારાષ્ટ્રમાં પાંચ મહિનામાં ૩૯ લાખ મતદારોનો વધારો 'શંકાસ્પદ' છે. પણ રાહુલજી, ૨૦૦૯માં શું થયું હતું? જો તમને યાદ ન હોય, તો હું તમને કહીશ.' ત્યારબાદ બાવનકુલેએ આંકડાઓમાં આખી વાર્તા કહી હતી. તેમણે કહ્યું હતું કે, 'એપ્રિલ ૨૦૦૯માં યોજાયેલી લોકસભા ચૂંટણીમાં ૭ કરોડ ૨૯ લાખ ૫૪ હજાર મતદારો હતા, જ્યારે ઓક્ટોબર ૨૦૦૯માં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં ૭ કરોડ ૫૯ લાખ ૬૮ હજાર મતદારો હતા. ત્યારે પણ, માત્ર પાંચ મહિનામાં મતદારોની સંખ્યામાં ૩૦ લાખનો વધારો થયો હતો!'

તેમણે પૂછ્યું હતું કે, 'શું તમને ત્યારે ચૂંટણી પંચ પર વિશ્વાસ હતો કે પછી કોંગ્રેસ-કમિશનનું ગઠબંધન હતું? શું તમે ત્યારે પણ કૌભાંડ કર્યું હતું? આનો જવાબ આપો. જ્યારે તમે ૨૦૦૪, ૨૦૦૯માં જીત્યા, ત્યારે કોઈ પ્રશ્ન નહોતો! આજે, જ્યારે તમે હારી ગયા, જ્યારે મહારાષ્ટ્રના લોકોએ તમને નકારી કાઢ્યા, પછી રડવાનો અવાજ આવી રહ્યો છે.

રાહુલ જી, આંકડા અધૂરા વાંચીને દેશને મૂંઝવણમાં મૂકવાનો પ્રયાસ ન કરો. તમારી નિષ્ફળતાઓ છુપાવવા માટે બીજાઓને દોષ આપવાને બદલે, થોડું આત્મનિરીક્ષણ કરો.' એમ ભાજપના મહારાષ્ટ્ર એકમના પ્રમુખે આખરે રાહુલ ગાંધી પર રાજ્યનું અપમાન કરવાનો આરોપ લગાવ્યો હતો અને કહ્યું હતું કે, 'મહારાષ્ટ્રના લોકોએ તમને નકારી કાઢ્યા, હવે બિહારના લોકો પણ તમને બહાર કાઢવા જઈ રહ્યા છે. આ ડરથી, તમે હવે તમારી હારના કારણો આપી રહ્યા છો. મહારાષ્ટ્રના લોકોએ અમારી મહાયુતિને બહુમતીથી પસંદ કરી છે. આ જ વિશ્વાસ લોકોને અમારા પર છે. આગામી ચૂંટણીઓમાં પણ આ જ વિશ્વાસ રહેશે. તમે વારંવાર ખોટું બોલીને રાજ્યના લોકોનું અપમાન કરી રહ્યા છો. જનતા તમને ક્યારેય માફ નહીં કરે.' ■

**બેંગલૂરુ સ્ટેમ્પેડ ઈફેક્ટ**

# મુંબઈમાં હવે પરવાનગી વગર કોઈ કાર્યક્રમને મંજૂરી નહીં મળે

મુંબઈ: બેંગલૂરુના ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની જીતની ઉજવણી દરમિયાન થયેલા ના સભાગમાં ૧૧ લોકો માર્યા ગયા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા. આ અકસ્માત બાદ મુંબઈ પોલીસે તેની સુરક્ષા વ્યવસ્થા કડક કરી દીધી છે. મુંબઈ પોલીસે સ્પષ્ટ સૂચનાઓ જારી કરી છે કે વહીવટી પરવાનગી વિના શહેરમાં કોઈ જાહેર કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે નહીં. ખાસ કરીને ક્રિકેટ જેવા કાર્યક્રમો, જેને લોકો અનુસરે છે.

ગયા વર્ષે ૨૦૨૪ ટી૨૦ વર્લ્ડ કપ જીત્યા બાદ ભારતીય ક્રિકેટ ટીમ માટે મરીન ડ્રાઈવમાં યોજાયેલી વિજય પરેડમાં ફક્ત મરીન ડ્રાઇવ પર ત્રણ લાખથી વધુ લોકો એકઠા થયા હતા અને વાનખેડે સ્ટેડિયમમાં ૫૦,૦૦૦ લોકો બેઠા હતા. ભીડ કોઈપણ સૂચનાનું પાલન કરી રહી ન હતી. તેમ છતાં, મુંબઈ પોલીસની સંપૂર્ણ તૈયારીઓને કારણે વિજય પરેડ સુરક્ષિત રીતે તેના ગંતવ્ય સ્થાને પહોંચી હતી.

કાર્યક્રમોમાં ભીડ વ્યવસ્થાપન અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે મફત પાસ અને ટિકિટ સિસ્ટમ લાગુ કરવી ફરજિયાત હોવી જોઈએ એવું પોલીસનું કહેવું છે. આનાથી આયોજકો અને પોલીસને ભીડની સંખ્યાનો ચોક્કસ અંદાજ લગાવવામાં અને તે મુજબ સુરક્ષા વ્યવસ્થા કરવામાં મદદ મળશે. નહિંતર આવા કાર્યક્રમો દુર્ઘટનાઓને આમંત્રણ આપી રહ્યા છે. પોલીસે આયોજકો અને નાગરિકોને આવા કોઈપણ મોટા કાર્યક્રમનું આયોજન કરતા પહેલા સ્થાનિક પોલીસ વહીવટનો સંપર્ક કરવા અપીલ કરી છે. ■

# મુંબઈમાં પાંચ દિવસ યલો અલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ, થાણે અને નવી મુંબઈના અનેક વિસ્તારોમાં શનિવારે બપોરના થોડા સમય માટે ભારે વરસાદ વરસી ગયો હતો. જોકે સાંજ સુધીમાં વરસાદનું જોર ઓછું થઈ ગયું હતું. હવામાન વિભાગે બપોરના બેથી ત્રણ કલાક માટે રેડ અલર્ટની ચેતવણી જાહેર કરીને અમુક વિસ્તારમાં ભારે વરસાદના ઝાપટાં પડવાની ચેતવણી આપી હતી, જે સાંજના યલો અલર્ટમાં અપગ્રેડ કરી હતી.

મુંબઈમાં શનિવારે સવારના તડકો ઉઘડ્યો હતો. દસ વાગ્યા બાદ ધીમે ધીમે આકાશ કાળા ડિબાંગ વાદળોથી છવાઈ ગયું હતું અને વીજળીના ગડગડાટ સાથે મુંબઈ સહિત થાણે, કલ્યાણ-ડોંબિવલી, પાલઘર અને નવી મુંબઈના વિસ્તારમાં જોરદાર ઝાપટાં પડયા હતા. આ દરમ્યાન હવામાન વિભાગે બેથી ત્રણ કલાકના સમય માટે રેડ અલર્ટ જાહેર કરીને ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરી હતી તે મુજબ વરસાદ પડયા બાદ ધીમે (જુઓ પાનું ૪) ▸▸

# એપ્રિલ ૨૦૨૮થી સમૃદ્ધિ એક્સપ્રેસ-વે પર ૨૦% ટોલ વધારો

મુંબઈઃ હિન્દુ હૃદયસમ્રાટ બાળાસાહેબ ઠાકરે મહારાષ્ટ્ર સમૃદ્ધિ મહામાર્ગનો અંતિમ ભાગ હવે ખલ્લો થઈ ગયો છે, જે મુંબઈ અને નાગપુરને સંપૂર્ણપણે જોડે છે. મહારાષ્ટ્ર સરકારે ૭૦૧ કિમી લાંબા એક્સપ્રેસવે માટે સુધારેલા ટોલ દરોની જાહેરાત કરી છે, જે ૨૦૩૨ સુધી અમલમાં રહેશે.

રાજ્યના જાહેર બાંધકામ વિભાગ દ્વારા ૪ જૂનના રોજ જારી કરાયેલા એક જાહેરનામામાં તમામ વાહન શ્રેણીઓ માટે બે તબક્કામાં ટોલ વધારો - દરેક સરેરાશ ૨૦% - દર્શાવવામાં આવ્યો છે. પહેલી એપ્રિલ, ૨૦૨૫ થી અમલમાં આવેલ પ્રથમ વધારો, ત્યારબાદ પહેલી એપ્રિલ, ૨૦૨૮ થી બીજો વધારો અને ૨૦૩૧ થી શરૂ થતો અંતિમ વધારો કરવામાં આવશે, જે ૧૦ ડિસેમ્બર, ૨૦૩૨ સુધી અમલમાં રહેશે.

પીડબ્લ્યુડીના સુધારેલા ટોલ ચાર્ટ મુજબ પ્રતિ કિલોમીટર દર નીચે મુજબ વધશેઃ હળવા મોટર વાહનોઃ ₹૨.૪૫ (₹૨.૦૬ થી વધીને), હળવા વાણિજ્યિક વાહનોઃ ₹૩.૯૬ (₹૩.૩૨ થી વધીને), ભારે વાહનો (૨ એક્સલ)ઃ ₹૮.૩૦ (₹૬.૯૭ થી વધીને), ભારે વાહનો (૩ એક્સલ)ઃ ₹૯.૦૫ (₹૭.૬૦ થી વધીને), ભારે બાંધકામ મશીનરીઃ ₹૧૩.૦૨ (₹૧૦.૯૩ થી વધીને), મોટા કદના વાહનો (૭+ એક્સલ)ઃ ₹૧૫.૮૪ (₹૧૩.૩૦ થી વધીને).

એક્સપ્રેસવેની સંપૂર્ણ લંબાઈ પર મુસાફરી કરનારાઓ માટે, સુધારેલ ટોલ રકમ આ પ્રમાણે હશેઃ હળવા મોટર વાહનો માટે ₹૧,૭૧૭.૪૫ (₹૧,૪૪૪.૦૬ થી વધીને), હળવા કમર્શિયલ વાહનો માટે ₹૨,૭૭૫.૯૬ (₹૨,૩૨૭.૩૨ થી વધીને), ૨-એક્સલ ભારે વાહનો માટે ₹૫,૮૧૮.૩૦ (₹૪,૮૮૫.૯૭ થી વધીને), ૩-એક્સલ ભારે વાહનો માટે ₹૬,૩૪૪.૦૫ (₹૫,૩૨૭.૬૦ થી વધીને), ભારે બાંધકામ મશીનરી માટે ₹૯,૧૨૭.૦૨ (₹૭,૬૬૧.૯૩ થી વધીને), મોટા વાહનો માટે ₹૧૧,૧૦૩.૮૪ (₹૯,૩૨૩.૩૦ થી વધીને). ■

**સાયરસ મિસ્ત્રી એક્સિડન્ટ સ્પોટ**

# ₹ ૬૦૦ કરોડનો વ્હાઈટ-ટોપિંગ પ્રોજેક્ટ હાથ ધરાયો

વસઇઃ ટાટા સન્સના ભૂતપૂર્વ ચેરમેન સાયરસ મિસ્ત્રીએ જ્યાં જીવ ગુમાવ્યો હતો તે અકસ્માત સ્થળને હવે 'ધીમી ગતિએ ચાલવા અને ઓવરટેકિંગ ન કરવા માટેનું ક્ષેત્ર' (ગો-સ્લો એન્ડ નો-ઓવરટેકિંગ ઝોન) તરીકે જાહેર કરવામાં આવશે - મુંબઈ-અમદાવાદ નેશનલ હાઇવે પર ૬૦૦ કરોડ રૂપિયાના વ્હાઇટ-ટોપિંગ પ્રોજેક્ટ પૂર્ણ થયા પછી જ પગલાં સૂચવવામાં આવશે.

મુશ્કેલી એ છે કે, આ ઉચ્ચ જોખમી પટ - જે સ્થાનિક લોકો માટે "બ્લેક સ્પોટ" તરીકે જાણીતો છે - તેની જોખમી ડિઝાઇન માટે પહેલાથી જ કુખ્યાત હતો. તે ચારોટી ફ્લાયઓવર પાસે આવેલો છે, જ્યાં ત્રણ હાઇવે લેન અચાનક માત્ર ૫૦૦ મીટરમાં સૂર્યા નદી પર બે-લેન પુલમાં ભળી જાય છે. સ્પષ્ટ જોખમ હોવા છતાં હાઇવે ઓવરઓલ દરમિયાન કોઈ સલામતી ફેરફારો કરવામાં આવ્યા ન હતા.

મિસ્ત્રી સહિત અનેક જીવલેણ અકસ્માતો બાદ જાહેર દબાણ વધ્યા બાદ નેશનલ હાઇવે ઓથોટિ ઓફ ઇન્ડિયા (એનએચઆઇ) દ્વારા નિયુક્ત કરાયેલા થર્ડ-પાર્ટી સેફ્ટી ઓડિટર જીઓ ડિઝાઇન્સ એન્ડ રિસર્ચ દ્વારા આ ભલામણો કરવામાં આવી છે. પાલઘર કલેક્ટરને ઓડિટ રિપોર્ટ સુપરત કર્યો છે અને સુધારાત્મક પગલાં અમલમાં મૂકવા માટે ખર્ચ અંદાજને અંતિમ સ્વરૂપ આપી રહ્યા છીએ, એનએચએઆઇ પ્રોજેક્ટ ડિરેક્ટર સુહાશ ચિટનીસએ જણાવ્યું હતું. તેમણે સ્વીકાર્યું કે કાર્યકરોની માંગણીઓને પગલે એનએચએઆઇ દ્વારા ઓડિટ શરૂ કરવામાં આવ્યું હતું. ■

# દુર્ગાડી કિલ્લાની તળેટીમાં ઈદ ઉલ-અઝાની નમાઝ વખતે શિવસૈનિકો ભેગા થતાં તંગદિલી

થાણેઃ કલ્યાણના દુર્ગાડી કિલ્લા પરિસરમાં શિવસેનાનાં બન્ને જૂથના કાર્યકરોએ ભેગા થઈ દેખાવ કરતાં શનિવારની સવારે તંગદિલીભર્યું વાતાવરણ નિર્માણ થયું હતું. કિલ્લાની તળેટીમાં ઈદ ઉલ-અઝાની નમાઝ વખતે શિવસૈનિકોએ ડુંગરની ટોચે આવેલા દુર્ગામાતાના મંદિરમાં જવાનો પ્રયાસ કર્યો હતો, જેને પગલે વિવાદ થયો હતો.

પ્રતિબંધાત્મક આદેશનું ઉલ્લંઘન કરવા બદલ પોલીસે અનેક શિવસૈનિકોને તાબામાં લીધા હતા.

એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે શિવસેનાના ઉદ્ધવ ઠાકરે અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે જૂથના કાર્યકરો શનિવારની સવારે અલગ અલગ સમયે કિલ્લાની તળેટીમાં ભેગા થયા હતા અને ઘંટારવ કરી વિરોધ દર્શાવ્યો હતો. મંદિરમાં જવાનો માર્ગ મોકળો કરવાની માગણી તેમણે કરી હતી. બન્ને (જુઓ પાનું ૪) ▸▸

# મીઠી નદી કૌભાંડઃ ડિનો મોરિયા સહિત સાતને ઈડીના સમન્સ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મીઠી નદીમાંથી ગાળ કાઢવાના કૌભાંડમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટે (ઈડી) અભિનેતા ડિનો મોરિયાના બાન્દ્રાના નિવાસસ્થાન સહિત અનેક સ્થળે રેઇડ પાડ્યાના બીજે દિવસે ઈડીએ અભિનેતા સહિત સાત જણને સમન્સ મોકલાવ્યા હતા. આ કૌભાંડમાં પૂછપરછ માટે આવતા સપ્તાહે હાજર રહેવા સંબંધી આ સમન્સ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખા દ્વારા ગયા મહિને નોંધવામાં આવેલા એફઆઈઆરમાં આરોપી તરીકે જેમનાં નામ નોંધવામાં આવ્યાં છે તે પાલિકાના ૧૩ અધિકારી, કોન્ટ્રાક્ટર અને વચેટિયાની ઑફિસ અને (જુઓ પાનું ૪) ▸▸

# ભવિષ્ય તરફ જોનારાઓએ ભૂતકાળ પર ધ્યાન કેન્દ્રિત ન કરવું જોઈએઃ સંજય રાઉત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અલગ થયેલા પિતરાઈ ભાઈઓ ઉદ્ધવ અને રાજ ઠાકરે વચ્ચે સમાધાનની અટકળો વચ્ચે શિવસેના (યુબીટી)ના સાંસદ સંજય રાઉતે શનિવારે કહ્યું હતું કે તેમનો પક્ષ ભૂતકાળ તરફ નહીં, ભવિષ્ય તરફ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો છે.

રાજ ઠાકરેની આગેવાની હેઠળની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના નેતાઓએ શુક્રવારે કહ્યું હતું કે શિવસેના (યુબીટી)એ તેમના પક્ષના પ્રમુખને એક પ્રસ્તાવ મોકલવો જોઈએ અને ધ્યાનમાં લાવી આપ્યું હતું કે જ્યારે તેઓએ ૨૦૧૪ અને ૨૦૧૭માં અવિભાજિત શિવસેના સાથે જોડાણ કરવાનો પ્રયાસ કર્યો ત્યારે તેમને ઠંડો પ્રતિસાદ મળ્યો હતો, ત્યારબાદ રાઉતે આ નિવેદન આપ્યું છે.

પત્રકારો સાથે વાત કરતા રાઉતે કહ્યું હતું કે, 'જેઓ સકારાત્મક પગલાં લેવા માગે છે તેઓ પાછળ ફરીને જોતા નથી. અમે ભવિષ્ય તરફ જોઈએ છીએ. તમે ભૂતકાળ પર ક્યાં સુધી ધ્યાન કેન્દ્રિત કરશો.'

શુક્રવારે ઉદ્ધવ ઠાકરેએ બે પ્રાદેશિક પક્ષો વચ્ચે (જુઓ પાનું ૪) ▸▸

# એનસીપીના સ્થાપના દિવસના કાર્યક્રમોની તૈયારી વચ્ચે પુનઃમિલનની ચર્ચા પર સ્પષ્ટતાની અપેક્ષા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના હરીફ જૂથો ૧૦ જૂને પુણેમાં પુનઃમિલન કરે એવી અટકળોની પૃષ્ઠભૂમિમાં અલગ અલગ સ્થાપના દિવસ મેળાવડા યોજશે, જોકે બંને પક્ષોએ ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમના ટોચના નેતાઓ વચ્ચે વારંવાર બેઠકો થઈ રહી હોવા છતાં ટેબલ પર આવો કોઈ પ્રસ્તાવ નથી.

એનસીપી (એસપી)ના પ્રમુખ જયંત પાટીલે એવી સ્પષ્ટતા કરી હતી કે બંને જૂથોના એકસાથે આવવાની વાત 'ફક્ત હવામાં' છે અને સંભવિત પુનઃમિલન અંગે કોઈ ચર્ચા થઈ નથી. જયંત પાટીલે કહ્યું હતું કે, '૧૦ જૂને અમે અમારી પાર્ટીના સ્થાપનાના ૨૬મા વર્ષની ઉજવણી કરીશું. આજે અમારો સ્થાપના દિવસ છે અને બંને જૂથો વચ્ચે પુનઃમિલનની કોઈ ઔપચારિક વાતચીત નથી. ચર્ચા ફક્ત હવામાં છે. 'પણ મને લાગે છે કે સ્થાપના દિવસના કાર્યક્રમ પછી આ મુદ્દા પર સ્પષ્ટતા થવાની શક્યતા છે.'

'પવાર સાહેબ (એનસીપી-એસપીના પ્રમુખ શરદ પવાર) ઉપરાંત ચારથી પાંચ અગ્રણી (જુઓ પાનું ૪) ▸▸

# ટીઆઈએસએસ બે મહિનામાં વીસીની નિમણૂક કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નાણાકીય ગેરરીતિના આરોપમાં પ્રો-વાઈસ ચાન્સેલરને હટાવ્યા બાદ શહેરમાં આવેલી ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ સાયન્સિસ (ટીઆઈએસએસ) હવે આગામી બે મહિનામાં નવા વાઇસ ચાન્સેલરની નિમણૂક કરવાનું વિચારી રહી છે. શુક્રવારે રાત્રે ટીઆઈએસએસે તેના પ્રો-વીસી પ્રોફેસર શંકર દાસને આર્થિક ગેરરીતિ અને અનિયમિતતાના આરોપો વચ્ચે તાત્કાલિક અસરથી પદ છોડવા કહ્યું હતું. સક્ષમ અધિકારીની મંજૂરીના પરિણામે પ્રો-વાઈસ ચાન્સેલર પ્રો. શંકર દાસને તાત્કાલિક અસરથી પ્રો-વાઇસ ચાન્સેલરના ચાર્જમાંથી મુક્ત કરવામાં આવે છે, એમ ટીઆઈએસએસે તેના આદેશમાં જણાવ્યું હતું. સેન્ટ્રલ વિજિલન્સ કમિશન (સીવીસી) તરફથી મળેલી ફરિયાદના પગલે તેમને તેમના પદ પરથી દૂર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સૂત્રોએ શનિવારે જણાવ્યું હતું કે ટીઆઈએસએસ હવે સીધા વાઈસ ચાન્સેલર (વીસી)ની નિમણૂંક કરશે અને આ પ્રક્રિયામાં ૧-૨ મહિનાનો સમય લાગશે.

આ પછી, પ્રો-વીસી પદની જરૂર રહેશે નહીં, એમ તેમણે ઉમેર્યું હતું.

પ્રોફેસર દાસ સામે ભંડોળના દુરુપયોગની ફરિયાદ બાદ ટીઆઈએસએસે એક ફેક્ટ ફાઈન્ડીંગ સમિતિની રચના કરી હતી અને સંસ્થાકીય પ્રક્રિયાઓ અનુસાર પ્રારંભિક તપાસ શરૂ કરી હતી.

સમિતિએ ભલામણ કર્યા પછી કે વિગતવાર તપાસ જરૂરી છે, ઊંડાણપૂર્વક તપાસ કરવા માટે બીજી સમિતિની નિમણૂક કરવામાં આવી હતી, જે હાલમાં ચાલી રહી છે. જોકે, ટીઆઈએસએસ ખાતે સ્કૂલ ઓફ હેલ્થ સિસ્ટમ્સ સ્ટડીઝના ડીન દાસ ફેકલ્ટી સભ્ય તરીકે તેમની શૈક્ષણિક ભૂમિકા ચાલુ રાખશે. પ્રોફેસર દાસ ૨૦૦૮માં સંસ્થામાં જોડાયા હતા અને તેમને સરકાર, જાહેર ક્ષેત્ર, શૈક્ષણિક અને આંતરરાષ્ટ્રીય સંગઠનોમાં ૩૦ વર્ષથી વધુનો અનુભવ છે. ■

# સાઉથ આફ્રિકા ટેસ્ટના વર્લ્ડ કપની ફાઇનલ જીતશે તો ‘ચૉકર્સ’ની છાપ ભૂંસાઈ જશેઃ માર્ક બાઉચર

### ▸ બુધવાર, ૧૧મી જૂનથી લૉર્ડ્સમાં ઑસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકા વચ્ચે ડબ્લ્યૂટીસીની ફાઇનલ

જોહનિસબર્ગઃ લૉર્ડ્સમાં બુધવાર, ૧૧મી જૂને સાઉથ આફ્રિકા અને ઑસ્ટ્રેલિયા વચ્ચે વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)ની જે ફાઇનલ શરૂ થવાની છે એ જો સાઉથ આફ્રિકા જીતી લેશે તો દેશમાં ટેસ્ટ ક્રિકેટને નવો વળાંક મળશે અને આ ફૉર્મેટની લોકપ્રિયતા વધી જશે, એવું સાઉથ આફ્રિકાનો ભૂતપૂર્વ વિકેટકીપર-બૅટ્સમૅન અને ભૂતપૂર્વ કોચ માર્ક બાઉચર માને છે. તે એવું પણ કહે છે કે આ ફાઇનલ જીતીને સાઉથ આફ્રિકાની ટીમ દેશ પર વર્ષોથી લાગેલી ‘ચૉકર્સ’ની છાપ પણ ભૂંસી શકશે.

સાઉથ આફ્રિકાની ક્રિકેટ જગતમાં ‘ચૉકર્સ’ તરીકેની છાપ છે. ટૂર્નામેન્ટમાં નૉકઆઉટમાં અથવા સેમિ ફાઇનલ તથા ફાઇનલમાં હારી જવા માટે જાણીતા સાઉથ આફ્રિકાએ ટેસ્ટના આ વર્લ્ડ કપની ફાઇનલમાં જગ્યા મેળવી એને બાઉચર બહુ મોટી અને સાઉથ આફ્રિકાની ઇમેજમાં પરિવર્તન લાવી શકે એવી સિદ્ધિ માને છે.

સાઉથ આફ્રિકાની ટીમે ખૂબ સંઘર્ષ કરીને ડબ્લ્યૂટીસીની ફાઇનલમાં પહેલી વાર પ્રવેશ મેળવ્યો છે. જોકે ઇંગ્લૅન્ડનો ભૂતપૂર્વ કૅપ્ટન અને વિવેચક માઇકલ વૉન કહે છે કે બે વર્ષની ડબ્લ્યૂટીસીની સીઝનમાં સાઉથ આફ્રિકાએ ઇંગ્લૅન્ડનો કે ઑસ્ટ્રેલિયાનો સામનો નહોતો કરવો પડ્યો એટલે એને આસાનીથી ફાઇનલમાં પહોંચવા મળ્યું છે.

જોકે બાઉચર કહે છે કે ‘આઇસીસી દ્વારા બનેલું શેડ્યૂલ જ એવું હતું જેમાં આ બે મોટા દેશોનો સામનો નહોતો કરાયો. જોકે અમારા દેશ વિશેની ચૉકર્સ વિશેની છાપ વિશે કહ્યું તો જ્યાં સુધી અમે મોટી ટ્રોફી નહીં જીતીએ ત્યાં સુધી આ છાપ રહેશે જ.’

સાઉથ આફ્રિકાનો છેલ્લાં થોડાં વર્ષોમાં ટી-૨૦ વર્લ્ડ કપની મહિલાઓની બે ફાઇનલ તેમ જ પુરુષોની એક ફાઇનલ (ભારત સામે) પરાજય થયો છે. ■

# કૉકો ગૉફ ફ્રેન્ચ ઓપન જીતનારી છેલ્લાં ૨૩ વર્ષના ઈતિહાસની સૌથી યુવાન ખેલાડી

### ▸ નંબર-વન સબાલેન્કાને ફાઈનલમાં હરાવીને અમેરિકાની જ સેરેના જેવી સિદ્ધિ મેળવી

પૅરિસઃ ફ્રેન્ચ ઓપન ટેનિસમાં મહિલાઓના વર્ગમાં અમેરિકાની ૨૧ વર્ષીય કૉકો ગૉફ નવી ચૅમ્પિયન બની છે. તે મહિલાઓના રૅન્કિંગમાં વર્લ્ડ નંબર-ટૂ છે અને તેણે નંબર-વન બેલારુસની અરીના સબાલેન્કાને ફાઇનલમાં ૭-૬ (૭-૫), ૨-૬, ૬-૪થી હરાવીને પહેલી વાર આ સ્પર્ધા જીતી લીધી હતી. કૉકો ૨૦૨૩માં યુએસ ઓપન જીતી હતી અને તેની પાસે આ એકમાત્ર ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ હતું, પણ હવે તેના ટ્રોફીઓના ખજાનામાં ફ્રેન્ચ ઓપનનું ટાઇટલ પણ ઉમેરાયું છે. કૉકો ગૉફ ફ્રેન્ચ ઓપન તેમ જ યુએસ ઓપન, બન્નેમાં સિંગલ્સનું (સેરેના વિલિયમ્સની ૨૦૦૨ની સિદ્ધિ પછી) ટાઇટલ જીતનારી સૌથી યુવાન





ફ્રેન્ચ ઓપનની નવી ચૅમ્પિયન કૉકો ગૉફ (જમણે) અને રનર-અપ અરીના સબાલેન્કા

મહિલા ખેલાડી છે.

૧૨ વર્ષ બાદ ફરી એક વખતે ફ્રેન્ચ ઓપનમાં વિશ્વની નંબર-વન અને નંબર-ટૂ ખેલાડી વચ્ચે ફાઇનલ રમાઈ અને એમાં કૉકોએ ટાઇટલ જીતીને તેના જ દેશની સેરેના વિલિયમ્સનું અનુકરણ કર્યું છે. ૨૦૧૩માં સેરેનાએ ફાઇનલમાં મારિયા શારાપોવાને ૬-૪, ૬-૪થી પરાજિત કરી હતી.

સબાલેન્કા પહેલી વાર ફ્રેન્ચ ઓપનની ફાઇનલમાં પહોંચી અને એ જીતવામાં નિષ્ફળ રહી, જ્યારે કૉકો ગૉફ સફળ રહી. સબાલેન્કા પરાજિત થયા પછી ખૂબ રડી હતી.

૨૦૨૩માં યુએસ ઓપનની ફાઇનલમાં કૉકોએ સબાલેન્કાને પરાજિત કરીને પ્રથમ ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીતી લીધું હતું અને હવે ફરી તેને હરાવીને કૉકો બીજું મોટું ટાઇટલ જીતી છે.

બન્ને વચ્ચેની હરીફાઈ જગ જાણીતી છે. શનિવારની ફાઇનલ પહેલાં તેઓ એકમેક સામે પાંચ-પાંચ મુકાબલા જીતી હતી. હવે કૉકોએ શનિવારે જીતીને એ રેશિયો ૬-૫નો કરી નાખ્યો છે. ■

# જૉકોવિચ હાર્યા પછી ભાવુક થતાં બોલ્યો, ‘ફરી ફ્રેન્ચ ઓપનમાં કદાચ ન પણ રમું’

### ▸ યાનિક સિન્નરે પૅરિસની ટૂર્નામેન્ટની ફાઈનલમાં પહોંચવાનો ૪૯ વર્ષનો વિક્રમ તોડ્યો

પૅરિસઃ પુરુષોની ટેનિસમાં સૌથી વધુ ૨૪ ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીતનાર અને ફ્રેન્ચ ઓપનમાં ચોથી ટ્રોફીથી બે ડગલાં દૂર રહી ગયેલા સર્બિયાના ૩૯ વર્ષીય નોવાક જૉકોવિચે શુક્રવારે સેમિ ફાઇનલમાં પરાજિત થયા પછી ભાવુક સ્થિતિમાં કહ્યું હતું કે ‘અહીં (ફ્રેન્ચ ઓપનમાં) મારી આ છેલ્લી મૅચ હતી કે નહીં એ વિશે હમણાં હું કંઈ કહી ન શકું. ફરી રમું પણ ખરો અને ન પણ રમું. હા, હું મૅચના અંતે થોડો ઇમોશનલ જરૂર થઈ ગયો હતો.’

એક સમયના વર્લ્ડ નંબર-વન જૉકોવિચને ઇટલીના વર્તમાન વર્લ્ડ નંબર-વન યાનિક સિન્નરે સેમિ ફાઇનલમાં સળંગ સેટમાં ૬-૪, ૭-૫, ૭-૬થી હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો જેમાં તેનો મુકાબલો ડિફેન્ડિંગ ચૅમ્પિયન અને વર્લ્ડ નંબર-ટૂ સ્પેનના કાર્લોસ અલ્કારાઝ સામે થશે. સિન્નર સામે અલ્કારાઝનો ૭-૪નો જીત-હારનો રેશિયો છે અને છેલ્લી ચારેય ટક્કરમાં અલ્કારાઝની જીત થઈ છે.



સિન્નર સામે હાર્યા પછી જૉકોવિચે બૅગ નીચે મૂકીને ટેનિસ કોર્ટની ચારેય દિશામાં જોઈને પ્રેક્ષકોના અભિવાદનનું સ્વાગત કર્યું હતું. તેણે જાણે પૅરિસના ચાહકોને ‘ગુડબાય’ કરી હતી. તેણે મૅચ પછીની સ્પીચમાં કહ્યું, ‘હું અહીં છેલ્લી વખત રમ્યો એ તો નથી જાણતો, પણ જો રમ્યો હોઈશ તો અહીંનું વાતાવરણ અને ચાહકોનો પ્રેમ જોતાં મારા માટે આ મૅચ યાદગાર બની ગઈ.’

વર્લ્ડ નંબર-સિક્સ જૉકોવિચે પોતાના જ હાથને ચૂમી લીધો હતો અને પછી એ હાથને ક્લે કોર્ટ પર મૂક્યો હતો. જાણે તેણે ફ્રેન્ચ ઓપનને અલવિદા કરી હતી. આ કોર્ટ પર તે ત્રણ વાર (૨૦૧૬, ૨૦૨૧, ૨૦૨૩) ચૅમ્પિયન બન્યો હતો. તે બોલ્યો, ‘અહીં ફરી રમીશ કે નહીં? હમણાં ન કહી શકું, કારણકે હજી વચ્ચે ૧૨ મહિનાનો સમય છે.’

જૉકોવિચ ૩૦મી જૂને લંડનમાં શરૂ થનારી ગ્રાસ કોર્ટ પરની વિમ્બલ્ડન ચૅમ્પિયનશિપમાં રમવા મક્કમ છે. વિમ્બલ્ડનના સિંગલ્સના સાત ટાઇટલ તે જીત્યો છે.

#### સિન્નરે કયો વિક્રમ કર્યો?

યાનિક સિન્નર ૧૯૬૮માં ટેનિસનો ઓપન યુગ શરૂ થયો ત્યાર બાદ ઇટાલિયન ખેલાડીઓમાંથી ફ્રેન્ચ ઓપનની ફાઇનલમાં પહોંચનાર ઍડ્રિયાનો પૅનાટા પછીનો બીજો ખેલાડી છે. સિન્નર ૨૩ વર્ષનો છે. તે ફ્રેન્ચ ઓપનની ફાઇનલમાં પહોંચ્યો એમાં પ્રથમ રાઉન્ડથી સેમિ ફાઇનલની સફર દરમ્યાન એક પણ સેટ નથી હાર્યો. ક્વૉર્ટર ફાઇનલમાં તેણે ઍલેક્ઝાંડર બુબલિકને ૬-૧, ૭-૫, ૬-૦થી હરાવ્યો હતો.

#### ટેનિસમાં ‘ઓપન એરા’ એટલે શું?

ટેનિસમાં ઓપન યુગ એટલે એવો સમયકાળ જેમાં પ્રોફેશનલ ખેલાડીઓને ગ્રૅન્ડ સ્લૅમમાં ઍમેટર (નવા નિશાળિયા) ખેલાડીઓ સામે રમવાની છૂટ છે. ૧૯૬૮ની સાલ અગાઉ માત્ર ઍમેટર પ્લેયર્સ જ ચારેય ગ્રૅન્ડ સ્લૅમમાં રમતા હતા. ચાર ગ્રૅન્ડ સ્લૅમમાં ઑસ્ટ્રેલિયન ઓપન, ફ્રેન્ચ ઓપન, વિમ્બલ્ડન ચૅમ્પિયનશિપ અને યુએસ ઓપનનો સમાવેશ છે.

#### સિન્નર પાસે ત્રણ, અલ્કારાઝ પાસે ચાર ટાઇટલ

ઇટલીના યાનિક સિન્નર પાસે કુલ ત્રણ ગ્રૅન્ડ સ્લૅમ સિંગલ્સ ટાઇટલ છે. સ્પેનના અલ્કારાઝ ચાર ગ્રૅન્ડ સ્લૅમ ટૂર્નામેન્ટ જીતી ચૂક્યો છે. ■

# ચિન્નાસ્વામી સ્ટેડિયમ દુર્ઘટનાઃ કર્ણાટક ક્રિકેટ ઍસોસિયેશનના સેક્રેટરી અને ખજાનચીનું રાજીનામું

બેંગલૂરુઃ બુધવારે અહીં એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ નજીક થયેલી નાસભાગ અને ધક્કામુક્કીની જીવલેણ દુર્ઘટના સંદર્ભમાં નૈતિક જવાબદારી સ્વીકારીને કર્ણાટક સ્ટેટ ક્રિકેટ ઍસોસિયેશનના સેક્રેટરી એ. શંકર અને ખજાનચી ઈએસ જયરામે પ્રમુખ રઘુરામ ભટ્ટને રાજીનામું સોંપી દીધું છે.

રોયલ ચેલેન્જર્સ બેંગલૂરુએ આઈપીએલના ૧૮ વર્ષના ઇતિહાસમાં પહેલી વખત ચેમ્પિયનપદ મેળવ્યું એને લગતી ઉજવણી વખતે સ્ટેડિયમની બહાર જમા થયેલા બેથી ત્રણ લાખ લોકોમાં સુરક્ષાને લગતી ગેરવ્યવસ્થાને પગલે નાસભાગ અને ધક્કામુક્કીની ઘટના બની હતી જેમાં ૧૧ જણે જીવ ગુમાવ્યા હતા અને બીજા અનેક લોકો ઘાયલ થયા હતા.

શંકર અને જયરામે રાજીનામાના પત્રમાં લખ્યું છે કે ‘છેલ્લા બે દિવસ દરમ્યાન જે અણધારી અને કમનસીબ ઘટનાઓ બની એમાં અમારી ભૂમિકા ખૂબ મર્યાદિત હતી એમ છતાં નૈતિક જવાબદારી સ્વીકારીને અમે અમારા હોદ્દા પરથી રાજીનામું આપી રહ્યા છીએ.’

દરમ્યાન બેંગલૂરુ પોલીસે આરસીબી વિરુદ્ધ ગુરુવારે એફઆઈઆર નોંધી હતી. એમાં પોલીસે જણાવ્યું છે કે એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે ઈવેન્ટ યોજવાની અમે (પોલીસે) પરવાનગી નહોતી આપી એમ છતાં ઇવેન્ટનું આયોજન કરાયું હતું.

શુક્રવારે પોલીસે આરસીબીના માર્કેટિંગ તથા રેવન્યૂ વિભાગના ચીફ નિખિલ સૉસલેની ધરપકડ કરી હતી.

આ ધરપકડ બેંગલૂરુના નવા નિયુક્ત પોલીસ કમિશનર એસ. કે. સિંહે કરી. તેમના પુરોગામી કમિશનરને રાજ્યના મુખ્ય પ્રધાન સીતારામૈયાએ સસ્પેન્ડ કર્યા હતા.

નિખિલ સૉસલેએ પોતાની ધરપકડ કરવા સામે બેંગલૂરુ પોલીસને અદાલતમાં પડકારી છે.

બેંગલૂરુ પોલીસે એફઆઈઆરમાં આરસીબી તેમ જ એના ઇવેન્ટ પાર્ટનર ડીએનએ એન્ટરટેઈનમેન્ટ તેમ જ કર્ણાટક સ્ટેટ ક્રિકેટ ઍસોસિયેશનને આરોપી ગણાવ્યા છે. ■

# બેંગલૂરુ નાસભાગ કેસની તપાસ સીઆઈડીને સોંપવામાં આવી, ભાજપ નેતાએ લગાવ્યો આવો આરોપ

બેંગલૂરુઃ કર્ણાટક સરકારે શનિવારે બેંગલૂરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે આરસીબીની વિજયી-પરેડ દરમ્યાન થયેલી નાસભાગની ઘટનાનો સીઆઈડી તપાસનો આદેશ આપ્યો હતો. આ દુર્ઘટનામાં ૧૧ લોકોનાં મૃત્યુ થયાં હતાં.

તપાસના ભાગરૂપે, સીઆઈડી અધિકારીઓએ કર્ણાટક સ્ટેટ ક્રિકેટ એસોસિએશનની ઓફિસની મુલાકાત લીધી હતી. બેંગલૂરુ પોલીસે ગુરુવારે આઈપીએલ ફ્રેન્ચાઇઝી વિરુદ્ધ પણ એફઆઈઆર દાખલ કરી હતી. પોલીસે જણાવ્યું કે આરસીબીને સ્ટેડિયમમાં આ ઇવેન્ટ યોજવાની પરવાનગી નહોતી.

ભાજપના નેતા અને કેન્દ્રીય રાજ્ય પ્રધાન શોભા કરંદલાજેએ આરોપ લગાવ્યો છે કે મુખ્ય પ્રધાન સિદ્ધારમૈયા અને નાયબ મુખ્ય પ્રધાન ડી.કે. શિવકુમારના ‘હાથ લોહીથી ખરડાયેલા’ છે. ત્યારબાદ આ તપાસ સીઆઈડીને સોંપવામાં આવી હતી. ભાજપના નેતાએ તેમને સીધા જવાબદાર ઠેરવ્યા હતા અને ૪ જૂનની નાસભાગના સંબંધમાં તેમના રાજીનામાની માગણી કરી હતી. સત્ય બહાર લાવવા માટે હાઈ કોર્ટના ન્યાયાધીશ દ્વારા તપાસની માગણી કરતા તેમણે આ દુર્ઘટના બદલ બેંગલૂરુ પોલીસ કમિશનર બી. દયાનંદ અને અન્ય ચાર વરિષ્ઠ પોલીસ અધિકારીઓને સસ્પેન્ડ કરવા બદલ રાજ્ય સરકારની ટીકા કરી હતી.

નાસભાગની ઘટના બાદ કુબ્બન પાર્ક પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો હતો અને રાજ્ય સરકારે દુર્ઘટનાની તપાસ કરવા માટે નિવૃત્ત હાઈ કોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ જહોન માઇકલ ડી કુન્હાની અધ્યક્ષતામાં એક સભ્યની તપાસ પંચની નિમણૂક કરી હતી. ■

# ભારતીય ટેસ્ટ ક્રિકેટરો ઇંગ્લૅન્ડ પહોંચી ગયા



લંડનઃ હેડ-કોચ ગૌતમ ગંભીર અને કેપ્ટન શુભમન ગિલ સાથે ભારતીય ટેસ્ટ ક્રિકેટરો શુક્રવારે રાત્રે મુંબઈથી રવાના થઈને ઇંગ્લૅન્ડ પહોંચી ગયા છે.

ભારતના અમુક ટેસ્ટ ખેલાડીઓ ઇન્ડિયા ‘એ’ ટીમ સાથે અગાઉથી જ ઇંગ્લૅન્ડમાં છે.

ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચે પાંચ મૅચની ટેસ્ટ સિરીઝ ૨૦મી જૂને શરૂ થશે. આ શ્રેણી હવેથી ‘એન્ડરસન-તેંડુલકર ટ્રોફી’ તરીકે ઓળખાશે.

રોહિત શર્મા, વિરાટ કોહલી અને આર. અશ્વિનની નિવૃત્તિ પછીની ભારતની આ પ્રથમ ટેસ્ટ સિરીઝ છે.

આ સાથે ભારતનો ટેસ્ટમાં નવો યુગ શરૂ થશે. આ સિરીઝ સાથે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની નવી સીઝનમાં ભારતની નવી શરૂઆત પણ શરૂ થઈ રહી છે.

આઈપીએલ-૨૦૨૫નો સર્વોત્તમ બૅટ્સમૅન સાંઈ સુદર્શન ભારતની ટેસ્ટ ટીમમાં ડેબ્યૂ કરી રહ્યો છે અને ઇંગ્લૅન્ડ પહોંચ્યા પછી તે ખૂબ જ ઉત્સુક અને રોમાંચિત હતો.


#### ભારત-ઇંગ્લૅન્ડની પાંચ ટેસ્ટનો કાર્યક્રમ

લીડ્સ (૨૦ જૂનથી પ્રથમ ટેસ્ટ), બર્મિંગહૅમ (બીજી જુલાઈથી બીજી ટેસ્ટ), લૉર્ડ્સ (૧૦મી જુલાઈથી ત્રીજી ટેસ્ટ), મૅન્ચેસ્ટર (૨૩મી જુલાઈથી ચોથી ટેસ્ટ) અને ઓવલ (ચોથી ઑગસ્ટથી પાંચમી ટેસ્ટ). ■

**બેંગલૂરુ સ્ટેડિયમની દુર્ઘટના**

# કર્ણાટક ક્રિકેટ ઍસોસિયેશનના પ્રમુખે મિયાંદાદ, મુદસ્સર, લૉઇડની વિકેટ લીધી હતી એ જાણો છો?

બેંગલૂરુઃ રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)એ મંગળવારે આઇપીએલના ૧૮ વર્ષના ઇતિહાસમાં પહેલી વાર ચૅમ્પિયનપદ મેળવ્યું, પરંતુ બુધવારે બેંગલૂરુના જ એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ નજીક જમા થયેલા લાખો લોકોની સુરક્ષાની અવ્યવસ્થાને કારણે જે અરાજકતા ફેલાઈ તેમ જ લોકોમાં નાસભાગ અને ધક્કામુક્કી થઈ એ દુર્ઘટના સાથે સંકળાયેલા કર્ણાટક સ્ટેટ ક્રિકેટ ઍસોસિયેશન (કેએસસીએ)ના પ્રમુખ વિશે બહુ ઓછા લોકો જાણતા હશે. આ પ્રેસિડન્ટ ભારતના ભૂતપૂર્વ ટેસ્ટ ખેલાડી છે તેમ જ એક સમયે ડોમેસ્ટિક ક્રિકેટમાં દક્ષિણ ભારત વતી રમનાર ટોચના સ્પિનર્સમાં તેમનું નામ લેવાતું હતું.



ભૂતપૂર્વ સ્પિનર રઘુરામ ભટ

લેફ્ટ-આર્મ સ્પિનર રઘુરામ ભટ કેએસસીએના વર્તમાન પ્રમુખ છે. તેઓ ૬૭ વર્ષના છે. ભારત વતી તેઓ ૧૯૮૩માં (ભારત વન-ડેનો વર્લ્ડ કપ જીત્યું એના ચાર મહિના પછી) બે ટેસ્ટ રમ્યા હતા. ઑક્ટોબર, ૧૯૮૩માં પહેલાં તેમને પાકિસ્તાન સામે એક ટેસ્ટ અને પછી એ જ મહિનામાં વેસ્ટ ઇન્ડિઝ સામે એક ટેસ્ટ રમવા મળી હતી. ત્યાર પછી તેમને ભારત વતી ફરી રમવાનો ક્યારેય મોકો નહોતો મળ્યો.

ઉલ્લેખનીય છે કે શુક્રવારે કેએસસીએના સેક્રેટરી એ. શંકર અને ખજાનચી ઈએસ જયરામે પ્રમુખ રઘુરામ ભટને રાજીનામાનો પત્ર સોંપ્યો હતો.

#### પ્રથમ વિકેટમાં મિયાંદાદને જાળમાં ફસાવ્યો

ફરી રઘુરામ ભટની ક્રિકેટ-કરીઅરની વાત કરીએ તો ૧૯૮૩ની પાંચમી ઑક્ટોબરે નાગપુરમાં શરૂ થયેલી પાકિસ્તાન સામેની ટેસ્ટમાં રઘુરામ ભટે જાવેદ મિયાંદાદ (૬૦ રન)ને એલબીડબ્લ્યૂ કર્યો હતો. મિયાંદાદ ત્યારે ટેસ્ટમાં રઘુરામ ભટનો પ્રથમ શિકાર બન્યો હતો. ત્યાર બાદ રઘુરામે મુદસ્સર નઝર (૭૮ રન)ને વિકેટકીપર સૈયદ કિરમાણીના હાથે સ્ટમ્પ-આઉટ કરાવ્યો હતો. ઝહીર અબ્બાસ ત્યારે પાકિસ્તાનનો કૅપ્ટન હતો, જ્યારે ભારતીય ટીમના ખેલાડીઓમાં કૅપ્ટન કપિલ દેવ, સુનીલ ગાવસકર, અંશુમાન ગાયકવાડ, દિલીપ વેન્ગસરકર, યશપાલ શર્મા, સંદીપ પાટીલ, રવિ શાસ્ત્રી, સૈયદ કિરમાણી, કીર્તિ આઝાદ અને મદન લાલ હતા. પાકિસ્તાન સામેની એ ટેસ્ટ ડ્રૉ થવાની સાથે સિરીઝ ૦-૦થી ડ્રૉમાં ગઈ હતી. ■

#### એક જ ઓવરમાં લૉઇડ-લૉગીની વિકેટ

૧૯૮૩ના ઑક્ટોબરમાં ક્લાઇવ લૉઇડના સુકાનમાં વેસ્ટ ઇન્ડિઝની ટીમ ભારતના પ્રવાસે આવી હતી અને એમાં કાનપુરની પ્રથમ ટેસ્ટમાં રમવાનો મોકો રઘુરામ ભટને મળ્યો હતો. રઘુરામે કૅપ્ટન લૉઇડ (૨૩ રન)ને કિરમાણીના હાથમાં કૅચઆઉટ કરાવ્યા બાદ ગસ લૉગી (૦)ને એલબીડબ્લ્યૂ કર્યા હતા. રઘુરામે લૉઇડ અને લૉગીની વિકેટ એક જ ઓવરમાં લીધી હતી. એ ઇનિંગ્સના ભારતીય બોલર્સ (કપિલ દેવ, મદન લાલ, રવિ શાસ્ત્રી, રોજર બિન્ની, અંશુમાન ગાયકવાડ અને મોહિન્દર અમરનાથ) ઉપરાંત સાતમા બોલર રઘુરામ ભટ હતા. ભારત એ ટેસ્ટ એક દાવથી હારી ગયું હતું અને કૅરિબિયનોએ છ મૅચની એ શ્રેણી ૩-૦થી જીતી લીધી હતી. ત્યારે કૅરિબિયનોએ ભારત સામેની વર્લ્ડ કપની હારનો ગુસ્સો ભારતમાં ભારતને ઉપરાઉપરી શ્રેણીઓ હરાવીને ઠાલવ્યો હતો.

#### મુંબઈ સામે લીધી હૅટ-ટ્રિક

રઘુરામ ભટ કર્ણાટક વતી રણજી ટ્રોફી સહિત પ્રથમ કક્ષાની કુલ ૮૨ મૅચ રમ્યા હતા જેમાં તેમણે કુલ ૩૭૪ વિકેટ લીધી હતી. તેમણે ૨૪ વખત દાવમાં પાંચ કે વધુ વિકેટ લીધી હતી. એક દાયકા સુધી રઘુરામ ભટ કર્ણાટકના મુખ્ય સ્પિનર હતા. ૧૯૮૧માં બૉમ્બે સામેની રણજી સેમિ ફાઇનલમાં રઘુરામ ભટે બે દાવમાં કુલ ૧૩ વિકેટ લીધી હતી. એમાંથી આઠ વિકેટ તેમણે પ્રથમ દાવમાં લીધી હતી જેમાં હૅટ-ટ્રિક પણ સામેલ હતી. ■

# બટલર આઈપીએલ પછી વેસ્ટ ઈન્ડિઝ સામે પણ સદી ચૂક્યો

### ઇંગ્લૅન્ડે કૅરિબિયનોને પ્રથમ ટી-૨૦માં હરાવ્યા, ડાઉસનની ચાર વિકેટ

ચેસ્ટર-લી-સ્ટ્રીટઃ ઇંગ્લૅન્ડે શુક્રવારે વેસ્ટ ઇન્ડિઝને વન-ડે સિરીઝમાં ૩-૦થી હરાવ્યા બાદ ટી-૨૦ શ્રેણીની પ્રથમ મૅચમાં ૨૧ રનથી હરાવીને ૧-૦થી સરસાઈ મેળવી હતી. જૉસ બટલર (૯૬ રન, ૫૯ બૉલ, ચાર સિક્સર, છ ફોર) ચાર રન માટે બીજી ટી-૨૦ આંતરરાષ્ટ્રીય સદી ચૂકી ગયો હતો. બટલર તાજેતરની આઇપીએલમાં પણ સેન્ચુરી ચૂકી ગયો હતો. તે ટી-૨૦માં ઇંગ્લૅન્ડ વતી નર્વસ નાઇટન્ટીઝનો શિકાર થનાર આઠમો બૅટ્સમેન છે.

જોકે ભૂતપૂર્વ કૅપ્ટન બટલરના શુક્રવારના ૯૬ રનની મદદથી ઇંગ્લૅન્ડે છ વિકેટે ૧૮૮ રન કર્યા હતા જેના જવાબમાં વેસ્ટ ઇન્ડિઝે ૨૦ ઓવરમાં નવ વિકેટે ૧૬૭ રન કર્યા અને હૅરી બ્રૂકે પોતાની કૅપ્ટન્સીમાં પહેલી જ ટી-૨૦માં જીત હાંસલ કરી હતી. કૅરિબિયન ટીમમાં ઓપનર એવિન લુઇસના ૩૯ રન હાઇએસ્ટ હતા.



#### સ્પિનર ડાઉસન મૅન ઑફ ધ મૅચ

૩૫ વર્ષના લેફ્ટ-આર્મ સ્પિનર લિઆમ ડાઉસન (૪-૦-૨૦-૪)ને પોણાત્રણ વર્ષે ફરી ઇંગ્લૅન્ડ વતી રમવા મળ્યું અને તેણે ટી-૨૦માં બેસ્ટ પર્ફોર્મ કરીને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર જીતી લીધો. ડાઉસન ઇંગ્લૅન્ડ વતી ૨૦૧૬થી ૨૦૨૫ દરમ્યાન ત્રણ ટેસ્ટ, છ વન-ડે અને ૧૨ ટી-૨૦ રમ્યો છે. તેણે અગાઉની ૧૧ ટી-૨૦માં છ વિકેટ લીધી હતી, પણ શુક્રવારે એક જ મૅચમાં ચાર વિકેટ મેળવી હતી. ટૉપ-ઑર્ડરના છમાંથી ચાર બૅટ્સમેન (જૉન્સન ચાર્લ્સ, શેરફેન રુધરફર્ડ, રૉસ્ટન ચેઝ, રૉવમૅન પોવેલ)ને ડાઉસને આઉટ કર્યા હતા. ઇંગ્લૅન્ડ વતી જેકબ બેથેલ અને મૅથ્યૂ પૉટ્સે બે-બે વિકેટ તથા સ્પિનર આદિલ રાશીદે એક વિકેટ લીધી હતી.

#### બટલરના ગુજરાત વતી અણનમ ૯૭ રન હતા

આઇપીએલમાં ગુજરાત ટાઇટન્સ વતી રમનાર જૉસ બટલર ૧૯મી એપ્રિલે અમદાવાદમાં દિલ્હી કૅપિટલ્સ સામેની મૅચમાં ૯૭ રન પર અણનમ રહ્યો હતો. તે સેન્ચુરી ત્રણ રન માટે ચૂકી ગયો હતો, પરંતુ ગુજરાતે એ મૅચમાં બટલરના મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ જીત્યો હતો. તેની અને કૅરિબિયન ખેલાડી શેરફેન રુધરફર્ડ (૪૩ રન) સાથે ત્રીજી વિકેટ માટે ૧૧૯ રનની ભાગીદારી કરી હતી. યોગાનુયોગ, બટલર અને જોડીદાર રુધરફર્ડ શુક્રવારની મૅચમાં સામસામી ટીમમાં હતા. રુધરફર્ડ શુક્રવારે બટલરની વિકેટ નહોતો લઈ શક્યો, પરંતુ તેણે ઇંગ્લૅન્ડના જ જેમી સ્મિથ અને બેન ડકેટની વિકેટ લીધી હતી. ■

# સોનામાં આગઝરતી તેજી વચ્ચે ભાવ ₹ ૯૮,૦૦૦ સુધી પહોંચતા માગ તળિયે બેસી

## સપ્તાહના અંતે અમેરિકાના જોબ ડેટા મજબૂત આવતા સોનાચાંદીમાં વધ્યા મથાળેથી પીછેહઠ

કોમોડિટી

રમેશ ગોહિલ



અમેરિકા વચ્ચે ટ્રેડ વૉર વકરવાની ભીતિ ઉપરાંત રશિયા-યુક્રેન વચ્ચેના ભૂરાજકીય તણાવ ઉપરાંત અમેરિકાના આર્થિક ડેટાઓની જાહેરાતોને ધ્યાનમાં લેતા ગત સપ્તાહે વૈશ્વિક સોના અને ચાંદીના ભાવમાં બેતરફી વધઘટો જોવા મળી હતી, જેમાં મુખ્યત્વે ચાંદીમાં રોકાણકારોનું સટ્ટાકીય આકર્ષણ વધતાં ભાવ વધીને ૧૩ વર્ષની ટોચે પહોંચતા સ્થાનિક ઝવેરી બજારમાં પણ ચાંદીના વેરારહિત ધોરણે ભાવ વધીને કિલોદીઠ રૂ. ૧,૦૫,૨૮૫ની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા. તેમ જ ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરારહિત ધોરણે ભાવમાં પણ સાપ્તાહિક ધોરણે ૧.૮૭ ટકાનો અથવા તો ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૭૯૦નો ઉછાળો આવ્યો હતો અને તેમાં પણ ગત ગુરુવારે ભાવ વધીને ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૮,૧૬૩ની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા. જોકે, આગઝરતી તેજીના વલણમાં સાર્વત્રિક સ્તરેથી માગ તળિયે બેસી ગઈ હતી. વધુમાં હવે ચોમાસાનો આરંભ થઈ ગયો હોવાથી લગ્નસરાની માગ પણ ઓસરી ગઈ હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું.

જોકે, ગત સપ્તાહના અંતે અમેરિકાના નોન ફાર્મ પે રૉલ ડેટા અપેક્ષા કરતાં સારા આવ્યા હતા અને ગત મે મહિનામાં અપેક્ષિત ૧,૩૦,૦૦૦ની રોજગાર વૃદ્ધિ સામે ૧,૩૯,૦૦૦ની વૃદ્ધિ થઈ હોવાના તેમ જ બેરોજગારીનો દર અપેક્ષિત ૪.૨ ટકાની સપાટીએ રહ્યો હોવાથી અમેરિકી ફેડરલ રિઝર્વ લાંબા સમયગાળા સુધી ઊંચા વ્યાજદર જાળવી રાખે અથવા તો નજીકના ભવિષ્યમાં રેટ કટ નહીં કરે તેવી શક્યતા સપાટી પર આવી હતી અને ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૧.૧ ટકા ઘટીને ઔંસદીઠ ૩૩૧૬.૧૩ ડૉલર આસપાસના મથાળે રહ્યા હતા. જોકે, ભાવમાં સાપ્તાહિક ધોરણે ૦.૮ ટકાનો વધારો જોવા મળ્યો હતો. તેમ જ વાયદામાં પણ ભાવ આગલા બંધ સામે ૦.૮ ટકા ઘટીને ઔંસદીઠ ૩૩૪૬.૬૦ ડૉલર આસપાસ રહ્યા હતા. આ સિવાય ચાંદીના ભાવ પણ ૧૩ વર્ષની ઊંચી સપાટીએથી પાછા ફરીને ઔંસદીઠ ૩૫.૯૬ ડૉલર આસપાસ રહ્યાના અહેવાલ હતા.

ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર સ્થાનિકમાં સપ્તાહના આરંભે હાજરમાં ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરારહિત ધોરણે ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૩૦મી મેના રૂ. ૯૫,૩૫૫ના બંધ સામે મજબૂત અન્ડરટોને રૂ. ૯૬,૧૯૨ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં ખૂલતી જ રૂ. ૯૬,૧૯૨ની સપાટી અને ઉપરમાં રૂ. ૯૮,૧૬૩ની ટોચ દાખવીને અંતે રૂ. ૯૭,૧૪૫ની સપાટીએ બંધ રહ્યા હતા. આમ ભાવમાં સાપ્તાહિક ધોરણે ૧.૮૭ ટકાનો અથવા તો ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૭૯૦નો ઉછાળો જોવા મળ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગત ૧૫મી મેના રોજ ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાએ ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૧,૪૮૪ની નીચી સપાટી દર્શાવ્યા બાદ ભાવમાં એકતરફી તેજીનું વલણ રહેતાં માગ ઓસરી જતા સ્થાનિકમાં ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ૫૬ ડૉલર ડિસ્કાઉન્ટમાં ઑફર કરી રહ્યાના અહેવાલ છે, જ્યારે ગત સપ્તાહે ડીલરો ભાવ ઔંસદીઠ ૩૧ ડૉલર આસપાસ ડિસ્કાઉન્ટમાં ઑફર કરી રહ્યા હતા. એકંદરે ભાવમાં તેજીની રેલી જોવા મળતાં ગત સપ્તાહે જવલ્લે જ ખરીદી જોવા મળી હોવાનું કોલકાતાસ્થિત હોલસેલર જે જે ગોલ્ડ હાઉસના હર્ષદ અજમેરાએ જણાવ્યું હતું. જોકે, સામાન્યપણે ભારતમાં ચોમાસા દરમિયાન સોનામાં માગ નબળી જ હોય છે આથી જ્વેલરો પણ ઊંચી ભાવસપાટીએથી સ્ટોક કરવાનું પસંદ ન કરી રહ્યા હોવાનું મુંબઈસ્થિત એક ડીલરે જણાવ્યું હતું.

વધુમાં સોનાના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીન ખાતે પણ ગત સપ્તાહે ઊંચા મથાળેથી માગ પર માઠી અસર પડતાં વૉલ્યૂમમાં ઘટાડો જોવા મળ્યો હતો. તેમ છતાં ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ૧૦થી ૧૪ ડૉલર આસપાસના પ્રીમિયમમાં ઑફર કરી રહ્યા હતા.

જોકે, સિંગાપોર ખાતે ઊંચા મથાળેથી હોલસેલ સ્તરે લેવાલીની સરખામણીમાં નફારૂપી વેચવાલી વધુ રહી હોવાનું ગોલ્ડસિલ્વર સેન્ટ્રલનાં મેનેજિંગ ડિરેક્ટર બ્રિઆન લાને જણાવ્યું હતું. એકંદરે ગત સપ્તાહના અંત પૂર્વે અથવા તો ગત ગુરુવાર સુધી અમેરિકાના નબળા આર્થિક ડેટાને ધ્યાનમાં લેતા ફેડરલ રિઝર્વ સપ્ટેમ્બર મહિનામાં વ્યાજદરમાં કાપ મૂકે તેવો આશાવાદ સપાટી પર આવ્યો હોવાથી સોનાના ભાવમાં સાપ્તાહિક ધોરણે ૨.૫ ટકાનો અને ચાંદીના ભાવમાં આઠ ટકાનો તોતિંગ ઉછાળો આવ્યો હતો. જોકે, શુક્રવારે અમેરિકાના નોન ફાર્મ પે રૉલ ડેટા મજબૂત આવ્યા હોવાથી બન્ને કિંમતી ધાતુઓમાં વધ્યા મથાળેથી સાધારણ પીછેહઠ જોવા મળી હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવતાં ઉમેર્યું હતું કે ગત મે મહિનામાં ભારત સહિતનાં સોનાના એક્સચેન્જ ટ્રેડેડ ફંડોમાં સતત પાંચ મહિના સુધી આંતરપ્રવાહ જોવા મળ્યા બાદ ૧.૮ અબજ ડૉલરનો બાહ્ય પ્રવાહ જોવા મળ્યો હોવા છતાં ભાવમાં તેજીનું વલણ જોવા મળ્યું હતું. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલની આંકડાકીય માહિતી અનુસાર ગત મે મહિનામાં સોનાના કુલ વૈશ્વિક એક્સચેન્જ ટ્રેડેડ ફંડોનું સોનાનું હોલ્ડિંગ ૧૯ ટકા ઘટીને ૩૫૪૧ ટનની સપાટીએ રહ્યું હતું. તેમ જ સોનાના ફંડોની એસેટ્સ અન્ડર મેનેજમેન્ટ એક ટકાના ઘટાડા સાથે ૩૭૪ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. વિશ્લેષકોના મતાનુસાર સપ્તાહ દરમિયાન જાહેર થયેલા અમેરિકાના આર્થિક ડેટામાં બેરોજગારી ભથ્થુ મેળવવા માટેના અરજદારોની સંખ્યા ઑક્ટોબર, ૨૦૨૪ પછીની ઊંચી સપાટીએ રહી હતી, પહેલા ત્રિમાસિકગાળામાં ઉત્પાદકતામાં ઘટાડો અને વૈશ્વિક વેપારોની અનિશ્ચિતતા વચ્ચે સોનામાં તેજીનું વલણ જોવા મળ્યું હતું. જોકે, પહેલા ત્રિમાસિકગાળામાં આયાતમાં ઘટાડો થવાથી અમેરિકાની વેપાર ખાધમાં ઘટાડો થયો હતો.

વધુમાં ગત સપ્તાહે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ અને ચીનના પ્રમુખ શિ જિનપિંગ ફોન પર વેપાર વાટાઘાટો કરવા તૈયાર થયા હતા અને થોડીઘણી સ્પષ્ટતાઓ પણ થઈ હતી, પરંતુ ટૅરિફના વિવાદનો ફોન પર ઉકેલ આવે તેવી શક્યતા બહુ પાતળી હોવાનું વિશ્લેષક એડવર્ડ મેઈરે જણાવતાં ઉમેર્યું હતું કે ટૅરિફ અંગેના કોઈપણ નકારાત્મક સમાચાર સોનામાં ઉછાળો લાવી શકે છે.

જોકે, એસએમસી ઈન્વેસ્ટમેન્ટનાં વિશ્લેષકોના મતાનુસાર વર્તમાન સપ્તાહમાં વૈશ્વિક સોના માટે ઔંસદીઠ ૩૨૬૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી પુરવાર થઈ શકે છે, જ્યારે સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૪,૪૦૦ની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી પુરવાર થઈ શકે છે. ■

# અંદાજપત્રીય ફાળવણી વધતાં ૧૧ વર્ષમાં કૃષિ ક્ષેત્રે આમૂલ પરિવર્તનઃ સરકાર

નવી દિલ્હીઃ સરકારની વિવિધ સ્કીમો, અંદાજપત્રીય ફાળવણીમાં વધારો, ખેડૂતોને ખાદ્યાન્નની સલામતીથી વૈશ્વિક સ્તરે અન્નનાં ક્ષેત્રમાં નેતૃત્વ ભણી દોરી જવાના થઈ રહેલા પ્રયાસોને કારણે છેલ્લાં ૧૧ વર્ષમાં ભારતીય કૃષિ ક્ષેત્રે આમૂલ પરિવર્તન જોવા મળ્યા હોવાનું આજે સરકારે જણાવ્યું હતું.

વાસ્તવમાં આ પરિવર્તન નાના ખેડૂતો, મહિલાઓનાં નેતૃત્વ હેઠળનાં જૂથો અને કૃષિ સંલગ્નિત ક્ષેત્રોને ટેકો આપવાના સામવેશતાને કેન્દ્રિત કરે છે. આથી જ ભારત વૈશ્વિક કૃષિ નેતા તરીકે ઊભર્યું હોવાનું એક યાદીમાં જણાવતા ઉમેર્યું હતું કે છેલ્લાં સાત વર્ષમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વડપણ હેઠળ બીજ સે બજારની ફિલસૂફીને કેન્દ્રમાં રાખીને ભારતીય કૃષિ ક્ષેત્રે આમૂલ પરિવર્તન જોયું છે.

ખાસ કરીને વર્ષ ૨૦૧૩-૧૪માં કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ માટેની અંદાજપત્રીય ફાળવણી જે રૂ. ૨૭,૬૬૩ કરોડ હતી તે વર્ષ ૨૦૨૪-૨૫માં વધીને રૂ. ૧,૩૭,૬૬૪.૩૫ કરોડની સપાટીએ પહોંચી છે અર્થાત તેમાં પાંચ ગણો વધારો થયો છે. આ સાથે જ વર્ષ ૨૦૧૩-૧૪માં દેશમાં ખાદ્યાન્નનું ઉત્પાદન જે ૨૬.૫૦૫ કરોડ ટનનું હતું તે હવે વર્ષ ૨૦૨૪-૨૫માં વધીને ૩૪.૭૪૪ કરોડ ટન થવાનો અંદાજ મૂકવામાં આવ્યો છે.

વધુમાં સરકારે કૃષિ ક્ષેત્રને ટેકો આપવા માટે લઘુતમ ટેકાના ભાવમાં પણ વધારો કર્યો છે, જેમાં ખાસ કરીને ઘઉંના ટેકાના ભાવ જે વર્ષ ૨૦૧૩-૧૪માં ક્વિન્ટલે રૂ. ૧૪૦૦ હતા તે વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ. ૨૪૨૫ છે, જ્યારે ડાંગરના ટેકાના ભાવ જે વર્ષ ૨૦૧૩-૧૪માં ક્વિન્ટલે રૂ. ૧૩૧૦ હતા તે વર્ષ ૨૦૨૫-૨૬માં રૂ. ૨૩૬૯ નિર્ધારિત કરવામાં આવ્યા છે.

આ સિવાય ફેબ્રુઆરી, ૨૦૧૯માં રજૂ કરવામાં આવેલી પીએમ કિસાન સ્કીમ હેઠળ સરકારે ૧૧ કરોડ કરતાં વધુ ખેડૂતોને રૂ. ૩.૭ લાખ કરોડ કરતાં વધુ ફાળવ્યા છે. તેમ જ કિસાન ક્રેડિટ કાર્ડ સ્કીમ હેઠળ ૭૭૧ કરોડ ખેડૂતોને અંદાજે રૂ. ૧૦ લાખ કરોડનાં ધિરાણ પણ ફાળવ્યા છે. વધુમાં પ્રાપ્તિના આંકડાઓ અનુસાર નાણાકીય વર્ષ ૨૦૦૪-૦૫ અને ૨૦૧૩-૧૪ દરમિયાન કુલ ખરીફ પ્રાપ્તિ ૪૬.૭૯ કરોડ ટનની હતી તેની સામે નાણાકીય વર્ષ ૨૦૧૫થી ૨૦૨૫ દરમિયાનની ખરીફ પ્રાપ્તિ ૭૮.૭૧ કરોડ ટનની સપાટીએ રહી છે.

વધુમાં ટેકાના ભાવથી કઠોળની પ્રાપ્તિમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર વર્ષ ૨૦૦૯થી ૨૦૧૪ દરમિયાન કઠોળની પ્રાપ્તિ જે ૧,૫૨,૦૦૦ ટનની થઈ હતી તે વર્ષ ૨૦૨૦થી ૨૦૨૫ દરમિયાન વધીને ૮૩ લાખ ટનની સપાટીએ પહોંચી છે, જ્યારે છેલ્લાં ૧૧ વર્ષમાં તેલીબિયાના લઘુતમ ટેકાના ભાવમાં પણ નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે.

એકંદરે સરકારનો અભિગમ અદ્યતન સિંચાઈ, ધિરાણ ઉપલબ્ધિ, ડિજિટલ માર્કેટપ્લેસ, અને કૃષિ ટૅક્નોલૉજી સંશોધનો છે. આ ઉપરાંત પરંપરાગત પદ્ધતિઓને પુનઃઅમલી બનાવવી જેમ કે પોષણયુક્ત જાડા અથવા તો કડધાન્યની ખેતી, કુદરતી ખેતી, ડેરી અને માછીમારી સહિત કૃષિ સંલગ્નિત ક્ષેત્રોનો વિકાસ વગેરેનો સમાવેશ થતો હોવાનું યાદીમાં ઉમેર્યું છે. ■

# મે મહિનામાં પેસેન્જર વાહનોના રિટેલ વેચાણમાં ત્રણ ટકાનો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગત મે મહિનામાં ભારત-પાક વચ્ચે થયેલા વિવાદને ધ્યાનમાં લેતા ઘણાં રાજ્યોમાં ગ્રાહકોએ પેસેન્જર વાહનોની ખરીદી મોકૂફ રાખી હોવાથી માગ નબળી પડતાં પેસેન્જર વાહનોના રિટેલ વેચાણમાં વર્ષાનુવર્ષ ધોરણે ત્રણ ટકાનો ઘટાડો જોવા મળ્યો હોવાનું રિટેલ ડીલરોનાં સંગઠન ફેડરશેન ઑફ ઑટોમોબાઈલ ડીલર્સ એસોસિયેશન (ફાડા)એ તાજેતરમાં સંકલિત કરેલી આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત મે મહિનામાં પેસેન્જર વાહનોનું રજિસ્ટ્રેશન મે, ૨૦૨૪નાં ૩,૧૧,૯૦૮ યુનિટ સામે ત્રણ ટકા ઘટીને ૩,૦૨,૨૧૪ યુનિટની સપાટીએ રહ્યું હતું. પેસેન્જર વાહનોના વેચાણમાં ખાસ કરીને ભારત-પાક વચ્ચે યુદ્ધની ચિંતાને ધ્યાનમાં લેતા મુખ્યત્વે સરહદી વિસ્તારના રાજ્યો જેમ કે પંજાબ, રાજસ્થાન અને ગુજરાતનાં ખરીદદારોએ ખરીદી મોકૂફ રાખતા મુખ્યત્વે એન્ટ્રી લેવલના મૉડેલનાં વેચાણમાં વધુ ઘટાડો થયો છે. જોકે, બુકિંગમાં નોંધપાત્ર સુધારો થયો હોવા છતાં ડીલરો સમક્ષ માર્જિન મની અને ખરીદીના નિર્ણયો મુલતવી રહેવા જેવા પડકારો રહ્યા હોવાનું એસોસિયેશને યાદીમાં ઉમેર્યું હતું.

પેસેન્જર વેહિકલ ઓરિજનલ ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરર્સ (ઓઈએમ)એ સાવચેતીનો અભિગમ અપનાવીને અને વાસ્તવિકતા સ્વીકારીને ઉત્પાદન અને ચેનલ ઈન્સેન્ટિવ (પ્રોત્સાહનો)ની યોજના ઘડવી જોઈએ. આથી ડીલરો પર સ્ટોકનો બોજો ન વધે અને ગ્રાહકોને વધુ ડિસ્કાઉન્ટ પણ ઓફર ન કરવા પડે, એમ યાદીમાં ઉમેર્યું હતું.

વધુમાં ગત મે મહિનામાં દ્વીચક્રી વાહનોનું રિટેલ વેચાણ વર્ષાનુવર્ષ ધોરણે સાત ટકા વધીને ૧૬,૫૨,૬૩૭ યુનિટ (૧૫,૪૦,૦૭૭ યુનિટ)ની સપાટીએ રહ્યું હતું. ગ્રામીણ અને નગર વિસ્તારોમાંથી ખાસ કરીને મે મહિનામાં લગ્નનાં અને સપરમાં દિવસો હોવાની સાથે રવી મોસમની લણણી થઈ જવાની સાથે ચોમાસા પૂર્વેની માગનો દ્વીચક્રી વાહનોના વેચાણને ટેકો મળ્યો હતો. તેમ છતાં અર્થતંત્રમાં નાણાંભીડને કારણે અમુક અંશે માગ ઓછી રહી હોવાનું એસોસિયેશને જણાવતા ઉમેર્યું હતું કે બજાર હિસ્સેધારકોએ પ્રવાહિતા અને મૉડેલની ઉપલબ્ધિ પર સતત દેખરેખ રાખવી આવશ્યક જણાય છે.

આ સિવાય ગત મે મહિનામાં ભૂરાજકીય તણાવને કારણે પરિવહનમાં ઘટાડો અને તંગ પ્રવાહિતા જેવા કારણોસર વેપારી વાહનોનું રિટેલ વેચાણ વર્ષાનુવર્ષ ધોરણે ચાર ટકા ઘટીને ૭૫,૬૧૫ યુનિટની સપાટીએ રહ્યું હતું. જોકે, બસનાં વેચાણને કારણે અમુક રાહત જોવા મળી હતી. પરંતુ પેસેન્જર કેરિયર અને કૉમૉડિટી લિન્કડ સેગ્મેન્ટમાં કુલ ઈન્ડસ્ટ્રી વૉલ્યૂમ ધીમું રહ્યું હતું.

ગત મે મહિનામાં ત્રિચક્રી વાહનોનું વેચાણ વર્ષાનુવર્ષ ધોરણે છ ટકા વધીને ૧,૦૪,૪૪૮ યુનિટની સપાટીએ રહ્યું હોવાનું યાદીમાં ઉમેર્યું હતું. ■

# નાકા ડિલિવરી ધોરણે ખાંડમાં ટકેલુ વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)


નવી મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના અંતે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ તેમ જ રિટેલ સ્તરની માગ પણ છૂટીછવાઈ ખપપૂરતી રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં નબળી માગ ઉપરાંત અમુક માલની ગુણવત્તા નબળી હોવાથી ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ રહ્યો હતો. તેમ જ રિટેલ સ્તરની માગ પણ છૂટીછવાઈ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં માગને ટેકે ભાવ ક્વિન્ટલે રૂ. ૩૯૦૬થી ૩૯૭૨ આસપાસ ગુણવત્તાનુસાર ટકેલા રહ્યા હતા, પરંતુ મિડિયમ ગ્રેડની ખાંડમાં મર્યાદિત માગ અને અમુક માલની ગુણવત્તા પણ નબળી હોવાથી તેના ભાવ ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૯૬૨થી ૪૦૫૨ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૧૦થી ૩૮૫૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૮૦થી ૩૯૨૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ટીનની આગેવાની હેઠળ ધાતુમાં પીછેહઠ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી વચ્ચે માત્ર નિકલ અને કોપર સ્ક્રેપ હેવીમાં ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. પાંચ અને રૂ. એકનો સુધારો આવ્યો હતો. આ સિવાય ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલી રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૧૩નો ઘટાડો આવ્યો હતો. તેમ જ ટીનની આગેવાની હેઠળ અન્ય ધાતુઓના ભાવમાં પણ કિલોદીઠ રૂ. એકથી પાંચનો ઘટાડો આવ્યો હતો, જ્યારે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબમાં ટકેલું વલણ જોવા મળ્યું હતું.

સૂત્રોના જણાવ્યાનુસાર આજે ટીન અને બ્રાસ શીટ કટિંગ્સમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ રહેવાની સાથે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૩ ઘટીને રૂ. ૨૮૦૭ અને રૂ. પાંચ ઘટીને રૂ. ૫૯૫ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં નિરસ માગ અને સ્ટોકિસ્ટોની પણ છૂટીછવાઈ વેચવાલી રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૧૮૨, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૨૦૦ અને કોપર કેબલ સ્ક્રેપ, કોપર આર્મિચર, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, કોપર વાયરબાર અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૮૪૯, રૂ. ૮૨૧, રૂ. ૭૬૨, રૂ. ૯૧૧ અને રૂ. ૨૪૨ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે માત્ર નિકલમાં સ્ટોકિસ્ટોની લેવાલી અને કોપર સ્ક્રેપ હેવીમાં વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૧૩૫૦ અને રૂ. ૮૩૮ના મથાળે રહ્યા હતા, જ્યારે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબમાં ખપપૂરતી માગ જળવાઈ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૫૫૦ અને રૂ. ૨૫૬ના મથાળે ટકેલા રહ્યા હતા. ■

# દેશની વિદેશી હૂંડિયામણની અનામતમાં ૧.૨૪ અબજ ડૉલરનો ઘટાડો

મુંબઈઃ ગત ૩૦મી મેના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામત ૧.૨૩૭ અબજ ડૉલરના ઘટાડા સાથે ૬૯૧.૪૮૫ અબજ ડૉલરની સપાટીએ પહોંચી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે અનામત ૬.૯૯૨ અબજ ડૉલરના ઉછાળા સાથે ૬૯૨.૭૨૧ અબજ ડૉલરના સ્તરે પહોંચી હતી. જોકે, એક દિવસ પૂર્વે રિઝર્વ બૅન્કના ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું હતું કે ૬૯૧.૫ અબજ ડૉલરની અનામત ૧૧ મહિનાની આયાત અને બાહ્ય દેવાના ૯૬ ટકાનાં ડેબ્ટ આઉટસ્ટેન્ડિંગ માટે પર્યાપ્ત છે.

અગાઉ સપ્ટેમ્બર, ૨૦૨૪માં અનામત ૭૦૪.૮૮૫ અબજ ડૉલરની વિક્રમ સપાટીએ રહી હતી, પરંતુ ત્યાર બાદ વૈશ્વિક પરિબળોને કારણે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં થઈ રહેલા સતત ધોવાણને ખાળવા માટે રિઝર્વ બૅન્ક દ્વારા હાજર બજારમાં ડૉલરમાં વેચવાલી મારફતે હસ્તક્ષેપ કરવામાં આવતો હોવાથી અનામતમાં ઘટાડો થયો હતો.

દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૧.૯૫૨ અબજ ડૉલરના ઘટાડા સાથે ૫૮૪.૨૧૫ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્ક્યામતોમાં સપ્તાહ દરમિયાન ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યૅન જેવા અન્ય મહત્ત્વનાં ચલણો સામે રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં સપ્તાહ દરમિયાન ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૨૦ લાખ ડૉલર ઘટીને ૧૮.૫૬૯ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત પણ ૬૦ લાખ ડૉલર ઘટીને ૪.૩૯૫ અબજ ડૉલરની સપાટીએ રહી હતી, જ્યારે એકમાત્ર સોનાની અનામત ૭૨.૩ કરોડ ડૉલર વધીને ૮૪.૩૦૫ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્કે યાદીમાં ઉમેર્યું હતું. ■

# વર્ષ ૨૦૧૪માં ૮૯ દેશો તરફનાં સીધા વિદેશી રોકાણ સામે હાલ ૧૧૨ દેશો તરફનો આંતરપ્રવાહ

નવી દિલ્હીઃ વૈશ્વિક સ્તરે ભારતનું પ્રભુત્વ વધતાં વર્ષ ૨૦૧૪માં દેશમાં ૮૯ દેશો તરફથી આવતા સીધા વિદેશી રોકાણ સામે હવે ૧૧૨ દેશો તરફથી સીધા વિદેશી રોકાણનો આંતરપ્રવાહ જોવા મળી રહ્યો હોવાનું વાણિજ્ય અને ઉદ્યોગ ખાતાના પ્રધાન પીયૂષ ગોયલે જણાવ્યું હતું. અત્રે યોજાયેલ રાઉન્ડટેબલને વર્ચ્યુઅલ ધોરણે સંબોધિત કરતાં તેમણે જણાવ્યું હતું કે સરકાર વિશ્વમાં ભારતને રોકાણ માટેનાં પસંદગીનો દેશ બનાવવા માટે પ્રતિબદ્ધ છે.નોંધનીય બાબત એ છે કે ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઑફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડના સચિવ અમરદીપ સિંઘ ભાટીયાની અધ્યક્ષતા હેઠળ આ રાઉન્ડટેબલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં ભાટીયાએ દેશમાં પુનઃ રોકાણ વધારવા, ઈન્ડસ્ટ્રિયલ પાર્કની માળખાકીય સુધારો કરવા અને નવી વિસ્તરણની તકો શોધવા માટે રોકાણકારોની ભલામણો અને મંતવ્યો આમંત્રિત કર્યા હતા.

વધુમાં તેમણે આંકડાકીય માહિતી આપતા જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૪-૨૫માં સીધા વિદેશી રોકાણ જે વર્ષ ૨૦૨૩-૨૪માં ૭૧.૨૮ અબજ ડૉલરની સપાટીએ હતા તે ૧૪ ટકાના દરે વૃદ્ધિ પામીને ૮૧.૦૪ અબજ ડૉલરની સપાટીએ રહ્યા હતા. વધુમાં સચિવે વિદેશી રોકાણને પ્રોત્સાહિત કરવા માટે લક્ષ્યાંકિત નીતિગત હસ્તક્ષેપની મહત્ત્વતા પર ભાર મૂકવાની સાથે મુખ્ય રોકાણકારોને તેમનાં કાર્યો વધારવા, સ્ટાર્ટ અપ્સમાં સહ-રોકાણ કરવા અને ભારતની રોકાણવૃદ્ધિમાં સહભાગી થવા અનુરોધ કર્યો હતો. ■

# દેશી-આયાતી તેલ સાંકડી વધઘટે અથડાયા



મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૮૫ સેન્ટનો સુધારો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં સપ્તાહના અંત તેમ જ બૅન્કો પણ બંધ હોવાથી હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યાં હોવાથી વિવિધ દેશી-આયાતી તેલના ભાવમાં સાંકડી વધઘટે ટકેલું વલણ રહ્યું હતું. સૂત્રોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ધોરણે એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૧૨૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૪૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૦૦, ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૧૪૦ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૫૦, પતંજલી ફૂડના આરબીડી પામોલિનના રૂ. ૧૧૫૦, ભારત ફૂડના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૪૦ તથા ગોકુલ એગ્રો અને જી-વનના આરબીડી પામોલિનના અનુક્રમે રૂ. ૧૧૨૫ અને રૂ. ૧૧૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો. આજે ગુજરાતમાં ગોંડલની મંડી બકરી ઈદને કારણે બંધ રહી હતી, જ્યારે રાજકોટની મંડીમાં મગફળીની નવી કોઈ આવક નહોતી પરંતુ આગલી શેષ ૧૪,૦૦૦ ગૂણીના વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૧૦૦ આસપાસના મથાળે થયાના અહેવાલ હતા.

દરમિયાન આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૧૪૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૭૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૩૦, સિંગતેલના રૂ. ૧૩૭૫, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૫ અને સરસવના રૂ. ૧૪૫૦ના મથાળે રહ્યા હતા, જ્યારે આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૧૫૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૪૦માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ગાંધીધામના પડાણામાં બેન્સોમાં બે શ્રમિકો વચ્ચે નજીવી બાબતે બોલાચાલી થતા ઝઘડો હત્યામાં પલટાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના ગાંધીધામ તાલુકાના પડાણામાં આવેલા બેન્સોમાં પાણીની મોટર બંધ કરવા જેવી નજીવી બાબતે બે પરપ્રાંતીય શ્રમિકો વચ્ચે મારામારી થઈ હતી. આ બનાવમાં લાકડાંની પટ્ટી વાગવાથી ગંભીર રીતે ઘાયલ થયેલા બિહારના યુવકનું મોત થતા આ બનાવ હત્યામાં પલટાયો હતા.

ગાંધીધામ તાલુકાના પડાણા ગામમાં ગત તા. ૨ જૂનના સુધીર એન્ડ સન્સ ઈમ્પોર્ટ પ્રા.લિ. નામના બેન્સોમાં મોડી રાત્રે કામ કરતા શ્રમિક ગુરુદેવકુમાર પ્રમોદ શર્મા (રહે. મૂળ ખગડિયા, બિહાર) પાણીની ટાંકી ઓવર ફ્લો થતા મોટરની સ્વીચ બંધ કરવા સંજય રતનલાલ ચૌધરી નામના શ્રમિકને કહ્યું હતું, પરંતુ સંજયે મોટર બંધ કરવાનો ઈન્કાર કર્યો હતો. આ અંગે બંને શ્રમિકો વચ્ચે બોલાચાલી થતા ઝઘડો ઉગ્ર બનતા ત્યાં પડેલી લાકડાની પટ્ટી લઈને એકબીજા પર હુમલો કર્યો હતો. આ બનાવમાં સંજયને ઘા વાગતા તે ઢળી પડ્યો હતો અને તેના માથામાંથી લોહી નીકળ્યું હતું. ત્યારે અન્ય બે સાથી શ્રમિકો ઈજાગ્રસ્ત સંજયને મોટરસાઇકલ પર બેસાડી પડાણાની ખાનગી હૉસ્પિટલમાં લઈ ગયા હતા. બીજા દિવસે તબિયત લથડતાં તબીબે વધુ સારવાર માટે સંજયને અમદાવાદ સિવિલ હૉસ્પિટલમાં દાખલ કરવા જણાવ્યું હતું, પરંતુ ગંભીર ઈજાના પગલે ગત બુધવારે રાત્રે સંજયે હૉસ્પિટલમાં સારવાર હેઠળ જ અંતિમ શ્વાસ લીધા હતા. આ ઘટના અંગે બેન્સોમાં કામ કરતાં સહકર્મચારી સુબોધ રામસ્વરૂપ પાસવાને નોંધાવેલી ફરિયાદના આધારે પોલીસે ગુરુદેવ શર્મા સામે હત્યાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. ■





ભાવનગર શહેરના શાસ્ત્રી નગરથી દેસાઇનગર સુધી ૧૫૮૦ મીટરની લંબાઇના અને ૧૧૫.૫૯ કરોડના ખર્ચે બનેલા ફ્લાય ઓવરને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.(વિપુલ હિરાણી, ભાવનગર)

# ભુજના હમીરસર તળાવ કાંઠે અષાઢી બીજની ઉજવણી અંતર્ગત સાંસદ કચ્છ કાર્નિવલ યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છ જિલ્લાના ભુજમાં કાર્નિવલનું આયોજન કરવામાં આવ્યું છે. અષાઢી બીજેએ કચ્છીઓનું નૂતન વર્ષ તરીકે ઉજવવામાં આવે છે. આ પ્રસંગે સાંસદ વિનોદભાઈ ચાવડાના માર્ગદર્શન હેઠળ આગામી તા. ૨૭ જૂનના અષાઢી બીજના સાંજે છ વાગ્યે ભુજના હમીરસર તળાવના કાંઠે કાર્નિવલની શરૂઆત કરવામાં આવશે. અષાઢી બીજના દિવસે ''સાંસદ કચ્છ કાર્નિવલ''નું આયોજન કરવામાં આવ્યું છે.

સાંસદે આ અંગે વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે, આ કાર્નિવલમાં ભાતીગળ પ્રદેશ કચ્છની આગવી સંસ્કૃતિને પ્રાધાન્ય આપવામાં આવશે. કચ્છના ઉદ્યોગો, વિવિધ સંસ્થાઓ, સમુદાયો અને શાળા-કોલેજના વિદ્યાર્થીઓ પોતાની કૃતિઓ પ્રદર્શિત કરશે. તેમ જ કૃતિઓ માટે આશ્વાસન ઇનામ પણ આપવામાં આવશે. જ્યારે વિશિષ્ટ પાંચ કૃતિઓને પ્રોત્સાહિત ઇનામો આપવામાં આવશે. હમીરસર તળાવ પાસે આવેલા ખેંગારપાર્ક પાસે મહારાવની પ્રતિમાથી શરૂ કરી લેકવ્યૂ હોટલ પાસેથી ઉમેદનગર સુધીના રૂટ પર કચ્છના વૈવિધ્યસભર સંસ્કૃતિ અને કલા-ઉદ્યોગને ઉજાગર કરતી કૃતિઓ પ્રદર્શિત કરવામાં આવશે.

નરેન્દ્રભાઈ મોદીના કચ્છ પ્રત્યેના આદરભાવ અને લાગણીને ધ્યાનમાં રાખીને આગામી પાંચ વર્ષ સુધી ''સાંસદ કચ્છ કાર્નિવલ''નું આયોજન કરવામાં આવશે. વિનોદ ચાવડાએ કચ્છની વિવિધ સંસ્થાઓ, યુવક મંડળો, જ્ઞાતિ મંડળો, શાળા-કોલેજના વિદ્યાર્થીઓ અને ઉદ્યોગોને આ કાર્નિવલમાં જોડાવા અપીલ કરી છે. ■

# ભાવનગરના ભારોલી ગામે બહેનની નજર સામે ભાઈની હત્યા: હત્યારો ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાના તળાજામાં ભારોલી ગામે કૌટુંબિક ભાઈ વિધવા બહેનની વાડીએ મટનનું શાક બનાવવા આવ્યો હતો. આ સમયે ગામના એક ઈસમને આવવાની ના પાડવા બાબતે ઝઘડો થયો હતો. આ ઝઘડો હત્યામાં પરિણમ્યો હતો. હત્યારાએ મહિલાને ધમકી આપી હતી પરંતુ પ્રારંભિક તબક્કે ફરિયાદ કરી શકી ન હતી.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ભાવનગર જિલ્લાના તળાજાના ભારોલી ગામે ઘેલુભા અજુભાની વાડીએ ખેતમજૂરી કામ કરતા ચેતનાબેન ભુથાભાઈ પરમાર (ઉં.વ.૩૮) એ નોંધાવેલ ફરિયાદ મુજબ પોતાના પતિ બીમારીના કારણે સાત મહિના પહેલા મૃત્યુ પામ્યા હતા.ત્રણ સંતાનો સાથે વાડીએ ઝૂંપડુ બાંધીને ખેતમજૂરી કામ કરેછે.

ગત તા. ૩ જૂન ૨૦૨૫ના રાત્રે સાત વાગ્યે કૌટુંબિક ભાઈ અશોક ઉર્ફે પિન્ટુ ચિથરભાઈ પરમાર દારૂ પીને આવ્યો હતો. અશોક માટે ચેતનાબેન મટનનું શાક બનાવતાં હતાં. તે સમયે ગામના જ લગ્ધીરસિંહ ઉર્ફે લઘરો રમજુંભા ગોહિલ વાડીએ આવ્યો હતો.

આ સમયે અશોકભાઈ અને લગ્ધીરસિંહ વચ્ચે બોલાચાલી થઈ હતી. આ ઝઘડો વધતા બંને શખ્સો વચ્ચે મારામારી થઈ હતી. લગ્ધીરે હુમલો કરતા અશોકભાઈ પડી જતા તેમનું ગળું દબાવ્યું હતું. ચેતનાબેન અને છોકરાઓ સામે બનાવ બનતા છોકરાવ ગભરાઈ ગયાં હતાં અને લગ્ધીર મારમારીને જતો રહ્યો હતો અને કહ્યું હતું કે દારૂના નશામાં છે એટલે બેભાન થઈ ગયો છે. આ સિવાય તેણે ચેતનાબેનને પણ ધમકી આપી હતી કે, આ બનાવ અંગે તમે કોઈને વાત કહેશો તો તમને અને તમારા છોકરાવને જાનથી મારી નાખીશ. આ પગલે ચેતનાબેન બાળકોને લઈને અશોકભાઈ જ્યાં રહેતા હતા ત્યાં મહિપતસિંહની વાડીએ જતા રહ્યા હતા. ચેતનાબેન સવારે વાડીએ પરત ફરતા અશોકભાઈ બેભાન હાલતમાં નજરે પડ્યા હતા. આ તકે ચેતનાબેને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા અશોકભાઈને ભાવનગરની સર.ટી.હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ત્યારે હોસ્પિટલમાં મૃત જાહેર કર્યા હતા. આ સમગ્ર મામલે તળાજા પોલીસ ઈન્સ્પેક્ટર એ.બી.ગોહિલે ચેતનાબેન પરમારની ફરિયાદ નોંધી લગ્ધીરસિંહની ધરપકડ કરવામાં આવી છે. ■

# કચ્છમાં આપઘાત-અકસ્માતના જુદા જુદા બનાવોમાં ચાર લોકોનાં અકાળે મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં બનેલી ચાર અલગ-અલગ ઘટનાઓમાં ચાર લોકોનાં અકાળે મૃત્યુ થતાં સમગ્ર પંથકમાં અરેરાટી સાથે ગમગીની પ્રસરી ગઈ હતી. ભુજમાં રહેતા રમેશ ખીમજી રોલા નામના ૨૨ વર્ષીય યુવકે અને કચ્છના આદિપુરમાં અગમ્ય કારણોસર હંસા ધનજી માતંગ નામની ૧૮ વર્ષીય યુવતીએ ગળેફાંસો ખાઈને જીવન ટૂંકાવી લીધા હતા. જ્યારે ગાંધીધામ-ભચાઉ ધોરીમાર્ગ ઉપર સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલા ૩૮ વર્ષીય અજ્ઞાત યુવકનું મૃત્યુ થયું હતું, આ ઉપરાંત નલિયા-ભુજ માર્ગ પર દવા લેવા માટે ભુજ આવતી વેળાએ સ્કૂટર સ્લીપ થતાં રાજેશ પ્રેમજી સોલંકી (ઉ.વ. ૨૮) નામના યુવાનનું ગંભીર ઈજાનાં પગલે મોત થયું હતું.

પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ, ભુજ શહેરના યોગેશ્વર નગરમાં રહેનાર રમેશ રોલાએ પોતાના ઘરે કોઈ અગમ્ય કારણસર પંખામાં નાયલોનની દોરી વડે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવી લેતાં ભુજના એ ડિવિઝન પોલીસે ઘટનાની વધુ તપાસ હાથ ધરી છે. આ પ્રકારનો અન્ય બનાવ આદિપુર શહેરના ચારવાળી વિસ્તારમાં સી.ડી.એકસ.એ. ૧૫૮માં બનવા પામ્યો હતો. જેમાં આ વિસ્તારમાં રહેતી હંસાએ ગત શુક્રવારે બપોરના અરસામાં પોતાના ઘરે દુપટ્ટા વડે ગળેફાંસો લગાવીને આત્મહત્યા કરી લીધી હતી. આ યુવતીએ કયા કારણોસર અંતિમ પગલું ભર્યું તે અંગે પોલીસે તપાસ હાથ ધરી છે. આ સિવાય ગાંધીધામ-ભચાઉ ધોરીમાર્ગ ઉપર ગત ૨૯મી મેના હિટ એન્ડ રનના બનાવમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત યુવકનું શુક્રવારે રાત્રે સારવાર દરમ્યાન મોત નીપજ્યું હતું. તેમ જ નલિયા ગામમાં રહેતા રાજેશ સોલંકી પત્ની સાથે એક્ટિવામાં ભુજ દવા લેવા ગયા હતા. દંપતિ તેરા ગામ પાસે પહોંચતા તેમનું વાહન સ્લીપ થઈ જતાં હતભાગીને ગંભીર ઈજાઓ થઈ હતી. સારવાર મળે તે અગાઉ પતિનું મોત નિપજ્યું હતું જ્યારે પત્નીનો આકસ્મિક બચાવ થયો હતો. ■

# ભુજમાં એક જ પરિવારના ચાર સભ્યોને ખોરાકી ઝેરની અસર થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છ જિલ્લાના ભુજમાં એક જાણીતી હોટેલમાંથી જમવાનું ઓર્ડર કર્યા બાદ એક જ પરિવારના ચાર સભ્યોની તબિયત લથડી હતી. તમામ સભ્યોને ફૂડ પોઈઝનીંગની અસર થઈ હોવાથી સારવાર માટે હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ભુજના ભીડનાકા પાસે આવેલી ઝમઝમ હોટેલમાંથી પરિવારે ફૂડ ડિલિવરી એપ મારફતે બટર પનીરનું શાક, ગટાનું શાક મગાવ્યું હતું. જે આરોગ્યા બાદ તેમને ઝાડા-ઊલટીના થયા હતા. પરિવારના ચાર સભ્યોને જમ્યા બાદ ખોરાકી ઝેરની અસર થઈ હતી. પરિવારના સભ્યોની તબિયત વધારે લથડતાં તેઓને તાત્કાલિક નજીકની હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હાલ પરિવારના સભ્યોની તબિયત સુધારા પર હોવાનું જાણવા મળ્યું હતું. આ અંગે ભુજના બી- ડિવિઝનના પોલીસની ટીમ દ્વારા ઝમઝમ હોટલની તપાસ હાથ ધરવામાં આવી છે. ■

# અમરેલીમાં સતત બીજા દિવસે મેઘમહેર, બાબરામાં એક ઈંચ વરસાદ ખાબક્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમરેલી જિલ્લામાં સતત બીજા દિવસે મેઘમહેર થઈ હતી. બાબરામાં એક ઈંચ વરસાદ થતાં જગતનો તાત ખુશ થઈ ગયો હતો. બાબરા તાલુકામાં કેટલીક જગ્યાએ ધરતી પુત્રોએ સારા વરસાદથી વાવણી પણ કરી દીધી હતી. અમરેલીના ધારી, ખાંભા, વડિયા, સાવરકુંડલા, લાઠી, રાજુલા, ગીર પંથકો સહિતના અનેક સ્થળોએ હળવાથી ભારે વરસાદ વરસ્યો હતો. અમરેલીમાં અસહ્ય ગરમી વચ્ચે હવામાન પલટાતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

સાવરકુંડલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં બપોર બાદ એકાએક વાતાવરણમાં પલટાયું હતું. સાવરકુંડલાના આંબરડી સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં પવન સાથે વરસાદ પડ્યો હતો. ૧૫ મિનિટના વરસાદમાં બજારો પાણી-પાણી થઈ હતી. લાઠીમાં ધીમીધારે વરસાદને કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. જ્યારે અમરેલી જિલ્લાના રાજુલા શહેર અને ગ્રામ્ય વિસ્તાર પવન સાથે વરસાદી માહોલ છવાયો હતો. આગરિયા, માંડરડી સહિત ગ્રામ્ય વિસ્તારમાં ધોધમાર વરસાદ ખાબક્યો હતો. ■

# રાજકોટમાં બપોર બાદ વાતાવરણ પલટાયું, ગાજવીજ સાથે વરસાદનું આગમન થયું



(તસવીર- પ્રવિણ સેદાણી, રાજકોટ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ શહેરમાં બપોર બાદ વાતાવરણમાં અચાનક પલટો જોવા મળ્યો હતો. બપોરના સમયે કાળાં ડિબાંગ વાદળો આકાશમાં ઘેરાયાં હતાં અને ગણતરીની મિનિટોમાં જ વીજળીનાં કડાકા-ભડાકા સાથે અચાનક જ વરસાદનું આગમન થયું હતું. શહેરના અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદનું આગમન થતા લોકોએ ગરમીથી આંશિક રાહત અનુભવી હતી અને વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. જોકે, રસ્તાઓ પર પાણી ફરી વળતા વાહનચાલકો પરેશાન થયા હતા.

શહેરમાં સામાન્ય વરસાદ પડતાની સાથે જ કૃષ્ણનગર મેઈન રોડ પર એક વૃક્ષ ધરાશાયી થયું હતું, જેના કારણે વાહનચાલકોને તીવ્ર પરેશાનીનો સામનો કરવો પડ્યો હતો. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી અને વૃક્ષને રસ્તેથી હટાવવાની કામગીરી શરૂ કરી હતી.

શહેરના રેસકોર્સ, કાલાવડ રોડ, જામનગર રોડ, સદર બજાર, ત્રિકોણબાગ, નાનામૌવા રોડ અને ૧૫૦ રિંગ રોડ સહિતના મુખ્ય અને વ્યસ્ત વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. વરસાદને પગલે જોતજોતામાં જ શહેરના મુખ્ય માર્ગો પર પાણી ફરી વળ્યા હતા. વાહનચાલકો અને રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. જોકે, લાંબા સમયથી ગરમીથી ત્રાહિમામ્ પોકારી ઊઠેલા લોકો માટે આ વરસાદ રાહતરૂપ બન્યો હતો. ■

# પોરબંદરમાં અંધારા ઉલેચવા મનપાએ ૨૯૮ જેટલી સ્ટ્રીટલાઇટનું સમારકામ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પોરબંદરમાં મહાનગરપાલિકાનું તંત્ર દરરોજ સરેરાશ ૧૦૦ જેટલી સ્ટ્રીટલાઇટના સમારકામ કરી રહ્યુ છે. કમિશ્નર તથા નાયબ કમિશ્નર (પ્રોજેક્ટ)ની સૂચનાથી ઇલેક્ટ્રિક વિભાગ દ્વારા છાયા તથા રાંધાવાવ, સાન્દીપનિ વિસ્તાર, નવીખડપીઠ, ઝુંડાળા, કોળીવાડ, નારવાડો, વોરાવાડ બોખીરા, જ્યુબેલી, ભાટીયાબજાર, કુંભારવાડો, ખાડી વિસ્તાર, ખાપટ જેવા અનેક વિસ્તારોમાં કુલ ૯૩ સ્ટ્રીટલાઇટોનું રિપેરિંગ કરવામાં આવ્યુ. તથા છાયા તથા કડિયાપ્લોટ, મીલપરા, વાઘેશ્વરીપ્લોટ, વાડીપ્લોટ, નરસંગ ટેકરી, સીતારામનગર, કમલાબાગ, ઇન્દરાનગર, ખાપટ, વનાણા, ખારવાવાડ જેવા અનેક વિસ્તારોમાં કુલ ૧૦૪ સ્ટ્રીટલાઇટોનું રિપેરિંગ કરવામાં આવેલ છે.તે ઉપરાંત કડિયાપ્લોટ, મીલપરા, રાવલીયાપ્લોટ, વાડીપ્લોટ અવિનાશ સોસાયટી, એરપોર્ટ આંબેડકર નગર , ધરમપુર વિસ્તાર, કમલાબાગ, ઝુરીબાગ, લાલ પેલેસ વિસ્તાર, ખાપટ, ખારવાવાડ જેવા અનેક વિસ્તારોમાં કુલ ૧૦૧ સ્ટ્રીટલાઇટોનું રિપેરિંગ કરવામાં આવી રહ્યું છે. ■

# ભાવનગરમાં દારૂની હેરાફેરી કરનાર શખ્સની પાસા હેઠળ અટકાયત કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભાવનગરમાં દારૂની હેરાફેરી કરનાર આરોપી સામે પોલીસે કડક કાર્યવાહી કરી હતી. પોલીસે પાસા હેઠળ આરોપીની અટકાયત કરી સુરતની લાજપોર જેલમાં ધકેલ્યો હતો.

ભાવનગર રેન્જ અને જિલ્લા પોલીસ અધિક્ષકે લોકલ ક્રાઇમ બ્રાન્ચને અસામાજિક પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા લોકો સામે કાર્યવાહી કરવા સૂચના આપી હતી. આ સૂચના અંતર્ગત ક્રાઇમ બ્રાન્ચે દારૂની હેરાફેરી કરનાર આરોપી સામે પાસા હેઠળ દરખાસ્ત તૈયાર કરી હતી.

જિલ્લા મેજિસ્ટ્રેટે આ દરખાસ્તને માન્ય રાખી પાસા વોરન્ટ ઇશ્યૂ કર્યું હતું. પાલીતાણા તાલુકાના ભેગાળી રોડ પર રહેતા ૪૦ વર્ષીય આદિત્ય લાભશંકર જોશીની પોલીસે અટકાયત કરી હતી. આદિત્યને પાસા વોરન્ટ જાહેર કરીને સુરતની લાજપોર જેલમાં મોકલાયો હતો. ■



રાજકોટમાં મુસ્લિમ બિરાદરો દ્વારા બકરી ઇદની હર્ષોલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી... (પ્રવિણ સેદાણી, રાજકોટ)

# સૂરેન્દ્રનગર જિલ્લામાં ગ્રામ પંચાયતની ચૂંટણી અંતર્ગત જિલ્લા મેજિસ્ટ્રેટનું જાહેરનામું પ્રસિદ્ધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સૂરેન્દ્રનગર જિલ્લામાં ગ્રામપંચાયતની ચૂંટણી યોજાવાની છે. તે અંતર્ગત જે ગામોમાં ગ્રામ પંચાયતની ચૂંટણીઓ યોજાનાર છે તે વિસ્તાર હેઠળ હથિયાર અંગે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ જાહેરનામા અનુસાર, કોઈપણ વ્યક્તિ પોતાના લાયસન્સવાળા કે અન્ય હથિયાર સાથે રાખી શકશે નહી તેમજ પોતાના હથિયારો સંબંધિત પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાના રહેશે. આ સિવાય તલવાર, લાકડી કે અન્ય ધારદાર વસ્તુઓ સાથે રાખવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, આ દરમિયાન પોલીસ કે અન્ય કર્મચારીઓ ફરજના ભાગરૂપે શસ્ત્રો સાથે રાખવાની પરવાનગી છે. આ સિવાય શારીરિક તકલીફ હોય તો તેવી વ્યક્તિ લાકડીનો સહારો રાખવા તેમ જ જિલ્લાની તમામ બેન્કોના સિક્યુરિટી ગાર્ડને ફરજના ભાગરૂપે પરવાનગી આપવામાં આવી છે.આ જાહેરનામું સામાન્ય ચૂંટણીવાળા વિસ્તારમાં તા. ૨૭ જૂન સુધી અમલમાં રહેશે. આ જાહેરનામાના ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે એવું અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ આર.કે. ઓઝાની યાદીમાં જણાવ્યું છે. ■

# વલસાડના પારડીમાં નેશનલ હાઈવે પર જીએસટી વિભાગનો દરોડો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વલસાડના પારડીમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો છે. નેશનલ હાઈવે પર ચેકીંગ દરમિયાન જીએસટી વિભાગે ૧.૧૬ કરોડનો વિદેશી દારૂ ઝડપ્યો હતો. નેશનલ હાઇવે પર જીએસટી વિભાગની ટીમે ૧૧૮૮ પેટી વિદેશી દારૂ ભરેલો ટ્રક ઝડપી પાડ્યો હતો. જીએસટી વિભાગ દ્વારા વલસાડના પારડીમાં નેશનલ હાઈવે પર રાત્રે ચેકિંગ દરમિયાન મોટા પ્રમાણમાં દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. ટ્રક રોકીને ડ્રાઈવરની પૂછપરછ કરવામાં આવી હતી. તે દરમિયાન ડ્રાઈવરે કબૂલ્યું હતું કે, આ ટ્રકમાં વિદેશી દારૂ ભરેલો છે. ટ્રક ડ્રાઈવર હરિયાણાનો રહેવાસી છે તેમ જ જીએસટી વિભાગ દ્વારા તપાસ કરતા બીલ ખોટા હોવાની વાત સામે આવી હતી. સમગ્ર ઘટનાની જાણ જીએસટી વિભાગે પારડી પોલીસને કરી હતી ત્યારે પારડી પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. ડ્રાઈવર જીએસટીના ઓફિસરોની નજરચૂક થતા ભાગી ગયો હતો. ટ્રક ડ્રાઈવર પોતાનો ટ્રક મૂકીને ભાગી ગયો હતો. હાલ પોલીસ પણ આ ડ્રાઈવરની શોધખોળ કરી રહી છે. ■